

શ્રમણ ભગવાન શ્રી

# મહાવીર જીવન દર્શન




• સંપાદક •

પ.પૂ. ગણિવર્ય શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજ


શ્રમણ ભગવાન શ્રી
મહાવીર જીવન દર્શન

પ્રકાશક :
શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ
(અંજાર – કચ્છ) વતી,
ડૉ. ઉમરશી પુનશી હેઢીઆ, M.B.;B.S.
B–૧૪, સીંધ એસ્ટેટ, ફાલકે રોડ, દાદર, મુંબઈ–૧૪.

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન


મુદ્રણ–વ્યવસ્થા :
શ્રી લાલચંદ કે. શાહ (વણોદવાળા)
બી.એ. (ઓનર્સ), બી.ટી., એસ.ટી.સી.

નકલ : ૨૦૦૦
સંવત ૨૦૩૭, વીર સંવત ૨૫૦૭,
ચૈત્ર સુદ ૧૩ ને શુક્રવાર, તા. ૧૭–૪–'૮૧.

પ્રાપ્તિસ્થાન :
(૧) નવભારત સાહિત્ય મંદિર,
૧૬૨, શામળદાસ માર્ગ, મુંબઈ–૨.
(૨) સેવંતીલાલ વી. જૈન,
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ–૨.

મૂલ્ય : રૂ. ૨૫–૦૦
ઘેર બેઠા રજિસ્ટર્ડ પોસ્ટથી પુસ્તક મેળવવા માટે....
રૂા. ૨૫ + ૨ = ૨૭/– નો મનીઓર્ડર પ્રકાશકને કરવો.

મુદ્રક : બેલા ટાઈપ–સેટિંગ વર્કસ, ઘીકાંટા રોડ, અમદાવાદ–૧.



શ્રી ભદ્રેશ્વર - વસઈ મહાતીર્થ (કચ્છ)


✻ ✻ ✻ ✻ ✻




શ્રી અંજાર (કચ્છ) તપગચ્છ
જિનાલયના મૂળનાયકજી

## શ્રી વાસુપૂજ્ય સ્વામી

(જે તીર્થપતિના શાસન કાળમાં
વીરપ્રભુએ વીસ સ્થાનક તપ દ્વારા
તીર્થંકર નામકર્મની
નિકાચના કરી તે)



શ્રી વીરપ્રભુની નિર્વાણભૂમિ - પાવાપુરી જલમંદિર (બિહાર)




અનંત ગુણોના ભંડાર અને અનંત ઉપકારી શ્રી મહાવીર પ્રભુના શાસનકાળમાં જન્મ પામી અનેક પુણ્યવંતા આત્માઓએ શાસનની આરાધના તથા પ્રભાવના કરીને પોતાનું આત્મકલ્યાણ સાધી લીધું છે તેમાંના એક પુણ્યાત્મા હતા મહા દાનવીર **શ્રી જગડૂશાહ શેઠ** અને બીજા હતા આજીવન અખંડ બ્રહ્મચર્યવ્રતધારી **શ્રી વિજય શેઠ** અને **વિજયા શેઠાણી.**

જગડૂશાહે સંવત ૧૩૧૩ થી ૧૩૧૫ના ગાળા દરમ્યાન સતત ત્રણ વર્ષના ભયંકર દુષ્કાળમાં ભૂખ્યા લોકોને માટે અન્નના ભંડારો ઉદારતાપૂર્વક ખુલ્લા મૂકીને જીવનદાન આપી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું હતું.

૮૪ હજાર મુનિઓને એક સાથે આહારપાણી વહોરાવી સુપાત્ર-દાનનો મહાન લાભ લેવાની જ્યારે એક પુણ્યાત્માને શુભ ભાવના જાગી, ત્યારે શ્રી વિમળ કેવલી ભગવંતે તેમને આ ઉપદેશ આપ્યો : "બ્રહ્મ-ચર્યવ્રતધારી વિજય શેઠ અને વિજયા શેઠાણીની સાધર્મિક ભક્તિ કરવાથી

તમારી આ ઉત્તમ ભાવના શક્ય અને સફળ બની જશે!" કેવા ઉત્કૃષ્ટ પ્રકારનું વ્રતપાલન હશે એ ભાગ્યશાળી દંપતીનું!

આ બન્ને પુણ્યાત્માઓની પાવનભૂમિ છે કચ્છમાં આવેલ ભવ્ય **ભદ્રાવતી નગરી!** જે હાલમાં **ભદ્રેશ્વર [વસઈ]** નામે ઓળખાય છે. આ ભૂમિ અનેક ઉત્તમ આત્માઓના પાદસ્પર્શથી પાવનકારી બની છે. અહીંના વાતાવરણમાં નૈસર્ગિક સૌન્દર્ય છે. મંદમંદ વહેતી શીતલ પવનની આહ્લાદક લહેરીઓ અંતરાત્માનું સંવેદન કરાવે છે. ભક્ત-હૃદયની વીણાના મધુર ધ્વનિનો રણકાર ઝણઝણી ઊઠે છે. દિવ્ય ભક્તિરસનું સુધાપાન આસ્વાદવા મળે છે. મોક્ષપુરુષાર્થ માટે ભવ્ય પ્રેરણાની ઝણઝણાટી પણ અહીં અંતરાત્માને સ્પર્શી જાય છે.

વિશાળ સમુદ્રકિનારાથી થોડે દૂર આવેલ આ અતિપ્રાચીન મહાતીર્થ, બાવન શિખરબંધ દેરીઓથી શોભાયુક્ત છે. રાત્રિના શાંત વાતાવરણમાં એની નાનકડી ઘંટડીઓના વિવિધ પ્રકારના મધુર નાદો જ્યારે આત્મ-મંદિરમાં ગૂંજી ઊઠે છે, ત્યારે તો કોઈ અલૌકિક આનંદનો જ અનુભવ કરાવે છે. પૂર્ણિમાની સમીસાંજે ધર્મશાળાની અગાશીમાં ઊભા રહી, આપણી સામે જ રહેલ ઘુઘવતા વિશાળ અને ગંભીર સાગર તરફ દૃષ્ટિ કરીએ, પછી ઊંચે આવેલ આકાશની અટારી તરફ નજર નાખીએ તો આખાય જગતનો અંધકાર દૂર કરી વિદાય લેતો મહાપ્રતાપી રક્ત-વર્ણો સૂર્ય એક બાજુ દેખાય છે અને બીજી બાજુ શીતળ ચાંદની વરસાવવા આવતો પૂર્ણચંદ્ર નજરે પડે છે: આ નૈસર્ગિક દૃશ્ય એટલું તો રોમાંચક હોય છે કે શ્રી વીતરાગ પ્રભુની અજોડ મહત્તાનું વર્ણન કરતી લોગસ્સ સૂત્રની છેલ્લી ગાથાનું સહજભાવે સ્મરણ થઈ જાય છે:

**ચંદેસુ નિમ્મલયરા આઇચ્ચેસુ અહિયં પયાસયરા;**
**સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ.**

જૂના મૂળનાયક **શ્રી શામળિયા પાર્શ્વનાથ** ભગવંત પચ્ચીસમી દેરીમાં આજે બિરાજમાન છે અને નવા મૂળનાયક **શ્રી મહાવીર સ્વામી** મુખ્ય મંદિરમાં બિરાજમાન છે.

અહીં શ્રી મહાવીર પ્રભુના ૨૭ ભવોના મુખ્ય મુખ્ય પ્રસંગોની ઝાંખી કરાવતાં આરસના પથ્થરમાં કોતરકામથી કંડારેલાં અને સુશોભિત રંગોથી શણગારેલાં ચિત્રપટો ભમતીમાં ગોઠવાયેલાં છે. અહીં દર્શનાર્થે આવતા જૈન તેમજ જૈનેતર યાત્રિકો માટે આ ચિત્રપટોએ એક અનેરું આકર્ષણ જમાવ્યું છે. દરેક પ્રસંગ પાછળ રહેલ ઇતિહાસ તથા એનું રહસ્ય જાણવા-સમજવાનો તીવ્ર જિજ્ઞાસાભાવ સ્પષ્ટ રીતે એમના ચહેરા ઉપર જણાઈ આવે છે. આ ચિત્રપટોની સમજણ અંગે યાત્રિકો એકબીજાને અરસપરસ પૂછપરછ કરે છે. પરંતુ આધારભૂત સત્ય માહિતી ન મળતાં એઓ અજાણ રહે છે. ઉપલક રીતે સાચુંખોટું જે કંઈ જાણવા--સાંભળવા મળે છે તેનાથી એમને પૂરો સંતોષ થતો નથી.

સંવત ૨૦૨૬માં પરમપૂજ્ય ૧૦૮ વર્ધમાન તપોનિધિ યુવા-પ્રતિબોધક પૂજ્ય આચાર્ય શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના પરમ તપસ્વી મુનિરાજ શ્રી મણિપ્રભવિજયજી મહારાજ સાહેબ તથા પૂજ્ય મુનિરાજ શ્રી રાજેન્દ્રવિજયજી મહારાજસાહેબ [ હાલ પૂ. ગણિવર્ય ]ના ચોમાસાનો અતિ સુંદર અને અવિસ્મરણીય લાભ અમારા શ્રી અંજાર સંઘને મળ્યો. અનેકવિધ માંગલિક આરાધનાઓથી ભરપુર એવું ચોમાસું તો જોતજોતામાં જ પૂર્ણ થઈ ગયું. પૂજ્યશ્રીએ છ'રી પાળતા સંઘ સાથે શ્રી ભદ્રેશ્વરજી તીર્થની યાત્રા અંગે પ્રેરણાસિંચન કર્યું અને અંજારના રહેવાસી શ્રી શાંતિલાલભાઈ દોશી મદ્રાસથી ચોમાસું કરવા આવેલા, એમણે આ પુણ્ય-તક ઝડપી લીધી. ૨૫૦ પુણ્યાત્માઓ સાથે ખૂબ જ યાદગાર યાત્રાનો પુણ્યપ્રસંગ દેવગુરુની પરમકૃપા દ્વારા શાસનપ્રભાવક બની ગયો.

આ ભવ્યપ્રસંગે પ્રેરણા જાગી કે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુના ૨૭ ભવોનાં વિવિધ પાસાંઓની રજુઆત કરતાં આ સુંદર ચિત્રપટોને **વાચા** આપવામાં આવે તો એ ચિત્રપટો **જીવંત** બની જાય! અને જિજ્ઞાસુ યાત્રિકોને પ્રભુના આત્મવિકાસનો અદ્ભુત અને રોમાંચક ઇતિહાસ જાણવા મળે. આત્મા-કર્મ તથા ધર્મની ત્રિપુટિની

શ્રદ્ધા પ્રગટે........અને કર્મની સામે ધર્મના બળ વડે આત્માનો વિજય અવશ્ય થાય જ છે એની ખાતરી થઈ જાય.

**નયસાર**ના આત્મવિકાસની સાચી જીવનયાત્રા શરૂ થઈ **સમ્યગ્-દર્શન**ની પ્રાપ્તિથી : અને ત્યાર પછી પરમાત્મપદની પ્રાપ્તિ થઈ ત્યાં સુધી તો એમને આ સંસારની ચારેય ગતિની નાટકશાળાના રંગમંચ ઉપર કેવા કેવા જન્મ ધારણ કરી, વિવિધ પ્રકારના બહુરૂપી વેશ ભજવવા પડ્યા હતા ! ઊંડું ચિંતન કરીએ તો આપણાં સાડા ત્રણ કરોડ રુંવાડાં ખડાં થઈ જાય એવી ચઢતી–પડતીની કથા એમના આત્માની છે. એનાથી કર્મની પરવશતા અને ધર્મની જાગૃતિનાં ફળો સમજવા મળે છે

સૌ પ્રથમ **નયસાર**ના ભવમાં રાજા તરફથી જંગલમાં લાકડાં લેવા જવાનું નિમિત્ત પ્રાપ્ત થયું. ત્યાં ભૂલા પડેલા મુનિવરોનાં દર્શન અને અતિથિ–સત્કાર [ સુપાત્રદાન ]નો પ્રસંગ ઉપસ્થિત થયો. એના પરિણામે માનવભવની સફળતા માટે મોક્ષના બીજરૂપ અમૂલ્ય **સમ્યગ્-દર્શન**ની પ્રાપ્તિ થઈ. પ્રભુના પ્રથમ ભવની ગણના આ સમ્યક્ત્વ પ્રાપ્તિથી થાય છે. [ તે પૂર્વે તો અનંતા ક્ષુલ્લક ભવો થયા હતા ] આયુષ્ય પૂર્ણ થતાં સમાધિમરણના પ્રભાવે દેવલોકનો ભવ કરી એમનો જન્મ આ ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાના પૌત્ર **મરીચિ** તરીકે થાય છે. સમવસરણની ઋદ્ધિ જોતાં જ પ્રભુ પ્રત્યે આકર્ષણ-બહુમાન અને વૈરાગ્ય જાગૃત થયો. ભગવાનની દેશના સાંભળી સમ્યક્ત્વ પામી, પ્રભુના હાથે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી, સુંદર ચારિત્ર-જીવનની આરાધના શરૂ કરે છે. આગળ જતાં એમને મોહના બળે સપાટામાં લીધા, જેથી મુનિજીવનનાં પરિસહો સહન થઈ ન શક્યાં. એટલે સ્વકલ્પિત ત્રિદંડી પરિવ્રાજકનો વેશ ધારણ કરી, ભગવંતની સાથે સાથે વિચરવા લાગ્યા. પ્રસંગોપાત્ત શરીરનું આરોગ્ય નબળું પડતાં પોતાની શુશ્રૂષા માટે એકાદ શિષ્ય બનાવવાનો મોહ જાગ્યો. ધર્મ સાંભળવા માટે આવેલ રાજપુત્ર **કપિલ** પાસે ઉત્સૂત્ર ભાષણ કર્યું.

એના દંડ તરીકે ૧ કોડા કોડી સાગર પ્રમાણ એમના સંસારની સ્થિતિ વધી ગઈ. બાવીસમા ભવ સુધી અશુભકર્મો લગભગ ભોગવાઈ ગયાં અને ખરેખરો પુણ્યોદય ત્રેવીસમા ભવથી શરૂ થયો. **પ્રિયમિત્ર ચક્રવર્તી**ના ભવમાં સદ્‌ગુરુનો યોગ પ્રાપ્ત થતાં જ શ્રી વીતરાગપ્રભુનો ધર્મ પામ્યા. સાધુજીવનમાં સુંદર આરાધના કરી દેવભવ પામ્યા. એના પછી **નંદન રાજર્ષિ**ના પચ્ચીસમા ભવમાં તો અદ્‌ભુત ચમત્કાર સર્જાયો. અહીં ત્રિલોકનાથ શ્રી વાસુપૂજ્ય સ્વામીનું શાસન પામી વીશસ્થાનક તપની મહા જ્વલંત આરાધના કરી. "**સવિ જીવ કરું શાસનરસી**"ની ઉત્કૃષ્ટ ભાવના ભાવી, તીર્થંકર નામકર્મ નિકાચ્યું. ધર્મસત્તા દ્વારા પ્રભુના આત્માએ અહીં કર્મસત્તાને સખત હાર આપી. છેલ્લે છેલ્લે તો ૨૭મા શ્રી વર્ધમાનકુમારના ભવમાં પ્રબળ મોક્ષપુરુષાર્થ આદર્યો. ઉગ્ર સંયમ, તપ અને ધ્યાનની કઠોર સાધના વડે પોતાના આત્માને ઘાતી કર્મોની પકડમાંથી મુક્ત કરી, ભવ્ય જીવોના કલ્યાણ માટે મોક્ષમાર્ગ–ધર્મશાસનની સ્થાપના કરી મોટામાં મોટો ઉપકાર કર્યો.

પ્રભુના આત્માની આવી રોમાંચક આરોહણ – અવરોહણયુક્ત વિકાસ-યાત્રામાં સહાયક તેમજ અવરોધક બનતાં નિમિત્તો – કર્મ તથા ધર્મનું તત્ત્વદર્શન–આ ચિત્રપટો દ્વારા આપણને સચોટ રીતે – તાદૃશ્ય રીતે જોવા મળે છે. આપણી જીવનનાવ માટે પ્રભુનું આલંબન એ દીવાદાંડી સમાન છે. ઘુઘવતા મહાસાગરના તોફાનમાં સપડાયેલા નાવ માટે શ્રી જિનેશ્વર આપણા શરણરૂપ છે.

"શ્રી જૈન આત્માનંદ સભા" ભાવનગર તરફથી વીર સંવત ૨૪૬૪, વિક્રમ સંવત ૧૯૯૪માં પ્રગટ થયેલ લગભગ ૫૦૦ પાનાનું પૂજ્ય ગુણચંદ્ર ગણિકૃત મૂળ પ્રાકૃત ભાષામાં લખાયેલ **શ્રી મહાવીર ચરિયં**ના ગુજરાતી ભાષાંતર–ગ્રંથનો મુખ્ય આધાર લઈ, એની સાથે કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી કૃત "ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર" તથા અન્ય શાસ્ત્રગ્રંથોનો આધાર લઈ, સરળ ભાષામાં સંક્ષિપ્ત રીતે સંકલન કરી, મૂક ચિત્રપટોને વાચા આપવાનો નમ્ર પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

અનેક વિચિત્ર સંજોગોના કારણે આ નાનકડા પ્રકાશનના પ્રારંભ અને પૂર્ણતાના કાળ વચ્ચે દશ-દશ વર્ષોનો લાંબો ગાળો પસાર થઈ ગયો, એ વખત તૈયાર કરેલ પ્રેસકોપી ગેરવલ્લે થઈ જતાં પુનઃ પુનઃ લખાણ આદરવું પડ્યું. તેમજ ચિત્રો તૈયાર કરાવવામાં ધાર્યા કરતાં વધુ સમય નીકળી ગયો. છતાં આજે સંતોષ અને આનંદનો અનુભવ થાય છે કે દેવગુરુની કૃપા વડે એક શુભ મનોકામના સફળ થઈ રહી છે.

શ્રી ભદ્રેશ્વરજીની યાત્રાએ આવતા પુણ્યાત્માઓને તીર્થપતિની આધારભૂત શાસ્ત્રીય માહિતી આપવા ઉપરાંત આ પ્રકાશન એમની યાત્રાનું એક મધુરું સંભારણું પણ બની જશે. ચિત્રપટોની સહાયતાથી પોતાના અંતર્ચક્ષુ સમક્ષ પ્રભુના જીવનનું પુનઃ પુનઃ સ્મરણ કરી, યાત્રાની અનુમોદનાનું નિમિત્ત બનશે. જેમણે કચ્છ ભદ્રેશ્વર (વસઈ)ની યાત્રા કરી નથી તેમને, આ પ્રકાશન પ્રભુના જીવનના વિવિધ પ્રસંગોની ઝાંખી કરાવશે અને યાત્રા કરવા માટે પ્રેરણા જગાડશે. સાધક-આરાધક આત્માને માટે ભગવાનના જીવનની ઉપયોગી માહિતી આપવાની સાથે એમને પોતાની સાધનામાં આગળ વધવા પ્રોત્સાહિત કરશે. જૈનકુળમાં જન્મેલા કિશોરો માટે આ પ્રકાશનના સ્વાધ્યાય દ્વારા સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ પામવામાં તેમજ પ્રભુના જીવનનો યથાર્થ પરિચય કરવામાં નિમિત્તરૂપ બનશે. જિજ્ઞાસુ જૈનેતરો માટે પણ શ્રી વીતરાગ પ્રભુના ધર્મમાં રહેલા અનેકાંત-સ્યાદ્‌વાદ, કર્મ અને આત્મપુરુષાર્થ ઇત્યાદિ અદ્દભુત તત્ત્વોનું દિગ્દર્શન કરાવશે. આપણને સુખમય કે દુઃખમય સંસારનો જે અનુભવ થાય છે તેનું ખરું કારણ તો **પોતાનાં જ શુભ કે અશુભ કર્મો છે.** દુઃખનાં સાચાં કારણો – મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગોને દૂર કરી, સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો ઉત્તમ માર્ગ દેખાડી, અનેકવિધ દુઃખો આપનાર કર્મસત્તાની સાચી ઓળખાણ ભગવંતે પોતાના અનુભવ અને ઉપદેશ દ્વારા કરાવી છે અને એમાંથી મુક્ત થવાનો ઉપાય પણ સૂચવ્યો છે : સાથે સાથે એ જ ઉપાય ભગવંતે પોતાના જીવન દ્વારા જ કરેલ

અપ્રમત્ત આરાધના, કઠોર ત્યાગ, તપ તથા તિતિક્ષાની અજોડ સાધના વડે પ્રત્યક્ષપણે પુરવાર કરી આત્મશુદ્ધિનું દર્શન કરાવ્યું છે.

પ્રભુના જીવનમાંથી એક અતિ મહત્ત્વની પ્રેરણા આપણને પ્રાપ્ત થાય છે : આપણે જો યોગ્ય દિશામાં, યોગ્ય રીતે, નિષ્ઠાપૂર્વક એમની આજ્ઞાને શિરસાવંદ્ય કરી, મોક્ષપુરુષાર્થ આદરીએ તો આપણે પણ આપણા આત્માને કર્મસત્તાના બંધનમાંથી સંપૂર્ણપણે મુક્ત બનાવી **પરમાત્મપદ**ની પ્રાપ્તિ કરી, જન્મમરણની જંજાળમાંથી છૂટી, અખંડ અને અક્ષય સુખના સ્વામી બની શકીએ છીએ. શ્રી વીતરાગપ્રભુનું ધર્મશાસન એ તો સુખી જીવનના સાચા માર્ગદર્શક અને પ્રકાશ પાથરતા દીવડા સમાન છે. ધર્મપુરુષાર્થનું ઘી એમાં સતત પૂર્યા કરવાની જરૂર છે : ચિત્રપટ જોઈ, એના પાત્રોના મનોભાવ સમજી અને લખાણ વાંચી, એના ઉપર ઊંડું ચિંતન તથા મનન સતત કરવાથી વધુ ને વધુ આનંદનો અનુભવ થશે. પુસ્તકને અંતે આપેલો **ગ્રાફ** એ તો ભગવંતની વિકાસયાત્રાનો સાર – **અર્ક** સમાન છે. એનું અધ્યયન–મનન આપણા સુખી જીવનની સલામત યાત્રા માટે **સિગ્નલ**ની ગરજ સારશે.

વારસામાં આપણને મળેલા આર્યસંસ્કૃતિના ઉત્તમ–વિશિષ્ટ સંસ્કારો જેવા કે વિનય, વિવેક, અતિથિસત્કાર, ત્યાગભાવના, પરોપકારવૃત્તિ ઇત્યાદિ ભૂલાઈ ન જાય, એનું સ્મરણ–આચરણ સતત ચાલુ રહે એ ગુણદૃષ્ટિને લક્ષમાં રાખી, પૂજ્ય ગુણચંદ્ર ગણિના મૂળગ્રંથમાં દૃષ્ટિગોચર થતા પ્રસંગોચિત સુસંસ્કારોની સુવાસ અમુક અમુક સ્થળે વિસ્તારપૂર્વક સંકલિત કરાઈ છે.

આ પ્રકાશનનું સુંદર સંપાદન કરવા માટે અમો પૂ. મુનિરાજ **શ્રી રાજેન્દ્રવિજયજી ગણિવર્ય**નો ઉપકાર માનીએ છીએ. સાદી ભાષામાં અને ઓછામાં ઓછા શબ્દો વડે, વધુ ને વધુ ઉપયોગી માહિતી આપવાની કાળજી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. તીર્થમાં આપેલા ચિત્રપટોનો જે ક્રમ જોવા મળે છે તેમાં થોડોક ફેરફાર કરી, **'શ્રી કલ્પસૂત્ર'**ના

છઠ્ઠા વ્યાખ્યાન મુજબ ગોઠવી અહીં નવા નંબર આપ્યા છે. પ્રકાશનનું સુંદર સંકલન કરવામાં અનેક પુણ્યાત્માઓનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અમૂલ્ય માર્ગદર્શન સતત રીતે મળ્યું છે. "શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ" તરફથી રૂા. ૧૦,૦૦૦ ની લોન મળી છે. સહુનું ઋણ અમે કૃતજ્ઞભાવે સ્વીકારીએ છીએ.

અલ્પમતિના કારણે તથા મુદ્રણદોષથી લખાણમાં કયાંય ભૂલચૂક રહી જવા પામી હોય તો તે માટે અંતઃકરણપૂર્વક ક્ષમા યાચીએ છીએ. જિનાજ્ઞા વિરુદ્ધ અજાણપણે કંઈ લખાયેલું જણાય તો કૃપાળુ વાંચક-વર્ગને અમારું ધ્યાન દોરવા નમ્ર અરજ છે. ચિત્રો હજી પણ વધુ સુંદર અને આકર્ષક બને એવા કોઈ પ્રતિભાસંપન્ન ચિત્રકારને અમારું હાર્દિક આમંત્રણ છે.

આ મૂલ્યવાન પ્રકાશન ભારતમાં તથા પરદેશમાં વસતા પ્રત્યેક જૈન કુટુંબમાં, પોતાના બાળકોને ભગવાનના ભવ્ય જીવનનો અલ્પ પરિચય કરાવી, સુંદર અને સફળ જીવનના ઘડતર માટે ઉચ્ચ સંસ્કાર-સિંચન દ્વારા ભાથારૂપ બની રહે એવી ઉજ્જવળ ઝંખના અમો રાખીએ છીએ. એ માટે ઉદાર દાનવીર આત્માઓના સહયોગથી, તમામ પાઠશાળા તથા મહાશાળાના દરેક જૈન વિદ્યાર્થીને, શકય એટલી ઓછી કિંમતે આ પ્રકાશન પહોંચાડવાની પણ ભાવના રાખીએ છીએ.

લખાણનું નિરીક્ષણ અને સંમાર્જન મુખ્યપણે પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીજી મહારાજાના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજીના પ્રશિષ્ય પૂ. મુનિરાજ શ્રી રાજશેખર-વિજયજી મહારાજ સાહેબે કરી શ્રી ઝઘડીઆજી તીર્થમાં પૂરતો સમય આપી એને સુચારુ બનાવી આપ્યું છે. પૂ. મુનિરાજ શ્રી જગતચંદ્ર વિજયજી મહારાજ સાહેબે સંશોધન કરી આપ્યું છે. છેલ્લે છેલ્લે પૂ. આ. શ્રી વિજય-મુક્તિચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય રત્ન પૂ. મુનિરાજ શ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજ સાહેબે અતિ આત્મીયભાવે

સંપૂર્ણ લખાણ જોઈ એને આખરી ઓપ આપી, પ્રકાશનના શિખર ઉપર પૂર્ણકળશ ચઢાવી દીધો છે.

વાગડવાળા પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી કલાપ્રભવિજયજી મ. સા. તથા પૂજ્ય કલ્પતરુવિજયજી મ. સાહેબે પણ સંપૂર્ણ લખાણ જોઈ, યોગ્ય રીતે ખૂબ જ ઉપયોગી સૂચનો કર્યાં છે.

ચિત્રો તૈયાર કરવામાં શ્રી પ્રેમચંદભાઈ મેવાડા, રમેશભાઈ તથા ભરતભાઈ છેડાએ સુંદર સહકાર આપ્યો છે. ચિત્રોના સુંદર ઓફસેટ છાપકામ માટે શ્રી સૂર્યકાંતભાઈ બાપુભાઈએ અજય પ્રિન્ટર્સમાં ગોઠવણ કરી આપી છે. પુસ્તકના છાપકામ માટે તથા પ્રૂફરીડિંગ માટે, નવપ્રભાત પ્રેસમાં **શ્રી લાલચંદભાઈ કે. શાહ**નો હાર્દિક સહકાર પણ મળ્યો છે. આ સહુનો આભાર જેટલો માનીએ તેટલો ઓછો ગણાય.

આવો ત્યારે, આ પવિત્ર અને મહા મંગલકારી તીર્થની **ભૂમિકા** ઉપર પગ માંડનારા પ્યારા યાત્રિક ! મોક્ષમાર્ગનો આપણે હાર્દિક સ**ત્કાર** કરી, જિનાજ્ઞાનો **સ્વીકાર** કરીએ અને ધર્મપુરુષાર્થમાં વહેલી તકે ડગલાં માંડી, આત્મકલ્યાણ સાધવા આગે કદમ ઉપાડી, મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલ આ અતિદુર્લભ માનવભવને સફળ કરીએ. એમાં સહાયક બની શકે એવા આ ચાલીસેય ચિત્રપટો અમૃતના ૪૦ પ્યાલા સમાન છે. કોઈ જ્ઞાની સદ્ગુરુ પાસેથી દરેક ચિત્રપટમાં રહેલું તત્ત્વદર્શન કરી સદ્ભાવપૂર્વક મનન કરવામાં આવે તો એમાંથી નિજાનંદના અદ્ભુત ફુવારા ઊડવા લાગે છે ! અને આ ફુવારા વચ્ચે આસન માંડી, અહીં આપેલ ચાર્ટનું તત્ત્વદર્શન કરતાં કરતાં તો એમ જ લાગે છે કે હવે મોક્ષનાં દર્શન તો તદ્દન નજીકમાં જ છે ! જેટલી ઝડપે આ કલ્યાણમાર્ગ ઉપર દોડીએ તેટલો વહેલો લાભ મળે !

પોતાના પ્રાણથી પણ અધિક પ્યારા શ્રી વીરપ્રભુ પાસેથી વહેલામાં વહેલી તકે કેવળજ્ઞાનપ્રાપ્તિની તીવ્ર તાલાવેલીમાં મગ્ન રહેતા શ્રી ગૌતમસ્વામીજીએ મેળવેલ આશ્વાસન :

**"તું અને હું આગળ જતાં એક જ સરીખા થઈશું."**

પ્રભુના નિર્વાણ બાદ રાગનાં બંધન તૂટતાં જ નૂતનવર્ષના નવલા પ્રભાતે કેવળજ્ઞાન પ્રગટ થતાંની સાથે જ જેમ ગૌતમસ્વામીજી માટે આ સત્ય નીવડયું, એવું જ આશ્વાસન, આ તીર્થની યાત્રા કરી આપણે સહુ પરમકૃપાના નિધાન શ્રી વીરપ્રભુ પાસેથી મેળવી લઈ, આપણું જીવન પણ ધન્ય બનાવી લઇએ એવી મંગળકામના !

शिवमस्तु सर्व जगतः

= જિનદાસ

સંવત ૨૦૩૭ શ્રી મહાવીર તત્ત્વજ્ઞાન પ્રચારક મંડળ,
વસંત પંચમી, **અંજાર** – (કચ્છ)
સોમવાર


**શ્રી ભદ્રેશ્વર – વસઈ મહાતીર્થ**

જૈન સાહિત્યના જાણીતા લેખક-વિવેચક શ્રી રતીલાલ દીપચંદ દેસાઈના અથાક પરિશ્રમ વડે સંશોધન દ્વારા તૈયાર કરેલું આ પુસ્તક ભદ્રેશ્વર તીર્થના ઐતિહાસિક જિજ્ઞાસુઓને માટે ખૂબ જ સુંદર માહિતીસભર તેમજ અનિવાર્ય કૃતિ છે.

કિંમત રૂા. ૩૦-૦૦

: પ્રાપ્તિસ્થાન :

(૧) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધીરોડ, અમદાવાદ ૧.

(૨) નવભારત સાહિત્ય મંદિર,
૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ ૨.

# વિકાસયાત્રાનો આલેખ [ગ્રાફ] પરિચય

નયસારનો આત્મા **સમ્યગ્દર્શન** પામીને વિકાસયાત્રાનું મંગળાચરણ કરતાં, ક્રમશઃ પરમાત્મપદનું શિખર કઈ રીતે સર કર્યું તેનું રહસ્ય તથા યથાર્થ ખ્યાલ અહીં આપેલ ગ્રાફના મનન વડે આવી શકે છે.

આજે માઉન્ટ એવરેસ્ટ ભલે ઊંચામાં ઊંચું તેમજ આરોહણ માટે દુષ્કર શિખર ગણાય છે, પરંતુ સર કરવા જેવું ખરેખર ઉન્નત, દુષ્કરમાં દુષ્કર તેમજ આત્મહિતકાર શિખર તો....**મોક્ષનું** જ છે ! ! એના વિજયનો આનંદ અને ગૌરવ તો શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી પરંતુ અનુભવ કરવા જેવો ખરો જ !

મિથ્યાત્વમાં જીવી રહેલા આત્માને શ્યામ વર્તુળ તરીકે દર્શાવેલ છે. આત્મામાં રહેલા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રગુણને શ્વેત જ્યોતના પ્રકાશથી દર્શાવવામાં આવેલ છે. આત્મગુણોની પ્રગટેલી જ્યોત નયસારના ભવમાં નાનકડી હતી, મરિચિના ભવમાં વિશેષ પ્રકાશિત થઈ પરંતુ મિથ્યાત્વના ઉદયે તે બુઝાઈ ગઈ. ફરી વિશ્વભૂતિના ભવમાં પ્રકાશિત થઈ અને નિયાણાના પ્રભાવે ઓલવાઈ ગઈ. ત્રિપૃષ્ઠના ભવમાં શ્રી શ્રેયાંસનાથ ભગવંતની વાણીથી એ જ્યોત અલ્પ સમય પૂરતો જ પ્રકાશ આપી અલોપ થઈ ગઈ. પરંતુ વીસમા ભવથી તે વધુ ને વધુ તેજસ્વી થતાં છેલ્લા ભવે સંપૂર્ણ રીતે પ્રકાશી ઊઠે.

સંસારમાં રખડાવનારી કર્મનાં બંધનોની પરંપરાને કાળી દોરીરૂપે આલેખી છે. ૨૭ મા ભવમાં તે કપાઈ જતાં પ્રભુનો આત્મા બંધનમુક્ત બને છે. આત્માના ઉત્થાન અને પતનના રહસ્યની સમજણ આ પુસ્તકના વાંચન તથા ચિત્રપટોના કાળજીભર્યા અભ્યાસથી મળી રહે છે.

**સમ્યગ્દર્શન**ની પ્રાપ્તિ થતાં જ (૧) નયસારની સાચી વિકાસ-યાત્રામાં શરૂ થઈ અને (૨) દેવલોકનો ભવ મળ્યો. ત્યાંથી શ્રી આદિનાથ ભગવંતના પૌત્ર (૩) મરીચિ તરીકે જન્મ થયો, સાથે સાથે રત્નચિંતામણી જેવું ઉત્તમ ચારિત્રજીવન પણ મળ્યું. મુનિજીવનના પરિસહોથી એ લાચાર થઈ ગયો, મિથ્યાત્વનો ઉદય થતાં એણે ઉત્સૂત્ર-ભાષણ કર્યું—પરિણામે ચારિત્રરત્ન લૂંટાઈ ગયું અને સંસારની રખડપટ્ટી વધી ગઈ. ત્યાંથી એક એક ભવના અંતરે ક્રમશઃ છ દેવભવ (૪) – (૭) – (૯) – (૧૧) – (૧૩) – (૧૫) કર્યા. તેના વચગાળામાં (૫) કૌશિક – – (૬) પુષ્પમિત્ર – (૮) અગ્નિદ્યોત – (૧૦) અગ્નિભૂતિ – (૧૨) ભારદ્વાજ – અને (૧૪) થાવર નામધારી બ્રાહ્મણ તરીકે જન્મ છ વખત જન્મ ધારણ કર્યો. પંદરમો દેવભવ પૂરો કરી, દીર્ઘકાળ પર્યંત (૧૬) મા ભવે વિશ્વભૂતિ રાજકુમાર તરીકે સંસારના રંગમંડપમાં પ્રવેશ મળ્યો ! અહીં તીવ્ર ક્રોધકષાયનું નિમિત્ત મળતાં જ વૈરાગ્ય પેદા થયો. અને ચારિત્રમાર્ગ સ્વીકારી સુંદર આરાધના કરી. ત્યાં પણ માનકષાયનું નિમિત્ત મળી જતાં વિશ્વભૂતિ મુનિ ગંભીર ભૂલ કરી બેઠા. ઘોર નિયાણું કરી અમૂલ્ય ચારિત્રરત્નનું લીલામ કરી નાખ્યું ! (૧૭) મો દેવભવ પૂરો કરી (૧૮) મા ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં પૂર્વે કરેલ નિયાણાના પ્રભાવે પદાધિકાર અને અતુલ બળની પ્રાપ્તિ સાથે સાથે ઉગ્ર કષાયોની પરંપરાથી એનો આત્મા ઘેરાઈ ગયો.

પરિણામે વચ્ચે (૨૦) મો સિંહનો ભવ કરી, બે વખત (૧૯) – તથા (૨૧) – મા ભવમાં એ આત્મા નરકગતિનો મહેમાન બન્યો.

બસ, ત્યારપછી તો એ જ આત્માએ (૨૨) મા ભવમાં વિમલ-રાજકુમાર, (૨૩) મા ભવમાં પ્રિયમિત્ર ચક્રવર્તી, (૨૪) મા ભવમાં દેવલોક અને (૨૫) મા નંદનરાજર્ષિના ભવમાં ઉત્તરોત્તર સંપૂર્ણ જાગૃતિપૂર્વક ઉત્તમ ધર્મઆરાધના કરી, કર્મસત્તાને જોરદાર ફટકો માર્યો. ત્યારબાદ દેવલોકનો (૨૬) મો છેલ્લો ભવ કરી અંતિમ (૨૭) મા ભવમાં અદ્ભુત સમતા અને ક્ષમા ધારણ કરી, કર્મસત્તાનો તમામ હિસાબ – લેવડદેવડ ચૂકતે કર્યો.

અલ્પ ધર્મસાધનાવાળો પરંતુ વિશેષ રીતે પાપની પરંપરાવાળા જીવનનાટકનો પહેલો અંક (૨૧) મા ભવે પૂરો થયો, અને ધર્મસાધનામાં ઉત્તરોત્તર સમૃદ્ધિવાળા જીવનનો બીજો અંક (૨૨) મા ભવથી શરૂ થયો. પહેલા અંકમાં કર્મસત્તાના હાથે વારંવાર નયસારના આત્માને ફટકા ખાવા પડયા હતા, ત્યારે બીજા અંકમાં તો એ જ આત્માએ કર્મસત્તાને સખત રીતે ફટકાર્યા હતા. છેવટે તીર્થંકરપદ પામી અનુપમ વિજય પ્રાપ્ત કર્યો !

નયસારના જીવે જે જે ભૂલો કરી પછડાટ ખાધી, તે તે ભૂલો આપણા જીવનમાં ન થાય, તેની સંપૂર્ણ કાળજી રાખી; જે જે ઉપકારી તત્ત્વોની સહાયતા પ્રાપ્ત કરી સફળતાનાં શિખરો એણે કબજે કર્યાં અને અંતે પરમાત્મપદે પહોંચ્યા, તે તે તત્ત્વોનો આપણે સત્કાર અને સ્વીકાર કરીએ. ગ્રાફમાં દર્શાવેલ શ્યામ કર્મબંધનની રેખાને રેલગાડીના પાટા તરીકે કલ્પના કરીએ તો પણ નયસારની વિકાસયાત્રાનો સચોટ ખ્યાલ આવી શકે છે. વિકાસપંથે ચાલી રહેલી એની જીવનગાડીને જે જે બેદરકારીના કારણે, જ્યાં જ્યાં અકસ્માત નડયો હતો, ત્યાં ત્યાં આપણે સંપૂર્ણ રીતે સાવધાન બની આગળ વધીએ, તો આપણી ગાડી પણ ઇષ્ટસ્થાને જરૂર પહોંચી શકે છે !

જે દુર્લભ માનવભવ આત્માના **વિકાસ** માટે મહાન પુણ્યના યોગે આપણને મળ્યો છે, તે કેવળ **વિલાસયાત્રામાં** જ વેડફાઈ ન જાય એની પૂરેપૂરી સાવધાનીના સંદેશરૂપ આ ગ્રાફ બને તો આપણું જીવન પણ સફળ બન્યા વગર નહિ રહે !

## આ પ્રશ્નો ધ્યાનપૂર્વક વાંચો

(૧) શું આપને વિચિત્ર પ્રકારની **આધિ, વ્યાધિ અને ઉપાધિઓ** સતાવી રહી છે? [ શરૂઆતનું પાનું ૪ ]

(૨) એક અદ્‌ભુત ખજાનો લૂંટવા માટે **અગત્યની ચાવી** તમારે હાથ કરી લેવી છે? [ પાનું ૫ ઓળખાણ ]

(૩) આપને મહા **વિદ્વાન** થવું છે? [ પાનું ૩૩ ]

(૪) જગતની મહાન **વિપત્તિમાંથી** બચી જઈ એક મોટા **શ્રીમંત** થવું છે? [ પાનું ૩૫, ૧૦૬ ]

(૫) આપને **કેવળજ્ઞાન** (સર્વજ્ઞપદ) પ્રાપ્ત કરવું છે? [ પાનું ૬૦, ૬૫ ]

(૬) તમોને મળેલ માનવભવની **કિંમત** તમે આંકી શકો છો? [ પાનું ૭૦ ]

(૭) તમારા ઘરઆંગણે જ **કલ્પવૃક્ષ** તૈયાર કરવું છે? [ પાનું ૮૨ ]

(૮) સંસારયાત્રામાં તમારી પૂંઠે કોણ કોણ **દોડી** રહ્યું છે? [ પાનું ૮૩ ]

(૯) કાતિલ કષાયરૂપી અજગર = નાગદાદાની અસરમાંથી બચવાનો **ગારૂડીમંત્ર** તમે જાણો છો? [ પાનું ૯૪ ]

(૧૦) શું તમારાથી **શાંતિ** રીસાઈ ગઈ છે? અથવા **અશાંતિને** સહેલાઈથી ભગાડી મૂકવી છે? [ પાનું ૧૨૯ ]

(૧૧) શિવરમણીના સ્વયંવરમાં ભાગ લેવા તમોને **ઈન્તેજારી** ( ભાવના ) છે? [ પાનું ૧૩૬ ]

(૧૨) જન્મમરણના **મહારોગને** નાબૂદ કરનાર મહાન શસ્ત્રવૈદ્ય સાથે ઓળખાણ કરવા ઇચ્છા છે? [ છેલ્લું ટાઈટલ પેજ ]

આ બધાય પ્રશ્નોનો ઉકેલ તમને ખબર હોય તો તો તમોને અભિનંદન, પરંતુ જો તમને ઉકેલ મેળવવો હોય તો પૂજ્ય આચાર્ય શ્રી વિજય **કલાપૂર્ણ-સૂરિશ્વરજી** મહારાજ સાહેબ સંપાદિત **"તત્ત્વજ્ઞાન પ્રવેશિકા"** (સચિત્ર) **અવશ્ય** ખરીદવા આપને જોરદાર પણ નમ્ર વિનંતી કરીએ છીએ.

ઘણી પાઠશાળાઓમાં બાળકોના અભ્યાસ માટે આ પ્રકાશન પાઠ્યપુસ્તક તરીકે સ્થાન પામી ચૂકયું છે.

**પ્રાપ્તિસ્થાન : ડો. ચુ. પી. દેઢીઆ,** M. B. B. S.
B-૧૪, સીંધ એસ્ટેટ, ફાલકે રોડ, **દાદર-મુંબઈ ૧૪**

**કિંમત : રૂા. ૫-૦૦** **ટપાલથી રૂા. ૭ (સાત)**

## મંગળાચરણ

# * નમસ્કાર મહામંત્ર *

નમો અરિહંતાણં ।।
નમો સિદ્ધાણં ।।
નમો આયરિયાણં ।।
નમો ઉવજ્ઝાયાણં ।।
નમો લોએ સવ્વસાહૂણં ।।
એસો પંચ નમુક્કારો ।।
સવ્વ પાવપ્પણાસણો ।।
મંગલાણં ચ સવ્વેસિં ।।
પઢમં હવઈ મંગલં ।।

* * *

## વીર સ્તુતિ

વીરઃ સર્વ સુરાસુરેન્દ્રમહિતો
વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મ નિચયો,
વીરાય નિત્યં નમ : ।
વીરાત્તીર્થમિદં પ્રવૃત્તમતુલં
વીરસ્ય ઘોરં તપો,
વીરે શ્રી ધતિકીર્તિકાંતિ નિચયઃ
શ્રી વીર ! ભદ્રં દિશઃ ।।

# મારી પ્રતિજ્ઞાઓ
# મારા નિયમો............

મહામૂલી તીર્થયાત્રાની યાદગીરી નિમિત્તે આવા કોઇક સુંદર વ્રત-નિયમો ધારણ કરવાથી આપણા જીવનમાં આગળ વધવાનું બળ પ્રાપ્ત થાય છે. આપની પસંદગીની કોઈ પણ પ્રતિજ્ઞા-નિયમોની નોંધ અહીં કરો અને ગુરુ મહારાજ સાહેબ પાસે સ્વીકારો :

(૧) સર્વજ્ઞ શ્રી વીતરાગ ભગવંતે જે કહ્યું છે તે જ સંપૂર્ણ સત્ય અને હિતકારી વચન છે, બાકીનું બીજું બધું મિથ્યા એટલે અનર્થકારી છે **સમ્યગ્દર્શન** એમની જ આજ્ઞા મારે શિરસા-માન્ય છે.

(૨) પ્રભુદર્શન દરરોજ નિયમિત કરવું જ.

(૩) શકય હોય ત્યારે ત્યારે સ્વદ્રવ્ય વડે પ્રભુની પૂજા અને સામાયિક અવશ્ય કરવા.

(૪) ગુરુવંદન અને વીતરાગવાણીનું શ્રવણ અથવા વાંચન અવશ્ય કરવું.

(૫) મા-બાપ તથા વડીલોને નિત્ય વંદન કરવાં.

(૬) કંદમૂળ તથા અભક્ષ્ય વસ્તુઓનો સદા માટે ત્યાગ કરવો.

(૭) રાત્રિભોજનનો સદા માટે ત્યાગ કરવો.

(૮) નવકારશી પચ્ચક્ખાણ શકય હોય તો અવશ્ય કરવાનું જ.

(૯) નવકાર મહામંત્રનો જાપ (અમુક સંખ્યા) નિયમિત કરવાનો જ.

(૧૦) તમારી પસંદગીનો અન્ય કોઈ **નિયમ** લખો અને ગ્રહણ કરો.


..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

૧.રાજાનો નયસારને લાકડા માટે આદેશ.૨.માણસો સાથે જંગલમાં ગમન.૩.ભોજન સમયે અતિથિની રાહ.૪.અતિથિ સાધુ મળતાં ભોજન આદિનું દાન



ॐ ह्रीं अर्हं नमः

**શ્રમણ ભગવાન**

# શ્રી મહાવીર જીવન-દર્શન

| પહેલો ભવ | નયસાર | ચિત્રપટ ૧,૨. |
|---|---|---|

પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં મહાવપ્ર નામની વિજય છે, તેમાં **જયંતી** નામની નગરી છે. ત્યાં સદ્‌ગુણસંપન્ન, ન્યાયપ્રિય અને પરદુઃખભંજક **શત્રુમર્દન** રાજા હતા. એકદા એમને પ્રાસાદ તથા રથ બનાવવા માટે ઉત્તમ પ્રકારના લાકડાંની જરુર પડી. એટલે એમણે પૃથ્વીપ્રતિષ્ઠાન નગરના ગ્રામમુખી **નયસાર**ને પોતાને જરુરી ઉત્તમ પ્રકારનાં લાકડાં જંગલમાંથી લઈ આવવાની આજ્ઞા કરી.

નયસાર સ્વભાવે સરળ, પ્રિયંવદ, પરોપકારપરાયણ ઉપરાંત ઉત્કૃષ્ટ વિનયગુણસંપન્ન હતો. આવા સુંદર ગુણોના કારણે તે શત્રુમર્દન રાજાને અસાધારણ વિશ્વાસનું પાત્ર બની રહેલ.

ઘણાં ગાડાં અને સેવકસમૂહની સાથે મહાઅટવીમાં પહોંચી, નયસારે લાકડાં પ્રાપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી. મધ્યાહ્નનો સમય થતાં સેવકો ભોજન માટે વિનંતિ કરવા નયસાર પાસે આવ્યા. હૃદયમાં વસેલી દાનધર્મની પ્રબળ ભાવનાના કારણે એના મનમાં વિચાર સ્ફૂર્યો : "અત્યારે જો કોઈ અતિથિ મળી જાય તો એનો સત્કાર કરીને પછી જ હું ભોજન કરું."

અતિથિસત્કારની આવી ઉત્તમ ભાવનાથી ભાવિત બનેલા નયસારે ચારેય દિશાઓનું સારી રીતે અવલોકન કર્યું. એટલામાં જ સાર્થથી

છૂટા પડેલા, સૂર્યતાપમાં વિહારથી બહુ જ થાકેલા, ભૂખ અને તરસને સહન કરતા એવા તપસ્વી મુનિરાજોને નયસારે જોયા. પોતાની સાત્ત્વિક ભાવના તત્કાળ સફળ થઈ જતાં જ એના હૈયે હર્ષોલ્લાસ વ્યાપી ગયો. નયસાર તરત જ મુનિરાજોની સન્મુખ ગયો. એમને વિનમ્રભાવે નમસ્કાર કરી પોતાને લાભ આપવા મુનિરાજોને બહુમાનપૂર્વક વિનંતિ કરી.


આવી નિર્જન અટવીમાં મધ્યાહ્ન સમયે અને વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલા સાધુઓના દર્શનથી તથા અણધારી રીતે અતિથિસત્કારનો લાભ મળવાથી નયસારના રોમેરોમ પુલકિત બન્યાં. અને પોતાના આત્માને તે કૃતાર્થ માનવા લાગ્યો.

ભોજન અને વિશ્રાંતિ કર્યા બાદ મુનિવર્યોને માર્ગ દેખાડવા નયસાર જાતે જ હાજર થયો.

નયસારની ધર્મ પામવાની યોગ્યતા જાણી, મુનિવરોએ શ્રી જિનેશ્વરદેવ પ્રરૂપિત મોક્ષમાર્ગનો બોધ સંક્ષેપમાં આપ્યો : "હું કોણ ? મારું કોણ ? હું ક્યાંથી આવ્યો ? મારે ક્યાં જવાનું છે ? મારા જીવનનું કર્તવ્ય શું ? મોક્ષ મળે કઈ રીતે ?" એની સમજ મુનિઓએ નયસારને આપી. સંસારમાં જીવને રખડપટ્ટી કરાવનાર કર્મસત્તાની ઓળખાણ આપી. વિનાશી સ્વભાવવાળી ભૌતિક સંપત્તિ કરતાં પણ અધિક મહત્ત્વની અવિનાશી એવી આત્મસંપત્તિ – સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા વીર્ય છે. તેને માટે પુરુષાર્થ કરવામાં જ માનવજીવનની ખરી સફળતા રહેલી છે, એની સમજ આપી. એના ઉપાય તરીકે એક માત્ર શ્રી વીતરાગ પ્રભુનો ધર્મ જ છે–જે જન્મ, જરા અને મૃત્યુના દુઃખોનો ઉચ્છેદ કરવામાં કુહાડા સમાન છે. અંતે સકલ આગમના સારરુપ નવકારમંત્ર સહિત સમ્યગ્દર્શનનું દાન મુનિવરોએ નયસારને આપ્યું. બહુમાનપૂર્વક મુનિઓ પાસેથી નયસારે સુંદર વ્રત–નિયમો લીધા.

અટવીમાં ભૂલા પડેલા મુનિઓને નયસારે ભાવપૂર્વક સુપાત્રદાન આપી એમને ઇષ્ટમાર્ગે પહોંચાડયા. મુનિવરોએ નયસારને ઉત્તમ એવા સમ્યગ્દર્શનરુપી રત્નનું દાન આપી મોક્ષના રાજમાર્ગ ઉપર ચડાવી દીધો.

નયસારે મુનિઓને માર્ગ દેખાડ્યો. મુનિએ નયસારને મોક્ષ માર્ગ બતાવ્યો. ધર્મ શ્રદ્ધાથી સમકિત પ્રગટ્યું અને અંતે નવકારમંત્રથી સમાધિ મરણ



કેવો અદ્ભુત આ યોગાનુયોગ !

ત્યારપછી કાષ્ટોનાં ગાડાં ભરાવીને નયસાર પોતાના ગામે પાછો ફર્યો. સેવકો દ્વારા રાજાને કાષ્ઠો પહોંચાડયાં.

સમ્યક્ત્વની પ્રાપ્તિથી હવે નયસારનો જીવનવ્યવહાર બદલાઈ ગયો. સૂર્યસમાન શ્રી વીતરાગ પ્રભુના ધર્મનો ઉદય થતાં જ નયસારના જીવનનો મિથ્યાત્વરૂપી અંધકાર નાશ પામ્યો. હવે તે ઉલ્લાસપૂર્વક નમસ્કાર મહામંત્રની આરાધના કરવા સાથે જિનદર્શનનો અભ્યાસ કરવામાં, સાધુ-સાધ્વીઓના વૈયાવચ્ચમાં અને સાધર્મિક ભક્તિમાં પોતાના જીવનનો શેષકાળ વ્યતીત કરવા લાગ્યો. પોતાના સમ્યક્ત્વને વિશેષ રીતે નિર્મળ કરતો નયસાર આયુષ્યકાળ પૂર્ણ થતાં નવકાર મહામંત્રના સ્મરણ સાથે સમાધિમરણ પામી સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.



## બીજો ભવ | સૌધર્મ દેવલોક | ચિત્રપટ-૩


**સૌધર્મ દેવલોક**માં એક પલ્યોપમના આયુષ્યવાળા દેવ તરીકે ઉત્પન્ન થયેલ નયસારનો આત્મા ત્યાં દેવલોકના સુખો ભોગવવા લાગ્યો.

શ્રી જિનેશ્વરદેવોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકો દરમ્યાન જિનભક્તિમાં, અષ્ટાપદ, નંદીશ્વર આદિ દ્વીપોની યાત્રાઓમાં તથા સાક્ષાત્ વિચરતા શ્રી અરિહંત ભગવાનની ધર્મદેશના સાંભળવામાં પોતાનો સમય નિર્ગમન કરવા લાગ્યો.

## ત્રીજો ભવ | મરીચિ | ચિત્રપટ-૪

જંબૂદ્વીપના **દક્ષિણાર્દ્ધ** ભરતક્ષેત્રમાં **વિનીતા** નગરીના, ઈક્ષ્વાકુકુળના ઋષભરાજાના પુત્ર **ભરત** ચક્રવર્તીની રાણી **વામાદેવી**ની કુક્ષિમાં નયસારનો જીવ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવન પામી, સુંદર સ્વપ્નોથી સૂચિત ગર્ભપણે ઉત્પન્ન થયો.

યોગ્ય સમયે જન્મ થતાં, મહોત્સવપૂર્વક જિનભકિત **કરવામાં આવી**. કુમારનું નામ **મરીચિ** રાખવામાં આવ્યું.




સૌધર્મ દેવલોકમાં દેવ. ભરતચક્રીના પુત્ર મરિચિ થયા. શ્રી ઋષભદેવ પ્રભુના સમવસરણની ઋધ્ધિ જોઈ વૈરાગ્ય   પ્રભુ પાસે દીક્ષાગ્રહણ

એકદા રાજકુમાર મરીચિ શ્રી ઋષભદેવ ભગવંતની ધર્મદેશના સાંભળવા ગયો સમવસરણની અદ્ભુત ઋદ્ધિ જોઈ. ત્યાં વિષય અને કષાયની આગને શાંત કરનાર, સંસારની ભયંકરતાનું ભાન કરાવનાર તથા આયુષ્યની ક્ષણભંગુરતાનું ભાન કરાવનાર અમૃતસમાન મધુર જિનવાણી સાંભળી. એનું મન આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવા ઉત્સુક બન્યું. એટલે મરીચિએ પોતાના પિતામહ-દાદા શ્રી ઋષભદેવ-ભગવાન પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી સ્વામી સાથે વિચરવા લાગ્યા.

મરીચિમુનિએ અગિયાર અંગોનો શાસ્ત્રાભ્યાસ કર્યો. સુંદર રીતે ચારિત્રપાલન કરતાં કરતાં ઘણાં વર્ષો વીતી ગયાં. એક વખત ઉનાળાના સખત ગરમ પવન અને તાપના કારણે પરસેવો પુષ્કળ થયો. મન વ્યાકુળ બની ગયું. સ્નાનના અભાવે મલિન બનેલા શરીરથી તથા તૃષા ઇત્યાદિ પરિષહો સહન ન થવાથી મરીચિમુનિનું મન સંયમથી એકાએક શિથિલ બની ગયું. મનમાં તર્કવિતર્ક થવા લાગ્યા. "હવે તો હું જીવનપર્યંત સમ્યગ્ચારિત્ર પાળવા અસમર્થ છું. દીક્ષાનો ત્યાગ કરી ઘરે પાછો જાઉં તો ભરત ચક્રવર્તીના કાયરપુત્ર તરીકે લાજી મરું. વળી મારા માતાપિતાનાં મન પણ લજ્જાથી આઘાત પામે. હું ઇક્ષ્વાકુ કુળના કલંક સમાન થાઉં. ઉત્તમ ધર્મનો ત્યાગ કરવાના કારણે મારી નિંદા થાય અને ગૃહસ્થપણું તો ખરેખર અશુભ છે. એટલે હવે મારે શું કરવું ઉચિત ગણાય?"

અનેક તર્ક-વિતર્કો તથા યોજનાઓના વમળમાં ઘેરાયેલા કર્તવ્ય-મૂઢ અને સંયમથી શિથિલ બનેલા મરીચિ-મુનિએ આખરે સ્વયંકલ્પિત એક મધ્યમ માર્ગ અપનાવવાનો નિર્ણય કર્યો :

(૧) ભગવાનના મુનિઓ મન, વચન અને કાયાના ત્રણ દંડથી રહિત છે, આ ગુણ મારામાં નથી. હું આ ત્રણેય દંડોથી દંડાયેલો છું. એની સતત સ્મૃતિરૂપે **ત્રિદંડ** મારી પાસે રાખી, વારંવાર એને જોવાથી હું મારા દુશ્ચારિત્રનો પશ્ચાત્તાપ કરતો રહું.

(૨) મુનિઓ મસ્તકના કેશનો લોચ કરે છે. હું મુનિવેશથી વિપરિત એવી શિર ઉપર શિખા—**જટા** કાયમ રાખીશ.

(૩) મુનિઓ ત્રિવિધે સૂક્ષ્મ અહિંસાપૂર્વક સંયમપાલન કરે છે. મારામાં એવી યોગ્યતા હવે રહી નથી. માટે હું તો **સ્થૂલ-અહિંસાનું** પાલન કરીશ.

(૪) મુનિઓ સમસ્ત પરિગ્રહના ત્યાગી છે. હું તેવો નથી. એટલે હું મારા પોતાના માર્ગની નિશાની રૂપે **સુવર્ણ-જનોઇ** જેટલો પરિગ્રહ રાખીશ.

(૫) મુનિઓ તો શીલરૂપી જળના પ્રક્ષાલન વડે સદા સુરભિયુક્ત જ હોય છે. માટે હું મારા શરીરની દુર્ગંધને દૂર કરવા ચંદન આદિ સુગંધિયુકત દ્રવ્યોનો **બાહ્ય-લેપ** કરીશ.

(૬) મુનિઓ ઉપાનહ-પગરખાં આદિના પરિભોગથી મુકત છે. પણ હું તો મારા શરીરની રક્ષા કરવા મારા માથા ઉપર **છત્ર** અને પગમાં **ઉપાનહ** રાખીશ.


(૭) મુનિઓ કષાય રહિત હોય છે. પણ હું તો કષાયોથી કલુષિત બુદ્ધિવાળો છું. એટલે એની નિશાની તરીકે હું ગેરુથી રંગાયેલા **રાતાં-વસ્ત્રો** ધારણ કરીશ.

(૮) મુનિઓ સ્નાન આદિ ત્યાગે છે. હું તો સંસારને અનુસરનાર હોવાથી પરિમિત જળ વડે **સ્નાન** આદિ પ્રવૃત્તિ કરીશ.

આ પ્રમાણે મરીચિ પોતાની મતિથી કલ્પેલ અને મુનિવેશથી વિલક્ષણ એવો **ત્રિદંડી પરિવ્રાજક** બન્યો અને પરિવ્રાજક માર્ગની પ્રવૃત્તિનો આરંભ કર્યો !

પરિવ્રાજક બનવા છતાં મરીચિના હૈયે શ્રી ઋષભદેવ ભગવાનના ધર્મ પ્રત્યે સંપૂર્ણ રીતે સદ્દભાવ હતો. ભગવાનની વાણી સાંભળવા સદા ઉત્સુક જ રહેતો. એટલે ભગવાનની સાથે-સાથે તે ગામોગામ વિચરવા લાગ્યો.

ભાવી તીર્થંકર જાણી ભરતચક્રીનું વંદન, "કુળમાં પ્રથમ જિન, ચક્રી, વાસુદેવ જાણી કેવું મારું ઉત્તમ કુળ" મદથી નાચ્યા. કપિલાદિને તાપસી દીક્ષા



હાથમાં ધારણ કરેલ છત્ર, મસ્તક ઉપર લાંબી લટકતી શિખા, પાસે રાખેલ ત્રિદંડ, સંધ્યા સમયે અસ્ત થતા સૂર્ય સમાન ગેરૂથી રંગાયેલા રાતાં વસ્ત્રોનું પરિધાન, શરીરે ચંદનાદિનો લેપ, પગમાં ઉપાનહ અને શરીરે સુવર્ણની જનોઈનું ધારણ! આવા વિચિત્ર વેશવાળા પરિવ્રાજક મરીચિને જોઈ સૌ કોઈને કુતૂહલ ઉત્પન્ન થતું.

સંયમમાં મરીચિ શિથિલ તો બન્યા જ હતા, છતાંય એના હૈયે પ્રભુના ધર્મમાં જ દૃઢ શ્રદ્ધા હતી. ઉપરાંત પોતે સૂત્રાર્થ ભણેલ હતો અને તત્ત્વ–ઉપદેશમાં પણ સમર્થ હતો. કુતૂહલતાથી એની પાસે ધર્મ શ્રવણ કરવા ઘણા લોકો આવતા હતા. તે સૌને મરીચિ સત્ય મુનિધર્મ સમજાવતો, મોક્ષમાર્ગનો સત્ય ઉપદેશ જ દેતો અને સંસારથી વૈરાગ્ય પામનારને શ્રી જિનધર્મમાં સ્થિર કરતો. એના હૈયે હજી સમ્યક્ત્વનો દીપક ઝળહળતો હોવાથી શ્રમણ દીક્ષા માટે બધાને શ્રી આદિનાથ પાસે જ મોકલતો.

કૌતુક પામતા લોકો જ્યારે મરીચિને પૂછતા કે, તમે જે સત્યધર્મનો ઉપદેશ આપો છો, તેનાથી વિરુદ્ધ વર્તન અને વેશ કેમ રાખો છો ? ત્યારે તે લોકોને કહેતો :

"હે મહાનુભાવો! હું મોહ વડે ઘેરાયેલો છું, ઇંદ્રિયો વડે જિતાયેલો છું. મારા અવગુણો તરફ તમે દૃષ્ટિ ન કરો. વૈદ્યની આપેલી પરમ–ઔષધિ જેમ મહારોગી પુરુષ તરત સ્વીકારી લે છે તે રીતે તમે ભગવાનનો ધર્મ જરૂર સ્વીકારી લો."

આ પ્રમાણે પોતાની પાસે ધર્મ જાણવા આવેલ લોકો પાસે પોતાની શિથિલતાની નિંદા કરી, જાહેર રીતે પોતાની અયોગ્યતાનો એકરાર કરી લઈ, મુમુક્ષુઓને ભગવાનના સત્યધર્મમાં સ્થિર કરવા મરીચિ તત્પર રહેતો.

એકદા શ્રી ઋષભદેવ ભગવાન અષ્ટાપદગિરિ ઉપર પધાર્યા, ત્યારે

ભરત-મહારાજા પ્રભુની ધર્મદેશના સાંભળવા ત્યાં આવ્યા. દેશનાને અંતે ભરત-મહારાજાએ ભગવાનને પ્રશ્ન કર્યો :

"હે તાત! આ ભરતક્ષેત્રમાં આપના જેવા અન્ય તીર્થંકરો થશે કે કેમ?"

ભગવંત બોલ્યા : "હે ભરત! થશે."

એટલે ભરત મહારાજે પૂછ્યું : "તે કેવા પ્રકારના થશે?"

એટલે પ્રભુએ, બળ, બુદ્ધિ અને આચારો જેના સમાન હોય છે—એવા શ્રી અજિતનાથથી માંડીને શ્રી મહાવીરસ્વામી પર્યંતના ત્રેવીસ તીર્થંકરોના નામ, ઉપરાંત અન્યોન્ય કાળનું અંતર, વર્ણ, દેહપ્રમાણ, આયુષ્ય, ગોત્ર, માતા, પિતા, જન્મભૂમિ, કુમારકાળ, રાજ્ય, સર્વ દીક્ષાપર્યાય અને સિદ્ધિગતિ પર્યંતની સંપૂર્ણ માહિતી કહી સંભળાવી.

ભરત-મહારાજાએ પુન: પ્રશ્ન કર્યો :

"હે પ્રભુ! મારા જેવા ચક્રવર્તી કેટલા થશે?"

સ્વામી બોલ્યા : "તારા જેવા ચક્રવર્તી સગર આદિ ૧૧ થશે ઉપરાંત નવ વાસુદેવ અને નવ બળદેવના જોડલાં થશે."

પર્ષદામાં બેઠેલા તપસ્વી મુનિરાજો અને શ્રાવકોને જોઈ ભરત મહારાજાએ ફરી પ્રશ્ન પૂછ્યો :

"હે પ્રભુ! આ પર્ષદામાં બેઠેલા જીવોમાંથી આ ચોવીસીમાં કોઈ જીવ તીર્થંકર, ચક્રવર્તી કે વાસુદેવ થશે?"

એટલે ભગવંતે એકાંતમાં બેઠેલા કુલિંગયુક્ત મરીચિને દેખાડતાં કહ્યું :

"આ મરીચિ ચોવીસમા તીર્થંકર થશે, ભરતક્ષેત્રમાં ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશે અને મહાવિદેહ ક્ષેત્રમાં મૂકા નગરીમાં પ્રિયમિત્ર નામે ચક્રવર્તી થશે."

આ જવાબ સાંભળતાં જ ભરત મહારાજાને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો. પ્રભુને વંદન કરીને ઉઠયા, પછી ત્યાં બેઠેલા અન્ય મુનિરાજોને વંદન કરીને એઓ પોતાનો પુત્ર મરીચિ બેઠો હતો, ત્યાં પહોંચ્યા.

પરમ આનંદપૂર્વક ભક્તિભાવે મસ્તક નમાવી, મરીચિને વંદન કરીને પ્રભુએ કહેલ વચનો કહ્યાં :

" હે વત્સ ! તમે પરમ ભાગ્યવાન છો, કારણ કે ભગવંતે તમારી શ્રેષ્ઠતા બતાવતાં કહ્યું છે કે– " તમે ભરતક્ષેત્રના ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાના પુત્ર થઈ છેલ્લા તીર્થંકર થશો. પોતનપુર નગરમાં ત્રિપૃષ્ઠ નામે પ્રથમ વાસુદેવ થશો, મહાવિદેહમાં મૂકા–નગરીમાં પ્રથમ ચક્રવર્તી થશો. હું તમારા આ પરિવ્રાજકપણાને નમતો નથી; પણ તમે ચરમ તીર્થપતિ થશો, તેથી તમને હું વંદન કરું છું."

પિતા–ભરતના મુખેથી પ્રભુનાં વચનો સાંભળી મરીચિ હર્ષના અતિરેકમાં આવી ગયો અને વિવેક ભૂલી ગયો. અભિમાનથી ત્રિદંડને પછાડતાં–પછાડતાં પાસે બેઠેલા મુનિઓ તથા શ્રોતાઓ સમક્ષ ગર્વપૂર્વક મોટા અવાજે બોલવા લાગ્યો :

" અહો ! અહો ! હું આ ભરતક્ષેત્રમાં પ્રથમ વાસુદેવ થઈશ. મહાવિદેહમાં પ્રથમ ચક્રવર્તી થઈશ. ઉપરાંત ભરતક્ષેત્રમાં ચરમ–તીર્થંકર પણ થઈશ. એટલે આ ત્રિભુવનમાં તો મારા જેવો પુણ્યવાન અન્ય કોઈ નથી. આ ઉપરાંત તીર્થંકરોમાં મારા પિતામહ પ્રથમ છે. ચક્રવર્તીઓમાં મારા પિતા પ્રથમ છે. વાસુદેવોમાં હું પ્રથમ થવાનો છું. અહો ! અહો ! મારું કુળ ખરેખર કેવું ઉત્તમ છે ! "

આ પ્રમાણે પોતાના કુળની ઉત્કૃષ્ટતાનું અભિમાન–મદ કરવાના પરિણામે મરીચિને નીચગોત્ર–કર્મનો **નિકાચિત બંધ પડયો.**

શ્રી આદિનાથ ભગવાનના નિર્વાણ બાદ પરિવ્રાજક મરીચિ અપ્રતિબદ્ધપણે વિચરવા લાગ્યો અને ધર્મદેશના દેવા લાગ્યો. જે કોઈ

પ્રતિબોધ પામે અને દીક્ષા લેવા તૈયાર થાય તેને તો પ્રભુના સાધુએ પાસે જ સંયમ ગ્રહણ કરવા મોકલવા લાગ્યો.

એકદા મરીચિના શરીરમાં મહાપીડા ઉત્પન્ન થઈ. એથી એ આહાર-પાણી લાવવા પણ અશક્ત બની ગયો. બોલવા ચાલવાની શક્તિ પણ હવે ન રહી.

મરીચિ અસંયમી હોવાથી પોતાના જ પ્રતિબોધેલા તથા પાસે રહેલા અનેક સાધુએ પણ તેની આહારપાણી,ઔષધ આદિ વડે વૈયાવચ્ચ કરતા નહીં, તેમજ બોલાવતા પણ નહીં. તેથી મરીચિ હતાશ બની ચિંતવવા લાગ્યો : અહો ! આ સાધુએ મારા પ્રત્યે ધ્યાન દેતા નથી. એક જ ગુરુના હાથે દીક્ષિત છતાં મારા પ્રત્યે મમતા નથી ધરાવતા ! થોડી પળો બાદ બીજો વિચાર આવ્યો : "અરે ! પણ મારો વિચાર જ યોગ્ય નથી, કારણ કે તેઓ તો પોતાના શરીર પ્રત્યે પણ મમતા ધરાવતા નથી, તો મારા જેવા અસંયમી પ્રત્યે મમતા શા માટે રાખે ?"

હવે મરીચિએ સંકલ્પ કર્યો : "મારો રોગ મટે અને જો કોઈ પ્રવજ્યા ગ્રહણ કરવા તૈયાર થાય તો તેને હું દીક્ષા આપી મારો શિષ્ય બનાવું; કારણ કે હવે એકલા રહેવાથી આવી આપદાઓ મારાથી સહન થઈ શકતી નથી."

ભવિતવ્યતાના યોગે મરીચિનો રોગ શાંત થયો. શરીરમાં બળ આવ્યું અને હવે તે અન્ય સ્થળોએ વિચરવા લાગ્યો.

એકદા કપિલ નામે એક રાજપુત્ર મરીચિ પાસે ધર્મદેશના સાંભળવા આવ્યો. એને ઉત્કૃષ્ટ ફળ આપનાર વિશુદ્ધ સાધુધર્મ કહી સંભળાવ્યો. બ્રાહ્યવેશ તથા ઉપદેશ પરસ્પર વિરુદ્ધ દેખી કપિલને શંકા થતાં એણે મરીચિને પૂછયું :

"તમે બાહ્યવેશથી વિલક્ષણ દેખાવ છો અને તમારું કથન તો વળી તદ્દન જુદા જ પ્રકારનું છે. તો એમાં મારે સાચું શું સમજવું ?"

મરીચિએ જવાબ આપ્યો :

"હે ભદ્ર! મેં તને જે સાધુધર્મ સંભળાવ્યો, એ જ સાચો સાધુધર્મ છે, પણ તેને પાળવાની મારી શકિતના અભાવે મારાથી પાળી શકાય તેવા ત્રિદંડીપણાનો મેં સ્વીકાર કર્યો છે. તમે જરાપણ શંકા લાવ્યા વગર પ્રભુનો શ્રમણધર્મ સ્વીકાર કરો."

હજીપણ મરીચિને હૈયે સમ્યકૃત્વનો દીપક પ્રકાશતો હતો, એટલે કપિલને આ પ્રમાણે જવાબ આપ્યો.

કપિલે મરીચિને ફરી પૂછ્યું :

"હે ભગવન્! શું તમારા માર્ગમાં ધર્મ નથી?"

આ સાંભળીને મરીચિ ચિંતવવા લાગ્યો કે કપિલને યતિધર્મ પ્રત્યે આદર નથી જણાતો, મારા ધર્મ પ્રત્યે આદરભાવ જણાય છે. મારે પણ ગ્રામાંતર જવામાં છત્ર, કમંડળ, આદિ ઉપકરણો ઉપાડવામાં તથા શરીરે ગ્લાનિ થતાં એકાદ સેવક સહાયકની જરુર પડે છે; માટે જ હું એને પરિવ્રાજકની – દીક્ષા આપું!

સમ્યકૃત્વનો દીપક હવે બુઝાઈ જવાની સ્થિતિ ઉપર આવી ગયો હતો, એટલે મરીચિએ કપિલને ઉત્સૂત્ર-પ્રરૂપણા કરીને મિથ્યાવચનયુકત પ્રત્યુત્તર આપ્યો :

"હે ભદ્ર! શ્રમણમાર્ગમાં ધર્મ છે અને અહીં પણ ધર્મ છે."

પ્રબળ મિથ્યાત્વના ઉદયના કારણે કપિલ શ્રમણધર્મ સ્વીકારવા તૈયાર ન થયો અને મરીચિ પાસે પરિવ્રાજક દીક્ષા લેવા ઉત્સુક બન્યો.

અપથ્ય ભોજનથી જેમ વેદનાજનક રોગ ઉત્પન્ન થાય છે, તેમ ઉત્સૂત્ર પ્રરૂપણા એટલે શ્રી જિનાગમ, જિનવચનરુપ સિદ્ધાંતથી વિપરિત પ્રરૂપણા કરવાથી મિથ્યાત્વરૂપી ભયંકર પાપ ઉપાર્જન કરી, મરીચિએ એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ પોતાનો સંસારકાળ વધારી મૂકયો.

મરીચિએ કપિલને પોતાની પરિવ્રાજક દીક્ષા આપી અને કેટલાંક બાહ્ય કષ્ટાનુષ્ઠાન પણ શીખવાડયાં. મરીચિને પોતાના પરમ ઉપકારી સ્વામી સમાન સમજી તેમની ઉપાસના કરતો કપિલ પોતાના ગુરુ સાથે ભમવા લાગ્યો.

આ રીતે કાળ નિર્ગમન કરતાં કરતાં મરીચિ ચોરાસી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી, પોતાના દુષ્કર્મને આલોચ્યા અને પ્રતિક્રમ્યા વિના મરીને બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.


કપિલ હવે એકાકીપણે ગામેગામ ભમતો હતો. વિલક્ષણ વેશના કારણે કૌતુકવૃત્તિથી શરુઆતમાં તો ઘણા લોકો "ધર્મ" સાંભળવા એની પાસે આવવા લાગ્યા. પણ એ મરીચિની જેમ શાસ્ત્રના પરમાર્થને જાણતો ન હતો. ઉપરાંત યથાર્થ ધર્મદેશના આપવાની એનામાં આવડત પણ ન હતી. એટલે પોતાની અજ્ઞાનતાનું પ્રદર્શન કરવા કરતાં "મૌન એ જ સર્વાર્થનું ઉત્તમ સાધન છે" એમ સમજી "મૌનવ્રત" ધારણ કરી તે સમય પસાર કરવા લાગ્યો.


કપિલે પણ અનેક જણાને 'દીક્ષા' આપી મોટો શિષ્ય સમુદાય તૈયાર કર્યો. એક મિથ્યાત્વીમાંથી હવે અનેક મિથ્યાત્વીઓ તૈયાર થયા: એમાં **આસુરી** નામે રાજપુત્ર કપિલનો મુખ્ય શિષ્ય બન્યો હતો.

ચિરકાળ બાલતપ આચરી કપિલ મરણ પામીને બ્રહ્મદેવલોકમાં દેવ થયો. અત્યંત આશ્ચર્ય પામીને કપિલ ચિંતવવા લાગ્યો :

"અહો ! આવી અદ્દ્‌ભુત દેવલક્ષ્મી મેં પહેલાં કદી સાંભળેલ નથી અને જોયેલ પણ નથી. તે મને કેવી રીતે મળી ? હું માનું છું કે મેં દુષ્કર તપ આચરેલ હશે ? ઉત્તમ શીલ પાળ્યું હશે ? અથવા દાન આપ્યું હશે ?" આ પ્રમાણે વિવિધ સંશયો મનમાં ઉત્પન્ન થયા. ક્ષણવાર પછી હકીકત જાણવા એણે વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂકીને પોતાનો પૂર્વભવ જોયો. પરિવ્રાજક દીક્ષા પામેલ પોતાના નિષ્પ્રાણ દેહને પૃથ્વી ઉપર જોયો. પોતાના મતનો વધુ ને વધુ પ્રચાર કરવાની સ્વાર્થબુદ્ધિના કારણે તે દેવલોકમાંથી નીચે ઊતરી આકાશમાં અદૃશ્યપણે રહી પોતાના મુખ્ય શિષ્ય આસુરી વગેરેને એણે ત્રિદંડીનો સાંખ્યમત જણાવ્યો અને આ રીતે તેના આમ્નાયથી આ પૃથ્વી ઉપર **સાંખ્યદર્શન** પ્રવર્ત્યું.

❋


ભવ
૪
૫
૫ મા બ્રહ્મદેવલોકમાં દસસાગરોપમના આયુષ્યવાળા દેવ થયા



કોલ્લાક સંનિવેશે કૌશિક બ્રાહ્મણ સંસાર સુખ ભોગવી પ્રાન્તે ત્રિદંડી તાપસ. સાથ ૮૦ લાખ પૂર્વનું.

## ચોથો ભવ — બ્રહ્મ–દેવલોક — ચિત્રપટ–૫

મરીચિનો જીવ બ્રહ્મ–લોકમાં દશ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો અને દેવલોકનાં સુખો ભોગવવા લાગ્યો.

❋

## પાંચમો ભવ — કૌશિક–બ્રાહ્મણ — ચિત્રપટ–૬

બ્રહ્મદેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં મરીચિનો જીવ ત્યાંથી ચ્યવીને **કોલ્લાગ** ગામમાં **કૌશિક** નામે બ્રાહ્મણ થયો. પૂર્વ જન્મના વિરાધક-ભાવના કારણે તે વિષયાસકત, ધનલોલુપ બની, મિથ્યાત્વમય જીવન જીવી, છેલ્લે ત્રિદંડીવ્રત ધારણ કરી, ૮૦ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મરણ પામ્યો.


આ બ્રાહ્મણભવ પછી તેણે કર્મના પ્રભાવે તિર્યંચ ગતિમાં ક્ષુદ્ર ભવો કર્યા. આ ક્ષુદ્ર ભવોની ગણતરી કરવામાં આવી નથી.

| છઠ્ઠો ભવ | પુષ્પમિત્ર બ્રાહ્મણ | ચિત્રપટ-૭ |
|---|---|---|


કૌશિક બ્રાહ્મણના જીવનો હવે સ્થુણાક ગામમાં પુષ્પમિત્ર નામે બ્રાહ્મણપુત્ર તરીકે જન્મ થયો. કામભોગથી કંટાળો પામતાં, ધર્મબુદ્ધિથી પરિવ્રાજક દીક્ષા લઈ, વિવિધ પ્રકારનું અજ્ઞાન તપ આચરી, ૭૨ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મરણ પામ્યો.


| સાતમો ભવ | પહેલો સૌધર્મ-દેવલોક | ચિત્રપટ-૮ |
|---|---|---|

પુષ્પમિત્રનો જીવ પહેલા સૌધર્મ દેવલોકમાં મધ્યમ સ્થિતિવાળા દેવપણે ઉત્પન્ન થયો અને દેવલોકના સુખો ભોગવવા લાગ્યો.




સ્થૂણાનગરીમાં પુષ્પમિત્ર બ્રાહ્મણ તાપસભવની તપ જપ-ધ્યાન કરે છે • આયુ ૭૨લાખ પૂર્વનું.


ભવ-૭
૮
સૌધર્મ દેવલોકમાં મધ્યસ્થિતિવાળા દેવ થયા.




ચૈત્યસંનિવેશે અગ્નિદ્યોત વિપ્ર પ્રાંતે તાપસ • આયુ ૬૪ લાખ પૂર્વનું• ઇશાનદેવલોકમાં દેવ.

| | | |
|---|---|---|
| આઠમો ભવ | **અગ્નિદ્યોત બ્રાહ્મણ** | ચિત્રપટ-૯ |

દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને પુષ્પમિત્રનો જીવ **ચૈત્યસંનિવેશમાં અગ્નિદ્યોત** નામે બ્રાહ્મણ થયો. છેલ્લે પરિવ્રાજક દીક્ષા લઈ ચોસઠ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી તે મરણ પામ્યો.

| | | |
|---|---|---|
| નવમો ભવ | **બીજો ઇશાન-દેવલોક** | ચિત્રપટ-૯ |


અગ્નિદ્યોતનો જીવ બીજા ઈશાન દેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવતા થયો.

| દશમો ભવ | અગ્નિભૂતિ બ્રાહ્મણ | ચિત્રપટ-૧૦ |
|---|---|---|


અગ્નિદ્યોતનો જીવ દેવલોકમાંથી ચ્યવીને **મંદર** નામના ગામમાં સોમિલ બ્રાહ્મણની સ્ત્રી શિવભદ્રાના પુત્ર **અગ્નિભૂતિ** નામે ઉત્પન્ન થયો. ધર્મકથાના વ્યાખ્યાનોમાં વિચક્ષણ એવા સુરસેન નામે એક પરિવ્રાજકનો પરિચય થતાં અગ્નિભૂતિએ એની પાસે પરિવ્રાજક દીક્ષા અંગીકાર કરી. ૫૬ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી તે મરણ પામ્યો.

| અગિયારમો ભવ | ત્રીજે સનત્કુમાર —દેવલોક | ચિત્રપટ-૧૦ |
|---|---|---|

અગ્નિભૂતિનો જીવ મરીને ત્રીજા સનત્કુમાર દેવલોકમાં દેવતા તરીકે ઉત્પન્ન થયો.




મંદર સંનિવેશે અગ્નિભૂતિ બ્રાહ્મણ અંતે તાપસ, આયુ ૫૬ લાખ પૂર્વનું. સનત્કુમારમાં દેવ.




શ્વેતાંબીમાં ભારદ્વાજ બ્રાહ્મણ તાપસ બની તપ કરે છે ▫ આયુ-૪૪ લાખ પૂર્વ ▫ માહેન્દ્રદેવલોકે દેવ.

## બારમો ભવ — ભારદ્વાજ બ્રાહ્મણ — ચિત્રપટ-૧૧

અગ્નિમૂતિનો જીવ દેવલોકમાંથી ચ્યવીને **શ્વેતાંબિકા** નામે નગરીમાં **ભારદ્વાજ** નામે બ્રાહ્મણ તરીકે જન્મ પામ્યો. અહીં પણ સ્વકર્મજન્ય સુખદુઃખ ભોગવી, વૃદ્ધાવસ્થામાં પરિવ્રાજક દીક્ષા લીધી. તીવ્ર અજ્ઞાન તપ કરી ૪૪ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી મરણ પામ્યો.

## તેરમો ભવ — ચોથો માહેન્દ્ર-દેવલોક — ચિત્રપટ-૧૧


ભારદ્વાજનો જીવ મરણ પામી માહેન્દ્ર દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી અનેક નાના ક્ષુદ્ર ભવો કર્યા.

## ચૌદમો ભવ | થાવર બ્રાહ્મણ | ચિત્રપટ-૧૨

ત્યારપછી તે **રાજગૃહ** નગરમાં કપિલ નામે બ્રાહ્મણની કાંતિમતી ભાર્યાની કૂખે **થાવર** નામે પુત્રપણે જન્મ્યો. છેવટે ત્રિદંડી દીક્ષા લીધી. અજ્ઞાનતપ અને અનુષ્ઠાનો કરીને ૩૪ લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી તે મરણ પામ્યો.


## પંદરમો ભવ | પાંચમો બ્રહ્મ દેવલોક | ચિત્રપટ-૧૨

થાવરનો જીવ મરણ પામી બ્રહ્મદેવલોકમાં મધ્યમ આયુષ્યવાળો દેવ થયો.




રાજગૃહીમાં ૩૪ લાખ પૂર્વના આયુષ્યવાળા સ્થાવર બ્રાહ્મણ અંતે તાપસ થયા. ત્યાંથી ૫ મા બ્રહ્મલોકમાં મધ્યસ્થિતિવાળા દેવ થયા

વિશ્વભૂતિ યુવરાજની ઉદ્યાન ક્રિડા. રાણીએ ઈર્ષાથી સ્વપુત્ર વિશાખાનંદીમાટે યુદ્ધના બહાને બહાર કઢાવ્યા. વિશ્વભૂતિ માયા જાણી રોષે ભરાયા



| સોળમો ભવ | વિશ્વભૂતિ રાજકુમાર<br>વિશ્વભૂતિ મુનિવર | ચિત્રપટ<br>૧૩/૧૪ |
|---|---|---|

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં મુગટ સમાન **રાજગૃહ** નગરના રાજા **વિશ્વનંદી**ની પટ્ટરાણી **મદનલેખા** હતી. એમને **વિશાખાનંદી** નામે રાજકુમાર હતો અને **વિશાખાભૂતિ** નામે નાનો ભાઈ હતો. તેની રાણી **ધારિણી** હતી.

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી થાવરનો જીવ ધારિણી રાણીની કૂખે **વિશ્વભૂતિ** નામે પુત્રપણે અવતર્યો. તરુણ અવસ્થા પ્રાપ્ત થતાં એણે રાજકળાઓમાં કુશળતા પ્રાપ્ત કરી. પિતાએ ૩૨ રાજકન્યાઓ પરણાવી. અનેક પ્રકારના ભોગવિલાસ ભોગવતાં ભોગવતાં તે કાલનિર્ગમન કરવા લાગ્યો.

એકદા વસંતઋતુનો આનંદ મહોત્સવ માણવા વિશ્વભૂતિ રાજકુમાર પોતાની ૩૨ રાણીઓ સાથે **પુષ્પકરંડક** નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં જળક્રીડા, નાટક, નૃત્ય, વીણવાદન અને સંગીતમાં લીન બનીને ઘણા દિવસો આનંદથી પસાર કરવા લાગ્યો.

એક દિવસ વિશ્વનંદી મહારાજાની પટ્ટરાણીની દાસીઓ પુષ્પ, ફળ આદિ લેવા આ પુષ્પકરંડક ઉદ્યાનમાં આવી. વિશ્વભૂતિ કુમારને શૃંગારરસનો આસ્વાદ લેતો અને વિલાસક્રીડા કરતો જોયો. દાસીઓનું મન ગાઢ ઇર્ષ્યારૂપી શલ્યથી ભેદાઈ ગયું. તુરત તેઓ પાછી વળી. પટ્ટરાણી મદનલેખાને વિશ્વભૂતિ કુમારની ઉદ્યાનક્રીડાનો વૃત્તાંત કહી સંભળાવ્યો. ક્ષણવાર દીર્ઘ નિસાસા નાખી પુનઃ તેઓ કહેવા લાગી :

"હે દેવી ! જો તમારો પુત્ર વિશાખાનંદી પુષ્પકરંડક ઉદ્યાનમાં આવી વિલાસક્રીડાનો આનંદ માણી ન શકે, તો તમારૂં જીવિત તથા આ બધો રાજવૈભવ વૃથા છે!"

અવિચારીપણું, અલ્પમતિ તથા દીર્ઘદૃષ્ટિનો અભાવ વગેરે સ્ત્રીસહજ દુર્ગુણોના કારણે દાસીના વચનો સાંભળતાંજ પટ્ટરાણીના મનમાં મહાકોપ ઉત્પન્ન થયો. રાણીએ હવે ભોજનનો તથા શરીર-શૃંગારનો ત્યાગ કર્યો. પોતાની સખીઓને વિસર્જન કરી દીધી. થોડીક દાસીઓને લઈ તેણે **કોપગૃહમાં** પ્રવેશ કર્યો.

વિશ્વનંદી મહારાજા રાજમહેલમાં જ્યારે આવ્યા ત્યારે પોતાની રાણી નજરે ન પડતાં કંચૂકીને પૂછ્યું : "રાણી ક્યાં છે?"

સેવકોએ કહ્યું : "હે દેવ! કંઇક કારણને લીધે મહારાણી ઉદાસ-વદને કોપગૃહમાં ગયા છે."

રાણીના મહાકોપની હકીકત સાંભળતાં જ રાજા કોપગૃહમાં ગયા. ઊંડા ઊંડા નિઃશ્વાસો નાખતી અને ક્રોધાગ્નિ વડે સળગતી રાણી જોવામાં આવી. તેની પાસે બેસી ક્રોધનું કારણ પૂછ્યું :

"હે દેવી ! તારી આવી અવસ્થા કેમ ? શું કારણ છે ? મારો તારા પ્રત્યે લેશમાત્ર પણ અન્યાય થયો હોય, કોઈ તરફથી અપમાન થયું હોય કે રત્નઅલંકારની કંઈ ખામી હોય તો મને તુરત કહે. નિરર્થક આવો મહાક્રોધ શા માટે ?"

ત્યારે રાણીએ જવાબ આપ્યો :

"અહીં એવી કોઈપણ પ્રકારની ન્યૂનતા નથી. આપણા વિશાખાનંદી કુમારના વિલાસ અર્થે પુષ્પકરંડક ઉદ્યાનની પરિભોગ માટે જરૂર છે."

રાજાએ મદનલેખાને મનાવતાં કહ્યું :

"હે દેવી ! આપણી કુળમર્યાદાનો જરા વિચાર કરો! ઉદ્યાનમાં એક રાજકુમાર ક્રીડા કરતો હોય ત્યારે બીજો ત્યાં ક્રીડા માટે પ્રવેશ કરે તે યોગ્ય નથી. પૂર્વથી ચાલી આવતી આપણી આ કુળમર્યાદાનો

ભંગ કરવો અયોગ્ય છે. આ અશુભ વિચાર તજી દઈ અન્ય કંઈ માંગણી કરો !"

"હે મહાશય ! જો તમારી કૃપાથી મારા પુત્રને પુષ્પકરંડક ઉદ્યાનમાં ક્રીડા કરતો હું ન જોઉં, તો મારું જીવન નિષ્ફળ જ સમજું છું. મારો આ મનોરથ પૂર્ણ ન થઈ શકે તો મને અન્ય કોઈપણ વસ્તુ જોઈતી નથી. ભોજન અને આ જીવનની પણ હવે મને જરૂર નથી." રાણીએ સ્પષ્ટતાથી અને મક્કમતાથી પોતાની માંગણી રાજા આગળ રજૂ કરી દીધી.

"હે સુંદરી ! તું સંતાપ ન કર. તારા કર્તવ્યને સંભાળ. બીજું તો દૂર રહો, પણ આ મારું જીવિત પણ તારે આધીન છે."

રાજાએ દુઃખાતુર મનવડે રાણીને અનેક રીતે સમજાવતાં પ્રાર્થના કરી, પણ રાણીએ તો પોતાની પકડેલ હઠ છોડી નહિ.

હવે રાજા મુંઝાયા. તેઓ રાજસભામાં ગયા અને મંત્રીઓને તેડાવી, રાણીના કોપનો બધો વૃત્તાંત કહ્યો. પોતાની કુળમર્યાદા પણ કહી. માર્ગદર્શન માટે સલાહ પૂછી, ત્યારે મંત્રીઓ બોલ્યા :

"હે દેવ ! તમે શાંત થાવ. અમે પોતે રાણી પાસે જઈ રૂબરૂ સમજાવીશું. અમને આજ્ઞા આપો."

આજ્ઞા લઈ મંત્રીઓ રાણી પાસે ગયા. અનેક રીતે સમજાવવા પ્રયત્ન કર્યો, છતાં કોઈ પણ રીતે રાણીના મનનું સમાધાન કરી શક્યા નહિ. મંત્રીઓ પાછા રાજા પાસે આવી કહેવા લાગ્યા :

"હે દેવ ! ખરેખર રાણીનો કોપ બહુ જ ઉગ્ર છે. એણે તો મરણનું શરણ સ્વીકાર્યું છે. માટે ગમે તે રીતે એમને મનાવવા જ યોગ્ય છે."

એક બાજુ કુળમર્યાદાનો લોપ અને બીજી બાજુ પ્રિયતમાના દુરાગ્રહ સાથે મરણની ધમકી : સ્ત્રીના મોહને આધીન બનેલ રાજા કર્તવ્યમૂઢ બની ગયો. લાચારીથી મંત્રીઓને વિનંતી કરી :

"હે સુજ્ઞ મંત્રીઓ! હવે તો તમો કોઈ એવો વિશુદ્ધ-ઉપાય શોધી કાઢો, જેથી રાણી જીવતી રહે, સ્વકુળની મર્યાદા સચવાય અને હું પણ અપયશથી બચી જાઉં."

રાજાની આજ્ઞા સાંભળીને મંત્રીઓએ પોતાની નિપુણ બુદ્ધિ વડે કાર્યતત્ત્વનો બરોબર નિશ્ચય કરી પોતાનું નિવેદન રજૂ કર્યું :

"હે દેવ! નજીકનો રાજા ઉચ્છૃંખલ થઈને દેશને ઉપદ્રવ પમાડે છે." એવા અર્થવાળો બનાવટી લેખ રાજ્યસભામાં તમને દૂત અર્પણ કરે. એ વાંચ્યા પછી આપે પ્રયાણ કરવાની અમને આજ્ઞા આપવી. આનાથી સામંત વર્ગ ક્ષોભ પામશે. અને આ વૃત્તાંતની જાણ થતાં જ કુમાર વિશ્વભૂતિ પુષ્પકરંડક ઉદ્યાન મૂકીને આવતો રહેશે. પછી વિશાખાનંદી કુમાર ઉદ્યાનક્રીડા કરવા ત્યાં પ્રવેશ કરી શકશે."

રાજાને આ યોજના પસંદ પડી. એટલે મંત્રીઓએ રાણીને આ યોજનાનું સ્વરૂપ સમજાવ્યું. હવે રાણીએ હર્ષ પામીને ભોજન કર્યું અને ક્રોધનો ત્યાગ કર્યો.

બીજા દિવસે રાજ્યસભામાં બનાવટી લેખ રજૂ કરવામાં આવ્યો. રાજાએ આ કપટ લેખ વાંચી બનાવટી ક્રોધ પ્રગટ કરતાં આજ્ઞા ફરમાવી :

"અરે! સેવકજનો! સંગ્રામમાં સજ્જ થવાની ભેરી વગાડો, હાથીઓ સજ્જ કરો, આયુધો ધારણ કરો, મારો **જય હસ્તિ** મને સુપ્રત કરો, જેથી હું પ્રયાણ કરું."

રાજઆજ્ઞા સાંભળતાં જ બધે દોડાદોડ થઈ ગઈ. સામંતો ક્ષોભ પામ્યા. સુભટો તૈયાર થઈ ગયા. બધા સેનાપતિઓ એકઠા થયા. રાજાએ પ્રયાણ કર્યું. આખુંય ભૂમંડળ આકુળવ્યાકુળ થઈ ગયું.

વિશ્વભૂતિ કુમારને આની જાણ થતાં જ તે ઉદ્યાનમાંથી બહાર નીકળ્યો. રાજા પાસે આવી, તેમના પગે પડીને હકીકત પૂછી. રાજાએ જવાબ આપ્યો :

"હે વત્સ! પાસેના સીમાડા પર પુરુષસિંહ નામે માંડલિક રાજા ઉદ્ધત બની ગ્રામ્યજનોને સતાવે છે. મંડલનું અતિક્રમણ કરે છે. જેથી હે પુત્ર! મારે જાતે જ જઈ એને યોગ્ય શિક્ષા કરવી જોઈએ."

સરળ સ્વભાવી વિશ્વભૂતિ કુમારે ક્રોધના આવેશથી પોતાના હોઠ દબાવી, પ્રણામપૂર્વક વિનંતિ કરતાં રાજાને કહ્યું :

"હે તાત! આપ આ સાહસથી વિરામ પામો. મને આદેશ આપો. આપના પ્રસન્નપૂર્ણ આશીર્વાદથી હું જ એને સહેલાઈથી તાબે કરી શકીશ."

યોજના સફળ થઈ. વિશ્વભૂતિએ પ્રણામપૂર્વક આજ્ઞા સ્વીકારી. ચતુરંગી સેના સાથે પ્રયાણ આદર્યું. રસ્તામાં આવતા નગરજનોને કુશળ સમાચાર પૂછતો પૂછતો એ આગળ ચાલ્યો.

પોતાના પ્રજાજનોને આનંદ અને સંતોષપૂર્વક ધન, ધાન્ય તથા પશુધનથી સમૃદ્ધ અને સુખી જીવન જીવતા જોઈને કુમારને પરમ સંતોષ થયો. પુરુષસિંહ રાજા સંબંધે તેને કહેવામાં આવેલ હકીકતમાં વિશ્વભૂતિને કંઈક શંકા જણાઈ.

રાજ્યના સીમાડે પહોંચી પડાવ નાખ્યો. પોતાના દૂત મારફત પુરુષસિંહ રાજાને પોતાના આગમનના સમાચાર આપ્યા.

રાજાએ પોતાના પુરુષો દ્વારા કુમારનો આદરપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો. ભોજન બાદ હાથી, ઘોડા, રથ તેમજ ધનનું ભેટણું આપતાં લલાટ પર અંજલિ જોડી વિનંતિપૂર્વક કહ્યું :

"હે કુમાર! આપે આપના ચરણકમળથી મારું ભવન પવિત્ર કર્યું છે. આપ કૃપા કરી અહીંજ થોડા દહાડા રહીને આપના દર્શનનો લાભ મને આપો."

પુરુષસિંહ રાજાના વિનય, આદરસત્કાર, સજ્જનતા, શિષ્ટાચાર આદિ સદ્ગુણોથી વિશ્વભૂતિકુમાર અત્યંત પ્રસન્ન થયો. રાજાની વિનંતિનો સ્વીકાર કર્યા વિના તે જલ્દી રાજગૃહ તરફ પાછો ફર્યો.

નગરમાં પહોંચતાં જ સામંત, સેનાપતિ વગેરેને પોતપોતાના સ્થાને જવાની આજ્ઞા કરીને, ગાઢ અનુરાગના કારણે પુષ્પકરંડક ઉદ્યાનમાં પ્રવેશ કરવા લાગ્યો :

દ્વારપાળે જણાવ્યું : "હે કુમાર ! તમારે અહીં પ્રવેશ કરવો ઉચિત નથી, કારણકે વિશાખાનંદી પોતાના અંતઃપુર સાથે અહીં વિલાસ-ક્રીડા કરે છે."

"હે ભદ્ર ! તે ક્યારે આવીને અહીં પેઠો છે ?" વિશ્વભૂતિએ પૂછ્યું.

"તમારા ગયા પછી તરત જ તે અહીં આવેલ છે." દ્વારપાળે જણાવ્યું.

વિશ્વભૂતિકુમાર તરત જ સત્ય પરિસ્થિતિ પામી ગયો. આ રીતે પ્રપંચ રચીને વિશ્વાસઘાત કરાયો, એથી એના હૃદયને ઊંડો આઘાત લાગ્યો. ક્રોધ-કષાયના આવેગથી આંખો લાલ બની ગઈ. વિશાખા-નંદીના પુરુષોનો તિરસ્કાર કરતાં જણાવ્યું :

"અરે, દુર્મતિઓ ! મેં ત્યાગ ન કર્યો છતાં તમે આ ઉદ્યાનમાં શા માટે પેઠા ? તમારી તાકાત શી છે ? મારું પરાક્રમ જાણ્યા વિના તમે અહીં સ્વછંદપણે શા માટે રમો છો ? મારા હાથે પરાભવ પામતા તમારું રક્ષણ કોણ કરશે ?"

પછી પોતાનું બળ દેખાડવા પાસે રહેલ કપિત્થ વૃક્ષ (કોઠાના ઝાડ)ને મજબૂત મુષ્ટિપ્રહારથી તાડન કર્યું. જોરદાર અભિઘાતથી ફળો નીચે પડી ગયાં. તે ફળો વિશાખાનંદીના પુરુષોને ગર્વસહિત દેખાડતાં કુમારે કહ્યું :

"અરે, પુરુષાધમો ! જેમ આ ફળો પાડ્યાં, તેમ તમારાં માથાં ધડથી હું છૂટા પાડી નાખીશ. ઉદ્યાનક્રીડા કરવાના તમારા કુતૂહલનો હું નાશ કરીશ. મારા પ્રત્યે કરેલ અવિનય અને માયારમતનું ફળ દેખાડી દઈશ ! ક્રોધ તો ઘણો ચડ્યો છે ! પરંતુ શું કરું !! આમ

કરવામાં મને તાતની લજ્જા અને પિતાજીનો વિનય નડે છે, કુળકલંકનો ભય લાગે છે. તથા લોકાપવાદ ટાળવાનો કોઈ ઉપાય નથી."

તીવ્ર કોપનો વેગ શાંત પડતાં, વિશ્વભૂતિના હૃદયમાં મહાસંવેગનો રંગ પ્રગટ થયો. અને તે વિચારવા લાગ્યો :

"વિષય અને કષાયને આધીન બનેલા લોકો કંઈ-કંઈ અનુચિત અને નિંદનીય પ્રવૃત્તિઓ નથી કરતા? યુવતીઓ સાથેના વિષયભોગનું સુખ ક્ષણિક આનંદ આપે છે, પરંતુ પરિણામે અતિ દુઃખદાયક નીવડે છે. હું આટલી સરળતા અને વડિલો પ્રત્યે વિનય રાખું છું, છતાં તેઓ મારી સાથે કપટ રમે છે? ખરેખર! સંસાર આખો આવા કૂડ-કપટથી જ ભરેલો છે. આવા સંસારમાં રહેવું અને દુર્ગતિના અધિકારી બનવું, એ મારા માટે જરાપણ ઉચિત નથી. અહો! દુષ્ટમતિ હું આટલો કાળ નિરર્થક ગૃહાવાસમાં શું કરવા બેસી રહ્યો? શોક કરવો નકામો છે. હાં, પરંતુ હજી કંઈ પણ બગડ્યું નથી. હું આત્મકલ્યાણનો માર્ગ તરત જ સ્વીકારી લઉં. એમાં જ મારું ડહાપણ છે."

આત્મામાં જાગેલ આવા મહામંથનના પરિણામે સંસારની અસારતા અને ભયંકર દુઃખદાયકતાનો સ્પષ્ટ ખ્યાલ આવી જતાં ચારિત્રગ્રહણનો નિર્ણય વિશ્વભૂતિએ તત્કાળ કરી લીધો. માતાપિતાની રજા લેવા ઘેર ન જતાં સીધે-સીધો તે પ્રદેશમાં વિચરતા આચાર્યશ્રી સંભૂતિ સૂરિજીની પાસે પહોંચ્યો, બહુમાનપૂર્વક વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠો :

"આ સંસારનાટકમાં જુદા જુદા વેશ લઈ ચારેય ગતિમાં ભટકી-ભટકીને આપણો જીવ વિવિધ પ્રકારનાં દારુણ દુઃખો ભોગવી રહ્યો છે. આર્યક્ષેત્રમાં જન્મ પામવો, મનુષ્યભવ પ્રાપ્ત કરી મનુષ્યત્વ પ્રાપ્ત કરવું, સુદેવ, સુગુરુ અને સુધર્મનો યોગ થવો, ઉપરાંત ચિંતામણિ રત્નથી પણ મૂલ્યવાન એવું **સમ્યગ્ રત્ન** પ્રાપ્ત કરવું અતિ દુષ્કર છે. પુણ્યરહિત જીવને તેની સહજપ્રાપ્તિ થતી નથી. આયુષ્ય ક્ષણભંગુર

છે. સંસારનાં સુખો અલ્પ આનંદ કરાવી અંતે તો દુઃખદાયક દુર્ગતિમાં જ રખડાવે છે. અક્ષય સુખના નિધાન સમાન મોક્ષની પ્રાપ્તિ માટે તો ચારિત્રજીવન એ જ એક માત્ર રાજમાર્ગ છે."

આવી કલ્યાણકારી જિનવાણીનું અમૃતપાન કરતાં-કરતાં વિશ્વભૂતિને અતિ ઉલ્લાસ થયો. એણે આચાર્યશ્રી સંભૂતિસૂરિજીને વિનંતિ કરતાં કહ્યું :

"હે ભગવન્! મને અત્યારે જ દીક્ષા આપો! હું આપનું શરણ સ્વીકારું છું!"

ગુરુદેવે વિધિપૂર્વક ચારિત્રનું દાન કર્યું.

વિશ્વનંદી-રાજાએ જ્યારે આ સમાચાર સાંભળ્યા ત્યારે એણે ઊંડો આઘાત અનુભવ્યો. પછી અંતઃપુર સાથે પૂજ્ય આચાર્યમહારાજ પાસે આવી વિનયપૂર્વક વંદન કર્યું. ત્યારબાદ વિશ્વભૂતિ-મુનિને વંદન કરીને કહ્યું :


"હે પુત્ર! અમને પૂછ્યા વિના આવું દુષ્કર સાધુવ્રત એકાએક સ્વીકારી લીધું એ શું યોગ્ય છે? તારા વગર અમારો આધાર કોણ? દીક્ષાનો ત્યાગ કરી રાજ્ય સ્વીકારી લે અને સ્વેચ્છાએ પુષ્પકરંડક ઉદ્યાનમાં વિલાસ કર. અમારા અપરાધની ક્ષમા આપ."

વિશ્વભૂતિમુનિ તો પોતાના નિર્ણયમાં મક્કમ જ હતા. પ્રત્યુત્તર આપતાં તેમણે કહ્યું :

"હે રાજન્! તમે નિરર્થક સંતાપ તજી દો. સ્વજનાદિકના મોહમાં મોહિત થઈ જે પ્રાણીઓ પાપ કરે છે, તે દુર્ગતિમાં જઈ કટુ વિપાક ભોગવે છે. આપત્તિમાં સ્વજનો લેશપણ આધારભૂત થતા નથી, ત્યારે એક જિનધર્મ જ આધારભૂત બને છે."

ગાઢ સંતાપ પામેલ વિશ્વનંદી રાજા મુનિને વંદન કરી સ્વસ્થાને ગયા.

વિશ્વભૂતિમુનિ પરમ કૃપાળુ ગુરુની નિશ્રામાં રહી, જ્ઞાનધ્યાનની આરાધના સાથે છઠ્ઠ, અઠ્ઠમ, માસખમણ સુધી ઉગ્ર તપસ્યા કરતાં કરતાં સંયમજીવન ઉજ્જવળ બનાવતાં રહ્યા :




વિશાખાનંદીને જોઈને કોઠાના ફળ તોડવા દ્વારા બદલો લેવાનું બળ જણાવ્યું. અસાર સંસાર જાણી દીક્ષા. ગાયે પાડયા. ભાઈએ હાંસી કરી

લાંબો વખત ગુરુકુળમાં રહી, સૂત્રાર્થ ધારણ કરી, વિશેષ યોગ્યતા પ્રાપ્ત થતાં, કાયાની વધુ કસોટી કરવા માટે શ્રી વીતરાગ પ્રભુની જેમ એકાકી વિહાર કરવાની આજ્ઞા ગુરુદેવ પાસે માંગી. યોગ્યતા સમજીને ગુરુએ આજ્ઞા આપી.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં, સંયમમાં વધુ ઉજમાળ બનેલા વિશ્વભૂતિમુનિ એકદા **મથુરા** નગરીમાં પધાર્યા. ત્યાં તેઓ એકવાર શુભ વિચારણામાં ચડયા :

"સમસ્ત દોષોના સ્થાનરુપ પ્રમાદ, એક ક્ષણવાર પણ સેવવો યુક્ત નથી. પ્રમાદ સંખ્યાબંધ તીવ્ર દુઃખોને ભવોભવ નીપજાવે છે. બધા જીવો સુખ ઇચ્છે છે અને દુઃખથી દૂર ભાગે છે. પણ એમને એ સમજ નથી કે–શુદ્ધ–ધર્મની આરાધના સિવાય સાચા સુખની પ્રાપ્તિ શકય જ નથી. એના કારણે સ્ત્રીકથા, રાજકથા, દેશકથા અને ભોજનકથામાં જીવ ડૂબેલો રહી, પરિષહોને સહન કરવામાં નિર્માલ્ય બની જાય છે. એથી મારા માટે તો સર્વથા ઉગ્રતપનું આચરણ જ યુક્ત છે."

આવી વિચારણા કરીને વિશ્વભૂતિમુનિએ માસખમણ તપનો પ્રારંભ કર્યો.

યોગાનુયોગ કુમાર વિશાખાનંદી પણ મથુરાનગરીના રાજાની બહેનની કન્યા સાથે પાણિગ્રહણ કરવામાં જ આવેલ હતો. બરોબર એ જ અવસરે વિશ્વભૂતિ મુનિવર માસખમણ તપના પારણા નિમિત્તે ગોચરી લેવા વિશાખાનંદીની છાવણી પાસેથી જ પસાર થઈ રહ્યા હતા. વિશાખાનંદીના સેવક પુરુષોએ તપથી કૃશ બનેલ કાયાવાળા વિશ્વભૂતિમુનિને કેટલીક નિશાનીઓ દ્વારા ઓળખી લીધા અને પોતાના સ્વામીને કહ્યું :

"હે સ્વામિન્! આ મુનિને આપ ઓળખો છો?"

વિશાખાનંદી કુમાર એ મુનિને ઓળખી શકયો નહિ. એટલે એના સેવકોએ ઓળખાણ આપતાં કહ્યું :

"હે કુમાર! આ તે જ વિશ્વભૂતિ કુમાર છે કે જેણે પૂર્વે દીક્ષા લીધી હતી."

વિશાખાનંદીએ હવે મુનિને બરાબર ઓળખી લીધા. પુષ્પકરંડક ઉદ્યાનની વિલાસક્રીડાનો ભૂતકાળનો પ્રસંગ પુનઃ યાદ આવતાં જ તેના મનમાં ઈર્ષ્યા-રોષનો અગ્નિ પ્રજ્જવલિત બન્યો.

એવામાં જ ઈર્યાસમિતિમાં જેમનું ચિત્ત એકાગ્ર થયેલું હતું, તે વિશ્વભૂતિ-મુનિ એક ગાય સાથે અથડાવાથી પૃથ્વી પર પડી ગયા.

આ દૃશ્ય જોતાં જ વિશાખાનંદીના સેવક પુરુષો અતિ હર્ષમાં આવી ગયા. તાળીઓ પાડી મોટા અવાજે બોલવા લાગ્યા :


"અરે, મુનિરાજ ! કુમાર અવસ્થામાં માત્ર મુષ્ટિના પ્રહાર વડે કોઠાનાં ફળોને વૃક્ષ ઉપરથી પાડી નાખવાનું તમારું બળ અત્યારે કયાં ગયું ? જેથી એક સામાન્ય ગાય માત્રે તમને પાડી નાખ્યા ?"

આ શબ્દો કાને પડતાં જ વિશ્વભૂતિ મુનિએ પોતાની નજર ફેરવી તેમના તરફ દૃષ્ટિ કરી. કુમાર વિશાખાનંદી અને એના સેવકોને ઓળખી લીધા. કટાક્ષપૂર્ણ વચનબાણ વડે મુનિના મનને આઘાત લાગ્યો. મુનિ જીવનના ભૂષણરુપ ક્ષમાકવચ દૂર થયું, ક્રોધ કષાયના વંટોળમાં મન સપડાઈ ગયું. ઉપશમભાવ નષ્ટ થતાં જ વિવેક વિદાય થયો. મહાકોપ ઉછાળા મારવા લાગ્યો. એટલે મુનિએ દોડી જઈ ગાયને શીંગડાથી પકડી આકાશમાં ઉલાળી....પછી અનુકંપા આવવાથી ગાયને હાથથી ઝીલી લઈ નીચે મૂકી. ત્યારપછી વિશાખાનંદી તથા તેના સેવકપુરુષોને ઉદ્દેશીને કહ્યું :

'અરે ! દુર્મતિઓ ! કાયરો ! નાલાયકો ! તમે મારી મશ્કરી કરો છો ? શું તમે જાણતા નથી કે દુર્બળ પણ સિંહના પરાક્રમને હજારો શિયાળીઆઓ પણ ઓળંગી શકતા નથી ? તેમ દુષ્કર તપશ્ચર્યાના પરિણામે મને તમે દુર્બળ સમજો છો, છતાં તમારા જેવા લાખો પુરુષો પણ મારી તુલનામાં આવી શકે એમ નથી !"

આ રીતે તીક્ષ્ણ વચનો વડે મનમાં ઉછળી રહેલ ક્રોધને પ્રદર્શિત કરી, પોતાના સ્થાને જઈ વિશ્વભૂતિ મુનિ ચિંતવવા લાગ્યા :

આવેશથી ગાયને આકાશમાં ઉછાળી, દયાથી ઝીલી. તપના પ્રતાપે સૌથીબળવાન બનવાનું નિયાણું કર્યું. મહાશુક્ર દેવલોકે ગયા. ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા



"હજી પણ આ લોકોએ મારા પરનો પૂર્વનો ક્રોધ ત્યજ્યો નથી. મેં દીક્ષા લીધી છે, છતાં એ પાપીઓ વિના કારણ મારા દુશ્મન બન્યા છે. એટલે હવે એવું કંઈક કરું કે જેથી પરભવે સ્વપ્નમાં પણ આવા પ્રકારના અપમાનનું સ્થાન હું ક્યાંય પણ ન થાઉં."

આવી વિચારણા કરીને વિશ્વભૂતિ-મુનિએ નીચે મુજબ નિયાણું કર્યું:

"વર્ષોના સંયમપાલનના તથા ધર્મની તીવ્ર આરાધનાના પ્રભાવથી આવતા જન્મમાં હું અતુલ બળવાન બનું."

પાસે રહેલા અન્ય મુનિઓ અને તપસ્વીઓ આ નિયાણું સાંભળી બહુમાનપૂર્વક વિશ્વભૂતિ મુનિને વિનવવા લાગ્યા:

"હે મહાનુભાવ! આપ તો વિનય, વિવેક અને ક્ષમાના ભંડારરૂપ છો, એટલે આપને કંઈ કહેવા જેવું અમને નથી લાગતું, છતાં પણ નિવેદન કરીએ છીએ કે-એક કોડીના બદલામાં કોઈ કોટીપ્રમાણ રત્નો ન આપે: સાધારણ તાપણી કરવા કોઈ ગોશીર્ષ ચંદન કે અગરૂ જેવાં શ્રેષ્ઠ કાષ્ટોને બાળે: તેમ લાંબા કાળસુધી આચરેલ ધર્મઆરાધનારૂપ વિવિધ તપના બદલામાં કિંપાકના ફળ સમાન આવું ઉગ્ર નિયાણું કરવું તમને કોઈ રીતે યુક્ત નથી. અવિવેકીઓના વચનોથી શું સાધુઓનું મન કદાપિ ક્ષોભ પામે?"

મુનિઓના આવા મધુર અને હિતકારી વચનોની મુનિ-વિશ્વભૂતિ ઉપર કોઈ અસર ન થઈ.

| સત્તરમો ભવ | મહાશુક્ર દેવલોક | ચિત્રપટ-૧૫ |
|---|---|---|

નિયાણાના અશુભ અધ્યવસાયની આલોચના કર્યા વિના તે મરણ પામી, મહાશુક્ર નામે દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવતા થયા.

| અઢારમો ભવ | ત્રિપૃષ્ઠ–વાસુદેવ | ચિત્રપટ ૧૫–૧૬–૧૭ |
|---|---|---|

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **પોતનપુર** નગરનો રિપુપ્રતિશત્રુ નામે રાજા હતો. **ભદ્રા** નામે પટ્ટરાણી હતી. **અચલ** નામે મહાપરાક્રમી પુત્ર હતો. દેવાંગનાને પણ પરાભવ પમાડે તેવા લાવણ્યયુક્ત સ્વરૂપવાન **મૃગાવતી** નામે કન્યા હતી.

રાણી ભદ્રાએ પોતાની પુત્રી મૃગાવતીને પરણાવવા યોગ્ય જાણીને, શરીરે સુંદર અલંકારો પહેરાવી, દાસી–પરિવાર સાથે, પગે પડવા રાજા પાસે મોકલી. રાજાએ અત્યંત આદરપૂર્વક તેના પર દૃષ્ટિ નાખી, પોતાની પાસે એને બેસાડી. રૂપ અને યૌવનગુણના કારણે રાજાના મનમાં ભારે ખળભળાટ ઉત્પન્ન થવાથી તેણે વિચાર્યું :

"અહો! સર્વાંગસુંદર લાવણ્ય, કાંતિ અને મધુરવાણીના ભંડાર સમું આવું ઉત્તમ કન્યારત્ન મારા અંતઃપુરમાં ઉત્પન્ન થયું છે. એ ખરેખર આશ્ચર્યરુપ જ છે! અહો! હું પુણ્યવાન છું કે રત્નાકરની જેમ મારા અંતઃપુરમાં આવું ઉત્તમ રત્ન પાક્યું!"

મદનબાણથી ઘવાયેલ અને લંપટ વિચારોથી વ્યાકુળ બનેલ રાજા પોતાની જ પુત્રીમાં આસક્ત બન્યો અને વિચારવા લાગ્યો:

"અહો! આવી રુપવતી કન્યાને ઘરમાંથી કાઢી અન્યને આપવી કોઈ રીતે યોગ્ય જ નથી. પરંપરાગત કન્યાદાન આપવાનો પ્રચલિત રિવાજ સુબુદ્ધિશાળી લોકોને આલંબન કરવા યોગ્ય નથી."

ન્યાયમાર્ગનો વિચાર કર્યા વિના તથા લોકાપવાદની દરકાર કર્યા વિના રાજાએ પોતે જ તેને પરણવાનો અધમ સંકલ્પ કરીને મૃગાવતીને અંતઃપુરમાં મોકલી દીધી.

બીજા દિવસે રાજ્યસભા બોલાવી, નગરજનો તથા સામંત–સેનાપતિ વર્ગને ઉદ્દેશીને રાજાએ કહ્યું:

"હે પ્રધાનજનો! તમો યુક્તાયુક્ત કુળવ્યવસ્થા, સંશયમુક્ત ન્યાયમાર્ગ તથા લોકવ્યવહારના પ્રરૂપક તેમજ નિશ્ચય કરનારા છો. ઉપરાંત સર્વ બાબતોમાં અમારે પણ પ્રથમથી જ પૂછવા યોગ્ય છો. માટે હવે તમે કહો કે–આ રાજ્યમહેલમાં જે રત્નની ઉત્પત્તિ થાય, તેનો સ્વામી કોણ?"

બધાએ એકી અવાજે કહ્યું.

"હે દેવ! એમાં પૂછવાનું જ શું હોય? તે રત્નના તમે જ સ્વામી ગણાવ!"

રાજાએ આ રીતે ત્રણવાર પ્રશ્ન કરી એ જ જવાબ બધાના મુખેથી કહેવડાવ્યો. પછી મૃગાવતીને બોલાવીને પ્રજાજનોને કહ્યું:

"અહો! આ કન્યા મારા અંતઃપુરમાં રત્નરુપે પ્રગટ થઇ છે.

તમારી સલાહ પ્રમાણે એને હું પોતે જ પરણવા ઇચ્છું છું, કારણ કે તમારું વચન અમારે કોઈપણ રીતે ઉલ્લંઘનીય ન થઈ શકે.”

રાજાએ કપટકળાથી મંત્રીઓને વચનબદ્ધ કર્યા. રાજાનો આવો અવિવેકી, અણુચિંતવ્યો અને નિંદનીય નિર્ણય સાંભળી સહુ સ્તબ્ધ બની ગયા અને લજ્જાવડે માથું નીચું કરી પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

બીજા દિવસે ભદ્રા-રાણીએ રાજાને પોતે લીધેલ નિંદનીય નિર્ણયમાંથી વારવા વારંવાર પ્રયત્નો કર્યા. કુળવૃદ્ધાઓએ તેને એમ કરતાં અટકાવ્યો. પ્રધાનોએ મશ્કરી કરી. મંત્રીઓએ ઉપાલંભપૂર્વક નિષેધ કર્યો. ધર્મગુરુઓએ દુઃખવિપાકનો બોધ આપ્યો છતાં લજ્જાહીન લંપટ રાજાએ પોતાના યોગ્યઅયોગ્ય કર્તવ્યનું ભાન ભૂલી, ન્યાયમાર્ગ અને લોકાપવાદની દરકાર કર્યા વગર, મૃગાવતી સાથે ગાંધર્વલગ્ન કરી લીધું. પછી તેને પટ્ટરાણીપદે સ્થાપી એની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો.

પોતાની જ પુત્રી રૂપી પ્રજાના પતિ બનવાને કારણે નગરજનો રાજાને ત્યારથી “ રિપુપ્રતિશત્રુ ”ના બદલે **પ્રજાપતિ** નામથી ઓળખવા લાગ્યા.

રાજાના આવા અઘટિત, નિંદનીય અને લોકવિરુદ્ધ વર્તનથી મનમાં અતિ સંતાપ પામી ભદ્રારાણી પોતાના પુત્ર **અચલ** સાથે દક્ષિણદેશમાં જઈ, ધવલગૃહો અને દેવાલયોથી શોભતી **માહેશ્વરી** નામે નવી નગરી વસાવીને ત્યાં જ રહી. અચલકુમાર પાછો પોતાના પિતા પાસે આવ્યો.

વિશ્વભૂતિનો જીવ મહાશુક્રદેવલોકમાંથી ચ્યવીને મૃગાવતીની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો. આ વખતે મૃગાવતીએ સાત મહાસ્વપ્નો જોયાં. તે જાગૃત થઈને રાજા પાસે ગઈ અને હર્ષપૂર્વક પોતે જોયેલાં સ્વપ્નોનો વૃત્તાંત કહ્યો.

રાજા બોલ્યો : “ હે દેવે ! આવા પ્રકારનાં સ્વપ્નો મહાપુણ્યથી જ જોવામાં આવે છે. તને પરાક્રમી, કુળ અજવાળનાર પુત્ર થશે ! માટે અત્યંત આનંદથી એ સ્વપ્નોનો તું આદર કર.”

પ્રભાતે રાજાએ કુશળ સ્વપ્નપાઠકોને તેડાવ્યા, આદરપૂર્વક સિંહાસનો પર બેસાડયા અને સ્વપ્નોના અર્થ પૂછયા.

બુદ્ધિબળે અરસપરસ શાસ્ત્રાર્થ કરી સ્વપ્ન-પાઠકોએ નિવેદન કર્યું :

"હે રાજન્! આ પ્રકારના વિશિષ્ટ સ્વપ્ન-પ્રભાવથી સમસ્ત-ભુવનમાં વિખ્યાત, ત્રણ ખંડ ભરતનો સ્વામી, અપ્રતિમ બળવાન તમારો પુત્ર અહીં પ્રથમ વાસુદેવ થશે."

સ્વપ્નફળ જાણી અંતરમાં અતિઆનંદ પામેલ રાજાએ પુષ્કળ દક્ષિણા આપી સ્વપ્નપાઠકોને વિસર્જન કર્યા.

ગર્ભકાળ પૂર્ણ થતાં પુત્રજન્મ થયો. રાજાએ નગરમાં મહોત્સવ કરાવ્યો. યાચકોને દાન આપ્યું. બાળકની પીઠ પર ત્રણ કરંડક (અસ્થિ-બંધન) જોતાં કુળવૃદ્ધાઓએ પુત્રનું નામ **ત્રિપૃષ્ઠકુમાર** પાડયું. એનું ભૂજાબળ અદ્ભુત હતું. જ્યારે જ્યારે તે પૃથ્વી ઉપર પગ મૂકતો, ત્યારે ત્યારે જાણે વજ્રથી હણાયેલી હોય તેમ પૃથ્વી ધ્રૂજતી. માત્ર એક જ મુષ્ટિઘાતથી લોકો પડી જતા અને મહા મુશ્કેલીએ ઊભા થતા. એના પરાક્રમના પ્રભાવે લોકો એની પ્રશંસા કરતાં થાકતા જ ન હતા. એનો પડયો બોલ ઝીલવા સહુ સદા તત્પર રહેતા,

તે વખતે ભરતક્ષેત્રના **રાજગૃહ** નગરમાં **અશ્વગ્રીવ** નામે પ્રતિવાસુદેવ રાજા રાજ્ય કરતો હતો.

વિશ્વભૂતિનો પિતરાઈ ભાઈ વિશાખાનંદી કુમાર ચિરકાળ રાજ્ય ભોગવી, નરક અને તિર્યંચ ગતિમાં ભ્રમણ કરતાં કરતાં અશ્વગ્રીવના રાજ્યમાં એક પર્વતની ગુફામાં સિંહરુપે ઉત્પન્ન થયો. તે યુવાન બન્યો ત્યારે રાજાના શ્રેષ્ઠ શાલિક્ષેત્રોમાં રહેતા ખેડૂતોને સતાવવા લાગ્યો. એટલે ખેડૂતોએ રાજા પાસે જઈ પોતાના દુઃખની રજૂઆત કરી :

"હે દેવ! સાક્ષાત્ યમ સમાન આ સિંહથી તમે અમારું રક્ષણ કરી ન શકો તો તમારાં ક્ષેત્રો બીજા ખેડૂતો પાસે ખેડાવો. અમે અન્ય સ્થાને ચાલ્યા જઈશું."

રાજાએ સિંહના ઉપદ્રવમાંથી ખેડૂતોને રક્ષણ આપવા પોતાના સોળ હજાર રાજાઓને અનુક્રમે ચોકી કરવાનો આદેશ કર્યો અને ખેડૂતોને નિર્ભય કર્યા.

અશ્વગ્રીવ રાજાના મનમાં એકદા સ્વયંસ્ફુરણા થઈ :

"દેવાંગના સમાન અંતઃપુર, કુબેર કરતાં અધિક ધનભંડાર અને હાથીઘોડા આદિ વિશાળ સૈન્ય સહિત ત્રણ ખંડના સામ્રાજ્યનો હું માલિક હોવા છતાં આ પૃથ્વી ઉપર મારો પણ વિનાશ કરવા કોઈ સમર્થ હશે ખરો? કોઈપણ રીતે આ વાત હું જાણી લઉં તો તેનો પ્રતિકાર કરી મારા મૃત્યુમાંથી રક્ષણ મેળવી શકું."

અશ્વગ્રીવે નિમિત્તજ્ઞને તેડાવી પોતાના મનની વાત રજૂ કરતાં પૂછયું :

"મારું મૃત્યુ કોના હાથે થશે?" નિમિત્તજ્ઞની મુખાકૃતિ ઉપર ક્ષોભનો ભાવ તરી આવ્યો.

અશ્વગ્રીવે નિમિત્તજ્ઞને વિના સંકોચે જે હકીકત હોય, તે સ્પષ્ટ રીતે જણાવવા આગ્રહ કર્યો, ત્યારે નિમિત્તજ્ઞ બોલ્યો :

"હે દેવ! તુંગ નામના પર્વતને વિશે રહેલા સિંહને જે મારશે તે તમને હણશે, તથા તમારા **ચંડવેગ** દૂતનું જે અપમાન કરશે તે અવશ્ય આપનો મૃત્યુકારી જાણવો. તેનાથી તમારે સાવધ રહેવું."

નિમિત્તજ્ઞને વિદાય કરીને, અશ્વગ્રીવ રાજાએ પોતાના મૃત્યુકારીને જાણવાના હેતુથી, શાલિક્ષેત્રોની રક્ષા કરવાની વ્યવસ્થા કરનાર મંત્રીઓને પ્રશ્ન કર્યો :

"અહો! અત્યારે રાજા કે કુમારોમાં કોણ અતુલ બળશાળી સંભળાય છે?"

મંત્રીઓએ જવાબ આપ્યો :

"હે રાજન્! આકાશમાં સૂર્ય જ્યારે પ્રકાશમાન હોય ત્યારે શું તારાઓ પ્રકાશી શકે?"

રાજાએ કહ્યું :

"આ પૃથ્વી ઉપર અનેક રત્નો પડયાં છે, માટે તેમાં અસંભવિત શું છે ?"

એટલે મંત્રીઓ બોલ્યા : "હે રાજન્! અમે નિશ્ચયપૂર્વક જાણતા નથી, પરંતુ લોકોના મોઢેથી સંભળાય છે કે પ્રજાપતિ રાજાના કુમારો અસાધારણ બળ પરાક્રમવાળા છે."

આ વાત સાંભળતાં જ રાજાએ ચંડવેગ દૂતને આજ્ઞા કરી : "હે ભદ્ર ! તું પ્રજાપતિ રાજા પાસે જા અને કહે કે તેનું મારે અમુક પ્રયોજન છે."

રાજાની આજ્ઞા લઈ ચંડવેગ–દૂત પુરુષોના મોટા પરિવાર સાથે પોતનપુર આવી પહોંચ્યો. ત્યાં પ્રજાપતિ રાજાની રાજ્યસભામાં અચલ-કુમાર, ત્રિપૃષ્ઠકુમાર એ બે રાજપુત્રો, મહાઅમાત્ય, મંત્રી, સેનાપતિ, નગરશેઠ અને પ્રજાજનોની વિશાળ હાજરીમાં નૃત્ય અને સંગીતના તાલ સાથે અતિસુંદર નાટક ચાલી રહ્યું હતું. ત્રિપૃષ્ઠકુમાર આ નાટક જોવામાં વિશેષ લયલીન બની ગયો હતો.

એ વેળા એકાએક ચંડવેગ દૂત રાજસભામાં દાખલ થયો. એને જોતાં જ પ્રજાપતિ રાજા તરત જ ઊભો થયો. દૂતનો ભારે આદર-સત્કાર કર્યો. રાજા અશ્વગ્રીવના કુશળ સમાચાર પૂછ્યા. વળી તેની આજ્ઞા માથે ચડાવી.

નાટક થંભી ગયું. રંગમાં ભંગ પડયો. ત્રિપૃષ્ઠકુમાર વિશેષ રીતે કોપાયમાન થયો. આવનાર વ્યક્તિને એ ઓળખતો ન હોવાથી એક પુરુષને એણે પૂછ્યું :

"અરે ? આ કોણ છે ? એના આગમનથી પિતાજી કેમ ઊભા થયા ? રજા વગર એણે સભામાં કેમ પ્રવેશ કર્યો ? દ્વારપાલે એને શા માટે અટકાવ્યો નહિ ?"

જવાબ મળ્યો : "હે કુમાર ! આ રાજાધિરાજ અશ્વગ્રીવનો મુખ્ય

દૂત છે. તેને સ્વામીતુલ્ય સમજીને પિતાજીએ તેનું બહુમાન કર્યું છે. એથી જ પ્રતિહારે પણ એને અટકાવ્યો નહિ. એની કૃપાથી જ આપણે અહીં સુખે રહીએ છીએ. સ્વામીની આજ્ઞા પ્રમાણે રહેવું એ સેવકનો ધર્મ છે."

"કોણ કોનો સ્વામી છે કે સેવક છે? એની ખબર હું હમણાં જ લઈ લઈશ! એ પોતાના નગર તરફ પાછો ફરે, ત્યારે મને ખબર આપજો." કુમારે પોતાના માણસોને આજ્ઞા કરી.

અશ્વગ્રીવ રાજાના દૂતને પ્રજાપતિ રાજાએ વિવિધ ભેટો આદિ આપી ઉચિત સન્માન કરીને વિદાય આપી. દૂત પોતાના નગર તરફ ચાલવા લાગ્યો. આ ખબર ત્રિપૃષ્ઠકુમારને મળતાં જ પોતાના ભાઈ અચલને સાથે લઈ ચંડવેગ દૂતને તેણે અધવચ્ચે જ અટકાવ્યો અને જણાવ્યું :

"હે અધમ, દુષ્ટ, પાપિષ્ટ દૂત! મારી હાજરીમાં તેં નાટકના રંગનો ભંગ કર્યો! પણ હવે તું ક્યાં જવાનો છે? હે નીચ! નિર્ભાગી! તું તારા અધમ આચરણનું ફળ ભોગવી લે! મરણ પહેલાં તું તારા ઇષ્ટદેવને હવે યાદ કરી લે!"

ત્રિપૃષ્ઠકુમાર આ પ્રમાણે બોલી મજબૂત મુષ્ટિ-પ્રહાર કરવા તૈયાર થયો, એટલે અચલકુમારે એને અટકાવતાં કહ્યું :

"હે કુમાર! ગૌહત્યાની જેમ આનો વધ કરવો ઉચિત નથી. દૂત, રાંડ અને ભાંડ એ ત્રણ અપરાધી હોવા છતાં અવધ્ય છે."

આ સાંભળીને કુમારે પોતાના સેવકોને આજ્ઞા કરી : "તમે આ પાપીના પ્રાણ સિવાય, ધન, વસ્ત્ર વગેરે બધું વિના વિલંબે છીનવી લો."

સેવકોએ લાકડી તથા મુષ્ટિપ્રહાર કરી એને લૂંટી લીધો. ભયથી વ્યાકુળ બનેલો દૂત પોતાના પ્રાણ બચાવવા ભાગવા લાગ્યો. કુમારો પાછા વળ્યા.

આ હકીકતની જાણ થતાં જ પ્રજાપતિ રાજા ભયથી વ્યાકુળ બની ચિંતવવા લાગ્યો કે–" અહો ! કુમારોએ બહુ જ ખાટું કર્યું છે. 'સેવકનો અપરાધ થતાં સ્વામી દંડાય' એ ન્યાયે મારા માથે તો ધર્મસંકટ જ આવી પડયું છે. "

પછી તુરત જ દૂતને રાજાએ પાછો બોલાવ્યો. પ્રથમ કરતાં ચારગણું ભેટણું આપી તેનો વિશેષ પ્રકારે સત્કાર કરતાં કહ્યું :

" હે મહાશય ! કુમારોએ બાળચેષ્ટા કરી તમને બહુ સતાવ્યા છે, છતાં તમે મનમાં કોપ ન કરશો. અપમાન ભૂલી જજો. મને આપના માટે તેમજ રાજા અશ્વગ્રીવ માટે બધા કરતાં વિશેષ બહુમાન છે. "

ચંડવેગ દૂત રાજા પાસે પહોંચે, તે પહેલાં જ તેના સાથી પુરુષોએ ત્રિપૃષ્ઠકુમારના પરાક્રમની વાત અશ્વગ્રીવ રાજાના કાને પહોંચાડી દીધી હતી. ચંડવેગ દૂતે રાજા પાસે આવી બધો વૃત્તાંત જણાવતાં કહ્યું :

" હે રાજન્ ! કુમારોના વર્તનથી પ્રજાપતિ રાજાને તો બહુ જ ખેદ થયો છે. રાજાનો કોઈ વાંક નથી. એઓ આપની આજ્ઞા વિનયસહિત ધારણા કરી રહ્યા છે અને આપના ગુણો ગાઈ રહ્યા છે. "

આ હકીકત સાંભળતાં જ રાજાને પેલા નિમિત્તજ્ઞનું વચન યાદ આવ્યું, ભયથી મન કંપવા લાગ્યું. તે ચિંતવવા લાગ્યો :

" અહો ! નિમિત્તજ્ઞનું એક વચન બરાબર સાચું પડયું. હવે જો બીજું વચન પણ સાચું પડે, તો જરુર મારું અમંગળ થવાનું જ. "

રાજાએ બીજા દૂતને બોલાવી આજ્ઞા કરી :

" તું પ્રજાપતિ રાજા પાસે જઈ મારી આજ્ઞા જણાવ કે તે શાલિ-ક્ષેત્રોને રંજાડનાર સિંહનું નિવારણ કરે. "

" જેવી દેવની આજ્ઞા " એમ કહીને દૂતે પ્રજાપતિ રાજા પાસે આવી અશ્વગ્રીવની આજ્ઞા જણાવી. રાજાએ એનો સ્વીકાર કર્યો. કુમારોને ઠપકો આપતાં કહ્યું :

"ચંડવેગનું અપમાન કરી તમોએ અકાળે મૃત્યુને જગાડ્યું છે, જેના કારણે આવી દારુણ આજ્ઞા મારા શિરે આવી પડી છે."

પ્રજાપતિ રાજાએ પ્રયાણ કરવાની તૈયારી કરી લીધી. કુમારોએ પિતાજીને અટકાવીને આ કાર્યમાં પોતાનું પરાક્રમ દેખાડવાની ઉત્કંઠા પ્રગટ કરી.

રાજાએ કહ્યું: "હે વત્સો! તમે હજી બાળ છો. કાર્ય-અકાર્યની તમને કંઈ ખબર નથી! આવા મોટા સાહસ માટે તમે હજી યોગ્ય નથી."

"હે પિતાજી! ગમે તે રીતે તમે અમને જ મોકલો. કેસરીસિંહ કેવો છે તે જોવાની અમને ખૂબ જ ઉત્કંઠા છે. તમે અટકાવશો તોપણ અમે તો અવશ્ય જવાના જ." કુમારોએ આ પ્રમાણે રાજાને કહ્યું.

પછી હાથી, ઘોડા, રથ, સુભટો અને પરિજનો સાથે કુમારોએ જ્યાં સિંહ રહેતો હતો, તે શાલિક્ષેત્રોમાં પહોંચીને ત્યાંના ખેડૂતોને પૂછ્યું:

"પહેલાં જે રાજાઓ તમારું રક્ષણ કરવા આવતા, તેઓ શી રીતે તમારી રક્ષા કરતા હતા?"


ખેડૂતોએ જવાબ વાળ્યો: "હે કુમારો! હાથી ઘોડા ઉપર બેસી, ધનુષ્ય-બાણ ઇત્યાદિ શસ્ત્રો ધારણ કરી, સિંહની ગુફાને ઘેરો ઘાલી રાજાઓ અમારી રક્ષા કરતા હતા. જ્યાંસુધી અમારું ધાન્ય અમારા ઘરે ન પહોંચે ત્યાંસુધી તો તેઓ મૃત્યુના ભયથી કંપતા જ રહેતા હતા. દૂર દૂરથી સિંહગર્જના સાંભળીને અમે પણ ભયથી કંપ્યા કરતા હતા."

ત્રિપૃષ્ઠકુમારે કહ્યું: "કેસરીસિંહ તો ખરેખર મહાપરાક્રમી જણાય છે. મને એનું રહેઠાણ દેખાડો."

ખેડૂતોએ દૂર ઊભા રહી સિંહની ગુફા બતાવી. ફરી કુમારે પૂછ્યું: "અરે! તે સિંહનો પરિવાર કેટલો છે?"

"હે કુમાર! તે એકલો જ છે": ખેડૂતોએ કહ્યું.

વાસુદેવે સિંહને જડબાથી ચીર્યો, સારથીનું આશ્વાસન "આ નરસિંહ છે." યુદ્ધ કર્યા. વાસુદેવ સૂઈ ગયા છતાં શય્યાપાલકે સંગીત ચાલુ રખાવ્યું.



આટલી માહિતી મેળવી ત્રિપૃષ્ઠકુમારે પોતાનું પરાક્રમ બતાવવાની તક જાણી પોતાના શેષ પરિવારને પાછો વાળ્યો. સિંહની ગુફા પાસે તે એકલો જ જઈ પહોંચ્યો.

કુમારનું પરાક્રમ જોવાની કૌતુકવૃત્તિથી ત્યાં ઘણા લોકો એકઠા થઈ ગયા અને દૂર રહીને જોવા લાગ્યા.

કોલાહલ સાંભળીને સિંહ એકાએક નિદ્રામાંથી જાગી ઉઠયો. એણે બગાસું ખાઈ, મોઢું પહોળું કરી, માથું ધૂણાવ્યું. પૂંછડું જમીન ઉપર પછાડી કાન બહેરા થઈ જાય એવી ગંભીર ગર્જના કરી એ ઊભો થયો અને મંદમંદ લીલાપૂર્વક કુમાર તરફ જોવા લાગ્યો.

સિંહને જોતાં જ કુમાર ચિંતવવા લાગ્યો :

"અહો ! આ મહાનુભાવ પૃથ્વી ઉપર ચાલે છે. હું તો રથ ઉપર બેઠેલો છું. દાઢ અને નખ સિવાય આની પાસે કોઈ શસ્ત્ર નથી. મારી પાસે તો તલવાર અને ઢાલ છે. આ યુક્તિયુક્ત ન ગણાય !"

આમ વિચારીને કુમારે રથથી નીચે ઉતરીને તલવારને ઢાલ ફેંકી દીધા.

ત્રિપૃષ્ઠનું આવું વિપરીત સ્વરૂપ અને વર્તન જોતાં જ સિંહના મનમાં અપમાનનો ભાવ ઉત્પન્ન થયો. "નિઃશસ્ત્ર અને નિર્ભય દૂધ પીતા બાળક જેવો, મારી ગુફામાં પેસવા આ કોણ તૈયાર થયો છે ? મારા અપમાનનો બદલો હું હમણાં જ એને દેખાડી દઉં !"

પૂંછડું જમીન ઉપર પછાડી, ચારેય દિશાઓને ભયંકર ગર્જનાના નાદ વડે ભરી દઈ, મોઢું ફાડી, એક જ કોળિયામાં ખતમ કરવા કુમાર ઉપર લાલ આંખો કરી સિંહ ધસી આવ્યો. તરતજ કુમારે એક હાથ વડે સિંહનો નીચેનો હોઠ પકડી લીધો. બીજા હાથ વડે ઉપરનો હોઠ પકડી લીધો. અને જાણે જીર્ણ વસ્ત્રને ફાડતો હોય, તેમ સહજમાત્રમાં મોઢું ફાડી નાખી એને જમીન ઉપર ફેંકી દીધો.

ત્રિપૃષ્ઠકુમારનું આ અદ્ભુત પરાક્રમ જોઈ લોકોએ જયનાદ કર્યો. ગંધર્વ, યક્ષ, રાક્ષસ, વિદ્યાધર અને કિન્નરોએ પણ જયજયકાર કર્યો.

દેવતાઓએ મણિ-મુગટ, કનકકુંડળ, કટિસૂત્ર, બાહુબંધ, હાર આદિ આભૂષણો પ્રદાન કર્યાં. ખેડૂતો આનંદમાં આવી ગયા. તરુણીઓ નૃત્ય કરવા લાગી. રણાંગણ પણ મહોત્સવયુક્ત બની ગયું.

આ તરફ તરફડીયા ખાતો સિંહ ચિંતવવા લાગ્યો : "અહો ! મારી કેવી કાયરતા ! લીલામાત્રથી નિઃશસ્ત્ર એવા આ કુમારના હાથે હું માર્યો ગયો ! મારા જીવિતને ધિક્કાર છે !"

તરફડીયા ખાતા સિંહના મનની આવી વ્યાકુળતા જોઈ કુમારના સારથિનું હૈયું દયાર્દ્ર થયું. આથી તેણે મધુર વચનો વડે સિંહને આશ્વાસન આપતાં કહ્યું : "સૈન્યયુક્ત હજારો રાજાઓને આટલા સમય પર્યંત પરાભવ આપનાર હે વનરાજ ! તું નિરર્થક ક્રોધને ધારણ ન કર. તું એમ ન સમજતો કે આ એક બાળકે તને માર્યો છે. હે ભદ્ર ! તું મૃગસિંહ છે, તેમ આ પુરુષસિંહ છે. સિંહે સિંહને માર્યો તેમાં અપમાન શું ?"

અમૃતસમાન મધુર એવા સારથિનાં વચનો સાંભળી સિંહનો ક્રોધ નરમ પડ્યો. મરણ પામી એ ચોથી નરકમાં નારકપણે ઉત્પન્ન થયો.

ત્રિપૃષ્ઠકુમારે સિંહચર્મ ખેડૂતોને સોંપતાં કહ્યું : "તમે આ સિંહચર્મ અશ્વગ્રીવ રાજાને આપીને કહેજો કે-હવે બધો ભય ટળી ગયો હોવાથી સ્વસ્થ અને નિર્ભય થઈને શાલિભોજન કરતા રહેજો."

ત્રિપૃષ્ઠે પોતાના નગરે પાછા આવી, પોતાના પિતાને પ્રણામ કરી બધોય વૃત્તાંત કહ્યો. આથી સમસ્ત નગરમાં આનંદ-આનંદ વર્તી રહ્યો.

ખેડૂતોએ અશ્વગ્રીવ રાજાને ત્રિપૃષ્ઠકુમારના પરાક્રમનું વર્ણન કહી સંભળાવ્યું. રાજા મનમાં ભયભીત બનીને વિચારવા લાગ્યો : "નિમિત્તજ્ઞના બન્ને વચનો સાચાં પડયાં છે. એટલે ત્રિપૃષ્ઠકુમાર મારા માટે યમરાજ સમાન છે. મારે એની ઉપેક્ષા કરવી ન જોઈએ. સામ, દામ, દંડ અને ભેદ વડે એને વિશ્વાસ પમાડી હું એનો વિનાશ કરું અને ભયમુક્ત બનું."

રાજાએ દૂતને તેડાવી આજ્ઞા આપી :

"પ્રજાપતિ રાજાને કહે કે તમે વૃદ્ધાવસ્થાના કારણે સેવા કરવા અસમર્થ છો. તો તમારા કુમારોને જલ્દી અહીં મોકલો, જેથી સામંત પદવી આપી વધુ મોટા દેશના અધિપતિ બનાવું. જો કુમારોને મોકલવાની તૈયારી ન હોય તો યુદ્ધ કરવાને તૈયાર થાવ."

દૂત દ્વારા અશ્વગ્રીવનો સંદેશો સાંભળી પ્રજાપતિએ તેને કહ્યું :

"હે ભદ્ર ! નાના કુમારો હજી સેવાવિધિને જાણતા નથી. ઉચિત–અનુચિતનું એમને ભાન નથી. હું પોતે જ સ્વામી પાસે હાજર થઈશ."

દૂતે કહ્યું : "અશ્વગ્રીવ રાજા સિંહનો વૃત્તાંત સાંભળી પરમ સંતુષ્ઠ થયા છે. તમારા કુમારોને વધુ રાજ્ય–લક્ષ્મી મળે, તેમાં તમારું શું અકલ્યાણ થવાનું છે ?"

દૂતનાં આવાં વચનો સાંભળી, વિકટ પરિસ્થિતિમાંથી માર્ગદર્શન મેળવવા રાજાએ પોતાના બુદ્ધિશાળી મંત્રીઓને એકાંતમાં બોલાવ્યા, દૂતને સ્વસ્થાને મોકલ્યો. મંત્રીઓએ રાજાને સલાહ આપી :

"સ્વામીની સેવા સાધવાની કોઈપણ યોગ્યતા કુમારોમાં નથી, એટલે આપ પોતે જ રાજાની સેવામાં હાજર રહેવા ઇચ્છો છો, એમ મધુર વચનોથી દૂતને સમજાવી વિદાય આપો."

પ્રજાપતિ રાજાએ પોતાનો નિર્ણય શાંત વચનોથી દૂતને જણાવ્યો. એ નિર્ણય સાંભળીને દૂતે પડકાર કર્યો :

"અરે, પ્રજાપતિ ! સ્વામીનો સ્પષ્ટ આદેશ છે કે કુમારોને મોકલો અથવા યુદ્ધ કરવાને તૈયાર થઈ જાવ."

આ સમયે જ અચાનક આવી પહોંચેલા ત્રિપૃષ્ઠકુમારે દૂતના આ દુર્વચન સાંભળ્યાં. મજબૂત લાકડી અને મુષ્ટિનો પ્રહાર કરી દૂતને ગળેથી પકડી પાછલા બારણેથી કાઢી મૂક્યો.

દૂતે પોતાના સ્વામીને બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. આ સાંભળી અશ્વગ્રીવના હૈયામાં ક્રોધની જ્વાળા પ્રગટી. કપાળે પરસેવાનાં બિંદુઓ ફૂટયા, હોઠ દબાવી તે ચિંતવવા લાગ્યો :

"પોતાની જ પુત્રીને પરણવાના અપરાધ વખતે જ જો મેં પ્રજાપતિને દબાવી દીધો હોત, તો આ પરિણામ ન આવત. જે પોતાની પુત્રી સાથે કામવિલાસ ઇચ્છે છે, તે પોતાના સ્વામીને પણ દુઃખ આપે એમાં શું નવાઈ? આ મહાપાપીને હું જરૂર પરાભવ પમાડીશ."

અશ્વગ્રીવે સેવકોને આજ્ઞા આપતાં કહ્યું : હાથી, ઘોડા, રથ તૈયાર કરાવો. બધા રાજાઓને બોલાવો. વિજયપ્રયાણની તૈયારી કરો."

રાજાએ માલિશ, સ્નાન, વિલેપન આદિ વિધિ પતાવી સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. પુરોહિતોએ મંગળક્રિયા કરી. મંગળવચનો વડે શાંતિ કર્મ કર્યું. શણગારેલા હાથી ઉપર રાજા આરુઢ થયો. આજુબાજુ ચામર અને ઉપર શ્વેત છત્ર ધરવામાં આવ્યું. વિવિધ વાજિંત્રોના નાદ સહિત રાજાએ પ્રસ્થાન આદર્યું.

ત્યાં તો એકાએક પવન ફુંકાવા લાગ્યો. છત્ર પડી ગયું. દંડ ભાંગી પડયો. જયપતાકા નીચે પડી ગઈ. આકાશમાંથી ઉલ્કાપાત થયો. દિવસે તારાઓ દેખાવા લાગ્યા. લોહીની વૃષ્ટિ થઈ. વાદળ વિના આકાશમાં વીજળી ચમકી. રાજાનો જયકુંજર હાથી વિના કારણે પડી ગયો. ધૂળના ગોટેગોટા ઉડવા લાગ્યા. કૂતરાઓ ઊંચે સ્વરે રોવા લાગ્યા. ભાવિનું અમંગળ સૂચવનારાં ઘણાં જ અપશુકનો થવાથી કુશળમતિ પ્રધાનો વિનયથી નમ્રતાપૂર્વક રાજાને કહેવા લાગ્યા :

"હે દેવ! આ અમંગળ શુકનોના ફળને ટાળવા, હોમ, યજ્ઞ વડે શાંતિકર્મ કરાવવા આપ આપણા નગર તરફ જલ્દી પાછા ફરો અને હમણાં પ્રયાણ મુલતવી રાખો."

આ સાંભળી રાજા બોલ્યો : "તમે બધા આવા કાયર કેમ બની ગયા છો? શું તમે મારા બાહુબળને નથી જાણતા? મોટા–મોટા સંગ્રામો ખેલીને મેં મેળવેલા વિજયો શું તમને યાદ નથી? અસ્થાને મને શા માટે બીવડાવો છો? અપશુકનોના અમંગળ માત્રથી વીરપુરુષો ભય પામતા નથી, તેમજ આદરેલ કાર્યને તજી દેતા નથી. તમે જરા ધીરા થાઓ. આ બધાંય અપશુકનોને હું પ્રજાપતિના માથે જ નાખવાનો છું."

"વિનાશકાળે વિપરીત બુદ્ધિ" આ સુપ્રસિદ્ધ લોકકહેવત મુજબ અશ્વગ્રીવ રાજાએ નિમિત્તજ્ઞના વચનની અવગણના કરી, નિમિત્તપાઠકોએ છત્ર–ભંગ સંભળાવ્યા છતાં, વૃદ્ધ–પુરુષોએ વાર્યા છતાં અને અંતઃપુરની રમણીઓએ અટકાવ્યા છતાં સકળ સૈન્ય સાથે તે આગળ ચાલ્યો.

**રથાવર્ત** પર્વતના પ્રદેશમાં પહોંચી રાજાએ સેનાની છાવણી નંખાવી દૂતને તેડાવી આજ્ઞા કરી: "પ્રજાપતિ રાજા પાસે જા અને કહે કે રાજા અશ્વગ્રીવ યુદ્ધ માટે સજ્જ થઈને આવી પહોંચ્યા છે. જલ્દી સામે આવો અથવા કુમારોને મોકલી તેનો સત્કાર કરો. અકાળે કુળનો ક્ષય ન કરો."

"જેવી દેવની આજ્ઞા" એમ કહીને દૂત આજ્ઞાપાલન માટે પ્રજાપતિ પાસે પહોંચ્યો અને પોતાના સ્વામીનો આદેશ કહી સંભળાવ્યો. પાસે જ બેઠેલ ત્રિપૃષ્ઠકુમારે આ વચનો સાંભળી ભારે કોપાયમાન થઈને દૂતને કહ્યું:

"હે દૂત! તું અવધ્ય અને નિર્ભય છે. તારા સ્વામીને કહી દેજે કે પુષ્કળ સામગ્રી વડે સજ્જ હોવા છતાં હવે નિર્ભય થઈને ન રહે. જેમ સિંહ મૃગને હણે છે, તે રીતે ત્રિપૃષ્ઠ અલ્પકાળમાં જ મારશે. હાં, જો નિષ્ઠુરતા તજીને તે સ્નેહને હજી ધારણ કરે, તો તે સુરક્ષિત રહી શકે. આવેશયુક્ત મતિવાળાને સાચી વાતમાં પણ દોષ જણાય છે, માટે વધુ હિતવચનો કહેવાં નિરર્થક છે."

દૂત બોલ્યો: "સ્વામીના બળને તમે જાણતા નથી, એટલે જ આવા દુઃશિક્ષિત વચનો તમે બોલો છો."

ત્યાં પ્રજાપતિ રાજાએ દૂતને કહ્યું: "હે ભદ્ર! તું તારા સ્વામીને કહે કે પ્રજાપતિ આ આવ્યો."

દૂત તરત જ ચાલી નીકળ્યો.

પ્રજાપતિ રાજા સત્વર ચતુરંગી સેનાને તૈયાર કરાવી, શણગારેલા હાથી ઉપર બેસી નગર બહાર નીકળ્યો. બળદેવ અચલકુમાર પણ નીલ-

વસ્ત્ર ધારણ કરી, હાથમાં હળ અને મુશળ રુપ દિવ્ય આયુધ ધારણ કરી, રાજાની પાછળ ચાલવા લાગ્યો. એટલામાં ત્રિપૃષ્ઠકુમારે રાજા પાસે આવીને કહ્યું : "હે પિતાજી ! તમે થોભી જાવ અને મને આજ્ઞા આપો. આપની કૃપાથી હું એકલો જ પળમાત્રમાં એને પરાજય પમાડી દઈશ. તમે જરાપણ શંકા ન રાખજો."

રાજાએ કહ્યું : "પુત્ર ! ભયંકર કેસરીસિંહને લીલામાત્રથી મારી નાખવાનું તારું પરાક્રમ હું ક્યાં નથી જાણતો ? ભલે ત્યારે, તું વિજય પ્રાપ્ત કરી આવ. અમે અહીં દૂર રહીને તારા પરાક્રમને જોયા કરીશું."

અચલકુમાર અને ત્રિપૃષ્ઠકુમાર રથાવર્ત પર્વતની નજીક પહોંચ્યા. યુદ્ધ શરુ થયું. રણમેદાનમાં ત્રિશૂળ, ભાલા, બરછી આદિ શસ્ત્રો વડે અગણિત સૈનિકો ઘવાઈને મરણ પામ્યા. શ્રેષ્ઠ હાથી અને ઘોડાઓ ઘાયલ બની જમીન ઉપર ઢળી પડયા. લોહીની નદીઓ વહેવા લાગી. સમરાંગણની ધરતી ઉપર ધડથી છૂટાં પડેલાં માથાંઓ, હાથ, પગ ઈત્યાદિ શરીરના અનેક ભાગો નજરે પડતાં, દૃશ્ય અતિ કરુણ અને ભયાનક બની ગયું.

અચલકુમાર એક હાથમાં હળ અને બીજા હાથમાં મુશળ લઈ શત્રુઓ પ્રત્યે ધસ્યો. પાદપ્રહારથી કેટલાકને જમીનદોસ્ત કરવા લાગ્યો. કેટલાકને મુષ્ટિપ્રહારથી તાડન કરવા લાગ્યો. છતાં જેઓ આયુધોને તજી દેતા, તેમને કરુણા લાવીને જીવતાં છોડી મૂકતો. આ રીતે અનુપમ સત્ત્વશાળી બળદેવ અચલકુમારે પોતાના અદ્ભુત પરાક્રમ વડે અશ્વગ્રીવની સેનાના બળનો તથા સુભટોના ગર્વનો લગભગ નાશ કરી નાખ્યો. સંગ્રામ ઘણા દહાડા ચાલ્યો. બન્ને પક્ષે ઘણું જ સૈન્ય ખલાસ થયું. એટલે ત્રિપૃષ્ઠકુમારે દૂતદ્વારા અશ્વગ્રીવને કહેવડાવ્યું :

"આ નિરર્થક નિર્દોષ પરિજનોનો વધ શા માટે ? આપણા બંને વચ્ચે વેર બંધાયેલ છે. માટે તું મન સ્થિર કરી, કાયરતા તજી, તારા પોતાના ભૂજાબળ વડે મારી સાથે તું એકલો જ સંગ્રામ ખેલવા તૈયાર થા."

અશ્વગ્રીવ રાજાએ આ પ્રસ્તાવ કબુલ કર્યો. રથપર બેસી બન્ને જણા રણભૂમિ ઉપર સામસામા આવી ઊભા. પોતપોતાના સ્વામીનું પરાક્રમ જોવાની કુતૂહલવૃત્તિવાળા સૈન્યો થોડા દૂર ઊભા રહ્યા.

અશ્વગ્રીવે ત્રિપૃષ્ઠને કહ્યું : "શું રોગ અને વૃદ્ધાવસ્થાથી બળહીન થયેલ સિંહને તેં મારી નાખ્યો, એટલે તું તારા બળનો મદ દેખાડવા માંગે છે? શું હું એ સિંહને પ્રથમથી જ મારવા સમર્થ ન હતો? ના, એક મૃગલાને સિંહ મારી નાખે, એ અપયશરુપ ગણાય. એટલે જ મેં આ દયાપાત્ર સિંહને માર્યો નહોતો. તું તો હજી દૂધ પીતા બાળક સમાન છે, વિવેકહીન છે. હાં, પણ જેનો મૃત્યુકાળ જ્યારે નજીક આવ્યો હોય, ત્યારે યમરાજા પોતે એને લપડાક નથી મારતો; પણ એને દુર્બુદ્ધિ આપીને બીજા પાસે મરાવે છે. શા માટે તું તારો જાતે જ વિનાશ નોતરે છે?"

આ સાંભળી ત્રિપૃષ્ઠકુમાર બોલ્યો : "તારો જ કાળ હવે નજીક આવી ગયો હોવાથી આવા નિર્લજ્જ અને દુર્વચનો તું બોલી રહ્યો છે. જેનું શૌર્ય વખણાઈ રહ્યું છે, તેની પ્રશંસા કરવાને બદલે હજી તું તારા પોતાનાં જ વખાણ કર્યા કરે છે?"

એટલે ફરીથી અશ્વગ્રીવ બોલ્યો : "તું હજી બાળક છે. પ્રથમ પ્રહાર હું કરું એ ઉચિત ન ગણાય. તું જ પ્રથમ પ્રહાર કર."

ત્રિપૃષ્ઠકુમારે "સાવધાન થઈ જા" એમ કહીને બાણોનો વરસાદ શરૂ કર્યો.

અશ્વગ્રીવ પણ ધનુર્વેદની કુશળતાથી એ બાણોને અધવચ્ચે અટકાવી દેતો. અશ્વગ્રીવના જે કોઈ શસ્ત્રો કુમાર તરફ ફેંકાતાં તેનો પ્રતિઘાત ત્રિપૃષ્ઠ કરતો. સામસામા શસ્ત્રપ્રહારના કારણે ધરતી પણ ધ્રૂજવા લાગી.

સતત ચાલી રહેલ શસ્ત્રપ્રહારના કારણે અશ્વગ્રીવના બધાંય શસ્ત્રો હવે ખલાસ થયાં. કિંકર્તવ્યમૂઢ બનેલું અશ્વગ્રીવનું મન ખેદથી વ્યાકુળ બની ગયું. સંકટમાંથી માર્ગ કાઢવા ચક્રનું સ્મરણ કર્યું અને યમરાજાની

આંખો સમાન અગ્નિ વરસાવતું ચક્રરત્ન તરત જ અશ્વગ્રીવના હાથમાં ઉપસ્થિત થયું. એણે વળતી જ પળે ત્રિપૃષ્ઠના વધ નિમિત્તે આ ચક્રને છોડયું. ત્રિપૃષ્ઠના મસ્તક ઉપર એનો ઘાત થતાં જ તે મૂર્છા પામ્યો, આંખ મીંચાઈ ગઈ અને તે જમીન ઉપર ઢળી પડયો.

આ દૃશ્ય જોઈ અશ્વગ્રીવની સેનાએ જાણે પોતાનો જય થઈ ગયો છે, એમ સમજી કોલાહલ કરી મૂકયો.

વિશિષ્ટ પુણ્યબળના પ્રભાવે ક્ષણવારમાં જ ત્રિપૃષ્ઠકુમારની મૂર્છા ઉતરી ગઈ. તે બેઠો થયો અને બોલ્યો :

"અરે ! અશ્વગ્રીવ ! હવે હમણાં જ તું મૂઓ સમજજે."

એમ કહીને ત્રિપૃષ્ઠે અશ્વગ્રીવનું જ ચક્રરત્ન એની ઉપર છોડયું. અશ્વગ્રીવનું મસ્તક છેદીને એ ચક્રરત્ન ત્રિપૃષ્ઠના હાથમાં આવી ઉપસ્થિત થયું.

આ અવસરે આકાશમાં હાજર રહેલા દેવો અને અસુરોએ હર્ષ પામી સુગંધી પુષ્પવૃષ્ટિ કરી. "જય-જય" શબ્દોથી ત્રિપૃષ્ઠકુમારને વધાવી લીધો. પછી હાજર રહેલ જનસમુદાયને ઊંચે અવાજે સંબોધીને કહ્યું :

"આ કુમાર આ ભરતક્ષેત્રમાં પૂર્વ ભવના પુણ્યે સૌથી બળવાન પ્રથમ વાસુદેવ છે. સૌ આદરપૂર્વક એને પ્રણામ કરો અને એનો વિનય કરો."

હાજર રહેલા સર્વ રાજાઓએ **ત્રિપૃષ્ઠવાસુદેવ**ને પ્રણામ કર્યા અને સદાકાળ એની આજ્ઞામાં રહેવાનું કબુલ કર્યું.

અશ્વગ્રીવના મૃત્યુસમાચાર સાંભળતાં જ અંતઃપુરની રાજરમણીઓ છાતીફાટ રુદન કરતી રણાંગણ ઉપર આવી ઊભી. પછી સેવક પરિજનોએ અગ્નિસંસ્કાર વિધિ કરી. એટલામાં સૂર્ય અસ્ત પામ્યો.

પ્રભાત થતાં ત્રિપૃષ્ઠે પોતાના સેવકોને બોલાવી આજ્ઞા કરી : "તમે રણભૂમિમાં જાય, ઘાયલ સૈનિકોની તપાસ કરી ઔષધાદિથી સેવા કરો."

ત્રિપૃષ્ઠ કુમાર દેવો વડે "**વાસુદેવ**" તરીકે જાહેર થયો, એટલે એ સમસ્ત રાજાઓ સહિત પોતનપુરમાં આવ્યો; નગરજનોએ આનંદ અને ઉત્સવપૂર્વક ઉચિત રીતે ભવ્ય સ્વાગત કરી, તેનો નગરપ્રવેશ કરાવ્યો.

થોડોકાળ નગરમાં રહી, **ચક્ર, છત્ર, ધનુષ્ય, મણિ, માળા, ગદા** અને **શંખ**—આ સાત રત્નો સહિત સૈન્ય લઈ દિગ્વિજય કરવા ત્રિપૃષ્ઠ વાસુદેવ નીકળ્યો.

પ્રથમ ભરતાર્ધક્ષેત્ર સાધ્યું, પૂર્વે ન નમેલા રાજાઓને નમાવ્યા. અનેક કિંમતી ભેટો સ્વીકારતો, હજારો મંડલેશ્વર રાજાઓથી અનુસરાતો એ **અંગ, વંગ, કલિંગ** આદિ દેશોમાં રાજાઓને સ્થાપી **મગધ** દેશમાં આવી પહોંચ્યો. ત્યાં કોટિ પુરુષો ન ઉપાડી શકે, એવી એક મહાશિલા જોઈ. પોતાના ભુજાબળના ગર્વથી તે શિલાને ડાબા હાથ વડે ઊંચે ઉપાડી, છત્રની જેમ પોતાના માથા ઉપર ધારણ કરી. રાજાઓ તેનું આવું અતુલ બળ જોઈ વિસ્મય પામ્યા. સહુ નગરજનોએ હર્ષપૂર્વક જયનાદ કરી વાસુદેવને વધાવી લીધો. આગળ ચાલતાં એણે દંડકારણ્યની ભૂમિમાં પ્રવેશ કર્યો. થોડા દહાડા ત્યાં રહ્યો.

એકદા જ્યારે સેવકો ગાઢ નિદ્રામાં હતા, ત્યારે વાસુદેવ વેશ પરિવર્તન કરી, પોતાના પરિવારમાં કોણ કોણ અનુકૂળ છે? અને પ્રતિકૂળ છે? એની તપાસ કરવા નીકળ્યો. વનમાં આવતાં જ કોઈ દુઃખી માણસનો આર્ત્તનાદ સંભળાયો. પોતાની છાતી ઉપર રહેલ કૌસ્તુભ મણિના કિરણ વડે અંધકારનો નાશ થતાં, વૃક્ષ સાથે ગાઢ બંધનથી બંધાયેલા એક પુરુષને જોયો. કોણે આવી સ્થિતિમાં મૂક્યો ? એની પૃચ્છા કરી. પોતાના ચક્ર વડે બંધ કાપી નાખ્યાં. સ્વસ્થ થતાં તે પુરુષ કહેવા લાગ્યો : "હે કૃપાળુ ! હું **રત્નશેખર વિદ્યાધર** છું. સિંહલરાજાની **વિજયવતી** નામે રુપ–ગુણ–લાવણ્ય આદિ ગુણોથી સંપન્ન પુત્રીને પરણવા નીકળ્યો હતો. એટલામાં **વાયુવેગ** નામના મારા શત્રુ વિદ્યાધરે મારું સર્વસ્વ લૂંટી લઈ, ગાઢ રીતે બંધનમાં નાખી, હું દુઃખથી મરણ પામું એ હેતુવડે મારી આ સ્થિતિ કરી મૂકી છે."

ત્રિપૃષ્ઠે પૂછયું : "તું વિદ્યાધર થઈ ભૂમિચારીની કન્યા પરણવા શા માટે ઇચ્છે છે?"

રત્નશેખર બોલ્યો : "હે મહાભાગ ! તેનું રૂપ કોઇ અપૂર્વ છે, લાવણ્ય પણ અસાધારણ છે."

આ સાંભળી ત્રિપૃષ્ઠને વિજયવતી સાથે લગ્ન કરવવાની ઇચ્છા થઈ. આથી તેણે વિદ્યાધરને કહ્યું : "અહો ! તું પરણીશ તોપણ તારો વૈરી એનું હરણ કરશે. તો નિરર્થક પરણવાથી શું ?"

વિદ્યાધરે કહ્યું : "હું તો એની આશા મૂકી દઉં છું. તમારી શક્તિ હોય તો તમે એને પરણો" આમ કહી ત્રિપૃષ્ઠને પ્રણામ કરી વિદ્યાધર પોતાના સ્થાને ગયો.

સિંહલેશ્વરને સમજાવી એની પુત્રી વિજયવતીને ત્રિપૃષ્ઠ પરણ્યો. પછી તે પોતાના નગરમાં આવ્યો. ત્યાં તેનો મહા રાજ્યાભિષેક કરવામાં આવ્યો. કુલ ૩૨ હજાર કન્યાઓ તે પરણ્યો. અને સંગીતમય વાતાવરણમાં પાંચેય ઇંદ્રિયોના વિષયભોગો ભોગવવામાં વાસુદેવનો જીવનકાળ પસાર થવા માંડયો.

એકદા અગિયારમા તીર્થપતિ શ્રી શ્રેયાંસનાથ ભગવાન પોતનપુર પધાર્યા. દેવતાઓએ ત્રણ ગઢયુક્ત વિશાળ મણિમય સિંહાસનથી શોભતું સમવસરણ રચ્યું. સેવકોએ વાસુદેવને વધામણી આપી. અતિ હર્ષ વડે રોમાંચિત થયેલ વાસુદેવે એમને સાડા બાર કોટિ સુવર્ણ પ્રીતિદાનમાં અપાવ્યું પછી તે પ્રભુને વંદન કરવા ચાલ્યો.

છત્ર આદિ ભગવાનના અતિશય નજરે પડતાં જ પોતાના બધા રાજચિન્હો તજી, દૂરથી જ પગે ચાલી, ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વાસુદેવે વંદન કર્યું. પછી પ્રભુની ભાવપૂર્ણ સ્તુતિ કરી, ઉચિત સ્થાને બેસી પ્રભુની ધર્મદેશના સાંભળવા લાગ્યો.

"હે દેવાનુપ્રિય ભવ્યો ! સંસાર રુપી ભયંકર અટવીમાં લાંબી રખડપટ્ટી કરતાં કરતાં તમે દુર્લભ મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યો છે. ઉત્તમ

આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, સુંદર આરોગ્ય અને શુદ્ધ બુદ્ધિ રુપ સામગ્રી પ્રાપ્ત થઈ છે. સંસારનાં સુખ તથા પદાર્થો તુચ્છ અને ક્ષણમાં નષ્ટ થવાના સ્વભાવવાળા છે. માટે પાપ મિત્રોનો સંગ છોડી, ધર્મમાં અનુરક્ત બનો. સૌ પ્રાણીઓને પોતાના સમાન ગણી એની રક્ષા કરો. કષાય–વિષયોના સંગથી દૂર રહો. વારંવાર જન્મ–મરણના દુઃખોમાંથી બચવા સમ્યગ્–જ્ઞાન અને ચારિત્ર ધારણ કરો, આત્મપ્રશંસા અને પરનિંદા ત્યાગો. ગુણાનુરાગી બની ગુણોનો સંગ્રહ કરો. તૃષ્ણાનો ત્યાગ કરી, સંતોષ ધારણ કરો. મિથ્યાત્વ અને અવિરતિનો ત્યાગ કરી જરાપણ પ્રમાદ કર્યા વગર વિશુદ્ધ દાન, શીલ, તપ અને ભાવના રુપ જિન ધર્મની આરાધનામાં નિરંતર ઉદ્યમી બનો. શાશ્વત્ સુખના સ્થાન મોક્ષની પ્રાપ્તિ માટે એક માત્ર શુદ્ધ ધર્મ જ ઉત્તમ રસાયણ સમાન છે."

અમૃતથી પણ અધિક આનંદ આપનાર શ્રી શ્રેયાંસનાથ પ્રભુની કલ્યાણકારી દેશના સાંભળી ઘણા લોકોના સંશયો દૂર થયા. પોતાની યોગ્યતા મુજબ શ્રોતાઓએ સર્વવિરતિ, દેશવિરતિ અને સમક્તિ પ્રાપ્ત કર્યાં. અચલે અને ત્રિપૃષ્ઠે અતિ પ્રમોદ ભાવથી સમક્તિ રત્ન ગ્રહણ કર્યું. પહેલો પહોર પૂર્ણ થતાં પ્રભુની દેશના પૂરી થઈ, પછી પ્રભુને વંદન કરી, તેઓ પોતાના આવાસે આવ્યા. ભગવંતે અન્યત્ર વિહાર કર્યો.

એકદા વાસુદેવની સભામાં કિન્નરોના કંઠથી પણ અધિક મધુર કંઠવાળા ગાયકો આવ્યા. મનુષ્ય ઉપરાંત તિર્યંચો પણ એમના ગીત-શ્રવણથી પોતાનાં ભોજન આદિ વ્યાપારને પણ ભૂલી જઈ લયલીન બની જતા. વાસુદેવના એ પરમ કૃપાપાત્ર બની ગયા અને સદા કાળ એમની પાસે જ રહેવા માંડયા.

એક વખત સુખશય્યામાં બેસી વાસુદેવ એમનું સંગીત સાંભળતા હતા. નિદ્રા સમયે શય્યાપાલકને આજ્ઞા કરી: "હે ભદ્ર! જ્યારે મને નિદ્રા આવી જાય, ત્યારે આ ગવૈયાઓને વિસર્જન કરજે."

રાજાને નિદ્રા આવી ગઈ, પણ સંગીતમાં લુબ્ધ બનેલ શય્યાપાલક સ્વામીની આજ્ઞા ભૂલી ગયો. સંગીત ચાલુ જ રહ્યું. પાછલી રાતે રાજા જાગ્યો. શય્યાપાલક પ્રત્યે ગાઢ કોપ ઉત્પન્ન થતાં બોલ્યો :

"મારી આજ્ઞા કરતાં પણ સંગીત તને વધુ પ્રિય છે, એમ ?"

"હે દેવ! સંગીત મધુર લાગવાથી મેં એમને અટકાવ્યા નહીં." શય્યાપાલકે જવાબ આપ્યો.

મહા પ્રયત્ને ક્રોધના પ્રકોપને દબાવી વાસુદેવ તે વેળા મૌન રહ્યા. પ્રભાતનાં કાર્યો પતાવી વાસુદેવ રાજસભામાં આવ્યા. રાત્રિનો પ્રસંગ યાદ આવતાં જ પોતાની આજ્ઞાનો ભંગ કરનારને કેવી આકરી શિક્ષા ભોગવવી પડે છે, તેનો દાખલો બેસાડવા પોતાના સેવકોને આજ્ઞા કરી :

"શય્યાપાલકને બોલાવો. એના કાનને મારી આજ્ઞા કરતાં પણ સંગીત વધુ પ્રિય છે, માટે ગરમાગરમ સીસાનો રસ એના કાનમાં રેડો."


ધગધગતો સીસાનો રસ સેવકોએ શય્યાપાલકના કાનમાં રેડ્યો. મહા વેદના થતાં તે તરત મરણ પામ્યો.

કાળ પસાર થવા માંડ્યો. સિંહલેશ્વરની પુત્રી વિજયવતી વાસુદેવ તરફથી વારંવાર અપમાનિત થઈ, લાંબો સમય દુઃખ ભોગવી મરણ પામી તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થઈ.

સંસારના વિવિધ સુખો ભોગવતા, રાજ્ય પ્રત્યે મૂર્છા વધારતા પ્રાણાતિપાત આદિ ક્રિયાઓ તેમજ મહા આરંભ અને મહા પરિગ્રહ યુક્ત અતિક્રૂર અધ્યવસાયોના પરિણામે ત્રિપૃષ્ઠે સમ્યક્ત્વ રત્ન ખોઈ નાખ્યું અને ૮૪ લાખ વરસનું આયુષ્ય ભોગવી સાતમી નરકે ગયો.

બલદેવ-અચલકુમારે ગાઢ શોકાતુર બની વાસુદેવની ઉત્તર ક્રિયા કરી. હવે એને સંસારના પદાર્થોમાં ક્યાંય પણ રસ ન રહ્યો. સંસારની અસારતાનું ભાન થયું. કારાગાર અથવા સ્મશાન જેવા ભાસતા રાજ્યભવનમાં સ્વજનો અને રમણીઓના આગ્રહથી થોડા દહાડા રહ્યો, પણ મનમાં તો શ્રી શ્રેયાંસનાથ ભગવાને કહેલ ધર્મ-વચનોનું નિરંતર ચિંતવન કરતો હતો. સંસારને શત્રુભવનની જેમ ત્યાગ કરવાની ભાવના રાખવા લાગ્યો.

વાસુદેવ સંગીતના અવાજથી કુપિત થયા. આજ્ઞાભંગ કરનારા શૈય્યાપાલકના કાનમાં ગરમ સીસું રેડાવ્યું ત્યાંથી ૭મી નરકમાં, પછી સિંહનો ભવ



એકદા શ્રી ધર્મઘોષ આચાર્ય પાસે જઈ પરમ ભક્તિથી વંદન કરી અચલકુમાર ધર્મદેશના સાંભળવા બેઠો :

“ આ સંસારમાં ઘડીકમાં સંયોગ અને ઘડીકમાં વિયોગ થાય છે. ક્ષણેક્ષણે સુખ અને દુઃખના તડકાછાયાનો અનુભવ થાય છે, આ સંસારની નાટકશાળામાં સંસારી જીવો રુપી નટલોકોના વારંવાર બદલાતા સંબંધો, રુપ અને રંગ જોઈને કયો વિવેકી આત્મા પરમ સુખના કારણ રુપ શ્રી જિનધર્મ સાધવામાં પ્રમાદ કરે ? જેનો જન્મ થયો, તેનું મરણ અનિવાર્ય છે. આપણા પોતાના જ ઉપર તોળાઈ રહેલ મૃત્યુના ભયને આપણે દૂર કરી શકયા નથી, તો સ્વજનના મૃત્યુથી શો શોક કરવો ? સત્પુરુષો આવા શોકપ્રસંગોમાં પોતાની મતિ સ્થિર કરી, શોક તજીને ધર્મમાં વિશેષ ઉદ્યમી બને છે રાજ્ય, સ્વજનો ઇત્યાદિનો મોહ દૂર કરી નિરવદ્ય ચારિત્ર ધારણ કરીને આત્મકલ્યાણ સાધે છે. ”

પરમ કૃપાળુ આચાર્યદેવની પરમ હિતકારી ધર્મદેશના સાંભળી બલદેવ અચલનો શોક દૂર થયો. તેમણે ચારિત્ર ગ્રહણ કર્યું. અને સુંદર ચારિત્રજીવનની આરાધના વડે સકળ કર્મો ખપાવી મોક્ષે ગયા.

## ઓગણીસમો ભવ — સાતમી નરક — ચિત્રપટ-૧૭


ત્રિપૃષ્ઠ વાસુદેવના જીવે **તમસ્તમા** નામની સાતમી નરકમાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં ઉત્પન્ન થઈ ૩૩ સાગરોપમ કાળ પર્યંત દુઃખ ભોગવ્યું.

## વીસમો ભવ — સિંહ — ચિત્રપટ-૧૭

સાતમી નરકમાંથી ત્રિપૃષ્ઠ વાસુદેવનો જીવ ચ્યવીને એક પર્વતની ગુફામાં સિંહપણે ઉત્પન્ન થયો. જાતિસ્વભાવને કારણે પ્રાણીઓની હિંસા કરવામાં જ આયુષ્ય પૂર્ણ કરી પુનઃ ચોથી નરકમાં ઉત્પન્ન થયો.

## એકવીસમો ભવ — ચોથી નરક — ચિત્રપટ-૧૮

સિંહનો જીવ **પંકપ્રભા** નામે ચોથી નરકમાં દશ સાગરોપમ વર્ષ આયુષ્યવાળો નારક થયો. ત્યાં છેદન, ભેદન, તાડન ઇત્યાદિ નરકની તીવ્ર દારુણ વેદનાઓ ભોગવવી પડી.




સિંહે બાંધેલા અશુભ કર્મના યોગે ૪થી નરકમાં ભિષણ દારૂણ વેદના સહે છે. રથપુરે વિમલકુમાર રાજા પ્રભુભક્તિ દયાદાન-પરોપકાર કરી દીક્ષા લે છે.

બાવીસમો ભવ

# મનુષ્ય ભવ

ચિત્રપટ-૧૮

શ્રી મહાવીર પ્રભુના આત્માએ સિંહનો ભવ કર્યા પછી ચોથી નરકનું આયુષ્ય પૂર્ણ કરીને, લાંબા સમય પર્યંત વિવિધ તિર્યંચ યોનીઓમાં અનેક ભવો કર્યા. ત્યાં કર્મની અકામ નિર્જરા કરી. પરંતુ આ ભવો ભગવાનના સ્થૂલ ૨૭ ભવોની ગણતરીમાં લેખાયા નથી. અકામ નિર્જરા અને શુભ પરિણામના યોગે તેમનો આત્મા બાવીસમા ભવે મનુષ્યપણું પામ્યો.

પ્રભુના બાવીસમા ભવને વિશે બે પ્રકારના ઉલ્લેખો વાંચવા મળે છે. એક ઉલ્લેખ પ્રમાણે અનામી મનુષ્યભવ કર્યો છે, જ્યાં તેમણે સુંદર ધાર્મિક જીવન જીવતાં, છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપ આચરણ કરી, શુભ કર્મ ઉપાર્જન કર્યું. એના ફળરૂપે ચક્રવર્ત્તીપણું તથા સંયમપ્રાપ્તિ સુલભ બન્યા.

બીજા ઉલ્લેખ મુજબ બાવીસમો ભવ **વિમલ રાજકુમાર** તરીકે કર્યો છે, એમ વાંચવા મળે છે.

**રથપુર** નામે નગરના ધર્મપરાયણ **પ્રિયમિત્ર** રાજાની પ્રતિવ્રતા **વિમલારાણી**ની કૂખે પ્રભુનો આત્મા **વિમલ** નામે રાજકુમાર તરીકે જન્મ પામ્યો. યોગ્ય વયે રાજકળાઓનો અભ્યાસ કર્યો અને યૌવનવય પ્રાપ્ત થતાં એનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

વિમલરાજા દયાળુ, ન્યાયપરાયણ અને ભદ્રિક પરિણામી હતો, કોઈપણ દુઃખી જીવને જોતાં જ એનું હૈયું અતિ કરુણાભાવથી છલકાઈ જતું અને એનું દુઃખ દૂર કરવા તે સદા તત્પર રહેતો.

એકદા વિમલરાજા એક અટવીમાંથી પસાર થતો હતો, ત્યારે એક શિકારીને નિર્દોષ હરણીઆને પકડતો જોયો. આ દશ્યથી એનું હૈયું અત્યંત દયાર્દ્ર બની ગયું. શિકારીએ પકડેલા હરણીઆઓને છોડાવ્યા અને એમને અભયદાન આપ્યું. સદ્‌ગુરુનો યોગ થતાં ધર્મદેશના સાંભળી એનું મન વૈરાગ્યભાવથી રંગાઈ ગયું. ઉત્તમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ અને સંયમ ગ્રહણ કર્યું. સુંદર રીતે ચારિત્રની આરાધના કરી સમાધિ-મરણ પામ્યા.

| ત્રેવીસમો ભવ | પ્રિયમિત્ર ચક્રવર્તી | ચિત્રપટ-૧૯ |
|---|---|---|

મહાવિદેહ ક્ષેત્રની રાજધાની **મૂકાનગરી**ના રાજા **ધનંજયની** પટ્ટરાણી **ધારિણી**ની કૂખે ભગવાનનો જીવ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત પુત્રપણે ઉત્પન્ન થયો.

શાસ્ત્રવર્ણન મુજબ તીર્થંકરપ્રભુની માતા હાથી, વૃષભ, કેસરી-સિંહ, લક્ષ્મી આદિ ચૌદ મહાસ્વપ્નો જુએ છે–તે અત્યંત તેજસ્વી અને વિશિષ્ટ પ્રકારની કાંતિવાળા હોય છે. જ્યારે ચક્રવર્તીની માતા એ જ ચૌદ મહા સ્વપ્નો દેખે છે, પણ એ કંઈક ઝાંખાં હોય છે.

રાણી ધારિણી આ સ્વપ્નદર્શનથી ખૂબ જ હર્ષ પામ્યાં. રાજા ધનંજય પાસે આવી જોયેલાં સ્વપ્નનો વૃત્તાંત કહ્યો : "કોઈ ચક્રવર્ત્તી થાય એવા પુત્રરત્નને તમે જન્મ આપશો." એવું સ્વપ્નફળ રાજાએ જણાવ્યું. રાણીએ પોતાના શયનખંડમાં જઈ શેષ રાત્રિ ધર્મજાગરિકામાં પસાર કરી.

ગર્ભકાળ પૂર્ણ થતાં પુત્રરત્નનો જન્મ થયો. એનું નામ **પ્રિયમિત્ર** રાખ્યું. બાલ્યકાળમાં જ રાજકુમાર યોગ્ય વિદ્યા અને કળામાં કુશળ બન્યો. યૌવનવય પ્રાપ્ત થતાં ઉત્તમ રાજકુળની કન્યાઓ તેને પરણાવી. શુભ મુહૂર્તે એનો રાજ્યાભિષેક કર્યો. ધનંજય–રાજા ધારિણી–રાણી સાથે દીક્ષા લઈ ચારિત્રજીવનની સુંદર આરાધના કરવા લાગ્યા.

રાજા પ્રિયમિત્ર નીતિ અને ધર્મમય જીવન જીવતો હોવાથી અને ન્યાયવડે પ્રજાનું સારી રીતે પાલન કરતો હોવાથી સર્વત્ર સુખ અને શાંતિ પ્રવર્તતી હતી.

કાળક્રમે પ્રિયમિત્ર રાજાને ત્યાં **સેનાપતિ, ગાથાપતિ, પુરોહિત, અશ્વવાર્ધકિ, ગજ, સ્ત્રી, ચક્ર, છત્ર, ચર્મ, મણિ, કાકિણી, ખડ્ગ** અને **દંડ** એમ **ચૌદ રત્નો** ઉત્પન્ન થયાં.

હવે રાજાઓના પરિવાર સાથે, ચક્રરત્નના માર્ગને અનુસરતો પ્રિયમિત્ર વિજયયાત્રા કરવા માગધતીર્થ તરફ ચાલ્યો. તે તીર્થની નજીકના પ્રદેશમાં સૈન્યનો પડાવ નાખી તેણે અટ્ઠમ તપ કર્યો. માગધતીર્થના અધિપતિ દેવને સાધવા તેણે બાણ છોડ્યું. બાર યોજન દૂર, સભામાં બેઠેલા માગધદેવની આગળ તે પડ્યું. માગધપતિએ બાણ ઉપર ચક્રવર્ત્તીનું નામ વાંચી, મહા કિંમતી મણિ, રત્ન, આભરણ અને ચક્રવર્ત્તીનું બાણ લઈ પ્રિયમિત્ર રાજા પાસે આવી અંજલિપૂર્વક વિજયથી વધાવીને કહ્યું :

"હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ, માટે આ પ્રીતિદાન સ્વીકારો.'

ચક્રવર્ત્તી પણ તેનો સત્કાર, સન્માન કરી પાછો પોતાના સૈન્યમાં આવ્યો. ત્યારપછી આવી જ વિધિથી ક્રમશઃ વરદામતીર્થ, પ્રભાસતીર્થ,

સિંધુદેવી અને વૈતાઢ્ય ગિરિના દેવને સાધી લીધા. ગંગા નદીના મુખ પાસે આવ્યા ત્યારે એમને **નવ નિધાન** પ્રાપ્ત થયાં :–

**નૈસર્પ, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક** અને **શંખ** નામનાં એ નિધાનો હતાં.

રાજાએ અટ્ટમ તપની આરાધના કરી, આ નવનિધાનો ગ્રહણ કર્યાં. આ નિધાનો મનોવાંછિતના પૂરનારા હોવાથી મહાપુણ્ય પ્રાપ્ત થાય છે. અલૌકિક અને અચિંત્ય પ્રભાવવાળા આ નવ નિધાનો વજ્રની પેટીમાં રાખવામાં આવે છે. રાજા પ્રિયમિત્રે અઠ્ઠાઇ મહોત્સવ કરાવ્યો.


આ રીતે પ્રિયમિત્રે છ ખંડ સાધી લીધા. બધાય શત્રુઓને પરાજિત કરી, પોતાની આજ્ઞામાં લઈ લીધા. ૩૨ હજાર રાજાઓ સાથે મૂકા નગરીમાં આવ્યો. રાજાઓએ પ્રિયમિત્રનો મહારાજ્યાભિષેક કર્યો.

એકદા સંધ્યાકાળે રાજ્યમહેલની અગાશીમાં ઊભા ઊભા મનની પ્રસન્નતાપૂર્વક પ્રિયમિત્ર આકાશ તરફ દૃષ્ટિ માંડી, ચોતરફ કુદરતી સૌંદર્ય જોવામાં લીન બની ગયા.તેવામાં એકાએક આકાશમાં પ્રગટ થયેલ એક નાનકડું શ્યામ રંગનું વાદળ નજરે પડ્યું. વીજળીના ચમકારાથી તે ભયાનક લાગતું હતું, પણ ઇંદ્રધનુષ્યની હાજરીમાં તો તે રમણીય અને શોભાયુક્ત જણાતું હતું. મંદમંદ વરસતી જળધારા અને વાદળના ગર્જારવના કારણે મોરલાઓ નૃત્ય કરતા હતા.

આંખોને આનંદ તથા મનને પ્રમોદ પમાડે એવું અદ્ભુત આ દૃશ્ય હતું. ત્યાં તો પ્રચંડ પવનનો એક સપાટો લાગતાં જ આ સુંદર દૃશ્ય એકાએક નષ્ટ થઈ ગયું. એટલે પ્રિયમિત્ર ચિંતવવા લાગ્યા :

"અહો ! વસ્તુની પરિણતિ કેવી વિચિત્ર જણાય છે! એક ઘડીમાં ઉત્પન્ન થયેલ આવું આનંદદાયક મનોહર વાદળ એકાએક આવી રીતે નષ્ટ થઈ ગયું ! ખરેખર ! સંસારના સર્વ પદાર્થો પણ આ પ્રકારે જ નાશવંત સ્વભાવવાળા જણાય છે! સ્નાન, વિલેપન, સુંદર અલંકારો તથા વસ્ત્રો વડે શોભતી આ કાયામાં પણ એકાએક વિવિધ પ્રકારના રોગો

પ્રિયમિત્ર ચક્રવર્તી આકાશમાં વાદળની ક્ષણ ભંગુરતા જોઈ વૈરાગ્ય, દીક્ષાનો વરઘોડો, ન દીક્ષા અંગિકાર.



આક્રમણ કરી પળવારમાં જ કાયાનો વિનાશ કરી મૂકે છે! સ્વાર્થ હોય ત્યાંસુધી મીઠા સંબંધ જાળવનાર સ્વજનો અને સ્નેહીઓ પણ સ્વાર્થ પતી ગયા પછી પોતાનો સંબંધ એકાએક તોડી, ત્યાગ અને તિરસ્કાર નથી કરતાં શું? જેને પ્રાપ્ત કરવા લોકો આદર અને આનંદપૂર્વક સતત અને સખત પરિશ્રમ કર્યા કરે છે, એવી લક્ષ્મી શું એક જ ક્ષણમાં નષ્ટ નથી થતી? માટે અહો! આ અસાર સંસારને જ ધિક્કાર છે, જ્યાં સાક્ષાત્ કોઈ વસ્તુ જ શાશ્વત્ નથી!"

આ પ્રમાણે **અનિત્ય-ભાવના** ભાવતાં ભાવતાં પ્રિયમિત્ર રાજાને સંસારના સર્વ પદાર્થો પ્રત્યે તીવ્ર વૈરાગ્ય પ્રગટ થયો અને શીઘ્ર ધર્મ-સાધના કરી આત્મકલ્યાણ સાધી લેવાની તાલાવેલી જાગી.

રાત્રિનો સમગ્ર સમય રાજાએ આત્મચિંતનમાં પસાર કર્યો. પ્રભાત થતાં, પ્રાતઃકાર્યો પતાવીને રાજા સિંહાસન ઉપર બેઠા, એવામાં જ ઉદ્યાન-પાલકોએ રાજાને પ્રણામ કરી વધામણી આપીઃ

"હે દેવ! ભગવંત **શ્રી પોટ્ટિલાચાર્ય** બહુ શિષ્યોના પરિવાર સાથે આપના ઉદ્યાનમાં પધાર્યા છે!"

રાજાને અતિ આનંદ થયો. ઉદ્યાનપાલકોની ધારણા કરતાં અધિક દાન દેવડાવી એમને સંતુષ્ટ કર્યા.

રાજા હાથી ઉપર બેસી, સર્વપરિવાર સાથે આડંબરપૂર્વક ઉદ્યાનમાં પહોંચ્યા. વિનયપૂર્વક આચાર્યમહારાજને વંદન કરી, આગલા દિવસે જોયેલ વાદળના વિચિત્ર સ્વરૂપનું વર્ણન કર્યું અને પોતાના મનના પરિણામ જણાવી, સુધર્મ સાધવાની ભાવના પ્રગટ કરી. એટલે ગુરુદેવ બોલ્યા :

"હે મહાનુભાવ! આવી ઉત્તમ ભાવના તને ઉત્પન્ન થઈ છે, તે જ સૂચવે છે કે-મોક્ષલક્ષ્મી હવે તારા હાથમાં જ છેઃ પુરુષો ત્રણ પ્રકારના હોય છે: ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ! ઉત્તમ-પુરુષો પોતાની મતિથી સંસારની ક્ષણભંગુરતા સમજી સંસારનો ત્યાગ કરે છે અને

પરલોકમાં હિતકારી બને એવી પ્રવ્રજ્યા (દીક્ષા) ગ્રહણ કરે છે. મધ્યમ પુરુષો મોટા રોગની પીડા ભોગવતાં કે ભારે વિયોગ દુઃખ જોઈ, મહા કષ્ટે શ્રી જિનધર્મમાં જોડાય છે. જ્યારે કનિષ્ઠ-પુરુષો તો વિવિધ દુઃખો આપદાઓ ભોગવવા છતાં કોઈપણ રીતે મુક્તિમાર્ગમાં જોડતા જ નથી. એમને ધર્મ આદરવાનું તો દૂર રહો, જિનધર્મમાં શ્રદ્ધા પણ થતી નથી. ઉત્તમ-પુરુષો ભવસ્વરૂપ બરોબર સારી રીતે જાણતા હોવાથી જેમ સ્વભાવથી જ ધર્મના અધિકારી હોય છે, તેમ મધ્યમ અને કનિષ્ટ પુરુષો ધર્મના અધિકારી થઈ શકતા નથી : હે મહાભાગ્યવાન્! ચિંતામણિ રત્ન સમાન શ્રી સર્વજ્ઞકથિત ધર્મ માટે તું યોગ્ય છે. અત્યારે જ તે આદરીને તારા જીવિતને સફળ કર. આયુષ્ય જળબિંદુની જેમ ચંચળ છે. સ્વજનોનો પ્રેમ ઇંદ્રધનુષ્યની જેમ અસ્થિર છે, શરીરનું લાવણ્ય પણ હાથીના કાન સમાન ચપળ છે. યૌવન તો પવનની એક જ લહેર વડે ડાળી પરથી ખરી પડે, તેવા પાકેલા પીળા પાંદડા જેવું છે. મહા મહેનત વડે પ્રાપ્ત કરેલ સુંદર લાગતું ધન પણ ક્ષણભંગુર તથા અનેક પ્રકારની આપદાઓ ઊભી કરવામાં નિમિત્તરૂપ જ છે. વિવેક ધારણ કરનાર પુરુષને તો આ સંસારનું કોઈ એક પણ નિમિત્ત મોટા વૈરાગ્યનું કારણ બની શકે છે. તો પછી બધીય બાબતો માટે કહેવું જ શું? વૈરાગ્યના કારણ સમાન આવા પદાર્થો નિત્ય સાક્ષાત્ હાજર હાજર છે, છતાં પણ જીવો મોક્ષમાર્ગમાં જોડાવાનો પ્રયત્ન પણ નથી કરતા; એ જ મોટામાં મોટું આશ્ચર્ય છે! વધારે તો શું કહેવું? તમે હવે ચારિત્રનો શીઘ્ર સ્વીકાર કરો, કારણ કે શુભ કાર્યમાં અનેક પ્રકારનાં વિઘ્નો ઉપસ્થિત થાય છે. હવે વિલંબ કરવો યોગ્ય નથી.”

ગુરુદેવની આવી હિતશિક્ષા સાંભળી પ્રિયમિત્ર ચક્રવર્તી ભાવપૂર્વક ગુરુચરણમાં પ્રણામ કરીને કહેવા લાગ્યા :

“હે ભગવન્! આપનું કથન યથાર્થ છે. મારી ભાવના સંયમ લેવાની છે.”

ગુરુદેવ બોલ્યા : “તમારા જેવા પરમાર્થને જાણનારા માટે એ જ ઉત્તમ માર્ગ છે.”

ગુરુદેવને વંદન કરી ચક્રવર્તી પોતાના સ્થાને ગયા. નગરજનો, મંત્રીઓ, સેનાપતિ વગેરે મુખ્ય પુરુષોને બોલાવી પોતાની સંયમભાવના જાહેર કરતાં કહ્યું :

"હે પ્રધાનપુરુષો! પૂર્વે મેં તમને મારી આજ્ઞામાં નિયુક્ત કર્યા, સેવાવિધિ કરાવી, અધિક કરગ્રહણ કરવાથી આપના મનને દુઃખ, સંતાપ આપ્યાં હોય, તે સર્વ બદલ હું આપ સહુ પાસે ક્ષમા યાચું છું."

સહુએ સાથે મળીને જવાબ આપ્યો : "હે દેવ! અમારાં હૈયાં વજ્ર સમાન પથ્થરના બનેલાં હોય એમ જણાય છે, જેના કારણે આપનાં આવાં વચનો સાંભળવા છતાં એ હૈયાં ભેદાતાં નથી. મા–બાપ તો પ્રથમ પરમ ઉપકારી થયાં, પણ ઉત્તરોત્તર ગુણમાં તો આપે જ અમારું ખરેખર પાલન–પોષણ કર્યું છે. આપની સેવાથી વંચિત રહી, અમે કૃતઘ્ન બનીને ઘરમાં રહીએ એ અમને લજ્જાસ્પદ લાગે છે. આપે જે રીતે અમારા અપરાધ સહન કર્યા, તે રીતે અન્ય કોણ સહન કરે? જેમ આ લોકમાં આપ અમારા શરણ છો, તે જ રીતે પરભવમાં પણ હે નાથ! આપ જ અમારા શરણ હો!"

આ સાંભળી રાજાએ જણાવ્યું : "જો એમ જ હોય તો તમે સૌ પોતપોતાના સ્થાને જઈ, પુત્રોને બધીય જવાબદારી સોંપી મુક્ત થાઓ અને શિબિકામાં બેસી મારી સાથે આવો."

ત્યારપછી રાજાએ પણ પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો. રાજ્ય સંચાલનની જવાબદારી કેમ સંભાળવી તે વિશે હિતશિક્ષા આપી, પછી અલંકાર અને સુંદર વસ્ત્રો ધારણ કરી પાલખીમાં બેઠા. ત્યારબાદ સંયમભાવનાવાળા સામંત આદિ સમૂહ સાથે અનેક વાજિંત્રોના મંગળમય મધુરા નાદવાળા વાતાવરણ વચ્ચે, વરસીદાન દેતાં દેતાં ઉદ્યાનમાં આવ્યા. સહુએ શિબિકામાંથી નીચે ઉતરી આચાર્ય મહારાજને ત્રણ પ્રદક્ષિણા દેવાપૂર્વક વંદન કર્યું, અલંકારોનો ત્યાગ કર્યો. ભાવપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. પ્રમાદ, ઉન્માદ અને માયા–પ્રપંચને તજી ગુરુઆજ્ઞાપાલનમાં સદા કાળ તત્પર રહી, જિનેશ્વરપ્રણિત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવા લાગ્યા.

બહુવિધ તપથી શરીરને ક્ષીણ કર્યું, નિર્મળ ગુણ સમૂહનો સંગ્રહ કરીને, કામક્રોધ પ્રમુખ આત્માના શત્રુઓને જીતવામાં પોતાનો સંપૂર્ણ પુરુષાર્થ લગાડી દીધો. પોતાના પ્રાણની જેમ સર્વ પ્રાણીઓની રક્ષા કરતાં કરતાં અને સતત સૂત્રાર્થનું ચિંતન કરતાં કરતાં સમતાપૂર્વક એક કરોડ વર્ષ પર્યંત સુંદર સંયમનું પાલન કરી પ્રિયમિત્ર-મુનિવર કાળધર્મ પામ્યા.

❋


## ચોવીસમો ભવ — શુક્ર દેવલોક — ચિત્રપટ-૨૪

પ્રિયમિત્ર મુનિનો જીવ આયુષ્ય પૂર્ણ કરીને સાતમા શુક્ર દેવલોકમાં ૧૭ સાગરોપમ આયુષ્યવાળો મહર્દ્ધિક વૈમાનિક દેવ થયો.

❋

## પચીસમો ભવ — નંદન રાજકુમાર — ચિત્રપટ-૨૧

દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, પ્રિયમિત્રનો જીવ, જંબૂદ્વીપના ભરતક્ષેત્રની પરમ શોભારુપ **છત્રા** નગરીના **જિતશત્રુ** રાજાની યથાર્થ નામગુણવાળી રાણી **ભદ્રા**ની કુક્ષીએ **નંદનકુમાર** નામે રાજપુત્ર તરીકે અવતર્યો.






પ્રિયમિત્ર મુનિ આરાધના કરી શુક્રદેવલોકમાં દેવ• નંદનમુનિ લાખવર્ષ તપકરી પ્રાણતદેવલોકે દેવ.

જિતશત્રુ રાજા ન્યાયપ્રિય, ધર્મપ્રિય, પરાક્રમી અને સમસ્ત જગતમાં વિસ્તૃત યશવાળો હતો.

નંદનકુમાર બીજના ચંદ્રની જેમ, શરીરમાં તથા રાજકુમારને યોગ્ય કળાઓમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પામવા લાગ્યો. યોગ્ય વય પ્રાપ્ત થતાં એનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

એકદા, બહાર ઉદ્યાનમાં શ્રી **પોટ્ટિલાચાર્ય** ગુરુદેવ પધાર્યા છે, એવા ખબર મળતાં જ પરમ હર્ષ પામી, પૂજ્ય આચાર્ય મહારાજના દર્શન, વંદન માટે નંદનરાજા ઉદ્યાનમાં પહોંચી ગયા. વિનયપૂર્વક વંદન કરી દેશના સાંભળવા યોગ્ય સ્થાને બેઠા :

"હે નરપતિ! અનંતકાળ નરકાદિ દુર્ગતિમાં વિવિધ પ્રકારના દુઃખો ભોગવી, અજ્ઞાન તપ અથવા અકામ નિર્જરાના યોગે જીવો ક્યારેક જ માનવભવ પ્રાપ્ત કરે છે, પણ મૂઢમતિવાળા જીવો વિષય-કષાયને આધીન બની, હિંસાદિ પાપકાર્યોમાં પ્રવૃત્ત બની, મહામૂલ્યવાન અને અતિદુર્લભ માનવભવ હારી જાય છે. જ્યારે વિવેકી સુજ્ઞ મનુષ્યો મનોવાંછિત ભોગોપભોગની સર્વસામગ્રી પામવા છતાં એમાં મૂઢ બનતા નથી. જિનધર્મની આરાધના કરી, સમ્યક્ત્વયુક્ત ચારિત્રજીવન વડે, પોતાનો મનુષ્યભવ સફળ કરી મોક્ષલક્ષ્મીના માલિક બની જાય છે. વિષય-કષાયો એ પાપમિત્રો સમાન દુઃખદાયક હોય છે, એક ક્ષણનો પણ એનો સંસર્ગ કે વિશ્વાસ કરવા જેવો નથી. જિનધર્મનો મહિમા અચિંત્ય છે. કર્મવૃક્ષને વિદારવામાં તે કુહાડા સમાન છે. હે રાજન્! તું પણ ધર્મમાં એવો સુંદર ઉદ્યમ કર કે જેથી અલ્પકાળમાં જ ઉત્તમ પુરુષોના એક દૃષ્ટાંતરુપ બની જાય!"

ભૂખ્યાને મિષ્ટાન્નની પ્રાપ્તિ થતાં, મહાસમુદ્રમાં ડૂબતા જીવને નૌકાનું શરણ પ્રાપ્ત થતાં, સૂર્યતાપમાં થાકેલ મુસાફરને વૃક્ષની શીતળ છાયા પ્રાપ્ત થતાં, જેવો પરમ આનંદનો અનુભવ થાય છે, તેવા

આનંદનો અનુભવ આ અમૃતસમાન મધુર અને હિતકારી ધર્મદેશના સાંભળતાં નંદનરાજાને હૈયે થયો.

રાજાએ શીઘ્ર ચારિત્ર ગ્રહણ કરવાની ઉત્કંઠા વ્યક્ત કરી, પછી પોતાના પુત્રને રાજ્યભાર સોંપી, દીક્ષા ગ્રહણ કરી; મન, વચન અને કાયાના યોગ વડે, જ્ઞાન, ધ્યાન, તપ સહિત સંયમજીવનની સુંદર આરાધના કરતાં કરતાં આત્મકલ્યાણમાં આગળ ને આગળ વધવા લાગ્યા.

સંસારના દુઃખ તપ્ત જીવોને સર્વ કાર્યોથી મુક્ત કરાવી, અક્ષય-સુખના અધિકારી બનાવવાની **ઉત્કૃષ્ટ ભાવદયાનું** ઝરણું એમના હૃદયમાં પૂર ઝડપે વહેવા લાગ્યું.

"જો હોવે મુજ શક્તિ ઈસિ,
સવિ જીવ કરું શાસનરસિ."

આ પ્રમાણે ભાવના ભાવતાં ભાવતાં, માસખમણના પારણે માસ-ખમણનું તપ જીવનપર્યંત કરવાનો અભિગ્રહ કરી નંદનમુનિએ **વીશ-સ્થાનક તપ**ની ઉગ્ર આરાધના આદરી. આ તપના પ્રભાવે એમણે **તીર્થંકર નામકર્મ** નિકાચિત કર્યું.

એક લાખ વર્ષ પર્યંત આદર્શ સંયમજીવનની આરાધનામાં ૧૧ લાખ, ૮૦ હજાર, ૬૪૫ માસખમણની તપશ્ચર્યા કરીને નંદનમુનિએ નીચે પ્રમાણે **અંતિમ આરાધના**ની તૈયારી કરી :

(૧) દુષ્કૃતગર્હા અને સુકૃત અનુમોદના કરી.


(૨) સર્વ જીવો સાથે મૈત્રીભાવ ધારણ કરી એમને મન, વચન અને કાયાના યોગથી જાણતાં કે અજાણતાં આપેલ દુઃખ માટે ક્ષમાપના માંગી.


(૩) અનિત્ય આદિ બાર ભાવનાઓનાં સ્વરૂપનું ચિંતન-મનન કર્યું.

(૪) અરિહંત આદિ ચાર શરણાંનો સ્વીકાર કર્યો.

(૫) પંચ પરમેષ્ઠિને નમસ્કાર કર્યા. પંચ પરમેષ્ઠિના ધ્યાનમાં તલ્લીન બન્યા.

(૬) ચારેય પ્રકારના આહારનો ત્યાગ કર્યો.


વીશસ્થાનક-આરાધના
૧ અરિહંત પદ
૨ સિધ્ધ પદ
૩ પ્રવચન પદ
૪ આચાર્ય પદ
૫ સ્થવિર પદ
૬ ઉપાધ્યાયપદ
૭ સાધુ પદ
૮ જ્ઞાન પદ
૯ દર્શન પદ
૧૦ વિનય પદ
૧૧ ચારિત્ર પદ
૧૨ બ્રહ્મચર્ય પદ
૧૩. ક્રિયા પદ
૧૪ તપ પદ
૧૫ દાન પદ
૧૬ જિન પદ
૧૭ સંયમ પદ
૧૮ અભિનવજ્ઞાન પદ
૧૯ શ્રુતજ્ઞાન પદ
૨૦ તીર્થ પદ
ભવ-૨૫
નંદન રાજર્ષિ ૧લાખ વર્ષ સંયમની સાધના સાથે માસક્ષપણના પારણે
માસક્ષપણ ૧૧,૮૦૬૪૫ તપથી વીશસ્થાનક આરાધતાં જિનનામ બાંધ્યું




પ્રાણત દેવલોકમાંથી ચ્યવી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિમાં અવતર્યાં. ગર્ભના પ્રભાવે માતા સિંહ આદિ ચૌદ મહાસ્વપ્ન જુએ છે.

પછી પોતાના ધર્માચાર્ય, સાધુઓ, સાધ્વીઓને ખમાવ્યા. સાઠ દિવસ સુધી અનશનવ્રત પાળી, સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

આ રીતે ૨૪ લાખ વર્ષ ગૃહસ્થાવાસમાં રહી, ૧ લાખ વર્ષ પર્યંત સંયમજીવન પાળી, કુલ ૨૫ લાખ વર્ષનું આયુષ્ય ભોગવી, **નંદનરાજર્ષિએ** પોતાનો માનવભવ સફળ કર્યો.

❋

## છવ્વીસમો ભવ | પ્રાણત દેવલોક | ચિત્રપટ-૨૦

નંદન મુનિના જીવે પોતાનું આયુષ્ય પૂર્ણ કરી, દશમાં પ્રાણત નામના દેવલોકના પુષ્પાવતંસક નામના વિમાનમાં વીશ સાગરોપમ સુધી દિવ્યસુખ ભોગવ્યું.

❋

## સત્તાવીશમો ભવ | શ્રી મહાવીર સ્વામી | ચિત્રપટ ૨૨, ૨૩.

## પ્રભુનું ચ્યવનકલ્યાણક :


દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં નંદનરાજર્ષિનો જીવ ચ્યવીને આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આવેલ **બ્રાહ્મણકુંડ** ગામના **ઋષભદત્ત** બ્રાહ્મણની પત્ની **દેવાનંદાની** કૂખે, અષાડ શુદ ૬ ના શુભ દિવસે ચૌદ મહા સ્વપ્નોથી સૂચિત ગર્ભરૂપે અવતર્યો.

૮૨ દિવસો વીત્યા બાદ, સૌધર્મેન્દ્ર જ્યારે સૌધર્મા સભામાં બેઠા હતા, ત્યારે પોતાના નિર્મળ અવધિજ્ઞાન વડે જાણ્યું કે પ્રભુનો જીવ દેવાનંદાની કુક્ષિમાં અવતર્યો છે.

અતિ હર્ષના આવેગથી રોમાંચિત થયેલ ઈન્દ્રે તત્કાળ સિંહાસનથી નીચે ઉતરી, રત્નજડિત પાદુકા કાઢી નાખી, ઉત્તરાસંગ કરી (ખેસ નાખીને) લલાટે અંજલિ જોડી, સાત-આઠ પગલાં પ્રભુની અભિમુખ જઈ, ડાબો ઢીંચણ ઊભો રાખી, જમણો ઢીંચણ પૃથ્વી ઉપર સ્થાપી ત્રણ વખત પોતાનું મસ્તક જમીન ઉપર નમાવી શક્રસ્તવ વડે ભાવપૂર્વક ભગવંતની સ્તુતિ કરી :

"હે નાથ ! રાગ, દ્વેષ અને મોહરૂપી આંતરશત્રુઓનો નાશ કરનાર, ધર્મની આદિ કરનાર, સ્વયમેવ બોધ પામનાર, પુરુષોત્તમ, ધર્મતીર્થને પ્રવર્તાવનાર એવા હે જિન ભગવાન ! આપને મારા નમસ્કાર હો ! વળી હે નિષ્કામી ! સમસ્ત સમૃદ્ધિ પામનાર, નિરુપદ્રવ, અચળ, અનંત સુખ સંપાદિત કરનાર, બાધારહિત તથા સંસારરૂપ ભયંકર અટવીમાં ભૂલા પડી રખડતા પ્રાણીઓને માટે સાર્થવાહ સમાન એવા હે દેવ ! તમે જયવંતા વર્તો ! હે પરમતારક દેવાધિદેવ ! તમે ત્યાં ગર્ભગત છતાં અસ્ખલિત જ્ઞાનલોચન વડે આ કિંકર તુલ્ય અને અહીં રહીને પણ નમસ્કાર કરતા એવા મને આપ જોઈ શકો છો."

ત્યારપછી સિંહાસન પર બેસી ઈન્દ્ર વિચારવા લાગ્યા : "અહો ! તીર્થંકર ભગવાન કદાપિ નીચા કુળમાં ઉત્પન્ન થયા નથી, થતા નથી, અને થશે પણ નહિ. કદાચ આશ્ચર્યભૂત બનાવ તરીકે કર્મવશાત્ હીનકુળમાં તેઓ કોઈવાર અવતરે તો પણ જન્મ તો ન જ પામે. તેઓ તો ઉત્તમકુળમાં જ જન્મ પામે. અરે ! અરે ! આ તો કર્મસત્તાના પ્રબળ પ્રભાવે જ હું આ સત્ય વસ્તુસ્થિતિથી આટલા દહાડા પર્યંત અજાણ રહી ગયો !! હવે તો મારો આચાર છે કે-પ્રભુ જન્મ પામે તે અગાઉ જ એમને ઉત્તમ કુળમાં સંક્રમણ કરું."



હરિણૈગમિષી દેવ ભગવાનને દેવાનંદાની કુક્ષિમાંથી ત્રિશલારાણીની કુક્ષિમાં મુકે છે. ૧૪ સ્વપ્ન દર્શન

તત્કાળ સૌધર્મેન્દ્રે પોતાના સેનાપતિ **હરિણૈગમેષી દેવને** આજ્ઞા કરી : "દેવાનંદાની કુક્ષિમાં રહેલ પ્રભુને **ક્ષાત્રયકુંડ** નગરના કાશ્યપ-ગોત્રના **સિદ્ધાર્થ – મહારાજાની** રાણી **ત્રિશલાદેવીની** કુક્ષિમાં સ્થાપન કરો અને ત્રિશલાદેવીનો ગર્ભ દેવાનંદાની કુક્ષિમાં સ્થાપન કરો."

દિવ્યશક્તિ વડે, વૈક્રિયરૂપ ધારણ કરી, હરિણૈગમેષી દેવે, પવનવેગે પહોંચી, તત્કાળ ઇન્દ્રની આજ્ઞાનું પાલન કર્યું.

આસો માસના કૃષ્ણપક્ષની તેરસની પાછલી રાત્રિના સમયે, હરિણૈ-ગમેષી દેવે ભગવંતને પ્રણામ કરવાપૂર્વક દેવાનંદા બ્રાહ્મણીને અવ-સ્વાપિની નિદ્રા આપી, ગર્ભનું સ્થાપન ત્રિશલાદેવીની કુક્ષિમાં કર્યું. પ્રણામપૂર્વક તે પાછો ચાલ્યો ગયો. ત્રિશલાદેવીના ગર્ભનું સ્થાપન દેવાનંદાની કુક્ષિમાં કર્યું.

ગર્ભના પ્રભાવે ત્રિશલારાણીએ આ પ્રમાણે ૧૪ મહાસ્વપ્નો જોયાં :

(૧) કેસરના રસ–રાગ સમાન કેસરાના આડંબર સહિત અને ઘોર ગર્જનાથી સમસ્ત આકાશમંડળને ભરી દેતો **કેસરીસિંહ**.

(૨) ગંડસ્થળમાંથી મદજળ ઝરતો, ગંભીર ગર્જારવ કરતો, બે સુંદર દાંતો વડે શોભતો, શ્વેતવર્ણનો **મહા હાથી**.

(૩) લાંબા પૂંછડાને હવામાં ઉછાળતો, સુંદર શીંગડાયુક્ત મસ્તકને ઉન્નત રાખી ગર્જના કરતો શ્વેત રંગવાળો **વૃષભ**.

(૪) હાથીની સૂંઢમાં રહેલ કળશો વડે જેનો અભિષેક થાય છે અને ધનના અર્થીજનો જેની આજ્ઞા ઉઠાવવા હંમેશાં ઝંખના કરી રહ્યા છે એવી કમળની મધ્યમાં રહેલા **લક્ષ્મીદેવી**.

(૫) ગુંજારવ કરતા ભમરાઓથી વ્યાપ્ત એવી માલતી, મલ્લિકા, કમળ આદિ પુષ્પોની તાજી **પુષ્પમાળા**.

(૬) શીતળ ચાંદની પ્રસારતો સુંદર **ચંદ્રમા**.

(૭) ગાઢ અંધકારને શીઘ્ર રીતે વિદારતો પ્રતાપી **સૂર્ય**.

( ૮) સ્ફટિક રત્નદંડના અગ્રભાગે રહીને, હવામાં મંદમંદ લહેરાતો શ્વેત **ધ્વજ.**

( ૯) શ્રેષ્ઠ–કમળની સુગંધ વડે ઉત્કટ એવો **પૂર્ણકળશ.**

(૧૦) કુમુદ અને કમળથી રમ્ય શોભા ધારણ કરી રહેલ મહાન **સરોવર.**

(૧૧) ઉછળતા મોજાંઓના ગંભીર કલ્લોલથી પૂર્ણ એવો **સાગર.**

(૧૨) વિવિધ રત્નોના અનેક થાંભલાથી શોભાયમાન શ્રેષ્ઠ **વિમાન.**

(૧૩) પોતાની કાંતિ વડે ગગનમંડળને ચિત્ર–વિચિત્ર કરનાર એવો **રત્નસમૂહ.**


(૧૪) ધૂમાડાથી રહિત **અગ્નિ.**

આ સ્વપ્નાં જોઈ ત્રિશલારાણીએ અતિ હર્ષ અને રોમાંચ અનુભવ્યો. પરમ આનંદ ધારણ કરતાં તે તુરતજ જાગૃત થઈ, સિદ્ધાર્થ મહારાજાના ખંડમાં આવીને તેમને ચૌદ મહાસ્વપ્નોનો વૃત્તાંત કહી સંભળાવ્યો. પોતાની બુદ્ધિ પ્રમાણે બરાબર ચિંતવીને રાજાએ કહ્યું :

“ હે સુંદરી ! સઘળા રાજાઓને વંદનીય, અનુપમ પરાક્રમથી બધાય શત્રુઓને જીતનાર એવો પ્રતાપી અને સત્ત્વશાળી પુત્ર પ્રાપ્ત થશે.”

ત્રિશલાદેવીએ પતિનું વચન સ્વીકારી, પોતાના આવાસમાં આવી, શેષ રાત્રિ ધર્મધ્યાનમાં વીતાવી.

પ્રભુનો જન્મ થતાં દિશાવિદિશામાંથી આવેલી ૫૬ દિક્‌કુમારિકા દેવીઓ ત્રણ કેળના ઘર રચી ક્રમશઃ તેલમર્દન-સ્નાન-પૂજા-રક્ષા પોટલી, રાસ રમે છે.



## ૫૬ દિક્કુમારી મહોત્સવ ચિત્રપટ-૨૪

સૂતિકર્મનો પ્રસંગ આવતાં ૫૬ દિક્કુમારીઓના આસન કંપાયમાન થયાં. અવધિજ્ઞાન વડે પ્રભુનો જન્મપ્રસંગ જાણીને તેઓએ પોતાના વિમાન ઉપર આરુઢ થઈ, પ્રભુની માતા પાસે આવી, પરમ ભક્તિપૂર્વક સ્તુતિ કરી. પોતાનો આચાર જણાવી, આદરપૂર્વક હૈયાંના ઉછળતા જિનભક્તિના ભાવ વડે સૂતિકાકર્મ કર્યું. સ્નાનઅર્ચા કરી, પ્રભુને રક્ષા-પોટલી બાંધી, ત્રિશલામાતા પાસે રાસ રમીને પોતાનો હર્ષ વ્યક્ત કર્યો.

## મેરુપર્વત ઉપર જન્મઅભિષેક ચિત્રપટ-૨૫

દિક્કુમારીઓએ પોતાનું કર્તવ્ય પૂર્ણ કર્યું, એટલે **સૌધર્મેન્દ્રનું** આસન કંપાયમાન થયું. અવધિજ્ઞાન વડે ભગવંતનો જન્મપ્રસંગ જાણી ઈન્દ્ર મહારાજે, ચ્યવનપ્રસંગે કહેલી વિધિ મુજબ **શક્રસ્તવ** વડે પ્રભુની સ્તુતિ કરી.


ત્યારબાદ પોતાના સેનાપતિદેવ હરિણૈગમેષીને ઇન્દ્રે આજ્ઞા કરીઃ "અહો ! ભદ્ર ! તું સૌધર્માસભામાં રહેલ **સુઘોષા** ઘંટાને ત્રણ વખત વગાડી મોટા અવાજે ઘોષણા કર કે 'જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરનો જન્મમહોત્સવ કરવા ઈન્દ્ર તૈયાર થયા છે. હે દેવો ! તમે બધા સર્વ પ્રકારની સમૃદ્ધિ સહિત વિમાનમાં આરુઢ થઈ સત્વર તૈયાર થાવ."

સેનાપતિદેવે આજ્ઞાપાલન કર્યું. સુઘોષા ઘંટાનો પ્રચંડ નાદ થતાં જ એના પડઘા-પ્રતિધ્વનિ વડે એક ન્યૂન બત્રીશ લાખ અન્ય ઘંટાઓ સમકાળે રણઝણાટ કરવા લાગી. કાન બહેરા થઈ જાય એવો પ્રચંડ ધ્વનિ પેદા થતાં સર્વ દેવદેવીઓ પ્રથમ તો સ્તબ્ધ થયા, વિચારમૂઢ બની ભય અનુભવ્યો પણ જ્યારે ઇન્દ્રની આજ્ઞા સાંભળી, ત્યારે તો તેઓ અતિ હર્ષઘેલા બની ગયા. વાવડીઓમાં જઈ વિવિધ જળ વડે સ્નાન કરી, વિલેપન કર્યું. દિવ્ય વસ્ત્રો ધારણ કર્યાં. દિવ્ય-હાર પહેરી સુગંધી પુષ્પમાળાઓ ધારણ કરી, મણિમુગટ, કડાં, બાજુબંધ વડે શોભતા, વિવિધ જાતિનાં વાહનો ઉપર આરુઢ થઈ અતિવેગથી ઇન્દ્ર-મહારાજા પાસે આવી ગયા. એક લાખ યોજન વિશાળ અને પાંચસો યોજન ઊંચા એવા **પાલક વિમાન**માં અનેક દેવદેવીઓના પરિવાર સહિત પવનવેગે સૌ ભગવંતના જન્માભિષેક માટે ચાલ્યા. નંદીશ્વર-દ્વીપે વિમાનને ઉતારી સૌધર્મ ઇન્દ્ર સિવાય બધા મેરુપર્વતે ગયા.

સૌધર્મેન્દ્ર ક્ષત્રિયકુંડમાં પ્રભુના જન્મસ્થાને પહોંચી ત્રિશલામાતાને ત્રણ પ્રદક્ષિણાપૂર્વક વંદન કર્યું, પછી ત્રિશલામાતાની સ્તુતિ કરતાં કહ્યું :

"હે દેવી ! તમારો જય થાવ ! જગતમાં તમે ધન્ય છો ! તમારો જ મનુષ્યજન્મ પ્રશંસનીય છે ! તમે આ ભવસાગર જાણે ઓળંગી ગયા ! મારાથી ભય પામશો નહિ; હું સૌધર્મ દેવલોકનો ઇન્દ્ર છું. દેવના આચાર મુજબ પ્રભુને જન્મહોત્સવ માટે લેવા આવ્યો છું."

પછી ત્રિશલામાતાને અવસ્વાપિની નિદ્રા આપી તેમની પાસે જિનબિંબનું રૂપક મૂકી, ભગવાનને પોતાના બે હાથમાં ગ્રહણ કર્યા. આ વખતે ઇન્દ્ર મહારાજાએ પોતે પાંચ રુપ ધારણ કર્યાં.




સૌધર્મેન્દ્ર પ્રભુને લઈ મેરુ શિખરે, ૬૪ ઈન્દ્રાદિ દેવ દેવીઓ પ્રભુનો અભિષેક કરે છે. નમસ્કાર પૂર્વક માતાને સોંપે છે.

એક રુપે બહુમાનપૂર્વક પોતાના કરકમળમાં પ્રભુને સ્થાપન કર્યા. બીજા રુપે પ્રભુ પાછળ રહીને સુવર્ણના સુંદર દંડયુક્ત છત્રને ધારણ કર્યું. ઉપરાંત બે બાજુ બે રૂપ વડે ચામરને મંદમંદ રીતે વીંઝવા લાગ્યા. પાંચમા રુપે પ્રભુની આગળ વજ્ર ઉછાળતા-ઉછાળતા મેરુ પર્વત તરફ ચાલવા લાગ્યા. અનેક દેવદેવીઓના પરિવારથી ચાલતા ઇન્દ્રના હૈયે એવા ભાવ ઉછળવા લાગ્યા કે જાણે પોતે બધાય તીર્થોના દર્શન વડે પાવન બની ગયા ન હોય!

દશ હજાર યોજન વિસ્તારવાળા અને એક લાખ યોજન ઊંચાઇ વાળા મેરુપર્વતના **પાંડુક વન**માં આવી **પાંડુક શિલા** ઉપર, પ્રભુને ખોળામાં લઈ સૌધર્મેન્દ્ર પૂર્વાભિમુખ બેઠા. પ્રભુના જન્માભિષેકની તૈયારી કરવા **અચ્યુતેન્દ્રે** પોતાના દેવોને આજ્ઞા કરી. તેઓએ ૧૦૦૮ સુવર્ણ-કળશ, ૧૦૦૮ રુપાના, ૧૦૦૮ મણિના, ૧૦૦૮ સુવર્ણ અને રુપાના, ૧૦૦૮ રુપા અને મણિના, ૧૦૦૮ સુવર્ણ, રુપા તથા મણિના કળશો બનાવ્યા. તે કળશો ક્ષીરોદકથી ભર્યા. પછી તેમાં તીર્થજળ, નદીજળ, પુષ્પ અને ઔષધિ મેળવી અચ્યુતેન્દ્રને અર્પણ કર્યા.

પ્રભુનું નાનકડું શરીર અને ઘણા બધા કળશો તથા દેવ-દેવીઓના સમૂહને જોતાં જ ઇન્દ્રના મનમાં શંકા ઉત્પન્ન થઈ:

“અહો! આ ભગવાન તો બહુ જ નાના છે! સમકાળે દેવોના હાથે પડતા જળપ્રવાહને તેઓ કેમ સહન કરી શકશે? આવા જળપ્રવાહ વડે તો એક મોટો પર્વત પણ તણાઈ જાય!”

પ્રભુએ અવધિજ્ઞાન વડે ઇન્દ્રના મનની શંકા જાણી. તેની શંકાને દૂર કરવા પ્રભુએ પગના અંગૂઠા વડે મેરુને સ્પર્શ કર્યો. ત્યાં તો જાણે પ્રલયકાળનું વાતાવરણ સર્જાઈ ગયું હોય, તેમ મેરુ ડોલવા લાગ્યો, મોટી શિલાઓ ગબડવા લાગી, પ્રાણીઓ નાસ ભાગ કરવા લાગ્યા. દેવદેવીઓ ભય વડે આકુળવ્યાકુળ થઈ ગયા.

પ્રચંડ કોપના આવેગમાં ઇન્દ્ર બોલ્યા: “અરે! તીર્થપતિના આવા શાંતિકર્મ મહોત્સવમાં વિઘ્ન પાડવાની કુબુદ્ધિ કોને સૂઝી છે?

પછી અવધિજ્ઞાનના ઉપયોગથી ઇન્દ્રે જોયું : "અરે! આ આ તો ભગવંતના ચરણસ્પર્શથી જ મેરુ કંપાયમાન થયો છે!"

ઇન્દ્રના મનનો સંશય દૂર થયો અને કોપ શાંત પડ્યો. પોતાની જ કુબુદ્ધિની નિંદા કરતાં, ઇન્દ્રે પ્રભુ પાસે ક્ષમા માંગી.

ત્યારપછી સહુ દેવોએ સાથે મળી ભારે આડંબરપૂર્વક સ્નાત્ર-મહોત્સવ સંપૂર્ણ ઉલ્લાસથી ઉજવ્યો. ધૂપ, આરતી, મંગળ દીવો કરી ભક્તિમાં લીન બની, નૃત્ય કરી પ્રભુની સ્તુતિ કરી :

"હે પ્રભુ! આપ ત્રણેય જગતમાં પૂજનીય છો. ભવરૂપી કુવામાં પડેલાં પ્રાણીઓ માટે આધારરૂપ છો. શરણાગત માટે વજ્રના પિંજર સમાન છો. મિથ્યાત્વરૂપી અંધકારને દૂર કરવા સૂર્ય સમાન છો. અમે અવિરતિપરાયણ હોવા છતાં આપની ભક્તિ વડે ખરેખર અમારા આત્માને મહા પુણ્યશાળી માનીએ છીએ. હે જિનેન્દ્ર! તમારા ચરણની સેવાથી જે કંઈ ફળ મળતું હોય, તેથી સદાકાળ અમે આવા મહોત્સવો કરતા જ રહીએ!"

ત્યારપછી સૌધર્મેન્દ્રે જિનજન્મભવનમાં આવીને પ્રભુને ત્રિશલા માતા પાસે મૂકી, અવસ્વાપિની નિદ્રા તથા રૂપક સંહરી, સર્વ વિધિ સાચવી, જૃંભકદેવો-દ્વારા રત્નવૃષ્ટિ કરાવી પ્રભુને પ્રણામ કરી પોતાના સ્થાને ગયા.

પ્રભાત થતાં ત્રિશલા માતા જાગ્યા. બાળપ્રભુને જોઈ આનંદ પામ્યા. દાસીઓએ તો એકદમ દોડી જઈ સિદ્ધાર્થ મહારાજા પાસે પહોંચીને પુત્રજન્મની વધાઈ આપી. આશ્ચર્યજનક જન્મમહોત્સવનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. મહારાજે દાસીનું દાસત્વ ટાળી, સાત પેઢી પર્યંત ખૂટે નહિ એટલા રત્નનું દાન આપી રાજી કરી.

નગરમાં પુત્રજન્મનો મહોત્સવ ઉજવવા મહારાજે સેવકોને આજ્ઞા કરી., કેદીઓને બંધનમુક્ત કર્યા, નગરમાં તોરણો તથા ધ્વજાઓ બંધાવ્યાં. વાતાવરણ સંગીતના સૂરો વડે ભરાઈ ગયું. નૃત્ય રાસમાં લીન બનેલા નગરજનોનો હર્ષ ત્યારે તો એમના હૈયામાં સમાતો જ

ન હતો. બાહ્ય અને અભ્યંતર એમ બન્ને રીતે ક્ષત્રિયકુંડ નગર જાણે દેવનગર જેવું જ શોભાયમાન બની ગયું હતું.

જે દિવસથી કુમાર ગર્ભમાં આવ્યા, ત્યારથી જ મહારાજાના ભંડારમાં, રાજ્યમાં, સ્વજનોમાં તથા પરિજનોમાં ઉત્તરોત્તર અત્યંત વૃદ્ધિ થવા લાગી હતી. એટલે માતાપિતાએ બારમા દિવસે સૌ સંબંધિઓને જમાડવાપૂર્વક પુત્રનું નામ **વર્ધમાન કુમાર** રાખ્યું.

બાળવયના પ્રભુને મિત્રો રમવા લઈ ગયા. દેવલોકમાં દેવેન્દ્રના મુખથી પ્રભુના અનંત બળની પ્રશંસાને સહન ન કરનાર એક દેવ નીચે આવી ભયંકર વિકરાળ સર્પનું રુપ ધારણ કરી રમવાના ઝાડ ઉપર વીંટળાઈ ગયો. અન્ય મિત્રો દૂર ભાગી ગયા. બાળ વર્ધમાન કુમારે તો નિર્ભયપણે સાપને મૂઠીથી પકડી દૂર ફેંકી દીધો. ફરી બાળરુપ ધારણ કરી તે વર્ધમાન કુમાર સાથે રમવા લાગ્યો. જે જીતે તે હારેલાના ખભા ઉપર બેસે. તેમાં પોતે હાર્યો અને પ્રભુને ખભે બેસાડયા. દૈવિક શક્તિથી સાત તાડ જેટલું બિહામણું રુપ પ્રભુને ડરાવવા કર્યું : પ્રભુએ એના મસ્તક ઉપર એક જ મૂઠી મારતાં મચ્છરની જેમ દેવ સંકોચાઈ ગયો. પ્રભુ પ્રત્યેની અતુલ બળની શંકા દૂર થતાં પ્રભુનાં ચરણે નમ્યો. ઈન્દ્ર મહારાજાએ પ્રભુનું નામ **શ્રમણ ભગવાન મહાવીર** પાડયું.

૮ વર્ષની વય થતાં પ્રભુને માતાપિતા ભણાવવા માટે આડંબર–પૂર્વક શાળાએ લઈ ગયા. ઈન્દ્ર મહારાજાએ જાતે આવી પ્રભુને પંડિતના સ્થાને બેસાડયા. પંડિતના મૂંઝવતા ગહન પ્રશ્નોના ઉત્તર બાળ વર્ધમાન કુમારે શીઘ્રતાથી આપ્યા. સૌ મુગ્ધ થયા. પંડિત પણ વિસ્મય પામ્યો. પ્રભુની જ્ઞાનશક્તિનો અપૂર્વ મહિમા ફેલાયો અને તેમાંથી **જૈનેન્દ્ર વ્યાકરણ** આદિની રચના થઈ.

## મિત્રોદ્વારા વિવાહ આગ્રહ : મહાવીરનાં વૈરાગ્યવચન

ચિત્રપટ-૨૬

વર્ધમાનકુમાર યૌવનવય પામ્યા. ઘણા રાજાઓએ સિદ્ધાર્થ મહારાજા પાસે પોતાના પ્રધાન પુરુષો મોકલીને વર્ધમાનકુમાર સાથે પોતાની કન્યાના લગ્ન માટે માંગણી કરી.


રાજાએ આ વાત ત્રિશલારાણીને કહી. આથી હર્ષ પામીને રાણીએ કહ્યું : " હે સ્વામિન્ ! આપની કૃપા વડે હું બધાય સુખો પામી ચૂકી છું. પૂર્વે કદી ન અનુભવેલાં સુખો મેં ભોગવ્યાં. હવે જો હું કુમારનો લગ્નમહોત્સવ જોવા પામું તો પૂર્ણ રીતે કૃતકૃત્ય થાઉં. "

રાજાએ કહ્યું : " તો હવે તમે કુમાર પાસે જઈ લગ્નની વાત મૂકો.'' ત્યારે રાણીએ કહ્યું : " પહેલાં મારે જવું યોગ્ય નથી, કારણકે કુમાર તો લજ્જાળુ છે. એટલે તમે કુમારના મિત્રો દ્વારા લગ્નની દરખાસ્ત મૂકાવો : "

એટલે મિત્રોએ વર્ધમાનકુમાર પાસે જઈ, માતાપિતાના મનોરથની વાત કહી.

પ્રત્યુત્તરમાં વર્ધમાનકુમારે કહ્યું : " હે મિત્રો ! શું તમે ગૃહત્યાગ કરવાની મારી અભિલાષા નથી જાણતા કે જેથી આ રીતે તમે મારી પાસે લગ્ન સંબંધી વાત કરો છો ? "

મિત્રોએ કહ્યું : " હે કુમાર ! આ બધી વાત અમે બરાબર જાણીએ છીએ, છતાંય માતા પિતાની આજ્ઞા ( વચન ) અવશ્ય આદરણીય હોય છે. અમારા જેવા સ્નેહીઓનાં વચન પણ ઉલ્લંઘનીય ન




મિત્રોનો વિવાહાર્થે આગ્રહ વર્ધમાનનો વૈરાગ્ય, વિવાહની અનુમતિ માતાએ મેળવી, વર્ધમાનકુમારનો વિશાળ કુટુંબ-પરિવાર.

હોય. હમણાં તમે માતાપિતાના મનોરથો પૂર્ણ કરો. પછી ભલે પાછલી અવસ્થામાં ગૃહવાસનો ત્યાગ કરજો. માતાપિતાના મનોરથો પૂર્ણ થતાં તેઓ તમારાં ઇષ્ટ કાર્યમાં પ્રતિકૂળ થવાના નથી.

કુમારે કહ્યું : મારો તો અભિગ્રહ છે કે માતાપિતા જીવે ત્યાં સુધી દીક્ષા ન લેવી, લગ્ન વિના, કુમારભાવે રહેતાં જો માબાપ સંતોષ પામતા હોય તો તેમાં શું ખોટું છે ? લગ્નથી શું અધિકતા આવવાની છે? લગ્નના આખાય આડંબર પાછળ સમાયેલો ઉત્તરોત્તર દુઃખદાયક પાપપ્રબંધ શું તમારી નજરે નથી પડતો ? લગ્નમંડપની ચાર શ્રેણીઓમાં મૂકાયેલા કળશોમાં મને તો દુઃખોની પરંપરા જ ભરેલી જોવામાં આવે છે ! લગ્નમંડપમાં પ્રગટાવેલ અગ્નિની જ્વાળાઓમાંથી મહામોહનો વિલાસ જ પ્રગટ થાય છે ! આકાશ તરફ ગતિ કરતા ધૂમાડામાં પોતાની જ લઘુતા જણાય છે ! ચાર મંગળફેરામાં સંસારની ચાર ગતિમાં કરવી પડતી રખડપટ્ટીનું જ નિર્માણ થાય છે ! ઘી, જવ, મધ આદિના હવન વડે આપણા બધાય ગુણોનું જ જાણે દહન થતું હોય, તેમ જણાય છે ! તરુણીઓના મંગલગીતોથી જાણે ચારેય દિશાઓમાં અપયશ પ્રસરતો હોય તેમ જણાય છે ! કંઠે લટકતી કુસુમમાળામાં તો જાણે દુઃખસમૂહ સમીપવર્તી હોય તેમ સમજાય છે ! ચંદન આદિની વિલેપન ક્રિયામાં જાણે કર્મમલનો લેપ આત્માને તરતજ લાગુ પડતો હોય, તેમ જણાય છે ! કન્યાના પાણિગ્રહણ વિધિમાં હાથ જાણે કે અષ્ટકર્મ ખરીદવાનો ખોટો જ સોદો કરતો હોય તેમ સ્પષ્ટ રીતે જણાય છે ! વધારે તો તમને શું કહું ? લગ્નવિધિને સૂક્ષ્મ બુદ્ધિથી જોતાં અને વિચારતાં મારાં તો રોમાંચ ખડાં થાય છે. માટે આવી મોહની વિડંબનામાંથી મુક્ત રહેવા હું અવિવાહિત રહું, એવી મારી ભાવના છે."

કુમારની આ દલીલો સાંભળી મિત્રોએ વિનયથી નમ્રભાવે કહ્યું : "હે કુમાર ! તમારા જેવાને આમ કરવું ઉચિત નથી. સત્પુરુષો સ્વજનોની પ્રાર્થનાનો ભંગ કરવામાં સદાય ભીરૂ હોય છે, પોતાની ઇચ્છા મુજબ કાર્ય કરવાથી એઓ વિમુખ રહે છે. શું પૂર્વે ઋષભદેવ આદિ

જિનશ્વરોએ પાણિગ્રહણ કરેલ નથી? શું શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ-પ્રભુએ ચક્રવતીની સમૃદ્ધિ નથી ભોગવી?"

મિત્રો સાથે આ પ્રમાણે જ્યારે વાર્તાલાપ ચાલતો હતો, તેવામાં જ ત્રિશલામાતા વર્ધમાનકુમાર પાસે આવ્યાં. માતાને જોતાં જ કુમાર ઊભા થઈ ગયા. પછી સાત આઠ પગલાં સન્મુખ ગયા. વિનયપૂર્વક માતાને રત્નસિંહાસન ઉપર બેસાડી, અંજલિ જોડીને કહ્યું : "હે માતાજી! આપ તકલીફ લઈ અહીં શા માટે પધાર્યા? જો મને બોલાવ્યો હોત, તો હું જ આપની આજ્ઞાથી આપની પાસે આવી જાત!"

અતિ વાત્સલ્યભાવપૂર્ણ ત્રિશલામાતાએ પોતાના મનની ભાવના કુમાર પાસે રજૂ કરતાં કહ્યું :

"હે કુમાર! તું લગ્નપ્રસ્તાવ સ્વીકાર કર. રાજા અને નગરજનો તારા વિવાહ માટે ખૂબ જ ઉત્કંઠા ધરાવે છે. પુણ્યના પ્રભાવે મારા તો સઘળાય મનોરથો પરિપૂર્ણ થયા છે. એક માત્ર તારો વિવાહ કરી લેવાનો આનંદ મને પ્રાપ્ત થયો નથી, તે માટે પ્રાર્થના કરવા આવી છું. આ મિત્રોને પણ એટલાં જ માટે તારી પાસે મોકલ્યા છે."

આ સાંભળીને વર્ધમાનકુમારે વિચાર્યું : "એક તરફ માતાનો આગ્રહ છે. બીજી તરફ સંસારપરિભ્રમણનો ભય છે. માતાને દુઃખ ન થાય, એ માટે તો હું ગર્ભમાં પણ અંગ સંકોચીને રહ્યો હતો. તો હવે એમનું મન દુભાય તેમ કરવું યોગ્ય નથી. હાં, વળી મારાં ભોગાવલિ કર્મ પણ હજી બાકી રહ્યાં છે."

આમ વિચારીને કુમારે માતાનું વચન માન્ય કર્યું. ત્રિશલમાતા પણ અતિ સંતોષ અને હર્ષ પામ્યા. રાજા પાસે જઈ આ વૃત્તાંત જણાવ્યો.

બરોબર એ જ વેળા **વસંતપુર** નગરના રાજા **સમરવીર**ના દૂતે સભામાં પ્રવેશ કર્યો. તેણે રાણી **પદ્માવતી**ની કૂખે ઉત્પન્ન થયેલ યથાર્થ નામગુણસંપન્ન રાજકન્યા **યશોદા**ના વર્ધમાનકુમાર સાથે વિવાહની માંગણી કરી. નિમિત્તજ્ઞના વચન સાંભળીને રાજા સમરવીરના

હૈયે વર્ધમાનકુમાર જ રમી રહ્યા છે, એવું દૂતે નિવેદન કર્યું અને પોતાના આગમનનો હેતુ કહ્યો.

દૂતના પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો.

હર્ષ પામેલા માતાપિતાએ અને સગાંસંબંધીઓએ સમગ્ર પ્રજાજનો સાથે મળીને વર્ધમાનકુમારનો લગ્ન-મહોત્સવ મોટા ઠાઠમાઠપૂર્વક ઉજવ્યો.

## શ્રી મહાવીર પ્રભુનો સાંસારિક કુટુંબ-પરિવાર....

ચિત્રપટ-૨૬

| | |
|---|---|
| માતા – ત્રિશલા દેવી | પિતા – સિદ્ધાર્થ મહારાજા |
| મામા – ચેટક મહારાજા | કાકા – સુપાર્શ્વ |
| બહેન – સુદર્શના | વડિલ બંધુ – નંદિવર્ધન |
| પત્ની – યશોદા | પુત્રી – પ્રિયદર્શના |
| જમાઈ – જમાલિ | દોહિત્રી– શેષવતી |

# વડીલબંધુ નંદિવર્ધન પાસે દીક્ષાપ્રાર્થના....


ચિત્રપટ–૨૭

જ્યારે વર્ધમાનકુમારની વય ૨૮ વર્ષની થઈ ત્યારે એમના માતા-પિતા શ્રી પાર્શ્વનાથપ્રભુના શાસનધર્મને આરાધી, સમાધિમરણને સાધી, અચ્યુત દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્રીજા ભવે તેઓ **અપર–મહાવિદેહ**માં જન્મ પામી મોક્ષે જશે.

માતાપિતાના વિયોગથી શોકાતુર બનેલા વડિલભાઈને સાંત્વન આપતાં વર્ધમાનકુમારે કહ્યું : "હે બંધુ ! શોકનો ત્યાગ કરો. પરમાર્થ ચિંતવો. જેનો સંયોગ થયો છે, તેનો વિયોગ તો સ્વપ્નની જેમ અવશ્ય થવાનો જ છે. આ સંસારમાં તમે એક વિવેકને જ અનુસરો, એ જ ઉચિત કર્તવ્ય છે. શરીર, ભોગ, પ્રેમ, ધન ઇત્યાદિ ઇંદ્રજાળતુલ્ય, ક્ષણવારમાં દૃષ્ટ–નષ્ટ થવાના સ્વભાવવાળા છે. આ સંસારમાં કંઈપણ શોચનીય કે પ્રતિબંધનું પ્રબળ સ્થાન નથી."

આ બોધ સાંભળીને નંદિવર્ધનનો મોહ હળવો પડ્યો. હૈયાનો શોક શાંત પડયો. પ્રધાનપુરુષોએ વર્ધમાનકુમારને રાજ્ય સ્વીકારવા વિનવ્યા, છતાં પણ એમણે સ્વીકાર ન કર્યો. એટલે નંદિવર્ધનનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

થોડો સમય ગયા બાદ વર્ધમાનકુમારે વડિલભાઈ સહિત સર્વ પરિજનોને જણાવ્યું : "હે મહાનુભાવો ! મારો અભિગ્રહ હવે પૂર્ણ થયો છે. એટલે તમે બધા મોહનો ત્યાગ કરી, ધર્મ સાધવામાં મને સહાયક બનો. દીક્ષા લેવાની મને અનુજ્ઞા આપો."




બંધુનંદિવર્ધન પાસે દીક્ષાની માંગણી, આગ્રહથી ૨ વર્ષ ઘરમાં સાધુજીવન, ૯ લોકાન્તિક દેવોની તીર્થ પ્રવર્તાવવા પ્રાર્થના.

વજ્રપાત સમાન આવાં વચનો સાંભળતાં જ ચોધાર આંસુથી રડતાં રડતાં મહારાજા નંદિવર્ધન બોલ્યા :

"હે કુમાર ! વડિલોના વિયોગનું દુઃખ તો હજી તાજા કાંટાની જેમ જ મારા હૈયામાં ખટકી રહેલ છે. તેમાં વળી અકાળે તમારા વિયોગના દુઃખથી તો ઘા ઉપર ક્ષાર પડયા જેવું થશે. અહો ! અમે ખરેખર મહામંદભાગી છીએ, જેથી ઉત્તરોત્તર આ રીતે અમારા ઉપર દુઃખો આવી પડે છે."

વર્ધમાનકુમારે એમને મધુર વચનોથી શાંત કર્યા. મહારાજા નંદિવર્ધને આંસુ રોકતાં કહ્યું : "હે બંધુ ! તમારા વિયોગથી અમે ક્ષણવાર પણ જીવી શકીશું નહિ. અમારા ઉપર દયા લાવી અત્યારે અમારા પ્રાણની રક્ષા કરો."

એટલે કુમાર બોલ્યા : "તમે બરાબર વિચારીને મને કહો કે કેટલા વખતમાં તમે મને દીક્ષા લેવાની અનુજ્ઞા આપશો ?"

નંદિવર્ધન બોલ્યા : "બે વરસ પછી તમે ભલે સંયમ સ્વીકારજો."

પોતાનાં ભોગાવલિ કર્મો હજીપણ બાકી હોવાનું જણાતાં, કુમારે વડિલની વિનંતીનો સ્વીકાર કર્યો. સર્વ સાવદ્ય વ્યાપાર તજી દીધો. સચિત્ત જળનો ત્યાગ કર્યો. સ્નાન, વિલેપન આદિ શરીર શણગારનો ત્યાગ કર્યો. બ્રહ્મચર્યના પાલનપૂર્વક નિર્દોષ આહાર લેતા. આ રીતે ગૃહસ્થજીવનમાં મુનિભાવ ધારણ કરી માધ્યસ્થ્યભાવે જીવનવ્યવહાર ચલાવતાં એક વર્ષ વીત્યું. પછી લોકાંતિક દેવતાઓએ આવીને કહ્યું :

"હે ભગવંત ! સર્વ જીવોને માટે કલ્યાણકારી એવું ધર્મતીર્થ પ્રવર્તાવો."

પ્રભુએ વરસીદાન દેવાનો વિચાર કર્યો, એટલે સૌધર્મેન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું. અવધિજ્ઞાન વડે પ્રભુના મનની ભાવના જાણી લીધી, પોતાનું ઉચિત કર્તવ્ય સમજી વૈશ્રમણ–યક્ષને આદેશ કર્યો; તેણે તિર્યક્‌જૃંભક દેવોને આજ્ઞા કરી :

"દાન યોગ્ય સોનૈયા શ્રી જિનેશ્વરના ભવનમાં ભરો."

તે દેવો કુમારના ભવનમાં સતત સુવર્ણરાશિઓ વરસાવતા રહ્યા.

"જેને જેટલું જોઈએ તેટલું ધન ધાન્યાદિ લઇ જાઓ." એવી ઘોષણાપૂર્વક છૂટા હાથે, અને અસ્ખલિત રીતે વર્ધમાનકુમારે વરસીદાન દેવાનું શરુ કર્યું.

ઉત્કૃષ્ટ દાનની કીર્તિ સાંભળી, નજીક તેમજ દૂરદૂરના દેશાવરોથી, અનેક અનાથો, દરિદ્રીઓ, રોગીઓ અને વિવિધ પ્રકારના યાચકોએ વર્ધમાનકુમારના દર્શન અને દાન વડે પોતાના મનના મનોરથો પરિપૂર્ણ કર્યા. પોતાનું દુઃખ દૂર થતાં જ પરમ સંતોષભાવ અનુભવતાં પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યા.

મહારાજા નંદિવર્ધને પણ નગરના મુખ્ય-મુખ્ય સ્થાનો ઉપર અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એમ ચારેય પ્રકારના આહારયુક્ત ભોજનશાળાઓ સ્થાપી, આદરપૂર્વક ભૂખ્યા-તરસ્યા લોકોનો સત્કાર કરવા લાગ્યા. ઉપરાંત હાથી, ઘોડા, વસ્ત્ર, આભૂષણ વગેરેનું પણ દાન આપતા.

દરરોજ ૧ ક્રોડ, ૮ લાખ સૌનૈયાનું અસ્ખલિતપણે દાન અપાતું. એક વરસમાં બધું મળીને ત્રણસો અઠ્યાસી ક્રોડ, એંસી લાખ સૌનૈયાનું વરસીદાન વર્ધમાનકુમારે આપ્યું.

વિશાળ સંખ્યામાં દેખાતી યાચકોની હાજરી વડે શ્રી વર્ધમાન-કુમારના ભવનમાં જાણે કે કોઈ સમર્થ મહા કલ્પવૃક્ષ પ્રગટયું ન હોય, એમ એમના આંગણે રોજરોજ આનંદદાયક દશ્યો ખડાં થતાં!

મોક્ષસુખના વિશેષ અભિલાષી વર્ધમાનકુમારે નંદિવર્ધન પ્રમુખ પોતાના સ્વજનો પાસે જઈને પોતાની ઈચ્છા જણાવતાં કહ્યું :

"હે દેવાનુપ્રિયો! આપે કબૂલ કરેલ બે વર્ષનો સમય હવે પૂર્ણ થયો છે. આપ સૌ હર્ષપૂર્વક દીક્ષા સ્વીકારવા મને અનુજ્ઞા આપો."

આ શબ્દો સાંભળતાંજ સૌ સ્વજનોનાં કંઠ રૂંધાઈ ગયાં. વેગવડે વહેતા આશ્રુપ્રવાહ સાથે શોકાતુર બનેલા સ્વજનોએ જણાવ્યું : "હે

કુમાર ! અમે ખરેખર મંદભાગ્ય છીએ કે અમારા હાથમાંથી આપના સમાન રત્ન ચાલ્યું જાય છે. આપના વિના આ ક્ષત્રિયકુળને કોણ શોભાવશે ? વિષમ કાર્યોમાં હવે અમે કોનું આલંબન લઈશું ? અમારું હૃદય ખરેખર વજ્રથી બનેલું જણાય છે જેથી હજી તૂટ્યું નથી. "

ઊંડા શોકમાં ડૂબેલા મોહગ્રસ્ત સ્વજનો થોડીવાર માટે તો અવાક્ બની ગયા. છેવટે વિનંતિ કરી :

" અમારા સુખ નિમિત્તે અમને આપનો દીક્ષા મહોત્સવ કરવાની અનુજ્ઞા આપો. "

વર્ધમાનકુમારે એમનું વચન માન્ય કર્યું.

## દીક્ષા – વરઘોડો

ચિત્રપટ-૨૮

નંદિવર્ધન મહારાજાએ પોતાના સેવકોને દીક્ષા-મહોત્સવની તૈયારી કરવાની આજ્ઞા આપી. સર્વ પ્રશસ્ત તીર્થજળ અને ઔષધિઓ મંગાવ્યાં, વિલેપન તૈયાર કરાવ્યું. ૧૦૦૮ સુવર્ણ કલશો તૈયાર થયા.

દેવલોકમાં રહેલ ઇંદ્રોનાં આસનો ચલાયમાન થયાં. વિસ્મય પામેલા ઇંદ્રોએ અવધિજ્ઞાનના ઉપયોગથી પરમાર્થ જાણી લીધો. તત્કાળ વિમાનો ઉપર આરુઢ થઈને ભારે આડંબરપૂર્વક વિશાળ પરિવાર સાથે પ્રભુ પાસે આવ્યા. ત્રણ પ્રદક્ષિણાપૂર્વક પ્રણામ કરીને ભક્તિભાવપૂર્વક જમીન ઉપર બેઠા.


અચ્યુતેન્દ્રે અતિ હર્ષથી ભગવંતનો વિધિપૂર્વક અભિષેક કર્યો. ત્યારપછી બીજા ઇંદ્રોએ અભિષેક કર્યો. છેવટે નંદિવર્ધન મહારાજાએ અભિષેક કર્યો. દેવદુષ્ય અને ઉત્તમોત્તમ પ્રકારના અલંકારો વડે પ્રભુને અલંકૃત કર્યા.

૫૦ ધનુષ લાંબી, ૨૫ ધનુષ પહોળી અને ૩૬ ધનુષ ઊંચી એવી **ચંદ્રપ્રભા** નામની **શિબિકામાં** રહેલ પાદપીઠયુક્ત સિંહાસન ઉપર અઠ્ઠમ તપવાળા (છઠ્ઠ તપનો પણ ઉલ્લેખ જોવા મળે છે.) ભગવંત બિરાજમાન થયા. પ્રભુની જમણી બાજુ કુળમહત્તરા બેઠી. એક સ્ત્રી પ્રભુના મસ્તક ઉપર છત્ર ધરી ઊભી રહી. બે સ્ત્રીઓ પ્રભુનાં બન્ને પડખે ચામર ધરી ઊભી રહી. એક બાળા રુપાની ઝારી હાથમાં લઈને વાયવ્ય દિશામાં ઊભી રહી. એક સ્ત્રી પંખો હાથમાં લઈ અગ્નિ દિશામાં ઊભી રહી. શિબિકાને બન્ને પડખે **સૌધર્મેન્દ્ર** અને **ઇશાનેન્દ્ર** ચામર ઢાળવા લાગ્યા.

દેવોની હાજરીથી ગગનમંડળ તથા પૃથ્વીમંડળ પ્રકાશવા લાગ્યું. વરઘોડાના અગ્રભાગે સ્વસ્તિકાદિ અષ્ટમંગલ ચાલ્યા, પછી અનુક્રમે પૂર્ણકલશો, દિવ્યદર્પણ, પવનમાં લહેરાતી ઊંચી ઊંચી ધજાઓ, દિવ્ય છત્ર, ૧૦૮ ઉત્તમ અશ્વો, ૧૦૮ ઉત્તમ હાથીઓ, છત્ર, ધ્વજ, તોરણ, વિવિધ પ્રકારનાં વાજિંત્રો અને ધનુષ્ય વગેરે શસ્ત્રોથી ભરેલા ૧૦૮ રથો ઘુઘરીઓના રણઝણાટ કરતા કરતા ચાલ્યા.

આવા રથોની પાછળ સુસજ્જ પરાક્રમી એવા ૧૦૮ સુભટ પુરુષો ચાલ્યા આવતા હતા. અગણિત અસવારો, ગજસૈન્ય, રથસેના અને પાયદળ ચાલ્યા. એના પછી જાણે સાક્ષાત્ યશઃપુંજ હોય, અથવા જાણે પ્રગટ મુક્તિમાર્ગ હોય અને પોતાની મોટાઈથી જાણે આકાશને માપતો હોય, એવો દેવોએ ધારણ કરેલ ૧૦૦૦ યોજન ઊંચો **ઇન્દ્રધ્વજ** ચાલ્યો. એમાં રહેલ પાંચ વર્ણની હજારો નાની-નાની પતાકાઓ, વિચિત્ર છત્રો, ભમરાઓથી યુક્ત પુષ્પમાળાઓ અને પવનવડે રણકતી ઘંટડીઓથી તે ધ્વજ સૌને આકર્ષિત કરતો હતો.

પ્રભુની દીક્ષાનો વરઘોડો:-જેમાં અષ્ટમાંગલિક, ઈન્દ્ર ધ્વજ, વિવિધ વાજિંત્રો, પ્રભુની પાલખી, હાથી, રથ, રાજા વિગેરે વિશાળ જનગણ છે.



ઘણા દંડધારીઓ, વિદૂષકો, ખેલાડીઓ, ગાયકો, વાદકો, નર્તકો, રમતા-હસતા 'જય જય' શબ્દો બોલતા શ્રેષ્ઠિઓ, ક્ષત્રિયો, સાર્થવાહો વગેરે પોતપોતાના પરિવાર સાથે ભગવંતની આગળ ચાલતા હતા. તે પછી ઘણા દેવ અને દેવીઓ પોતાના પરિવાર સાથે ચારે તરફ ચાલવા લાગ્યા.

આવા અલૌકિક અને અદ્દભુત પ્રભાવશાળી ભગવંતના દીક્ષા-વરઘોડાનું યથાર્થ વર્ણન તો કોણ કરી શકે? આપણે તો માત્ર આવા શાસ્ત્રીય વર્ણનોના આધારે, હૈયાના ભાવદ્વારા એ વરઘોડાનું કલ્પનાચિત્ર નિહાળીને આનંદ-અહોભાવ અને અનુમોદના વ્યકત કરવાનુંજ પુણ્ય મેળવવું રહ્યું!

## દીક્ષા-સ્વીકાર

ચિત્રપટ-૨૯

શોભાયમાન મોટાં મોટાં વૃક્ષો જેમાં રહેલ છે, સર્વ ઋતુઓનાં પુષ્પોની સુગંધયુક્ત પવન મંદમંદ રીતે વહેવાથી જેનું વાતાવરણ ખુશનુમા બની ગયું છે અને જેમાં મસ્ત મયૂરો મધુર કેકારવથી જાણે ભગવંતનું સ્વાગત કરતા હોય, એવા નંદનવન સમાન **જ્ઞાતખંડ** નામના ઉપવનમાં પ્રભુ આવી પહોંચ્યા.

શિબિકામાંથી પ્રભુ નીચે ઉતર્યા. અશોકવૃક્ષની નીચે આવી પોતાના અલંકાર વગેરે જાતે જ ઉતાર્યા, તેને કુળવૃદ્ધાએ ગ્રહણ કર્યા. પછી તે ભગવંતને કહેવા લાગી:

"હે પુત્ર ! તું કાશ્યપ ગોત્રમાં જન્મ્યો છે. સિદ્ધાર્થ મહારાજાનો પુત્ર છે. જ્ઞાતકુળરુપ આકાશતલમાં શરદના ચંદ્રમણિની જેમ પ્રકાશી રહ્યો છે. વાશિષ્ટ ગોત્રમાં ઉત્પન્ન થયેલા ત્રિશલાદેવીની કૂખેથી તારો જન્મ થયો છે. ક્ષત્રિયોમાં તું તિલક સમાન છે. તારા સુકુમાર અને સુંદર દેહ વડે અતિ દુષ્કર એવું તપ તું શી રીતે આદરી શકીશ ? હે વત્સ ! તલવારની ધાર સમાન મહાવ્રતનું પાલન તું બરાબર કરજે. સંયમપાલનમાં દ્દઢ રહેજે. ઘોર ઉપસર્ગોથી તું જરાપણ ગભરાઈશ નહિ. હે વત્સ ! સમસ્ત ભાવને જાણનાર એવા તને વધુ તો શું કહેવાનું હોય ? મોક્ષસુખ સત્વર મળે, એવી રીતે તું પ્રવર્તજે."


હૈયામાં ઉછળતા શોક અને આનંદની મિશ્ર લાગણીઓ અનુભવતા નંદિવર્ધન મહારાજા અને બધા સ્વજનો અશ્રુપૂર્ણ નેત્રો વડે ભગવંતના ચરણોમાં નમન કરી એક બાજુ બેઠા.

ભગવંતે પંચ-મુષ્ઠિ લોચ કર્યો. પ્રભુના હાથમાં રહેલા વાળ ઈન્દ્રે મસ્તક નમાવી દેવદૂષ્યમાં ગ્રહણ કર્યા. દિવ્ય-વાદ્યોના નાદ અને મનુષ્યોના મંગલ ઉદ્દગારો બંધ કરવામાં આવ્યા.

ગુજરાતી કાર્તિક માસની કૃષ્ણ દશમીના છેલ્લા પહોરમાં હસ્ત નક્ષત્રમાં ચન્દ્રનો યોગ આવ્યો, ત્યારે સ્વયં સંબુદ્ધ પ્રભુએ नमो सिद्धाणं પદ ત્રણ વખત બોલીને करेमि सामाइयं "હું સામાયિક આદરૂં છું અને સર્વ સાવદ્યયોગને ત્રિવિધે ત્રિવિધે વોસિરાવું છુ" એ પ્રમાણેની પ્રતિજ્ઞાપૂર્વક ચારિત્રનો સ્વીકાર કર્યો.

આ વખતે આકાશ તથા ભૂમિતલ પર રહેલા દેવ, દેવીઓ, વિદ્યાધરો અને મનુષ્યોએ ભગવંતની ચારે બાજુએ સુગંધયુક્ત વાસક્ષેપ ઉડાડયો. પ્રભુના ડાબે ખભે ઇન્દ્રે દેવદૂષ્ય વસ્ત્ર મૂકયું. એ જ સમયે પ્રભુને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું.

ચતુર્વિધ દેવો, નગરજનો અને રાજા ભક્તિથી પ્રભુને વંદન કરી પોતપોતાના સ્થાને પાછા ફર્યા. પ્રભુએ ત્યાંથી વિહાર કર્યો.



ક્ષત્રિયકુંડના ઉધાનમાં દીક્ષાના વરઘોડા સાથે પ્રભુ સ્વહસ્તે અલંકાર આદિનો ત્યાગ, પંચમુષ્ટિ લોચ, જીવનભર સર્વપાપ ત્યાગરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરે છે.

## અર્ધવસ્ત્ર દાન

ચિત્રપટ–૩૦

કુંડગ્રામ નગરમાં **સોમ** નામે બ્રાહ્મણ રહેતો હતો. તે સિદ્ધાર્થ મહારાજાને બાળમિત્ર થતો હતો. જુગારનો મહાવ્યસની હોવાથી તેણે પોતાનું સઘળું ધન ખોઈ નાખ્યું હતું. ધનપ્રાપ્તિ માટે તે દેશવિદેશમાં ખૂબ રખડયો. પણ અંતરાયકર્મ તથા અશાતાવેદનીયકર્મની પ્રબળતાના કારણે ઘણાંય વર્ષોની રખડપટ્ટી કરવા છતાંય એક કાણી કોડીની પણ પ્રાપ્તિ ન થઈ, એટલે કંટાળીને તે ઘેર પાછો આવ્યો.

પોતાનો પતિ ઘણું બધું ધન કમાવી લાવ્યા હશે એવી આશાથી બ્રાહ્મણીએ સોમની સન્મુખ આવી, એનો સારો આદરસત્કાર કર્યો. એને આસન આપી, એના પગ ધોયા. શરીરની કુશળતા પૂછી. સ્નાનાદિથી નિવૃત્ત થતાં તેને સ્નેહપૂર્વક સ્વાદિષ્ટ ભોજન પીરસી સંતુષ્ટ કર્યો. પછી સોમ શય્યામાં બેઠો એટલે બ્રાહ્મણી હૈયે અતિહર્ષભાવ ધારણ કરી તેને પૂછવા લાગી :

“હે આર્યપુત્ર ! તમે કયા કયા દેશોમાં આટલો બધો કાળ ભમ્યા ? અને કેટલું ધન કમાવી લાવ્યા ?”

એટલે સોમ બોલ્યો : “હે પ્રિયે ! હું તો ધનની ખાતર ભયંકર જંગલ, ડુંગરા, રોહણાચલ, ગુફાઓ ઈત્યાદિ અનેક સ્થાનોમાં ઘણો–ઘણો ભટકયો. રાજસેવા, મંત્ર–તંત્ર, રસકૂંપિકા આદિ ખૂબ જ અજમાવ્યા, દિવ્ય ઔષધિઓની પણ તપાસ કરી ! અરે ! મેં મારા પુરુષાર્થમાં જરાપણ ખામી નથી રાખી. છતાં પણ હે પ્રિયે ! મને ભોજનમાત્રની સામગ્રી

પણ પ્રાપ્ત ન થઈ. અત્યારે તો કેવળ તારા દર્શનની અભિલાષાથી જ હું અહીં પાછો ફર્યો છું."

ખાલી હાથે પાછા આવેલ પોતાના પતિની હકીકત સાંભળી જાણે વજ્ર વડે હણાઈ હોય અને સર્વસ્વ લૂંટાઈ ગયું હોય, તેવી દશા અનુભવતી બ્રાહ્મણીનો ગુસ્સો ઉછળ્યો અને એ કહેવા લાગી :


"અરે ! નિર્ભાગ્યશિરોમણિ ! આટલો બધો લાંબો કાળ રખડપટ્ટી કરવા છતાં પણ જો તને કંઈ લાભ ન થયો, તો ત્યાં ફોકટ સમય શા માટે ખોયો ? અરે ! અભાગિયા મૂઢ ! સિદ્ધાર્થનંદન વર્ધમાનકુમારે તો એક વર્ષ પર્યંત સતત સોનૈયાનું દાન છૂટા હાથે આપ્યા જ કર્યું. એ વાત પણ દૂરદૂરના દેશવિદેશથી આવેલ યાચકો પાસેથી શું તેં ન સાંભળી ? તું સામે જ આ જો-જેઓ જન્મદરિદ્રી હતા, તેઓ હવે રથ, હાથી, ઘોડા આદિ વાહનો વસાવી, સુંદર આભૂષણો ધારણ કરી, રાજમહેલ જેવા વૈભવશાળી મકાનોમાં બેઠાબેઠા આનંદ કરે છે !"

હતાશ બનેલ બ્રાહ્મણે કહ્યું : "હે પ્રિયે ! હું દૂરદૂરના દેશમાં હતો, ત્યારે સોનૈયાના દાન અંગે કંઈ પણ સાંભળ્યું હોત તો હું દોડતો દોડતો અહીં આવી ન પહોંચત ? મારું તો ભાગ્ય જ વિપરીત જણાય છે. હવે હું શું કરું ?"

ત્યારે બ્રાહ્મણીએ તેને ઘરની બહાર ધકેલતાં કહ્યું : "અરે ! હજી પણ તું જલ્દી એમની પાસે દોડી જા ! એ તો કરુણાના ભંડાર સમાન છે. તું માંગીશ તો અવશ્ય કંઈક આપશે."

આ વચનો સાંભળતાં જ બ્રાહ્મણને હૈયે આશા અને હિંમત પ્રગટી. બહુજ ઉતાવળે-ઉતાવળે તે પ્રભુની શોધમાં નીકળ્યો. તપાસ કરતાં કરતાં તે કુમારગ્રામ પહોંચ્યો. ત્યાં કાયોત્સર્ગ ધ્યાનમાં રહેલ પ્રભુને જોયા. પ્રભુપાસે પોતાની કર્મકથા સંભળાવતાં એણે કહ્યું :

"હે કરુણાસાગર પ્રભુ ! આપના મહાદાન વડે તો મારા જેવા અનેક અભાગિયાઓનો ઉદ્ધાર થઈ ગયો છે. હવે તો એકમાત્ર હું જ




દરિદ્રી બ્રાહ્મણને ધક્કો યાચનાથી પ્રભુએ અડધું દેવ દુષ્ય આપ્યું વૈરિણી કટપુતનાનો શીતઉપસર્ગ

બાકી રહી ગયો છું. મારા ઉપર પ્રસન્ન થઈ મારો ઉદ્ધાર કરો. આપ સાક્ષાત્ કલ્પવૃક્ષ સમાન છો. તમે મને કોઈપણ રીતે તજી ન દેશો. ખરેખર ! આપના સિવાય હવે આ દુઃખમય સંસારમાં મારો બીજો કોઈ જ આધાર નથી ?"

બ્રાહ્મણની આર્દ્રવાણીથી પ્રભુનું હૈયું કરુણાથી ઉભરાઈ ગયું.–"હે દેવાનુપ્રિયે ! અત્યારે તો મેં બધો પરિગ્રહ તજી દીધો છે. તું અતિ દૌર્ભાગ્યના દુઃખથી આકુળ-વ્યાકુળ છે. જો કે દેવદૂષ્ય આપવું અયોગ્ય છે, છતાં તારા મનની શાંતિ ખાતર આ અર્ધું દેવદૂષ્ય તને આપું છું."

એમ કહીને પ્રભુએ અર્ધ વસ્ત્રદાન કર્યું.

"જેવી સ્વામીની ઈચ્છા" એમ કહીને હર્ષના વેગથી અતિ રોમાંચિત થયેલ બ્રાહ્મણ પ્રભુને પ્રણામ કરી, સ્વામીની અપૂર્વ ઉદારતાને વારંવાર ચિંતવતો તે અર્ધ દેવદૂષ્ય લઈને પોતાના ઘેર પાછો આવ્યો. બ્રાહ્મણી પણ હવે પરમ સંતોષ પામી. બીજે દિવસે અર્ધ દેવદૂષ્યની દશી બંધાવવા તે વણકર પાસે ગયો.

"અરે ! આવું દિવ્યવસ્ત્ર તને ક્યાંથી મળ્યું ? આવાં વસ્ત્રો અહીં તો મળતાં જ નથી." વણકરે બ્રાહ્મણને પૂછ્યું.

"હે મુગ્ધ ! આ તો મને ભગવંતે આપ્યું છે." બ્રાહ્મણે જવાબ આપ્યો.

"જો એનો બીજો ખંડ તું લઈ આવે તો હું એ બન્ને ખંડ બરાબર સાંધી આપું, જેથી અખંડ વસ્ત્રનું મૂલ્ય એક લાખ સોનામહોર મળશે, આપણે બન્ને એમાંથી અર્ધોઅર્ધ દ્રવ્ય વહેંચી લઈશું."

"હવે એનો બીજો ખંડ શી રીતે મળી શકે ?" બ્રાહ્મણે પૂછ્યું.

"તું પ્રભુની પાછળ પાછળ જા. એમના ખભા ઉપરથી તે વસ્ત્ર પડી જાય, ત્યારે તું તે ઉપાડી લેજે, એટલે આપણા બન્નેનું કામ થઈ જશે."

તુરત સોમ-બ્રાહ્મણ પ્રભુની પાછળ ને પાછળ ચાલવા લાગ્યો. એક વર્ષથી અધિક કાળ વીત્યો. મોરાગ સંનિવેશથી નીકળી સુવર્ણકુલા નામની મહા નદીને કિનારો ઓળંગતાં પ્રભુના સ્કંધ પર રહેલ વસ્રખંડ પવનથી કંપતાં કાંટામાં ભરાઈ પડયું.

કાંટામાં પડેલ વસ્રખંડ સોમ બ્રાહ્મણે તુરત જ હર્ષપૂર્વક ઉપાડી લીધું. વણકર પાસે બરોબર સંધાવી લીધું અને તેની કિંમત એક લાખ સોનામહોર મેળવી. બ્રાહ્મણ તથા વણકર બન્ને સુખી થયા.

## શીત ઉપસર્ગ

ચિત્રપટ- ૩૦

ત્રિપૃષ્ઠવાસુદેવના ભવમાં વર્ણવેલ પ્રસંગ મુજબ સિંહલેશ્વરની પુત્રી વિજયવતી સાથે ત્રિપૃષ્ઠ પરણ્યો તો ખરો, પરંતુ પાછળથી તેણે બીજી ૩૨ હજાર રાણીઓ સાથે લગ્ન કર્યા હતા. એમાં વિજયવતી એ અણમાનીતિ રાણી તરીકે સ્થાન પામી. ત્રિપૃષ્ઠ તરફથી તે વારંવાર ભારે અનાદર પામતી હોવાથી તેણી ઈર્ષ્યા અને વિષાદના કારણે વાસુદેવ તરફ ભારે દ્વેષ ધારણ કરી, દુઃખમય જીવન જીવતી હતી. અંતે તે મરીને **કટપૂતના** નામે વ્યંતરી ( રાક્ષસી ) તરીકે ઉત્પન્ન થઈ.

એકદા શિયાળાના દહાડા હતા ત્યારે પ્રભુ એક જંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને સ્થિર હતા. આ કટપૂતનાએ પ્રભુને જેયા. તરત જ એને પૂર્વભવનું વૈર સાંભરી આવતાં પોતાની જટામાં હિમ જેવું ઠંડું પાણી ભરી પ્રભુ ઉપર વેગથી છાંટવા માંડી. પ્રભુ તો શુભધ્યાનમાં લીન હતા એટલે આ શીત ઉપસર્ગ એમણે સમભાવે સહન કર્યો.

# શૂલપાણિ યક્ષ ઉપસર્ગ

ચિત્રપટ-૩૧

**કૌશાંબી** નગરીમા **ધન** નામે એક ધનાઢય શેઠ રહેતા હતા. દેવદેવીઓની અનેક માનતાઓ કર્યા પછી એને **ધનદેવ** નામે પુત્રની પ્રાપ્તિ થઈ. અતિ લાડમાં એનો ઉછેર થયો હોવાથી ઉડાઉપણું, જુગાર, ચોરી, લંપટતા ઇત્યાદિ અનેક દુર્ગુણો અને દુર્વ્યસનો તેને લાગુ પડયા હતા. પરિણામે ધનશેઠનો ધનભંડાર હવે લગભગ ખાલી થવા આવ્યો હતો.

ધનશેઠને ચિંતા થવા લાગી, એટલે એકાંતમાં ધનદેવને તેડાવી હિતશિખામણ આપતાં કહ્યું :

"હે પુત્ર ! અત્યારે હું વૃદ્ધાવસ્થા પામ્યો છું. અશક્તિના કારણે બોલવા-ચાલવામાંય મને તકલીફ પડે છે. આપણો બધોય કુટુંબભાર અને ધર્મવ્યવહાર હવે તારે જ ચલાવવાનો છે. અને એ સઘળો વહેવાર ધન વિના તો ચાલી જ ન શકે. એથી ધનપ્રાપ્તિ માટે તારે ઉચિત પુરુષાર્થ કરવો જ જોઈએ. તારા ભોગોપભોગ માટે જ મેં ધન પ્રાપ્ત કર્યું છે, પણ તારે એનો દુરુપયોગ ન કરવો જોઈએ. ધન લગભગ ખલાસ થવા આવ્યું છે, છતાં જે કંઈ બાકી છે, તેમાંથી તું તારાં કળા, કૌશલ્ય અને પુરુષાર્થ વડે નવું ધન ઉપાર્જન કરી આવ અને આપણા કુળની આબરુ સાચવી લે."

આ સાંભળીને ધનદેવ બોલ્યો : "હે પિતાજી ! જો આમ હકીકત છે, તો તમે આટલા વખત સુધી મને કેમ કંઈ કહ્યું નહિ ? ધન ખલાસ થવા આવ્યું, ત્યાંસુધી મને શિખામણ પણ ન આપી ! કંઈ

નહિ. જે થવાનું હતું તે થઈ ગયું. ગઈ વસ્તુનો શોક કરવો ઉચિત નથી. મારા પરાક્રમથી હું ઘણું ધન કમાવી આવીશ. જેથી તમે ઘણા વખત સુધી સુખેથી રહી શકશો!"

ધનદેવે વિવિધ પ્રકારના કરિયાણાથી પાંચસો ગાડાં ભરાવ્યાં. સ્નાન-વિલેપન કરી, સુગંધી પુષ્પો અને ધવલ વસ્ત્રો ધારણ કર્યા. દેવ-ગુરુને નમસ્કાર કર્યો, માતાપિતા અને સ્વજન વર્ગની આજ્ઞા લીધી. ઘણા નોકરો અને આયુધો સહિત સુભટો સાથે લીધા. બળવાન શ્રેષ્ઠ જાતિના બળદોને ગાડામાં જોડાવ્યા અને શુભ મુહૂર્તે દૂર દેશાવર જવા પ્રયાણ કર્યું.

માર્ગમાં આવતા દરેક ગામમાં કરિયાણાં વેચતો અને નવાં ખરીદતો, દેશાંતરના સમાચાર પૂછતો અને દીન દુઃખીને દાન દેતો ધનદેવ ક્રમે કરીને ઘણે દૂર આવેલ **વર્ધમાનક** ગામની નજીક આવી પહોંચ્યો. વચ્ચે **વેગવતી** નદી આવી. એની જમીન રેતાળ હતી, અને થોડું પાણી હોવાથી કાદવ ઘણો ભેગો થયો હતો. મહામુશ્કેલીએ નદીનો અર્ધો પંથ કપાયો. હવે બળદો થાકી ગયા અને જમીન ઉપર લથડી પડ્યા. સારથીઓ લાચાર બન્યા. ધનદેવ ભારે ખેદ પામ્યો. પરિજનો આકુળવ્યાકુળ થવા લાગ્યા. હવે શું કરવું? આ પાંચસો બળદોમાં એક બળદ ખરેખર બળવાન હતો. ધનદેવે તેને યાદ કર્યો. પુષ્પના પૂજન-પૂર્વક સત્કારીને તેને ગાડામાં એક તરફ જોડયો. બીજી તરફ અન્ય બળદોને જોડયા. એ બળદે પોતાના સામર્થ્ય વડે લીલામાત્રથી બધાં ગાડાંને ખેંચી સામે કાંઠે પહોંચાડયાં. ગજા ઉપરાંતનો ભાર ખેંચવાથી આ બળદની નસો તૂટી ગઈ. તે જમીન ઉપર ઢળી પડયો. શોકાતુર ધનદેવે વૈદ્યને તેડાવી આ ઉપકારી બળદની સારવાર કરાવી. પોતે તેના બંધુ અને મિત્રની જેમ રાતદિવસ સેવા કરવા લાગ્યો.

ઘણા દિવસો પસાર થયા. પરિજનો હવે કંટાળ્યા. તેઓએ ધનદેવને કહ્યું: "હે સાર્થવાહ! એક બળદના કારણે આપણે સૌ

કેટલા બધાં દુઃખી થઇ રહ્યા છીએ ? વર્ષાકાળ પણ નજીક જ આવે છે. કરિયાણાં બગડે છે. હવે તો આપણે બીજા ગામે ચાલ્યા જઈએ."

ધનદેવને આ બિમાર, લાચાર અને અસહાય બનેલ બળદને તજી દઈ આગળ જવાની ભાવના ન હતી, પણ પરિજનોના આગ્રહથી એણે કંઈક માર્ગ કાઢવા વિચાર્યું અને વર્ધમાનક ગામના મુખ્ય પુરુષોને બોલાવ્યા, પ્રેમપૂર્વક આસને બેસાડી, ઉચિત સત્કાર કરીને પછી એમને જણાવ્યું :

"હે સત્પુરુષો ! આ મારો ઉપકારી મુખ્ય બળદ આવી દુઃખદ અવસ્થા પામ્યો છે. મારે આગળ જવું છે. એની સેવા-ચાકરી અને ઘાસ-ચારા માટે તમને આ ધન આપું છું. તમને મારી એક અનામત થાપણ તરીકે આ બળદ સોંપું છું. તમે સૌ સારી રીતે એની સાર-સંભાળ રાખશો. ભૂલશો નહિ. તમારો હું સદા માટે ઋણી રહીશ."

ગામના મુખીને આ પ્રમાણે ભલામણ કરી ધનદેવે બળદ આગળ બહુજ સ્નેહપૂર્વક ચારોપાણી મૂકી તેને ખમાવ્યો અને સૌ સાથે અન્ય ગામ જવા રવાનો થયો.

જેઠ-માસના સખત તાપમાં બળદનો દેહ તપવા લાગ્યો. એના માટે મૂકેલ ઘાસપાણી અન્ય પશુઓ ખાઈ-પી જતા હતા. જેના ઉપર એની સાર સંભાળની જવાબદારી સોંપવામાં આવેલ હતી, તેઓ પણ બેદરકાર બનીને એની ઉપેક્ષા કરવા લાગ્યા.

ભૂખ-તરસની વેદના અને વ્યાધિના દુઃખ વડે એ બળદ ખૂબ જ આર્ત્તધ્યાનમાં રહેતો. આખરે તે હાડપિંજર જેવો બની ગયો અને ચિંતવવા લાગ્યો :


"અહો ! મહાપાપી, નિષ્ઠુર, દયાહીન, ચંડાળ જેવા આ ગામના લોકો પ્રતિજ્ઞા-ભ્રષ્ટ બન્યા છે. ધનદેવે આપેલ ધન પણ આ લોકો પચાવી બેઠા છે."

અતિ દુઃખ ભોગવી અંતે તે બળદ મરણ પામ્યો અને એ જ ગામની પાસેના ઉદ્યાનમાં **શૂલપાણિ** નામે યક્ષ [ વાણવ્યંતર દેવ ] તરીકે ઉત્પન્ન થયો. ત્યાં દેવલોકની ઋદ્ધિ જોઇ તે આશ્ચર્ય પામ્યો. વિભંગજ્ઞાનના ઉપયોગથી એણે જોયું, તો વર્ધમાનક ગામના ઉદ્યાન પાસે જ પોતાના પૂર્વભવ સંબંધી બળદનો બિહામણો મૃતદેહ પડયો હતો. આથી એને મહાકોપ ઉત્પન્ન થયો. ગામલોકોએ આપેલ પીડાનો બદલો લેવાનો નિર્ણય કરીને, એણે બધા ગ્રામ્યજનોમાં ભયંકર મરકીનો ઉપદ્રવ ફેલાવ્યો. મરકીના પ્રભાવે ઘણા જીવો મરવા લાગ્યા. ગામ આખામાં હાહાકાર થતાં કરૂણ આક્રંદોના અવાજો સંભળાવા લાગ્યા. મંત્ર, તંત્ર, ઔષધિ, જાપ, પૂજા, દાન અને અન્ય અનેક પ્રકારના ઉપાયો કરવા છતાં મરકી શાંત ન પડી, એટલે પોતાનાં ઘરબાર, પશુ, ધન, ધાન્ય છોડી લોકો અન્ય ગામે પોતાનો જીવ બચાવવા ચાલ્યા ગયા. ત્યાં પણ આ યક્ષ એમને પીડવા લાગ્યો. લોકો ફરી પાછા પોતાના ગામે આવ્યા. ત્યાં બલિ, પુષ્પ, ધૂપ આદિ મૂકીને, હાથજોડી, નજર ઊંચે રાખી, સૌ સાથે પ્રાર્થના કરતાં કહેવા લાગ્યા :

"અંતરિક્ષમાં રહેલા, દિવ્ય અતિશયયુક્ત એવા હે દેવો! અસુરો, યક્ષો, રાક્ષસો અને કિંપુરુષો! તમે આ અમારી વિનંતિ સાંભળો. અમારાથી ઐશ્વર્ય, મદ, અજ્ઞાન કે અવિનય વડે તમારો જે કંઈ અપરાધ થયો હોય, તેની ક્ષમા કરો. તમારા કોપનું ફળ અમે જોયું. હવે તમારી કૃપાનું ફળ અમે જોવા માંગીએ છીએ."

આ સાંભળી, આકાશમાં રહેલ શૂલપાણિ યક્ષ કહેવા લાગ્યો :

"હે દુરાચારી, લોભી, અધમ પાપાત્માઓ! હવે મને તમે સૌ ખમાવો છો? તમારા સ્વજનો મરણ પામતાં તમે સૌ ભારે સંતાપ પામો છો, પણ તે બળદ ભૂખ, તરસ અને વ્યાધિથી મરણ પામ્યો, ત્યારે તમને જરાપણ શોક ન થયો! દયા પણ ન જાગી! શિષ્ટ-જનનું વચનપાલન પણ ન કર્યું!! હવે તો તમારું બોલવું બધું નકામું છે.




બળદે ૫૦૦ ગાડા ખેંચ્યા, સાંધા તૂટતાં લોકોને ભલામણ, મરીને યક્ષ, ઉપદ્રવે લોક પ્રાર્થના, પ્રભુને વારણ, યક્ષ-ઉપસર્ગ.

તમે દૂર ભાગી જશો, તો પણ હું તમને હવે છોડવાનો નથી. દુઃખના કારણરુપ તમને સૌને તો હું મૂળમાંથી જ ઉખેડી નાખવા માંગું છું."

આ વચનો સાંભળી સૌ ભયથી ધ્રૂજવા લાગ્યા. ધૂપદાની હાથમાં લઈ, સુગંધી પુષ્પો ઉછાળતાં, કોમળ વચનોથી, યક્ષને નમસ્કાર કરી સ્તુતિ કરતાં સૌએ કહ્યું :

"હે દેવ ! અમે અપરાધ કર્યો છે, એ સાચી વાત છે. તમારો કોઈ દોષ નથી. છતાં હવે અમારા ઉપર કૃપા વરસાવો. અમારા આ અપરાધનું પ્રાયશ્ચિત્ત બતાવો. વીતી ગયેલી વાતને ભૂલી જાઓ. અમારું આ મસ્તક તમારા ચરણમાં મૂકીએ છીએ. શરણાગતને જે કંઈ કરવું યોગ્ય લાગે, તેમ તમે હવે કરો."

આ પ્રમાણે ગ્રામલોકોની સ્તુતિ સાંભળી કંઈક શાંત થયેલ શૂલપાણિ યક્ષ કહેવા લાગ્યો :

"જો એમ હોય તો આ મરણ પામેલા માણસોનાં હાડકાં એકઠાં કરો. એના ઉપર એક ઘુમટ અને ધજાયુક્ત મનોહર મંદિર બનાવો. એમાં વૃષભ સહિત યક્ષપ્રતિમા સ્થાપન કરો. પ્રતિદિન બલિ, પુષ્પાદિથી તેનું પૂજન કરો. આમ કરશો તો જ હું તમને જીવવા દઈશ. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી."

"જેવી દેવની આજ્ઞા" એમ વિનયથી ગામલોકોએ યક્ષની આજ્ઞા માથે ચઢાવી. તેના કહ્યા પ્રમાણે ગામની નજીકમાં સુંદર મંદિર બંધાવ્યું. **ઇન્દ્ર શર્મા** નામે પૂજારી રાખ્યો. ત્રણ કાળ આદરપૂર્વક પૂજા-નાટક થવા લાગ્યાં.

મરણ પામેલ અનેક લોકોનાં હાડકાં આ મંદિરના પાયામાં હોવાથી આ ગામ ત્યારથી "**અસ્થિ ગ્રામ**" તરીકે પ્રસિદ્ધ થયું.

આ મંદિરમાં જે કોઈ થાકયો-પાકયો પથિક, ભિક્ષુક કે અન્ય કોઈ વ્યક્તિ રાતવાસો રહેતી તેને આ યક્ષ અનેક રીતે યાતના પમાડી મારી નાખતો. તેની પીઠ ઉપર આરુઢ થઈ, થાકે ત્યાંસુધી તેને ચલાવતો,

ક્રૂર હાસ્ય કરી દડાની જેમ તેને આકાશમાં ઉછાળતો, નીચે પડતાં તીક્ષ્ણ તલવાર વડે તેને છેદી નાખતો, કેટલાકને પગથી પકડી, વસ્ત્રની જેમ જમીન ઉપર પછાડતો, કેટલાકને ઘંટની જેમ બારણાના તોરણે લટકાવતો અને કેટલાંકના શરીરના ટૂકડે ટૂકડા કરી સર્વ દિશાઓમાં બલિની જેમ નાખી દેતો. આ મંદિરમાં રાતવાસો રહેલ દરેક જીવનો, આ પ્રમાણે યાતના પમાડી, વિનાશ કરતો. તેના ભયના કારણે લોકો દિવસે ત્યાં રહી, વિસામો ખાતા અને રાત પહેલાં જ મંદિર છોડી પોતાને ઘેર ચાલ્યા જતા. પૂજારી પણ ધૂપ, દીપ, પૂજા કરી દિવસ આથમ્યા પહેલાં જ પોતાના સ્થાને પહોંચી જતો.

પરમકૃપાળુ શ્રી મહાવીર સ્વામી આ વ્યંતરને પ્રતિબોધ પમાડવાના હેતુથી વિહાર કરતા આ અસ્થિગ્રામમાં પધાર્યા. રાતવાસો રહેવા પૂજારીની આજ્ઞા માંગી. તેણે કહ્યું : "ગામ જાણે ! હું હા-ના ન કરી શકું !"

ત્યાં એકઠા થયેલા લોકોને ભગવંતે રાતવાસો કરવા નિમિત્તે પૂછ્યું : પ્રભુની અત્યંત સૌમ્ય અને રૂપવિશિષ્ટ મુખમુદ્રા જોઈ ને લોકોએ જણાવ્યું :

"હે દેવાર્ય ! તમે અહીં રાતવાસો રહી શકશો નહિ. ગામમાં પધારો. ત્યાં આપની ઇચ્છા પ્રમાણે રહો."

લોકોએ યક્ષ સંબંધી સત્ય પરિસ્થિતિ પ્રભુને જણાવી દીધી. પ્રભુ બોલ્યા : મને અહીં જ રહેવાની તમે અનુમતિ આપો."

પ્રભુની ઇચ્છા ગામમાં રહેવાની ન જણાતાં લોકોએ કહ્યું : "જો આપની ઇચ્છા અહીંજ આ મંદિરમાં રહેવાની હોય તો ભલે રહો !"

મંદિરના એક ખૂણે પ્રભુ કાઉસ્સગ્ગધ્યાને સ્થિર રહ્યા. દિવસ અસ્ત થવાની તૈયારી હતી, ત્યારે પૂજારીએ ધૂપ-દીપ પ્રગટાવી પૂજા કરી, ત્યાં રહેલા ભિક્ષુકો તથા પથિકોને ચાલ્યા જવાની આજ્ઞા કરી પછી પ્રભુને તે કહેવા લાગ્યો :

"હે દેવાર્ય ! આપ પણ બહાર નીકળી જાઓ, જેથી અહીં રહેતા યક્ષના હાથે તમે માર્યા ન જાઓ."

પ્રભુએ જાણે આ સાંભળ્યું જ ન હોય તેમ મૌનપણે રહ્યા.

પૂજારીની વારંવારની વિનંતિ છતાં જ્યારે ભગવંતે કંઈ જવાબ ન આપ્યો ને રાતવાસો રહ્યા; ત્યારે શૂલપાણિ યક્ષ વિચારવા લાગ્યો : "અહો ! આ કોઈ વિચિત્ર વ્યક્તિ લાગે છે ! પૂજારી અને ગામલોકોની ચેતવણી છતાં આ સ્થાન મૂકતો નથી. નસીબયોગે ઘણા દિવસે આ મારા હાથે ચડયો છે, એટલે એને પણ હું મારો ચમત્કાર દેખાડી દઉં."

સહુપ્રથમ શૂલપાણિ યક્ષે પ્રલયકાળની ગર્જના સમાન, સર્વને ભય પમાડનાર, ભયંકર અને અસાધારણ અટ્ટહાસ્ય કર્યું. ચારેય તરફ એનો અવાજ તથા પડઘો સંભળાયો. ગામલોકો ભયભ્રાંત બની પરસ્પર કહેવા લાગ્યા : "અહો ! એ મહાનુભાવ દેવાર્યને યક્ષ મારતો લાગે છે ! સૌ અફસોસ કરવા લાગ્યા કે-નક્કી આજે એ દેવાર્ય યક્ષના હાથે માર્યા જશે."

યોગાનુયોગ ઉત્પલ નામે એક નિમિત્તજ્ઞ એજ દિવસે એજ ગામમાં આવ્યો હતો. તેણે પૂર્વે શ્રી પાર્શ્વનાથ પ્રભુના તીર્થમાં દીક્ષા લીધેલી. પણ પાછળથી દીક્ષા ન પાળી શકવાથી તે પરિવ્રાજક બન્યો હતો. તે અષ્ટાંગ નિમિત્તશાસ્ત્રનો જાણકાર હતો. ગામલોકો પાસેથી આવી વાતો સાંભળી અને લક્ષણોનું વર્ણન સાંભળ્યું ત્યારે એને શંકા થઈ કે-કદાચ તાજેતરમાં જ દીક્ષા લીધેલ તે તીર્થંકર શ્રી મહાવીરસ્વામી તો નહિ હોય ?"

લોકોની વાતો સાંભળીને ઉત્પલ તે યક્ષથી ભયભીત બન્યો હતો અને યક્ષમંદિરમાં જવા જેટલી હિંમત એનામાં ન હતી. એથી લાચારી અનુભવતો તે પ્રભુની ચિંતા કરતો જ રહ્યો.

ભયંકર અટ્ટહાસ્યથી પ્રભુ ભય ન પામ્યા, એટલે યક્ષે ભયંકર પિશાચનું રૂપ વિકુર્વ્યું : બિહામણો તુંબડા જેવો ચહેરો, લાંબા લટકતા વાળ, હાથીદાંત સમાન બહાર નીકળી આવતા લાંબા દાંત, ચપટી અને ઘોર નાસિકા, ગળા તથા છાતી ઉપર લટકતી હાડકાંની મોટી માળા, બગલમાં પકડેલ મડદાનું માંસ એક હાથમાં રાખી ખાવાની ચેષ્ઠા કરતો હોય અને બીજા હાથે લોહી પીતો હોય-એવી મુખમુદ્રા, આ

ઉપરાંત ચાલતો હોય ત્યારે એના પગવડે પૃથ્વી પણ ધ્રૂજતી હોય–તેવા પ્રકારનું રૂદ્રરૂપ ધરાવતો એ યક્ષ પ્રભુને ભય પમાડવા લાગ્યો.

પ્રભુ તો મેરુની જેમ નિષ્કંપ, નિર્ભય અને ધર્મધ્યાનમાં લીન જ રહ્યા. ફરીથી પ્રભુને ભય પમાડવા યક્ષે ભયંકર મોટો એક સર્પ વિકુર્વ્યો. તે પ્રભુના શરીરે વીંટળાઈ, પૂંછડી વડે જોરથી તાડન કરવા લાગ્યો. તીક્ષ્ણ દાઢાવડે ડંખ દેવા લાગ્યો. ગળે વીંટળાઇ શ્વાસોશ્વાસને રૂંધવા લાગ્યો. આમ છતાં પ્રભુ જરાપણ ચલાયમાન ન થયા.

ભયંકર અટ્ટહાસ્ય, બિહામણા પિશાચનું રૂપ તથા મહાસર્પનો ઉપસર્ગ પણ તદ્દન નિષ્ફળ નીવડયો એટલે યક્ષે આખી રાત્રિ પર્યંત અત્યંત રૌદ્ર અને દુઃસહ એવી સાત પ્રકારે પ્રભુને પીડા ઉપજાવી. તે સાત વેદના આ પ્રમાણે છે: શિરોવેદના, કર્ણવેદના, નેત્રવેદના, દંતવેદના, નખવેદના, નાસિકાવેદના અને પીઠવેદના. આ સાત મર્મસ્થાનોમાંથી ફક્ત એક જ મર્મસ્થાનની પીડા વડે સામાન્ય જનનો પ્રાણ ચાલ્યો જાય, તો એકી સાથે ઉપજાવેલી સાત સાત પ્રકારની વેદનાની તો શી વાત કરવી?

સમતાભાવે પ્રભુએ આ બધી વેદનાઓ સહન કરી. યક્ષ પ્રભુને જરાપણ ચલાયમાન કરી ન શકયો તેમજ ક્ષોભ પણ પમાડી ન શકયો. હવે તે ખૂબ જ થાકી ગયો હતો, મનમાં સંતાપ પામ્યો : અહો ! મારા બધાય પ્રયત્નો નિષ્ફળ ગયા!

પ્રભુના ધૈર્યગુણથી તે યક્ષ હવે પ્રભાવિત બન્યો. આથી તે ભારે ભાવપૂર્વક ભગવંતને પગે પડીને કહેવા લાગ્યો: "હે ભગવંત! તમારા સામર્થ્યને મેં જાણ્યું નહિ. તમારો અપરાધ કર્યો, તેની મને ક્ષમા આપો."

પ્રભુને થયેલ આ ઉપસર્ગોની જાણ થતાં જ **સિદ્ધાર્થ** નામે વ્યંતર-દેવ ત્યાં દોડી આવ્યો અને આ શૂલપાણિ યક્ષને કહેવા લાગ્યો :

"અરે, અધમ શૂલપાણિ ! સિદ્ધાર્થ મહારાજાના પુત્ર આ ચરમ તીર્થંકર ભગવંતને તું શું નથી જાણતો ? દુર્ગતિમાં જ જવા માટે તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ લાગે છે, એટલે જ વિવેક નાશ પામ્યો છે અને તું

એમને પીડા દેવા તત્પર બન્યો છે! અરે દુરાચારી! જો આ બનાવ ઈંદ્ર મહારાજાના જાણવામાં આવે તો તેનું ફળ શું મળે, તેની તને ખબર છે?"

વ્યંતરના આ શબ્દો સાંભળતાં જ શૂલપાણિ અતિ ભયભીત બની ગયો. વારંવાર તે પ્રભુને ખમાવવા લાગ્યો, એટલે સિદ્ધાર્થ–વ્યંતરે તેને આ પ્રમાણે હિતશિક્ષા આપી:

"શ્રી વીતરાગમાં દેવબુદ્ધિ અને સાધુમાં ગુરુબુદ્ધિ રાખવી. તત્ત્વાર્થની સદ્દહણા [શ્રદ્ધા] કરવી. કોઈપણ પ્રાણીને પીડા ન ઉપજાવવી. પૂર્વે કરેલ પાપની નિંદા કરવી, જેથી એનો દુઃખદાયક વિપાક ભોગવવો ન પડે."

આ સાંભળી યક્ષને ભૂતકાળમાં પોતાના હાથે થયેલ ઘોર હિંસાના દુષ્ટ કર્મો યાદ આવ્યાં. એ માટે તેણે ભારે પશ્ચાત્તાપ કર્યો. હવે તે વિરાગી બન્યો અને **સમ્યક્ત્વ** પામ્યો. પોતાના સઘળા દોષોને ઉપશાંત કરવા તે ભગવંત પાસે ગીત અને નાટક કરવા લાગ્યો.

ગ્રામવાસી લોકો આ સાંભળીને ચિંતવવા લાગ્યા: "અહો! પેલો યક્ષ દેવાર્યને મારી અત્યારે સંતુષ્ટ થઈ આનંદથી ક્રીડા કરી રહ્યો લાગે છે!"

ચાર પ્રહરથી કંઈક ન્યૂન સમય પર્યંત થયેલ ઉપસર્ગના પરિતાપથી પ્રભુને લગભગ એક મુહૂર્ત (બે ઘડી અથવા ૪૮ મિનિટ) નિદ્રા આવી ગઈ. એ વેળા એમણે દશ સ્વપ્નો જોયાં.

પ્રભાત થતાં ગામલોકો સાથે ઉત્પલ નિમિત્તજ્ઞ પણ મંદિરે આવ્યો. પ્રભુને ક્ષેમકુશળ જોઈ સૌ આનંદ પામ્યા. ઉત્પલે ભગવંતને ઓળખી લીધો અને અતિ આનંદ પામ્યો. સૌ પ્રભુને વારંવાર વંદન કરવા લાગ્યા.

પ્રભુના હાથે યક્ષ શાંત થઈ જતાં ગામના લોકો હંમેશ માટે પીડામુક્ત થઈ ગયા. પ્રભુ ત્યાં ચાતુર્માસ રહ્યા. ચાતુર્માસ પૂર્ણ થતાં પ્રભુએ વિહાર કર્યો:

આ વખતે શૂલપાણિ પ્રભુના ચરણોમાં શિર નમાવી ભક્તિપૂર્વક કહેવા લાગ્યો: "હે પરમકૃપાળુ દેવ! મેં આપને ભયંકર ઉપસર્ગો કર્યા, મારા જેવો મહાપાપી કોઇ નથી. ઉપરાંત આપે અહીં રહી મને મહાન લાભ આપ્યો, તેના કારણે મારા જેવો કૃતાર્થ પણ કોઇ નથી. હે સ્વામી! હું હવે સમજ્યો છું કે મને પ્રતિબોધ પમાડવા માટે જ આપ અહીં પધાર્યા. હે પ્રભુ! આપે અહીં પધારી જો મારો હાથ પકડી આ ભવરૂપી કૂવામાંથી મને બહાર કાઢ્યો ન હોત તો મારા દુષ્કૃત્યોના પરિણામે શું-શું દુઃખ હું ન પામત? આપનો આ મહાન ઉપકાર કદીયે નહીં ભૂલું."

પ્રભુ આગળ ચાલ્યા. પ્રભુના વિરહનું દુઃસહ દુઃખ અનુભવતો યક્ષ પણ અંતર્ધાન થઇ ગયો.

## ચંડકૌશિક ઉપસર્ગ

ચિત્રપટ-૩૨

કૌશિક નામે નગરમાં **ગોભદ્ર** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. શાસ્ત્રજ્ઞાનમાં એ અતિ-નિપુણ હતો. પરંતુ ધનના અભાવે એને સદાકાળ દરિદ્ર અવસ્થામાં જ રહેવું પડતું હતું. કોઇની પાસે ધનની યાચના નહિ કરવાનો એને નિયમ હતો. સંતોષવૃત્તિ ધારણ કરી એ પોતાના ચિત્તમાં જરાપણ દીનતાભાવ લાવતો નહીં.

એકદા એની સગર્ભા પત્નીએ ગોભદ્રને પ્રેરણા કરી : "પ્રસુતિ નિમિત્તે ભવિષ્યમાં ઔષધાદિકની જરૂર પડે તો ધન કામ લાગે, માટે થોડુંક ધન પ્રાપ્ત કરો."




સાધુ કાળ કરી જ્યોતિષમાં, તાપસ અને છેવટે ક્રોધી ચંડકૌશિક સર્પ પ્રભુનાં "બુઝ બુઝ" શબ્દથી શાંત. ૮માં સ્વર્ગે.

ધન ઉપાર્જનના હેતુથી ગોભદ્ર કાશી ગયો. ત્યાં સારા પ્રમાણમાં ધનપ્રાપ્તિ થઈ, એટલે એણે વિચાર્યું કે–હવે હું ઘેર જઈ સર્વ પ્રકારનાં વિષય સુખો ભોગવી શકીશ. ગોભદ્ર પોતાને ગામ પાછો ફર્યો. ત્યાં પોતાનાં ઘરની જીર્ણ હાલત જોઈ આશ્ચર્યમૂઢ બની ગયો. પડોશી-ઓને પૂછતાં ખબર પડી કે–એની પત્ની તો ભયંકર શૂળવેદના ભોગવી મરણ પામી ચૂકી છે. વિયોગના આઘાતથી તે પોકેપોક મૂકી રડવા લાગ્યો. પાસે રહેતા લોકોએ એને આશ્વાસન આપી શાંત કર્યો. દિવસો જતાં એનો શોક હવે હળવો થયો. બીજીવાર લગ્ન કરવા એના પડોશીઓએ પ્રેરણા કરી. ગોભદ્રનો વૈરાગ્યભાવ પ્રબળ બન્યો હતો. "બીજી પત્ની પણ જો મરી જાય તો ફરીથી મારા માટે તો આવી જ માથાકૂટ ઉપસ્થિત થાય ને?" એમ વિચારી તે હવે ધર્મકાર્યમાં પોતાનો સમય વિશેષ કરીને પસાર કરવા લાગ્યો.

એકદા શ્રી ધર્મઘોષસૂરીજી નામના આચાર્ય ભગવંત નગરમાં પધાર્યા. ગોભદ્ર એમની ધર્મદેશના સાંભળવા ગયો.

"આ સંસારમાં ચિંતામણિ રત્ન કરતાં પણ અતિ દુર્લભ એવો શ્રી જિનેશ્વર પ્રભુનો ધર્મ છે. સંસારસાગરમાં અથડાતા કર્મવશ જીવ માટે એ ઉત્કૃષ્ટ આલંબનરુપ છે. સંસારનાટકમાં રડતાં રડતાં પ્રવેશ કરવો [ જન્મ લેવો ] અને એમાંથી રડતાં રડતાં નીકળી જવાનું [ મરણ પામવું ] વિવેકી પુરુષ માટે જરા પણ યોગ્ય જ નથી. મોક્ષ એ જ એક માત્ર શાશ્વત અને અખંડ સુખનું સ્થાન છે. ત્યાં જન્મ, જરા અને મરણનું દુઃખ જીવને સ્પર્શી શકતું જ નથી. સર્વદા મોક્ષ માટે પુરુષાર્થ આદરવો એ જ માનવભવનો મુખ્ય હેતુ છે. જન્મ, જરા અને મૃત્યુરુપી દુઃખોના ડુંગરાને તોડવા માટે ચારિત્રજીવન એ વજ્ર સમાન સાધન છે, જે ગ્રહણ કરવાથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે."

ગુરુ મહારાજનો ઉપદેશ ગોભદ્રને હૈયે બરોબર ઊતરી ગયો. શુદ્ધ ધર્મની ઓળખાણ થઈ. તત્કાળ પોતાને દીક્ષા આપવા વિનંતિ

કરી. સંમતિ મળતાં જ તે પોતાને ઘેર ગયો. દાન આદિ શુભ કાર્યોમાં સઘળું ધન વાપરી લીધું. સંપૂર્ણ ઉલ્લાસભાવપૂર્વક એણે સંયમ-જીવન સ્વીકાર્યું.

સુંદર રીતે બાહ્ય અને અભ્યંતર તપની આરાધનાની સાથે સાથે શાસ્ત્રઅભ્યાસ પણ ચાલુ રાખ્યો. એકદા ગુરુની આજ્ઞા લઈ માસખમણના પારણે માસખમણ તપ શરુ કર્યો. તપના પારણાના દિવસે એક બાળ સાધુ સાથે તેઓ ગોચરી અર્થે નીકળ્યા. દૈવયોગે રસ્તામાં એમના પગ નીચે એક દેડકી કચરાઈને મરણ પામી. પાછળ ચાલ્યા આવતા બાળમુનિએ કહ્યું : "હે ક્ષમાશ્રમણ ! તમે આ દેડકીની વિરાધના કરી છે, એટલે જરા બરાબર જુઓ."

'સાંજે પ્રતિક્રમણ વેળા ગુરુમહારાજ પાસે ગોભદ્રમુનિ આલોચના લેશે,' એમ સમજી બાળમુનિ શાંત રહ્યા. સાંજે પ્રતિક્રમણમાં દેડકીની આલોચના લેવા ફરીથી બાળમુનિએ યાદ દેવડાવી. તપ વડે ગોભદ્ર મુનિનું શરીર સંતપ્ત તો થયેલું જ હતું, અને એમાં વળી બાળમુનિએ આલોચનાની યાદ દેવડાવી. પરિણામે મુનિના મનમાં તીવ્ર કોપ ઉત્પન્ન થવાથી વિવેકબુદ્ધિ દબાઈ ગઈ. તેઓ બાળમુનિને ચૂપ કરી દેવા ઓઘો ઉગામીને તીવ્ર વેગે દોડયા. એમનું માથું ઉપાશ્રયના એક થાંભલા સાથે જોરથી અથડાતાં ગોભદ્ર મુનિ તત્કાળ મરણ પામ્યા. સંયમજીવનમાં પ્રાપ્ત કરેલ સઘળું પુણ્ય એક ક્ષણ માત્રમાં જ ક્રોધાગ્નિ વડે લગભગ બાળી નાખ્યું.

ગોભદ્રમુનિનો જીવ જ્યોતિષી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં **કનકખલ આશ્રમ**માં પાંચસો તાપસોના કુલપતિના પુત્રપણે તે દેવનો જન્મ થયો. એનું નામ **કૌશિક** રાખ્યું. તે સ્વભાવે અતિ ક્રોધી હતો. નાના-નાના અપરાધોના કારણે પણ તે અન્ય તાપસોના કુમારોને તાડન કરી લેતો. એમને વડીલો પૂછે : "કોણે માર્યું ?" તો તાપસ કુમારો રડતાં રડતાં "**કૌશિક**"નું નામ જણાવતા. પણ ત્યાં તો "**કૌશિક**" નામધારી અન્ય તાપસકુમારો પણ હતા.

એટલે તેને ઓળખવા માટે તાપસોએ "ચંડ" શબ્દ ઉમેરીને એનું નામ "ચંડકૌશિક" પાડ્યું.

કાળક્રમે કુલપતિ મરણ પામ્યો. અન્ય તાપસોએ પ્રણાલિકા મુજબ આ ચંડકૌશિકને એના પિતાના સ્થાને કુલપતિ તરીકે સ્થાપ્યો. આશ્રમ પ્રત્યે તેની આસક્તિ ઉત્તરોત્તર વધતી ગઈ. તે કાળજીપૂર્વક વૃક્ષોને પાણી સિંચતો અને તેના ઉછેરમાં ઘણો સમય ગાળતો. ત્યાં કોઈ ફળો કે ફૂલો લેવા આવે, તો તેનો તિરસ્કાર કરી હાંકી કાઢતો એટલે સર્વ તાપસો ધીમેધીમે અન્ય સ્થળે ચાલ્યા ગયા.

એકદા ચંડકૌશિક પોતાના આશ્રમની વાડ કરવાના હેતુથી કાંટા લેવા તીક્ષ્ણ કુહાડો લઈ દૂર વનમાં નીકળી ગયો. પાસે જ આવેલ શ્વેતાંબી નગરીના રાજપુત્રોને આ ખબર મળ્યા. પૂર્વે એમને જોઈતાં ફળો તથા પુષ્પો ન આપતાં કૌશિકે અપમાન કરેલ. તેનો બદલો લેવાના હેતુથી તે સહુએ મળીને કનકખલ–આશ્રમનાં નાનાં–મોટાં ઝાડ ઉખેડી નાખ્યાં, ફળો પાડી નાખ્યાં, કમંડળ ફોડી નાખ્યું, દ્રાક્ષ-મંડપો કાપી નાખ્યા અને જેટલું બને તેટલું નુકસાન એમણે ત્યાં કર્યું. કોઈ ગોવાળ દ્વારા ચંડકૌશિકને આ પરિસ્થિતિની જાણ થતાં જ એના શરીરમાં ક્રોધાગ્નિની જવાળાઓ પ્રગટી નીકળી. કુહાડો લઈ પવનવેગે તે કુમારો તરફ દોડ્યો.

"હે અધમ ક્ષત્રિયો! તમે મારી સામે આવો તો હું તમારાં સૌનાં માથાં આ કુહાડા વડે કાપી નાખું!"

એમ કહેતાં જ ચંડકૌશિક ઝડપથી તેમને મારવા દોડ્યો. માર્ગમાં આવેલ એક કૂવામાં તે પટકાઈ ગયો. પોતાના જ હાથમાં રહેલા, પોતાના જ કુહાડા વડે એનું પોતાનું માથું છેદાઇ ગયું. તે તત્કાળ મરણ પામ્યો. એ જ આશ્રમમાં એની ગાઢ મૂર્છા હોવાના કારણે તથા આર્ત્તધ્યાનમાં મરણ પામતાં તે એ જ આશ્રમમાં ભયંકર દૃષ્ટિવિષ સર્પ તરીકે ઉત્પન્ન થયો.

પૂર્વભવના સ્નેહાનુબંધથી તે સર્પને પોતાના આશ્રમની રક્ષાના પરિણામ ઉત્પન્ન થવાથી તે આશ્રમની આજુબાજુ નિરંતર ભ્રમણા કરતો રહેતો. એકદા તેણે આશ્રમમાં તાપસોને ફરતા જોયા, એટલે એણે રોષ સહિત સૂર્યબિંબને જોઈ અગ્નિજ્વાળા પ્રગટાવીને સામે રહેલા તાપસોને બાળી નાખ્યા. થોડા તાપસોએ ચારે બાજુ નાસભાગ કરી પોતાના પ્રાણ બચાવ્યા.

હવે તો તે સર્પ દરેક પશુ, પક્ષી અને વટેમાર્ગુને જ્યાં-જ્યાં દેખતો, ત્યાં ત્યાં પોતાની દૃષ્ટિ ફેંકી બાળી નાખવા લાગ્યો. એના ભયના કારણે હવે આ કનકખલ આશ્રમનો માર્ગ સંપૂર્ણ રીતે ઉજ્જડ બની ગયો. કોઈ પણ જીવ એ માર્ગે જવાની હિંમત કરતો જ નહિ.

પરમ કરુણાના મહાનિધાન સમા શ્રી મહાવીર પ્રભુએ ઉજ્જડ બનેલા આ કનકખલ આશ્રમના માર્ગે વિહાર કર્યો. માર્ગમાં મળતા ગોવાળિયાઓએ એ માર્ગે વિહાર ન કરવાની વિનંતિપૂર્વકની ચેતવણી આપી, છતાં પ્રભુએ તો હેતુપૂર્વક જ એ તરફ વિહાર કર્યો. ચંડકૌશિકના આત્માને નરકે લઈ જનાર આ ભયંકર પાપપ્રવૃત્તિમાંથી ઉગારી લેવાની પ્રભુની પરોપકાર દૃષ્ટિ હતી.

આશ્રમના યક્ષમંદિરમાં પ્રભુ કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. ચંડકૌશિકે પ્રભુને જોયા. એમને બાળી નાખવાની ઇચ્છાથી વારંવાર તે પ્રભુ સામે દૃષ્ટિ ફેંકવા લાગ્યો. પણ પ્રભુના શરીર ઉપર એની કંઈપણ અસર ન થઈ. એટલે હવે તેણે વિશેષ ક્રોધ કરી, સૂર્યની સામે જોઈ, ચાર ગણું વિષ ઉત્પન્ન કરી, પ્રભુ સામે જોયું. એની પણ પ્રભુ ઉપર કંઈ અસર ન થઈ, એથી હતાશ બનેલ ચંડકૌશિક, ફૂંફાડા મારતો એકદમ ભગવાનને ડંસવા માટે એમની તરફ દોડયો. તીક્ષ્ણ દાઢાથી પ્રભુના પગે ડંખ દીધો. "વિષ ચઢતાં કદાચ પ્રભુ પોતાની જ ઉપર પડે તો ?" એમ ચિંતવી તે તુરત જ પાછળ હટી ગયો અને કયારે પ્રભુ જમીન ઉપર પડે એની રાહ જોવા લાગ્યો ! પણ પ્રભુ તો એ જ અવિચળ સ્થિતિમાં

જ ઊભા રહ્યા ! સર્પે ફરી ફરી ત્રણ વખત ક્રોધના આવેશમાં ડંખ આપ્યા, પરંતુ ધાર્યા કરતાં બધું ઊંધું જ પરિણામ આવ્યું !

ડંખના સ્થળેથી લાલ લોહીના બદલે કારુણ્યભાવનાના પ્રતીક સમી ઉજ્જવળ દૂધની ધારાઓ વહેવા લાગી ! પ્રભુની સૌમ્ય મુદ્રામાં જરાપણ ફેરફાર ન થયો !

ચંડકૌશિક થોડીવારમાં ઉપશાંત થયો. મેઘસમાન શીતળતા પ્રસરાવનાર પ્રભુના આ શબ્દો એના કાને સંભળાયા :

"હે મહાનુભાવ ચંડકૌશિક ! બુજ્ઝ બુજ્ઝ."

ચંડકૌશિકને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવો જોયા. મહાતપસ્વી ગોભદ્રમુનિ, સુંદર સંયમજીવન, તપની સુંદર આરાધના, ક્રોધના પરિણામે ધર્મની વિરાધના, મૃત્યુ બાદ જ્યોતિષી દેવ, ત્યાંથી તાપસપુત્ર, ફરી એ જ ક્રોધના સંગથી ક્રૂર પરિણામવાળો વર્તમાન સર્પનો ભવ ! આ બધીય પરિસ્થિતિનો સંપૂર્ણ તાદૃશ ચિતાર એની આંખ સામે આવી ગયો. તે વિચારવા લાગ્યો :

"અહો ! આ પરમ તારક પ્રભુની મારા ઉપર કૃપાવૃષ્ટિ થઈ ન હોત, તો મારા માટે કેવી દુઃખદાયક પરિસ્થિતિનું સર્જન થાત ? મારા માટે દુર્ગતિ તદ્દન નજીક જ હતી ! અહો ! આ તો મારું પરમ સદ્ભાગ્ય કે આવા પરમ કૃપાળુ પ્રભુ મને અત્યારે મળી ગયા ! એમણે મારો વિવેક જાગૃત કર્યો ! સાચી પરિસ્થિતિનો ખ્યાલ કરાવ્યો !"

હવે ચંડકૌશિકને પોતાના પાપી જીવન પ્રત્યે તિરસ્કારભાવ ઉત્પન્ન થયો. ધર્મભાવના વિકાસ પામી. ભક્તિપૂર્વક પ્રભુને પ્રદક્ષિણા આપી વંદન કર્યું અને અનશન આદર્યું.

પ્રભુએ જાણ્યું કે–ચંડકૌશિક પ્રતિબોધ પામ્યો છે અને અનશન આદર્યું છે, એથી અનુકંપાના કારણે પ્રભુ પણ ત્યાં જ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

હવે પોતાની વિષદૃષ્ટિ કોઈના ઉપર ન પડે, એ હેતુથી ચંડકૌશિકે પોતાનું મુખ બીલની અંદર રાખી તથા શરીર બહાર રાખી, શાંતભાવે સ્થિર બની ગયો.

પ્રભુની પાછળ રહેલ વૃક્ષઘટામાં સંતાયેલા કુતૂહલપ્રિય ગોવાળો અને લોકો આ આખોય પ્રસંગ નજરોનજર નિહાળીને નવાઈ પામ્યા. ખાત્રી કરવા એમણે સાપ ઉપર પથ્થર ફેંકયા, લાકડી વડે તાડન કર્યું, પણ સાપ ચલાયમાન ન જ થયો. હવે તો સંપૂર્ણ ખાત્રી થઈ કે- પ્રભુના ઉપદેશથી આ સાપ કોઈને બાળતો નથી. લોકો પ્રભુ પાસે આવ્યા. સ્વામીને વંદન કર્યું, પછી સાપને વંદન કરી મહિમા ગાવા લાગ્યા.

ઉજ્જડ બનેલ માર્ગે હવે લોકોએ આવ-જા શરૂ કરી. ઘી-દૂધ વેચવા જતી ગોવાલણો સાપના શરીર ઉપર દૂધ-ઘી છાંટવા લાગી. ઘીની ગંધથી ખેંચાઈને આવતી કીડીઓ એના શરીરને ડંખ આપી તીવ્ર વેદના ઉપજાવવા લાગી. છતાં પણ આ બધું દુઃખ એણે ખૂબ જ સમતાભાવે સહન કર્યું. પંદર દહાડાના અનશન બાદ તે સમાધિમરણ પામી આઠમા સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો.

## કંબલ-શંબલ

ચિત્રપટ- ૩૩

શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના અતિ સુંદર શોભાયુક્ત જિનાલયથી શોભતી **મથુરા** નગરીમાં **જિનદાસ** નામે શ્રાવક અને **સાધુદાસી** નામે શ્રાવિકા રહેતા હતા. શ્રી જિનેશ્વરકથિત દાન, શીલ, તપ અને ભાવનારૂપી ધર્મને પોતાના જીવનમાં એમણે સારી રીતે ઉતાર્યો હતો. સમ્યક્ત્વસહિત બાર શ્રાવકવ્રતો ગ્રહણ કર્યાં હતાં. એમના જીવનમાં સમતાભાવ, કરુણા, ગુરુભક્તિ આદિ સદ્ગુણોરૂપી દીવડાઓનો પ્રકાશ

પથરાયેલો હતો. સંયમજીવન સ્વીકારવાની હૈયે ભાવના હોવા છતાં, અશક્તિના કારણે તેઓ એક આદર્શ ગૃહસ્થ તરીકે પોતાનો જીવનકાળ પસાર કરતા હતા.

"ચતુષ્પદ તિર્યંચ આદિ પરિગ્રહ પાપને વધારનાર છે" એમ જિનવાણી સાંભળતાં જાણ્યું, એટલે એમણે "ગાય, ભેંસ આદિ તિર્યંચ પરિગ્રહ ન રાખવો" એવો નિયમ શ્રી ગુરુ મહારાજ પાસેથી ગ્રહણ કર્યો. બીજા પણ ઘણા અભિગ્રહો અંગીકાર કર્યા હતા.

સાધુદાસી શ્રાવિકા હંમેશાં એક ગોવાલણ પાસેથી દૂધ લેતી હતી. એકદા સાધુદાસીને વિચાર આવ્યો કે 'આપણે દહીં-ઘી વેચાતાં લેવાં પડે છે, એના કરતાં દૂધ જ વધારે લેવું અને એમાંથી દહીં, ઘી ઘરે જ બનાવવાં!' આવો વિચાર કરીને તેણે ગોવાલણને કહ્યું :

"તું દરરોજ દૂધ લઈ મારે ઘેર આવતી જજે. જેટલું દૂધ તું લાવીશ, તેટલું બધું દૂધ હું લઈ લઈશ. બીજે ક્યાંય તું જતી નહિ."

ગોવાલણે આ વચન માન્ય કર્યું. પ્રતિદિન એકબીજાને જોવાથી અને ક્રયવિક્રય કરવાથી તેમનો પરસ્પર સ્નેહાનુબંધ વધી પડયો.

એકદા ગોવાલણની કન્યાનો વિવાહપ્રસંગ આવ્યો. સ્નેહાનુબંધના કારણે ગોવાલણે સાધુદાસીને વિનંતિ કરી :

"તમે તમારા પૂર્વજન્મના પુણ્યપ્રકર્ષના પ્રભાવે ઠાઠમાઠથી લગ્ન-મહોત્સવ કરી શકો છો, પણ મારાથી એવો મહોત્સવ થઈ શકે તેમ નથી, છતાં મારે ત્યાં આ શુભપ્રસંગે તમે સહુ જમવા પધારો, તો મારી શોભા વધે."

શ્રેષ્ઠિએ જવાબ આપતાં કહ્યું : "હે ભદ્રે! એમાં શું ? અમે જરૂર આવીએ પણ ઘરના ઘણાં બધાં કામોમાં પ્રવૃત્ત હોવાથી એ ઘડી પણ અમે ઘર મૂકી શકીએ એમ નથી. નિષ્કપટ સ્નેહાનુબંધ બાહ્ય ઉપચારની અપેક્ષા રાખતો નથી, એમ સમજી તારે મનમાં સંતાપ ન કરવો. તારી પ્રાર્થના સ્વીકારી શકતો નથી. તેના કારણે તું અપમાન

ન સમજતી. પૂર્વસ્નેહનો જરાપણ ત્યાગ ન કરતી. તું ઘેર જા અને તારા ઇષ્ટ–કાર્યને સારી રીતે પરિપૂર્ણ કરી લે.”

આ પ્રમાણે ગોવાલણને સમજાવી, શેઠે તેને નવાં વસ્ત્રો, ઉચિત અલંકારો અને કુમકુમાદિ વિલેપનો આપ્યાં, પરમ હર્ષ પામતી ગોવાલણે વિવાહઉત્સવ ખૂબ જ સારી રીતે કર્યો. “લગ્નમહોત્સવ ખરેખર ખૂબ જ શોભાયુક્ત બન્યો” એ પ્રમાણે સૌ સ્વજનો અને અન્ય લોકો પ્રશંસા કરવા લાગ્યા. આ સાંભળી ગોવાળકુટુંબ વિચારવા લાગ્યું :

“અહો ! પરમ ઉપકારી તો આ મહાનુભાવ શ્રેષ્ઠિ છે, જેણે આપણને વસ્ત્રાભૂષણો આપી, પ્રસંગની શોભા વધારી. એનો બદલો આપણે કયી રીતે વાળી આપવો ?”

ઘણો વિચાર કર્યા પછી ગોવાળે શેઠને કંઈક આપવાનો નિર્ણય કર્યો. શરીરે પુષ્ઠ, લાંબા પૂંછડાથી શોભાયુક્ત, સુપ્રમાણ શરીર આકૃતિ અને સુંદર શિંગડાવાળા, શરદના ચંદ્ર સમાન ઉજ્જવળ કાંતિવાળા અને ત્રણ વર્ષની વય પામેલા **કંબલ** અને **શંબલ** નામના બે બળવાન બળદો લઈ શેઠને ઘેર ગયો અને શ્રેષ્ઠિને સમર્પણ કર્યા.

“ચતુષ્પદ–પરિગ્રહ”નો નિયમ હોવાથી શ્રેષ્ઠિએ તે બળદોનો સ્વીકાર કર્યો નહિ. પણ ગોવાળ પચ્ચક્ખાણનું મહત્ત્વ સમજતો ન હતો, એટલે એણે તો સ્નેહભાવ અને ઉપકારબુદ્ધિ વડે જ બન્ને બાળવૃષભોને શેઠના આંગણે બાંધી દીધા અને એ પોતાના ઘેર ચાલ્યો ગયો.

હવે જિનદાસ શ્રેષ્ઠિ વિચાર કરવા લાગ્યો : “અહો ! આ તો મહાન ધર્મસંકટ આવી પડ્યું ! આ બિચારાં બળદોને તજી દઈશ તો લોકો એમને હળ ઇત્યાદિકમાં ચલાવશે અથવા અન્ય રીતે દુઃખી કરશે. અને અહીં જો બાંધીએ તો એ નિષ્પ્રયોજન હોવાથી પાળવામાં બેદરકારી ઊભી થશે.”

પૂર્વે સાંભળેલ જિનવચનના પરિણામે જેનું હૃદય કરુણાભાવથી દયાર્દ્ર હતું, એ જિનદાસે ઘણા મનોમંથન પછી બંને બાળવૃષભોને

પોતાને ઘેર બાંધ્યા. તેમને પ્રાસુક ચારો આપતો, વસ્ત્ર વડે ગાળેલ પાણી પાતો, સારી રીતે એમની દરરોજ સાર-સંભાળ કરવા લાગ્યો.

જિનદાસ નિયમિત સામાયિક, પર્વતિથિના દિવસે પૌષધ તથા ધર્મશાસ્ત્રનું વાંચન કરતો, ત્યારે કંબલ અને શંબલ પણ ભદ્રિકભાવે એકાગ્રતાપૂર્વક પોતાનું મન તેમાં સ્થિર કરી દેતા. જે દિવસે તે શ્રાવક ઉપવાસ કરતો, તે દિવસે બંને બળદો ચારાપાણીનો ત્યાગ કરતા, વારંવાર આપવા છતાં તે ખાતા નહિ.

તિર્યંચગતિ પામવા છતાં કંબલ અને શંબલ પોતાની સાથે-સાથે તપ અને શાસ્ત્ર શ્રવણ કરતા હોવાથી જિનદાસ ચિંતવવા લાગ્યો : "આટલો વખત અનુકંપા લાવી એમને ઘાસચારો-પાણી આપ્યાં, પણ આ બન્નેના આચાર જોતાં તેઓને જિનધર્મ પરિણમ્યો હોય તેમ જણાય છે. હવેથી હું સાધર્મિક ભાવે આ બધું કરીશ : જિનદાસ હવે કંબલ-શંબલ પ્રત્યે સાધર્મિક વાત્સલ્યભાવ વિશેષ પ્રકારે બતાવવા લાગ્યો.

એકદા મથુરા નગરીમાં **ભંડીર-યક્ષ**ની યાત્રાનો પ્રસંગ આવ્યો. અશ્વાદિ વાહન પર આરૂઢ થઈ સર્વપ્રથમ પહોંચી જવા માટે દોડવાની સ્પર્ધા કરી, લોકો આનંદ માણતા. જિનદાસનો એક પ્રિયમિત્ર અત્યંત કુતૂહલી હતો, તેને આ યક્ષયાત્રામાં વાહન દોડાવવાની ઇચ્છા થઈ. જિનદાસને પૂછયા વિના, એની ગેરહાજરીમાં કંબલ અને શંબલને ગાડામાં જોડી સૌથી આગળ નીકળી જવા માટે તેમને લાકડી મારીમારીને ખૂબ દોડાવ્યા. એમની કાયા સુકોમળ હોવાથી, લાકડીના પ્રહારથી શરીરમાંથી લોહીની ધારા વહેવા લાગી, સાંધા તૂટી ગયા. પૂર્વે કદી તેમણે આવી વેદના અનુભવી જ ન હતી. તેઓ નિસ્તેજ બની ગયા. આવી હાલતમાં પેલો મિત્ર બળદોને શેઠના ઘરે બાંધી ચાલ્યો ગયો.

ભોજનસમય થતાં શેઠ જવ-ચારો લઈ બળદો પાસે આવ્યા. બળદોનું શરીર કંપતું હતું. બન્ને આંખોમાંથી મંદ અશ્રુધારા વહેતી જતી હતી અને શરીર ઉપર પડેલા જખ્મોમાંથી લોહી વહેતું હતું.

આવી દયામય હાલતમાં કંબલ-શંબલને જોતાં જ શેઠ રોષપૂર્વક સહસા બોલી ઊઠયા :


"અરે! કયા દુષ્ટે આ નિર્દોષ વૃષભોની આવી દુર્દશા કરી નાખી?"

પરિજનો દ્વારા બળદો પર વીતેલી હકીકત જાણી, ત્યારે જિનદાસના મનમાં ભારે સંતાપ ઉત્પન્ન થયો : વારંવાર ચારો આપવા છતાં બળદોએ લીધો નહીં. અનશન સ્વીકાર કરવાનો એમનો ભાવ જાણી, એમને ઘાસચારાનું પચ્ચક્ખાણ કરાવ્યું. બન્નેએ તે સ્વીકાર્યું. શેઠ પોતાનો સમસ્ત ગૃહવ્યાપાર તજી દઈ પોતાના સગા બાંધવોની જેમ તેમની પાસે સારવાર માટે રહેવા લાગ્યા. હિતશિક્ષા આપતાં કહ્યું : "હે વહાલા બંધુઓ! તે નિર્દય મિત્રે તમને આવી દુઃખી અવસ્થામાં મૂકી દીધા છે, તેના કારણે તમે તેના ઉપર લેશમાત્ર પણ રોષ કરશો નહિ. આ સંસારમાં એકાંત સુખી કોઈ જન્મ્યો જ નથી. પૂર્વકૃત અશુભ કર્મ તેને અનેક પ્રકારે પીડે છે, માટે હે મહાનુભાવો! સમ્યક્ પ્રકારે સહનશીલતાને ધારણ કરો. સમતાપૂર્વક સહન કર્યા સિવાય પાપનો ક્ષય કરવા માટે અન્ય કોઈ ઉપાય નથી. તમો તો મહાપુણ્યશાળી છો. તમારું જીવિત સફળ થયું છે, કારણ કે સર્વ પ્રકારના દુઃખોમાંથી મુક્ત કરવામાં સમર્થ એવો શ્રી જિનેશ્વર પ્રભુનો ધર્મ અને ધર્મની સામગ્રી તમે પામ્યા છો."

આ પ્રમાણે જિનદાસ શેઠે મધુર વચનોથી તે વૃષભોને શુભ ભાવમાં બરાબર સ્થિર કર્યા. વિશુદ્ધ-અધ્યવસાયોના પરિણામે શરીરવેદના શાંતિપૂર્વક સહન કરતાં કરતાં પંચ-પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સાંભળતાં તે બન્ને મરણ પામી નાગકુમાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

卐 卐 卐 卐 卐

ચંડકૌશિકને પ્રતિબોધ પમાડી શ્રી મહાવીર પ્રભુ **ઉત્તર-વાચાલા** નગરીમાં પધાર્યા. આ નગરીમાં બાર વર્ષે પોતાનો પુત્ર પરદેશથી ઘેર આવ્યો હતો, તેથી **નાગસેન** ગૃહસ્થે મહોત્સવ કર્યો હતો. તે વેળા




વાછરડાની ભેટ, બળદનું શાસ્ત્ર-શ્રવણ ને તપ, વિના પૂછ્યે મિત્રે દોડાવ્યા, મરણસ્થિતિમાં નિર્યામણા, દેવ તથા પ્રભુની રક્ષા.

પ્રભુ એમને ઘેર પધાર્યા અને પાક્ષિક ઉપવાસ-તપનું પારણું કર્યું. ત્યાંથી તેઓ **કૌશાંબી-નગરી**માં પધાર્યા. ત્યાં **પ્રદેશી** નામે શ્રાવક રાજા હતા. એમણે અતિભાવપૂર્વક પ્રભુના સત્કાર-વંદન કર્યા. પ્રભુએ ત્યાંથી **સુરભિપુર** તરફ વિહાર કર્યો. ત્યાં પહોંચ્યા પછી **ગંગા-નદીના** કિનારે આવ્યા. સામે કાંઠે જવા માટે અન્ય લોકોની સાથે પ્રભુ પણ એક નાવમાં બેઠા.

નાવિકે શઢ ઊંચો કર્યો અને હલેસાં લગાડતાં નાવડી ચાલવા લાગી. એટલામાં જ કિનારે રહેલ ઘુવડનો અવાજ સંભળાયો. **ખેમિલ** નામનો એક નિમિત્તિયો પણ આ જ નાવમાં બેઠો હતો. એણે નાવમાં બેઠેલા લોકોને કહ્યું :

“ અહો ! ઘુવડનું આ મહા અપશુકન એમ કહે છે કે “આપણે અહીં મરણતોલ કષ્ટ અનુભવીશું, પણ આ મહર્ષિના પ્રભાવે સહુ નિર્વિઘ્ને પાર ઉતરીશું. ”

આ સાંભળી લોકો વિસ્મય પામ્યા. પછી પરસ્પર વાતો કરવા લાગ્યા. એટલામાં એક ભયંકર અટ્ટહાસ્ય સંભળાયું અને આકાશમાંથી અવાજ આવ્યો :

“ અરે ! હવે તમે ક્યાં જવાના છો ? ”....ને એકાએક ભયંકર વંટોળિયો ઉત્પન્ન થયો. જમીન ઉપરથી વૃક્ષો ઉખડીને નીચે પડવા લાગ્યાં, ધરતી ધ્રૂજવા લાગી, ગંગાનાં નીર ખૂબ ઊંચે ને ઊંચે ઉછાળા મારવા લાગ્યાં, મુખ્ય-સ્તંભ સાથે સઢ તૂટી પડયો. નૌકા હાલમ્ ડોલમ્ થવા લાગી. નાવિક લાચાર બન્યો, જાણે પ્રલયકાળનું દૃશ્ય સૌની આંખો આગળ સાક્ષાત્ ખડું થયું. સૌ મરણના ભયથી પોતપોતાના ઇષ્ટદેવને યાદ કરી પ્રાર્થના કરવા લાગ્યા.

**સુદંષ્ટ્ર** નામના પાપી દેવે પ્રભુને નાવમાં બેઠેલા જોયા, એટલે તરત જ એને પોતાના પૂર્વભવનું વેર યાદ આવ્યું. એ ચિંતવવા લાગ્યો : “ આ તે જ મારો વૈરી છે, જેણે પૂર્વે ત્રિપૃષ્ઠ-વાસુદેવના ભવમાં હું

સિંહપણે હતો, ત્યારે મને જીર્ણવસ્ત્રની જેમ હાથમાં પકડી ચીરી નાખેલ. પૂર્વના વૈરનો બદલો લેવાનો આજે મને સુઅવસર પ્રાપ્ત થયો છે. વૈરનો બદલો લેવાથી મને પરમ સંતોષ થશે.”

આ પ્રમાણે ચિંતવી તે દુષ્ટદેવે જ આ મહાભયંકર ઉપસર્ગ પ્રભુ માટે વિકુર્વ્યો હતો.

નાવ ડૂબવાની તૈયારીમાં જ હતી, તેટલામાં પૂર્વોક્ત **કંબલ** અને અને **શંબલ** નામના બન્ને નાગકુમાર દેવોનાં આસન ચલાયમાન થયાં. અવધિજ્ઞાનના ઉપયોગથી એમણે જાણ્યું કે અત્યારે નાવમાં બેઠેલા પ્રભુને **સુદંષ્ટ્ર** [ **સુદાઢ** ] નામનો દેવ ગંગાજલમાં ડૂબાડવા પ્રવૃત્ત થયો છે.


એકદમ ત્યાં દોડી જઈ એક નાગકુમારદેવ સુદાઢદેવ સાથે યુદ્ધ કરવામાં રોકાયો. બીજા નાગકુમાર દેવે પોતાના વિશાળ હસ્તસંપુટમાં નૌકાને ઉપાડી નદીકિનારે સહીસલામત મૂકી દીધી.

સુદંષ્ટ્રદેવ મહર્દ્ધિકદેવ હતો. એનું મરણ અત્યારે નજીક જ હોવાથી તે બળહીન બની ગયો હતો. જ્યારે કંબલ અને શંબલ અલ્પ ઋદ્ધિવાળા દેવ હતા, છતાં નવા જ ઉત્પન્ન થયા હોવાના કારણે દિવ્ય-શક્તિથી તેમણે સુદંષ્ટ્ર દેવને તરત જ જીતી લીધો.

વિનયપૂર્વક કંબલ-શંબલ દેવોએ ભગવંતને વંદન કર્યાં, સુગંધી પુષ્પો અને ગંધોદક વરસાવ્યાં. ભકિતવડે રોમાંચિત બની સ્તુતિગાન કરવા લાગ્યા. નૌકામાંના લોકો આ જોઈને આશ્ચર્ય પામી ચિંતવવા લાગ્યા :

“અહો ! આ કોઈ મહાપુરુષ જણાય છે. અલૌકિક પ્રભાવશાળી છે. એના પ્રભાવે જ આપણે આજે મહાન આપત્તિમાંથી પાર ઊતર્યા છીએ, માટે આ મહાત્મા વંદન-પ્રણામ કરવા યોગ્ય છે.”

બધા લોકોએ પ્રભુના ચરણકમળમાં નમીને વંદન કર્યું. કંબલ-શંબલ દેવો પણ પ્રભુને વંદન કરી સ્વસ્થાને ગયા.




ક્લિષ્ટ કર્મો ખપાવવા પ્રભુ અનાર્ય દેશમાં પધાર્યા. જ્યાં અજ્ઞાન લોકો કૂતરા છોડે છે. લાકડીથી પ્રહાર અને વધસ્થાને ઉભા રાખે છે.

## અનાર્ય ઉપસર્ગ

ચિત્રપટ-૩૪

પરમજ્ઞાની શ્રી મહાવીર સ્વામીએ જ્ઞાનના ઉપયોગથી જાણી લીધું કે હજી તો પોતાનાં ઘણાંય અશુભ કર્મો ભોગવવાનાં બાકી છે. વહેલી તકે આ અશુભ કર્મોની નિર્જરા (ખપાવવા)ના હેતુથી એમણે **લાટ** નામે અનાર્યદેશ તરફ વિહાર કર્યો.

માથે મુંડિત અને મૌન તથા ધ્યાનસ્થ અવસ્થામાં રહેતા શ્રી મહાવીર પ્રભુને જોતાં જ અનાર્ય લોકોમાં કુતૂહલવૃત્તિ પ્રગટી. સુસંસ્કાર તથા જ્ઞાનના અભાવે તેઓ પ્રભુને ઓળખી ન શક્યા. કોઈ વિચિત્ર માનવી સમજી તેઓ લાકડીના પ્રહાર વડે પ્રભુને તાડન અને તર્જન કરતા, ક્યારેક ઝાડ ઉખેડીને એમના ઉપર નાખતા, ક્યારેક ભાલાઓ જેવા તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહાર પણ કરી સંતાપવા લાગતા. પ્રભુ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા હોય, ત્યારે આજુબાજુનાં જંગલી પ્રાણીઓ પણ વિવિધ પ્રકારે ઉપસર્ગો કરતાં.

પરમ કરુણાના ભંડાર શ્રી વીરપ્રભુએ તો જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ ધારણ કરી, એમને સંપૂર્ણ રીતે અભયદાન જ આપ્યું હતું. પૂર્વે કરેલા અશુભ કર્મોના પરિણામરૂપે આવી પડતાં દુઃખોને સમતાભાવે સહન કરવાથી એની નિર્જરા થતાં નવાં અશુભ કર્મોની પરંપરા ઉત્પન્ન થતી નથી. એ સત્યની પ્રતીતિ અહીં પ્રભુના જીવનમાં સાક્ષાત્‌પણે થાય છે.

# સંગમદેવનો ઉપસર્ગ

ચિત્રપટ
૩૫-૩૬

ગ્રામાનુગ્રામ વિચરતાં પ્રભુ-મહાવીરે ઘણાં મ્લેચ્છોની વસતી ધરાવતા **દૃઢભૂમિ** નામના દેશમાં વિહાર કર્યો. ત્યાં **પેઢાલ** ગામની બહાર **પેઢાલ નામના ઉદ્યાન**માં આવેલ **પોલાસ ચૈત્ય**માં ચૌવિહાર અટ્ઠમતપ આદરી કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા.

અનેક કોટાકોટિ દેવદેવીઓથી પરિવરેલ **સૌધર્મા-સભામાં** સિંહાસને બેઠેલ **સૌધર્મેન્દ્રે** અવધિજ્ઞાનના ઉપયોગ વડે શ્રી વીરપ્રભુને પોલાસ-ચૈત્યમાં ધ્યાનઅવસ્થામાં જોયા. તત્કાળ પોતાનું આસન ત્યજી અત્યંત ભક્તિભાવે વારંવાર મસ્તક નમાવીને વંદન કરવાપૂર્વક સ્તુતિ કરી, પછી સભાને ઉદ્દેશીને કહ્યું :

"હે દેવો ! શ્રી મહાવીર પ્રભુનું ધૈર્ય ખરેખર અદ્‌ભુત છે. અહો ! શું એમની શક્તિ ! અહો ! શું એમના ગુણો ! એમની એકાગ્રતા અને ધ્યાન પણ ખરેખર અજોડ છે ! કોઈ મોટા દેવેન્દ્રો પણ આ પ્રભુને પોતાના ધ્યાનમાંથી ચલિત કરવા શક્તિમાન નથી. કદાચ મેરુ ચલાયમાન થાય, પણ આ ભગવંતને તો ત્રણેય ભુવન સાથે મળીને પણ ચલાયમાન ન જ કરી શકે !"

આ સૌધર્મસભામાં ઈર્ષાળુ, વિનયહીન, ગાઢ મિથ્યાત્વી અને અભવ્ય **સંગમ** નામે એક સામાનિક દેવ હતો. ઇન્દ્રમહારાજાની આ પ્રભુસ્તુતિ એ સહન ન કરી શક્યો. ઉદ્ધત બનેલ સંગમ ઇન્દ્ર મહારાજાને કહેવા લાગ્યો :

"હે સ્વામી ! આ દેવસભામાં એક મનુષ્યસાધુના આટલા બધા શું વખાણ કરો છો ? અતૂલ બળશાળી ઇન્દ્રો પણ એને ધર્મધ્યાનમાંથી ચલાયમાન ન કરી શકે ? – એમ કહેવું તમારા માટે ઉચિત નથી. તમે તમારું વચન પાછું ખેંચી લો, તો મને એને ક્ષોભ પમાડવાની જરૂર નથી, અથવા તો તમે જુઓ, હું પોતે જ એને અલ્પ સમયમાં જ ધ્યાનમાંથી ચલાયમાન કરી, તમારું વચન મિથ્યા કરી દેખાડું છું કે નહિ ?"

પ્રચંડ કોપથી હોઠ કચડી, ભવાં ચડાવી, આંખો લાલ કરી, પૃથ્વી ઉપર પગ પછાડી, સભામાં પ્રતિજ્ઞા કરતાં સંગમ બોલ્યો : "મહાવીર એ શું માત્ર છે ! હું એને આજે જ ચલાયમાન કરી આવું છું."

ઇન્દ્ર મહારાજા ભારે વિમાસણમાં પડી ગયા અને ચિંતવવા લાગ્યા : "અહો ! મેં આ પ્રભુસ્તુતિ કરી તેના નિમિત્તે આ અધમ, પાપી સંગમ પ્રભુના શરીરે ભારે પીડા ઉપજાવશે. જો હું આ વિવેકહીનને મારી આજ્ઞાથી અટકાવીશ, તો એને લાગશે કે ભગવાન જે તપ કરે છે તે ઇન્દ્રના સામર્થ્યથી જ કરી શકે છે, પોતાની શક્તિથી નહિ."

ઇન્દ્ર મહારાજા સંગમની ઉપેક્ષા કરી મૌન રહ્યા. પાપી સંગમ સભામંડપનો ત્યાગ કરી, તત્કાળ પ્રભુ પાસે પહોંચી ગયો. પ્રભુને જોતાં જ એને ગાઢ કોપ ઉત્પન્ન થયો.

સૌ પ્રથમ સંગમે પ્રભુ ઉપર પ્રલયકાળના કોપ જેવો ધૂળનો વરસાદ વરસાવ્યો. પગથી માંડીને આંખ, કાન, નાક સુધી પ્રભુને ધૂળ વડે ઢાંકી દીધા. શ્વાસ બંધ થઈ ગયો છતાં પ્રભુ ધ્યાનથી જરા પણ ચલિત ન થયા. એટલે સંગમે ધૂળ દૂર કરી, વજ્ર સમાન તીક્ષ્ણ મુખવાળી કીડીઓ વિકુર્વી. તે કીડીઓ પ્રભુને ડંખ દઈ પીડવા લાગી. એક બાજુએથી પ્રવેશ કરી, સામી બાજુએથી નીકળી શરીર વીંધવા લાગી. શરીર ખવાઈ ગયું, છતાં પ્રભુ તો નિષ્કંપ રહ્યા.

પછી સંગમે સોય સમાન તીક્ષ્ણ મુખવાળા ડાંસ ઉત્પન્ન કર્યા.

એમના ડંખથી પ્રભુના શરીરમાંથી દૂધની ધારાઓ વહેવા લાગી, છતાં-પણ ભગવંત તો જરા પણ ક્ષોભ ન પામ્યા.

પછી પ્રચંડ મુખવાળી મક્ષિકાઓ [ધીમેલો] વિકુર્વી. તેઓ પ્રભુનું શરીર ખાવા લાગી, તોય પ્રભુ તો અચલ જ રહ્યા. ત્યાર પછી કઠિન કાંટાવાળા વીંછી ઉત્પન્ન કર્યા. એમના ભાલા જેવા તીવ્ર ડંખ-પ્રહારથી પણ પ્રભુ તો અવિચલ જ રહ્યા.


હવે સંગમે ભારે રોષપૂર્વક દાઢાવાળા વિકરાળ નોળિયા વિકુર્વ્યા. તેમણે ઉગ્ર દાઢાઓથી પ્રભુના શરીરનું માંસ તોડી-તોડી છૂટું કરી, પ્રભુને ભારે વેદના ઉપજાવી. છતાં પ્રભુ તો અડગ જ રહ્યા.

સંગમનો ક્રોધ હવે વધુ ને વધુ ઉગ્ર બનતો ગયો. એટલે એણે ફણિધર મહા ભયંકર નાગ ઉત્પન્ન કર્યા. ચંદનવૃક્ષની જેમ પ્રભુના આખા શરીરે વીંટળાઈ જઈ એ નાગ સખત રીતે ડંખવા લાગ્યા. પોતાનું બધુંય ઝેર પ્રભુના શરીરમાં વમન કરી, દોરડીની જેમ લટકવા લાગ્યા. છતાં પણ પ્રભુ તો તદ્દન અડોલ જ રહ્યા.

પછી સંગમે દિવ્ય શક્તિથી વજ્ર સમાન દાંતોવાળા ઉંદરો ઉત્પન્ન કર્યા. તીક્ષ્ણ નખ અને દાંતો વડે પ્રભુનું શરીર ખાવા લાગ્યા. ઉપરથી મૂત્રધારા પણ કરવા લાગ્યા જેથી પીડા ઉગ્ર બને. પણ પ્રભુ તો અડગ જ રહ્યા.

હવે સંગમે પર્વત સમાન ઊંચી ઉછળતી સૂંઢવાળા પ્રચંડકાય હાથીઓ પ્રગટાવ્યા. આકાશને તોડી, નક્ષત્રોને પણ જાણે તોડી પાડવા મથતા હોય, તેમ એ હાથીઓ પ્રભુને આકાશમાં દૂરદૂર, વારંવાર ઉછાળવા લાગ્યા. વિવિધ પ્રકારની પીડા પામવા છતાં પ્રભુ લેશમાત્ર ધર્મધ્યાનથી ચલિત ન થયા. એવી જ રીતે હાથણીઓ પ્રગટાવી સંગમ પ્રભુને ક્ષોભ પમાડવા લાગ્યો. ત્યાં પણ નિષ્ફળતા જ મળી.

ત્યારપછી પિશાચો પ્રગટાવ્યા. તેમણે ભયંકર રૂપ ધારણ કરીને અટ્ટહાસ્ય કરવાપૂર્વક પ્રભુને ક્ષોભ પમાડવાનો પ્રયત્ન કર્યો. પ્રભુ જરા પણ ચલાયમાન ન થયા.




સંગમદેવનો ધૂળની વૃષ્ટિનો, સિંહવાઘનો, ત્રિશલાની પ્રાર્થના, વિંછીનો, હાથીનો, પગમાં ખીર રાંધવાનો પ્રભુને ઉપસર્ગ.

હવે વિકરાળ દાંતોવાળો ભીમકાય વાઘ વિકુર્વ્યો. એણે અતિ તીક્ષ્ણ નખ અને વજ્ર સમાન દાઢા વડે પ્રભુને અત્યંત પીડા પમાડી. છતાંય પ્રભુ ધર્મધ્યાનમાં સંપૂર્ણ રીતે સ્થિર જ રહ્યા.

હવે સંગમ ખેદ કરવા લાગ્યો. સામાન્ય માણસ તો આવાં કારણો વડે મરણ જ પામે! છતાં આ તો તદ્દન એકાગ્રપણે ધ્યાનમાં રહી જીવતા રહી શક્યા!

સંગમ હવે સિદ્ધાર્થ મહારાજા તથા ત્રિશલા રાણીનાં રૂપો પ્રગટાવી, કરુણ વિલાપપૂર્વક પ્રભુને સંભળાવવા લાગ્યો:

"હે પુત્ર! તેં આવું દુષ્કર તપ શા માટે આદર્યું છે? તારો ભાઈ નંદિવર્ધન અમને વૃદ્ધાવસ્થામાં અશરણ દશામાં મૂકીને ચાલ્યો ગયો છે. અમે તો નિરાધાર અને દુઃખી થઈ ગયા છીએ. માટે તું દીક્ષા તજી અમારું પાલન–પોષણ કર!"

આવાં વચનોથી પણ પ્રભુના ધ્યાનમાં જરા પણ વિક્ષેપ ન પડયો.

પ્રભુને ક્ષોભ પમાડવામાં અનેકવાર નિષ્ફળ નીવડેલા સંગમે એક મોટી સેના વિકુર્વી. પ્રભુની ચારે તરફ છાવણી નાખી દીધી. ત્યાં રસોયાને ભાત રાંધવા ચૂલાને માટે પથ્થર ન મળ્યા, એટલે પ્રભુના ચરણનો ચૂલો બનાવી તેના ઉપર વાસણ મૂકી, તેની નીચે પ્રચંડ અગ્નિ પ્રગટાવી રસોઈ રાંધવા લાગ્યો. પ્રભુ ધ્યાનમાંથી જરા પણ ચલાયમાન ન થયા, ઊલટો એમનો ધ્યાનઅગ્નિ હવે વધુ પ્રજ્જ્વલિત બન્યો.

પછી સંગમે એક ચંડાળ વિકુર્વ્યો. તેણે અનેક ક્ષુદ્રપક્ષીઓનાં પાંજરાં પ્રભુના બે કાને, કંઠે, બે ખભા ઉપર, બેઉ હાથ ઉપર અને બે જંઘા ઉપર લટકાવ્યાં. પક્ષીઓ નખ અને ચાંચ વડે પ્રભુના શરીરને કરડવા લાગ્યાં. પ્રભુના શરીરને પાંજરા જેવું સેંકડો છિદ્રોવાળું બનાવી મૂક્યું. આવી સ્થિતિમાં પણ પ્રભુ ધર્મધ્યાનમાં સ્થિર જ રહ્યા.

પછી કલ્પાંતકાળ સમાન મહાવાયુ પ્રગટાવ્યો. મોટા મોટા વૃક્ષો ઘાસના તણખલાની જેમ હવામાં ઊડવા લાગ્યાં. મોટી શિલાઓ કાંકરાની

જેમ ઉછળવા લાગી. પ્રભુનું શરીર પણ પ્રચંડ પવનના કારણે ઊંચે ઉછળી ઉછળીને નીચે પછાડાવા લાગ્યું. પ્રભુના ધ્યાન ઉપર આ ઉપસર્ગની પણ જરાય અસર ન થઈ.

ત્યારપછી વંટોળિયો [ઉદ્‌ભ્રામક વાયુ] વિકુર્વ્યો. એ ચાકડા ઉપર રહેલ માટીના પિંડની જેમ પ્રભુના શરીરને ભમાવવા લાગ્યો. શારીરિક પીડા એ ઉપજાવી શકયો પણ માનસિક ભાવથી તો પ્રભુ તદ્દન સ્થિર જ હતા.

ઉત્તરોત્તર આટલા બધા તીવ્ર પ્રકારના ઉપસર્ગો કર્યા છતાંય પ્રભુને ધ્યાનમાં નિશ્ચલ જોઈ, હતાશ બનેલ સંગમનો ક્રોધ હવે તો અનેકગણો વધી ગયો. તે ચિંતવવા લાગ્યો :

"અહો ! આ વજ્ર-શરીરીને કોઈ પણ રીતે હું ચલાયમાન નથી કરી શકયો, એટલે હવે મારે શું કરવું ઉચિત છે? મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય છે. દેવલોકમાં જો હું હવે જઈશ, તો ત્યાં બધા દેવો અને ઈન્દ્ર મહારાજા મારી હાંસી કરશે. હું નિંદાપાત્ર અને તિરસ્કારપાત્ર થઈશ. છતાં પણ મારા મનને સંતોષ થાય તેમ નથી. 'આરંભેલું કાર્ય પૂર્ણ કરવું' એ જ શૂર-પુરુષનું કર્તવ્ય છે. એટલે હવે તો એને ઉપસર્ગો કરવા કરતાં એના પ્રાણનો જ નાશ કરી નાખું, જેથી શરીરની સાથે એના ધ્યાનનો પણ નાશ થઈ જશે. આના સિવાય હવે મને તો કોઈ બીજો ઉપાય જડતો નથી. આ રીતે મારી મહાન પ્રતિજ્ઞાનું પાલન થશે અને દેવસભામાં પણ હું તિરસ્કારપાત્ર નહિ બનું."

આવો નિશ્ચય કરીને એક હજાર-ભારનું લોખંડી મહાચક્ર હાથમાં લઈ સંગમ આકાશમાં ઊડયો, જાણે જંબૂદ્વીપ રૂપી ડાબલાના મોઢાનું ઢાંકણું ન હોય, તેવું અગ્નિજ્વાળાઓથી પ્રજ્જવલિત આ **મહાચક્ર** હતું. મેરુપર્વતના ચૂરેચૂરા કરવાની શક્તિ ધરાવતું આ કાળચક્ર સંગમે પોતાની સર્વશક્તિ એકત્ર કરી જોરપૂર્વક ભગવંત પ્રત્યે ફેંકયું.

અત્યંત વજનદાર એવા આ કાળચક્રના ભારથી પ્રભુ ઘુંટણ સુધી વજ્રના દૃઢ ખીલાની જેમ પૃથ્વીમાં નીચે ઊતરી ગયા. આવી સ્થિતિમાં પણ પ્રભુ પોતાના ધ્યાનમાં જ એકાગ્ર રહ્યા.

અધમ સંગમ હવે હતાશ બની ચિંતવવા લાગ્યો : "આવા ભયંકર ચક્રથી પણ મહાવીરનું મરણ ન થયું, તો હવે શસ્ત્રોથી શું થઈ શકે ? હવે મારે કરવું શું જેથી મારી પ્રતિજ્ઞા સફળ થાય ? "કદાચ અનુકૂળતાથી ક્ષોભ પામશે" એમ ચિંતવી, સંગમે એક મોટું મણિમય વિમાન વિકુર્વ્યું. સંગમ એમાં બેસી પ્રભુ પાસે આવી કહેવા લાગ્યો :

"હે મહર્ષિ ! તમારા સત્ત્વ, ઉગ્ર તપ, ક્ષમા, બળ, આરંભેલા કાર્યને કોઈપણ રીતે પૂરું કરવાની ટેક, પોતાના પ્રાણની નિરપેક્ષતા તથા સર્વજીવોની રક્ષા કરવામાં સદાય તત્પરતા—આવા ઘણા બધા ગુણોથી હું અતિ પ્રસન્ન થયો છું. તમારે જે જોઈએ તે માંગી લો. તમે જરા પણ શંકા ન રાખશો. હવે તપ, કાયકલેશ આદિથી સર્યું ! જો તમે કહેતા હો, તો આ જ શરીરે તમને સ્વર્ગમાં લઈ જાઉં—જ્યાં ઇચ્છા માત્રથી જ બધા મનોરથો પરિપૂર્ણ થાય છે. અથવા કહો તો એકાંત પરમાનંદવાળા મોક્ષમાં તમને નિવાસ આપું. અથવા કહો તો આ આખી પૃથ્વીના બધા મંડલાધીશ રાજાઓ જેવી સમૃદ્ધિવાળા સામ્રાજ્યનો મહારાજા બનાવું ! ક્ષોભ ત્યજી, અન્ય કુવિકલ્પો મૂકી દઈ તમને જે રુચે તે તમે માંગી લો !"

પ્રભુ આવાં વચનોથી જરા પણ ન લોભાયા. એકાગ્રચિત્તે ધર્મ-ધ્યાનમાં જ સ્થિર રહ્યા. એટલે સંગમે ફરીથી વિચાર્યું :

"આ મુનિએ તો મારી તમામ શક્તિઓનો પ્રભાવ નિષ્ફળ કર્યો છે. પણ હજી એક કામદેવનું અમોઘ શસ્ત્ર બાકી રહ્યું છે, કારણ કામશાસન દુર્લંઘ્ય હોય છે. મહાતપસ્વી મુનિઓને પણ તેણે સંક્ષોભ પમાડવામાં આબાદ રીતે સફળતા મેળવી છે. એટલે એના સર્વસ્વરૂપ દિવ્ય અપ્સરાઓને મોકલું. તેઓ મહાવીરના મનને અવશ્ય ચલાયમાન કરશે જ !"

આવો નિશ્ચય કરી સંગમે, દેવાંગનાઓને આજ્ઞા કરી. પ્રભુને વિભ્રમ પમાડવા છએ ઋતુઓ સમકાળે પ્રગટાવી. અશોકવૃક્ષો નવપલ્લવિત

બન્યાં. અનુકૂળ મલયવાયુ વહેવા લાગ્યો. કોયલોના મીઠા ટહૂકાર પ્રસર્યા. મયૂરો નૃત્ય કરવા લાગ્યા. ભગવંતની ચારે તરફ પંચવર્ણનાં કુસુમોની વૃષ્ટિ થઈ. વિવિધ વાજિંત્રયુક્ત સંગીતના સૂરો વાતાવરણમાં ગૂંજવા લાગ્યા. કામદેવની સેના સમાન અદ્‌ભુત સ્વરૂપવાન અને અલંકારોથી વિભૂષિત દેવાંગનાઓ પ્રભુ સમક્ષ આવીને નૃત્ય દ્વારા અનેક પ્રકારના વિલાસયુક્ત અભિનયો કરવા લાગી. નિર્લજ્જપણે અંગોપાંગનાં પ્રદર્શન, ગાઢ આલિંગન આદિ અનુચિત ચેષ્ટાઓ વડે પ્રભુને ચલાયમાન કરવા એમણે અનેક યુક્તિઓ અજમાવી. વળી કેટલીક દેવાંગનાઓ કહેવા લાગી :


" હે નાથ ! આ કઠિન તપ તજી દો. હવે વધુ વખત સુધી અમારી ઉપેક્ષા ન કરો. તમે તો દયાળુ છો એથી અમારી ઉપર વર્ચસ્વ ભોગવતા આ કામદેવથી તમે અમારું રક્ષણ કરો અને અમારા મનોરથો પૂર્ણ કરો, અમારી પ્રાર્થના સ્વીકારી અમ દુઃખીઓ ઉપર દયા લાવી, શરણે આવેલાઓનો સ્વીકાર કરી લો. "

દેવાંગનાઓની હાર થઈ, પ્રભુની જીત થઈ. દેવાંગનાઓનાં શસ્ત્રો પણ નિષ્ફળ ગયાં.

સૂર્યોદય થવા આવ્યો. એક જ રાત્રિમાં વીશ-વીશ ઉપસર્ગો કર્યા પછી આખરે સંગમ પણ થાકયો. એની સર્વ શક્તિઓ પણ હવે તદ્દન ક્ષીણ બની ગઈ હતી. તેથી તે ચિંતવવા લાગ્યો :

" અનુકૂળ ઉપસર્ગોથી પણ આ મહાસત્ત્વશાળી મુનિ જરા પણ ચલાયમાન થતો નથી ! તો શું પ્રતિજ્ઞા-ભ્રષ્ટ થઈ એને અહીં મૂકી હું સ્વર્ગે પાછો ચાલ્યો જાઉં ? પણ તેમ તો શી રીતે જવાય ! એ તો મારા માટે શોભાસ્પદ ન ગણાય ! માટે હવે લાંબા સમય પર્યંત હું અહીં રહીને આ મુનિને હજી પણ ઉપસર્ગો કરતો રહું. જેથી એ આખરે ચલાયમાન થઈ જશે. "

સૂર્યનાં કિરણો પ્રગટ થતાં જ પ્રભુએ **વાલુકા** ગામ તરફ વિહાર કર્યો. માર્ગમાં તે અધમ-સંગમે ૫૦૦ ચોર અને વિશાળ રેતીના



સંગમના ઉપસર્ગઃ મહાવાયુ, પાષાણવર્ષા, લોકોપાલંભ, કાલચક્ર, દેવી પ્રલોભન, ભીક્ષા વિઘ્ન, પ્રભુના કરુણા-અશ્રુ.

રણુને વિકુર્વ્યા. તે ૫૦૦ ચોર "મામા! મામા!" એમ મોટે અવાજે બોલતાં બોલતાં પ્રભુના શરીરે આલિંગન દેતાં વળગી પડ્યા. એથી પ્રભુના પગ ઘુંટણ સુધી રેતીમાં ખૂંચી જવા લાગ્યા. આ રીતે ચાલતાં ચાલતાં તેઓ વાલુકા ગામે આવ્યા.

સ્વભાવથી ક્રૂર બુદ્ધિવાળો સંગમ ગામમાં, નગરમાં, વનમાં કે પ્રભુ જ્યાં જ્યાં વિહાર કરતા, ત્યાં ત્યાં તેમની પાછળ ને પાછળ જઈ અનેક પ્રકારના અતિ દુઃસહ અને વર્ણવી પણ ન શકાય એટલા બધા ઉપસર્ગો કરતો જ રહ્યો.

આ પ્રમાણે ઉપરાઉપરી ઉપસર્ગો કરતાં કરતાં છ મહિના વીતી ગયા. પાણી વિનાના છ માસ ઉપવાસનો તપ થઈ ગયો. વિહાર કરતાં પ્રભુ **વ્રજ** ગામના ગોકુળમાં પધાર્યા. "સતત ઉપસર્ગ કરનાર સંગમ હવે થાકીને પોતાના સ્થાને ચાલ્યો ગયો હશે" એમ ધારી, પારણાના નિમિત્તે પ્રભુ ભિક્ષા લેવા નીકળ્યા. તે સમયે ગોકુળમાં કોઈ ઉત્સવ ચાલતો હતો. એટલે સર્વત્ર ખીર રંધાતી હતી. ભગવંત જે જે ઘરે જાય, ત્યાં ત્યાં સંગમ આહારદોષ પ્રગટાવતો અને આહારને દોષિત બનાવી મૂકતો.

પ્રભુને જ્ઞાનનો ઉપયોગ મૂકતાં ખબર પડી કે સંગમ હજી પણ પોતાની અધમ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત નથી થયો. એટલે પ્રભુ અધવચ્ચેથી જ પાછા ગોકુળની બહાર આવી કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર બન્યા.

"પ્રભુના મનના પરિણામ બદલાયા છે કે કેમ?' તે જોવા સંગમે પણ પોતાના જ્ઞાનનો ઉપયોગ મૂક્યો, ત્યારે તેને માલૂમ પડ્યું કે "પ્રભુ જરા પણ ક્ષોભ પામ્યા નથી. તેઓ તો છ કાયની રક્ષા અને હિત જ ચિંતવતા રહ્યા છે."

હતાશ સંગમ હવે વિચારવા લાગ્યો : "છ માસ પર્યંત એકધારા અનેક ઉપસર્ગો કરવા છતાં જે મહાત્મા પોતાના ધ્યાનથી સહેજ પણ ચલાયમાન ન થયા તે હવે કોઈ રીતે અને કોઈ કાળે પણ ચલિત થાય

એ શક્ય નથી. મારી બધીય મહેનત નિષ્ફળ નીવડી! હું ભૂલ્યો! અરે! મારાં સામાર્થ્ય-શકિત વિચાર્યા-સમજ્યા વિના જ મેં મારા આત્માને આમ શા માટે નચાવ્યો? વિચાર્યા વગર કરેલાં કાર્યનું પરિણામ હવે પ્રગટ થયું!"

લજ્જા પામી, ઈન્દ્રનો ભય પામી, મ્લાન મુખે સંગમ પ્રભુ પાસે આવી, પગે પડયો અને કહેવા લાગ્યો : "હે ભગવન્! મારી પ્રતિજ્ઞાનો ભંગ થયો છે. આપ આપની પ્રતિજ્ઞામાં અચળ જ રહ્યા છો. સૌધર્મસભામાં ઈન્દ્ર મહારાજાએ આપની જે સ્તુતિ અને વખાણ કર્યાં હતાં તે લદ્દન સત્ય જ હતાં. પણ મેં મૂર્ખે એ વચન ઉપર શ્રદ્ધા ન કરી. મેં આપને ઘણું ઘણું દુઃખ દીધું. મેં બહુ જ ખોટું કામ કર્યું છે, માટે હે ક્ષમાનિધિ! મારા સઘળા અપરાધો માટે ક્ષમા આપો! હું હવે થાકયો છું. આપને વધુ ઉપસર્ગો નહિ કરું. વધુ વખત ભૂખ્યા રહીને આપ આપની કાયાને હવે કલેશ ન પમાડો. નિઃશંકપણે આપ ગોચરીએ પધારો."

ત્યારે પ્રભુએ કહ્યું : "હે સંગમ! મારી ચિંતા તું મૂકી દે. અમે સ્વેચ્છાએ ગોચરી, વિહાર ઇત્યાદિ કરીએ છીએ. અમે કોઈને આધીન નથી. અવસરે જે કંઈ કાર્ય કરવું હશે, તે અમે કરીશું."

આ પ્રત્યુત્તર સાંભળી અધમ-સંગમ પ્રભુને પ્રણામ કરી સ્વર્ગ તરફ ચાલ્યો. એને જતો જોઈને પ્રભુ દયાર્દ્રભાવે ચિંતવવા લાગ્યા :

"અહો! આ પામર જીવે મારા નિમિત્તે કેટલા બધા પાપનો ભાર બાંધી લીધો?"

પ્રભુની આંખો સંગમના ભાવિના વિચારથી અશ્રુ વડે કંઈક ભીની બની ગઈ.

* * *

આ તરફ સૌધર્મ દેવલોકમાં સહુ દેવદેવીઓ સંગમની પ્રતિજ્ઞા સાંભળતાં જ ઉદાસીન બની ગયાં હતાં. ઈન્દ્ર મહારાજાએ પણ પોતાનાં વસ્ત્ર, અલંકાર, વિલેપન, સંગીત, નાટક આદિ સર્વ પ્રકારના વિલાસનો ત્યાગ કર્યો હતો. અતિ દુઃખી હૈયે તે ચિંતવતા હતા :

"અહો ! આ બધા અનર્થોનું મુખ્ય નિમિત્ત હું પોતે જ બન્યો છું. મેં કરેલ ભગવંતની પ્રશંસા સહન થઈ ન શકી, એટલે આ અધમ દેવે મહાપાપી પ્રવૃત્તિ આદરી દીધી. જો પ્રભુની પ્રશંસા મેં કરી જ ન હોત તો પ્રભુને કોઈપણ ઉપસર્ગ થાત જ નહિ."

સંગમ જ્યારે સૌધર્મસભામાં પાછો આવ્યો, ત્યારે તે તદ્દન નિસ્તેજ બની ગયો હતો. પ્રતિજ્ઞાભંગની લજ્જાને લીધે એની આંખો બિડાઈ ગઈ હતી. તે પાપ રૂપી કાદવથી ખરડાયલો અને અપયશરૂપી ધૂળથી મલિન બનેલો જણાતો હતો.

ઇન્દ્ર મહારાજાએ મોઢું ફેરવી સભામાં ઊંચે સ્વરે સૌ દેવોને સંબોધન કરતાં કહ્યું :

"અહો ! સર્વ દેવતાઓ ! મારું વચન સાંભળો ! આ સંગમ અધમ, મહાપાપી અને કર્મચંડાળ છે. એની સામે નજર કરવી એ પણ અયોગ્ય છે. એનું મોઢું જોવાથી પણ પાપ લાગે તેવો છે. આપણા પૂજ્ય શ્રી જગતગુરુને એણે ભારે પીડા ઉપજાવી મોટો અપરાધ કર્યો છે. આ અકાર્યથી એણે પચંડ પાપનો ભાર પોતાના માટે પેદા કર્યો છે. એનો સંગ કરવાથી તમે પણ પાપના ભાગીદાર થશો. અધમ કાર્ય કરતી વેળા મારાં વચનોમાં પણ શંકા કરી ! જે સંસારથી ભય પામ્યો નહિ, તે મારાથી કેમ ભય પામે ? ઉપસર્ગ નિવારવા હું સમર્થ હતો, પણ જો મેં એમ કર્યું હોત, તો આ દેવ એમ માની લેત કે 'જિનેશ્વર ઇન્દ્રના સામર્થ્યથી જ તપ તપે છે' એટલે હું મૌન બેસી રહ્યો. જો આ દેવ અહીં વધુ વખત રહેશે તો આપણને પણ પાપ લાગશે. એટલે આ દુષ્ટને અહીંથી કાઢી મૂકવો જ યોગ્ય છે."

રોષથી ઇન્દ્ર મહારાજાએ પોતાના ડાબા પગ વડે પ્રહાર કર્યો. ઇન્દ્રના શસ્ત્રસજ્જ સુભટો સંગમને ધક્કો મારીને ત્યાંથી કાઢવા લાગ્યા. દેવીઓ પોતાના હાથના કરકડા મરડી તેના પર આક્રોશ કરવા લાગી. સામાનિક દેવતાઓ તેની મશ્કરી કરવા લાગ્યા.

આ પ્રમાણે માનહાનિ અને તિરસ્કાર વડે સંગમને દેવલોકમાંથી કાઢી મૂકવામાં આવ્યો. બાકી રહેલ એક સાગરોપમનું આયુષ્ય ભોગવવા તે મેરુગિરિની ચૂલિકા ઉપર રહેવા ગયો.

સંગમની મુખ્ય દેવીઓએ પોતાના સ્વામી સાથે જવા ઇન્દ્ર મહારાજાની આજ્ઞા માંગી. ઇન્દ્ર મહારાજાએ એમને જવા દીધી. પણ શેષ પરિવારને જવાનો પ્રતિષેધ કર્યો.

卐 卐 卐 卐 卐

ભગવંત હવે નિરુપસર્ગ થતં, બીજે દિવસે **વ્રજ** ગામ ાં ભિક્ષા નિમિત્તે એક વૃદ્ધ ગોવાલણના ઘરે પધાર્યા. તેણે ભક્તિથી રોમાંચિત થઈ છ માસના ઉપવાસી પ્રભુને સુવાસિત પાયસથી પ્રતિલાભ્યા. એવામાં ચિરકાલે જિનેશ્વરના પારણાથી સંતુષ્ટ થયેલા પાસેના દેવતાઓએ વાદ્યો વગાડયાં અને કનક, કુસુમ અને ગંધોદકની વૃષ્ટિ સાથે "**અહો દાનં ! અહો દાનં !**" એવી ઘોષણા કરી

## ચંદનબાળાના હાથે પ્રભુનું પારણું....

ચિત્રપટ-૩૭

દીક્ષા લીધાને ૧૧ વર્ષ વીતી ગયાં. પ્રભુ વિહાર કરતાં કરતાં અનુક્રમે **કૌશાંબી** નગરીમાં પધાર્યા. ત્યાં **શતાનીક** રાજાને **મૃગાવતી** નામે રાણી હતી. **સુગુપ્ત** નામે મંત્રી હતો, એની **સુનંદા** નામે પત્ની હતી. ત્યાં **ધનાવહ** નામે એક શ્રેષ્ઠિ રહેતો હતો. એની **મૂલા**

નામે પત્ની હતી. નગરજનો સહુ આનંદ–કુશળતાપૂર્વક પોતાનો જીવન-વ્યવહાર ચલાવતા હતા.

પોષ વદ એકમના દિવસે પ્રભુએ એક દુષ્કર અભિગ્રહ ધારણ કર્યો :

"પોતે રાજકન્યા હોવા છતાં પરગૃહે દાસીપણું પામી હોય, પગે લોખંડની સાંકળથી બંધાયેલી હોય, માથે મુંડિત હોય, ત્રણ દિવસની ભૂખી હોય, એક પગ ઉંબરાની અંદર અને બીજો પગ ઉંબરાની બહાર હોય, આંસુ સારી રડતી હોય, મધ્યાહ્ન–ભિક્ષાનો સમય વીતી ચૂકયો હોય, તે વેળા જો સુપડામાંના અડદના બાકુળા મને પ્રતિલાભે તો મારે પારણું કરવું."

પ્રભુ તો દરરોજ બપોરના સમયે ભિક્ષા લેવા નીકળતા હતા. પણ દર વખતે ભિક્ષા વિના પાછા ફરતા હતા. ઘણા દિવસો વીતી ગયા. નગરજનોને કંઈ સમજ પડતી નહોતી કે 'પ્રભુ કેમ આ રીતે પોતાના આંગણેથી લાભ આપ્યા વિના જ પાછા ચાલ્યા જાય છે ?'

સહુનાં હૈયાં મૂંઝવણ અનુભવી રહ્યાં હતાં, પરંતુ પ્રભુના હૈયે તો સદાકાળ સંપૂર્ણ પ્રસન્નતા જ ભરેલી હોય એમ સૌને જણાતું.

એકદા પ્રભુ સુગુપ્ત મંત્રીના ભવનમાં પધાર્યા. પ્રમોદ ધારણ કરી સુશ્રાવિકા સુનંદાએ પ્રભુ આગળ ભાવથી ભિક્ષા ધરી, પણ ભિક્ષાનો અસ્વીકાર થવાથી એને ઊંડો ખેદ ઉત્પન્ન થયો. ત્યારે એની દાસીઓએ જણાવ્યું :

"હે સ્વામિની ! કંઈ સમજાતું નથી કે આજે ચાર ચાર માસ થયા પ્રભુ રોજ આ રીતે ભિક્ષા લીધા વિના તરત જ કેમ ચાલ્યા જાય છે ?"

સુનંદાએ તરત જ જાણી લીધું : "પ્રભુને અવશ્ય કોઈ અભિગ્રહ વિશેષ હશે ! જે પૂર્ણ ન થવાના કારણે આ રીતે તેઓ ભિક્ષા લીધા વિના પાછા ચાલ્યા જતા હશે."

સુનંદાને ભારે સંતાપ થયો. ગૃહકાર્યો ભૂલી ગઈ. શરીરશૃંગારનો ત્યાગ કર્યો. લમણે હાથ દઈ નિશ્ચલપણે બેસી જ રહી. એવામાં જ્યારે

સુગુપ્તમંત્રી ઘેર આવ્યો, ત્યારે આવું શોકગ્રસ્ત વાતાવરણ જોતાં જ આશ્ચર્યપૂર્વક સુનંદાને શોકનું કારણ પૂછ્યું :

સુનંદા બોલી : "હે પ્રાણનાથ ! જેના પ્રભાવથી આ દુષ્કર ભવાટવી પણ સહેલાઈથી ઓળંગી શકાય, મોક્ષપદનો મનોરથ સહેલાઈથી પરિપૂર્ણ કરી શકાય અને માથે આવી પડેલ અતિ ભયંકર આપત્તિઓનાં વાદળ પણ સહેલાઈથી દૂર થઈ જાય, એવા **શ્રી વર્ધમાનસ્વામીની** ચાર ચાર માસથી તમારા ગામમાં સતત હાજરી હોય અને એમને ઉચિત ભિક્ષા પણ ન મળે ? આ કેવું કહેવાય ? એમનો શો અભિગ્રહ હશે ? એ જો તમે જાણી ન શકો તો તમારો સઘળો બુદ્ધિવૈભવ અને મોટી મહાઅમાત્યપદવી પણ શા કામની ?"

આ વાર્તાલાપ ચાલતો હતો, ત્યારે મૃગાવતી-રાણીની દાસી વિજયા કોઈ કારણસર ત્યાં આવી ચડી. સાંભળેલ હકીકત એણે પોતાની સ્વામિની પાસે જઈને સંભળાવી. મૃગાવતીને પણ ઊંડો આઘાત લાગ્યો. તેવામાં શતાનીક રાજા પણ ત્યાં આવી પહોંચ્યા. શોકાતુર રાણીને શોકનું કારણ પૂછ્યું ! ત્યારે રાણીએ કહ્યું :

"હે દેવ ! શું કહું ? દુર્ગતિના મૂળરૂપ આ રાજ્યભારથી તમે વિવેક ખોઈ બેઠા છો, જેથી તમે એટલું પણ જાણવાની કાળજી નથી રાખી કે ચારચાર માસ થયા શ્રી વર્ધમાનસ્વામી શા માટે આપના ગામમાં ભિક્ષા પામ્યા વગર વિચરી રહ્યા છે ?"

મૃગાવતીએ રાજાને ઉપાલંભ આપતાં પ્રભુના કોઈ ગૂઢ અભિગ્રહની શક્યતા વિશે પોતાની ધારણાની વાત કહી સંભળાવી, ત્યારે રાજાએ કહ્યું :

"હે દેવી ! તું શાંત થા. આવતી કાલે જ હું આનું પરમાર્થ-રહસ્ય જાણી લઈ એ વિશે યોગ્ય પ્રબંધ-વ્યવસ્થા કરાવી લઈશ. હમણાં તું ચિંતા છોડી દે, હું વચન આપું છું."

બીજે દહાડે રાજ્યસભામાં રાજા શતાનીકે પોતાના મંત્રી સુગુપ્તને કહ્યું : "ચાર ચાર માસ થયા પ્રભુ અહીં આપણી વચ્ચે જ આહાર વગર

વિચરતા હોય છતાં તું એનું કારણ જાણતો નથી ! તારો આ ભયંકર પ્રમાદ, ધર્મ પ્રત્યે ઘોર બેદરકારીનું સૂચક લક્ષણ જણાય છે.”

મંત્રીએ કહ્યું : “હે દેવ ! ઉપરાઉપરી કામ આવી પડતાં અને ઘરવાસમાં વ્યાકુળ હોવાથી હું આ પરિસ્થિતિ વિશે કંઈ પણ જાણી શકયો નથી. હવે આપ આજ્ઞા કરો કે હું શું કરું ? ”

પછી રાજાએ ધર્મ-શાસ્ત્ર પાઠક તત્ત્વવાદીને બોલાવ્યો અને પૂછ્યું :

“હે ભદ્ર ! તારા શાસ્ત્રઅભ્યાસના જ્ઞાનથી મને જણાવ કે પ્રભુએ કેવો અભિગ્રહ ધારણ કર્યો હશે ? વળી તું બુદ્ધિમાન પણ છે, એટલે મને તું વિચારીને કહે કે અહીં શો ઉપાય લેવો ? ”

સંપૂર્ણ વિચાર કરીને પાઠકે જણાવ્યું : “હે દેવ ! દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના ભેદોથી ભિન્નભિન્ન ઘણા અભિગ્રહો તેમજ સાત પિંડ-એષણા અને સાત પાન-એષણા શાસ્ત્રોમાં બતાવેલ છે. પણ એમાં મને કોઈ અભિપ્રાય સમજાતો નથી.”

પ્રભુનો અભિગ્રહ જાણવા ધર્મશાસ્ત્ર-પાઠકે પણ લાચારી દર્શાવી એટલે રાજાએ નગરમાં સર્વત્ર ઉદ્‌ઘોષણા કરાવી કે :

“ગોચરીએ નીકળતા પ્રભુની સમક્ષ સહુએ દરરોજ વિવિધ પ્રકારની ભિક્ષા ધરવી.”

હવે બધાય નગરજનો ઉત્સાહપૂર્વક પ્રભુને પારણું કરાવવાનો બધોય લાભ પોતાને જ મળી જાય, એવી ભાવનાથી અનેક પ્રકારની વાનગીઓ ધરવા લાગ્યા. પરંતુ પ્રભુને તો એ બધી વાનગીઓ અસ્વીકાર્ય હતી. પ્રભુ તો પોતાના અભિગ્રહમાં ધીર હતા. શરીરે અમ્લાન અને ભાવમાં સંપૂર્ણ રીતે અદીન રહીને એઓ આત્મધ્યાનમાં આગળ વધતા હતા.

દિવસો ઉપર દિવસો વીતતા રહ્યા : બપોર થાય-ભગવાન ગોચરીએ નીકળે, પણ ગોચરી વિના પાછા ફરે અને છેવટે સહુ નિરાશ બને.

દરેકના હૃદયમાં હવે એક જ ઉત્કંઠા તરી આવતી કે-એવો કયો ભાગ્યશાળી આત્મા હશે કે-જેને પ્રભુની આ ઉગ્ર તપસ્યાનું પારણું કરાવવાનો અપૂર્વ લાભ મળશે ?"

એક દિવસે શતાનીક રાજાના ચર-પુરુષોએ નિવેદન કર્યું :

"આપનો શત્રુ **દધિવાહન** રાજા હમણાં ઉન્મત્તપણે વર્તે છે. એને શિક્ષા કરવા જેવી છે."

ચંપાનગરીના દધિવાહન રાજા સાથે શતાનીક રાજાને પૂર્વથી જ વૈરભાવ ચાલ્યા કરતો હતો. એટલે શતાનીક રાજાએ ઓચિંતો જ ચંપા-નગરીને ઘેરો ઘાલ્યો. દધિવાહન પાસે યુદ્ધ કરવા જેટલી શસ્ત્રસામગ્રી ન હતી, એટલે તે પોતાનો જીવ બચાવવા નાસી છૂટયો.

"આ નગરીમાં જેને જે રૂચે તે મુજબ લઈ લો" એવી રાજાની આજ્ઞા મળતાં શતાનીક રાજાના સૈનિકો નગરને લૂંટવા લાગ્યા.

દધિવાહન રાજાની પટ્ટરાણી **ધારિણી** પોતાની પુત્રી **વસુમતી** સાથે સુરક્ષિત સ્થળે જવા પ્રયત્ન કરતી હતી, તેવામાં તે બન્ને એક રાજસેવકના હાથમાં સપડાઈ ગયાં. ધારિણીના રૂપ, લાવણ્ય અને સૌભાગ્યથી તે મોહ પામ્યો. માર્ગે જતા લોકોને તે કહેવા લાગ્યો : "આ મારી પત્ની થશે અને આ કન્યાને હું વેચી નાખીશ."

આવાં નિર્લજ્જ વચન સાંભળી ધારિણી ભયભીત બની ગઈ અને પોતાના આત્માને સંબોધવા લાગી : " હે પાપી જીવ ! પૂર્વે કદી ન સાંભળેલું એવું વચન સાંભળી આ દેહમાં તું હજી વસી રહ્યો છે ? શ્રી જિનશાસનને પામેલ હે કુલીન આત્મા ! શીલભંગનો પ્રસંગ ઉપસ્થિત થાય તે પહેલાં જ તું આ દેહને છોડી કેમ ચાલ્યો નથી જતો ? મારા વિરહથી મારી વહાલી પુત્રી પણ કેમ જીવી શકશે ?"

આ પ્રમાણે શીલભંગના વજ્ર સમાન આઘાતથી ધારિણી જીભ કચડીને મૃત્યુ પામી. રાજસેવક આશ્ચર્યમૂઢ બની ગયો અને ચિંતવવા લાગ્યો : "આ કોઈ ઉત્તમ કુળની સ્ત્રી હોવી જોઈએ, જેથી મારું

દુર્વચન સાંભળી પ્રાણત્યાગ કર્યો. હવે આ કન્યાની પણ આવી દશા ન થાય, તેની કાળજી રાખવી જોઈએ."

પછી મધુર વચનો વડે વસુમતીને શાંત કરી. કૌશાંબીમાં જઈ તે વસુમતીને વેચવા રાજમાર્ગે જઈ ઊભો રહ્યો. યોગાનુયોગ ત્યાંથી પસાર થતા ધનાવહ શેઠની નજર વસુમતી ઉપર પડી. તેને જોઈને તે વિચારવા લાગ્યો : "અહો ! મુખાકૃતિ જોતાં જણાય છે કે આ કન્યા કોઈ ઉત્તમ કુળની હોવી જોઈએ ! અલંકારરહિત હોવા છતાં એનું લાવણ્ય, શરીરની કાંતિ ચંદ્રની ચાંદની સમાન કોઈ અપૂર્વ શોભારૂપ છે. માટે માંગે તેટલું દ્રવ્ય આપી એને મારે ત્યાં રાખી લઉં, જેથી આ કન્યારત્ન કોઈ હીન પુરુષના હાથે દુઃખ ન પામે. વળી એનું રક્ષણ કરતાં કદાચ એનાં સ્વજનો સાથે એનો સુખદ સમાગમ પણ થઈ જાય."

રાજસૈનિકને માગ્યા મુજબ મૂલ્ય ચૂકવીને ધનાવહ શેઠ વસુમતીને પોતાના ઘેર તેડી લાવ્યા. પછી તેણે વસુમતીને પૂછ્યું : "હે પુત્રી ! તું કોની દીકરી છે ? તારાં સગાંસંબંધી કોણ-કોણ છે ? તેઓ ક્યાં રહે છે ?"

રાજકુળના ઉત્તમ સંસ્કારોથી યુક્ત એવી વસુમતી તદ્દન મૌન રહી. એટલે ધનાવહ શ્રેષ્ઠિએ વસુમતીને પોતાની પુત્રી તરીકે સ્વીકારીને, પોતાની પત્ની **મૂલાને** સોંપતાં ભલામણ કરી :

"આને હું દીકરી તરીકે લઈ આવ્યો છું. માટે તું બહુ જ કાળજીપૂર્વક એનું રક્ષણ કરજે."

વસુમતી શેઠના ઘરે સુખપૂર્વક રહેવા લાગી. એના વિનયપૂર્ણ સદ્વર્તન અને ચંદન સમાન શીતલ સ્વભાવના કારણે ઘરમાં તે બધાને પ્રીતિ-પાત્ર બની ગઈ. એનું પહેલાંનું વસુમતી નામ બદલાવી **ચંદના** એવા નામથી એને સૌ બોલાવવા લાગ્યા. ચંદના સુખેથી ધર્મઆરાધના-પૂર્વક પોતાનો સમય પસાર કરવા લાગી.

ચંદનાની રૂપસંપત્તિ જોઈ હવે મૂલા શેઠાણીના મનમાં ઈર્ષ્યાભાવ ઉત્પન્ન થયો. એ ચિંતવવા લાગી : "શેઠ એને પરણીને પોતાની ઘર-સ્વામિની ન બનાવે એની શી ખાત્રી ? પાણી પહેલાં મારે પાળ બાંધવી જોઈએ. કોઈ યોગ્ય તક મળે તો એનો નાશ કરવો, એ જ યોગ્ય ઉપાય લાગે છે."

એકદા ભર-ઉનાળાના દિવસે બપોરના સમયે શેઠ બજારમાંથી ઘેર આવ્યા. એ વેળા ઘરમાં કોઈ નોકર હાજર ન હતો. ગરમીથી વ્યાકુળ થયેલા પોતાના પાલકપિતાને જોઈ વિનયયુક્ત ચંદના તુરત પાદપ્રક્ષાલન કરવા પાણી લઈ આવી. ધનાવડ શેઠે તેને નિવારી, છતાં ચંદના પિતૃભાવે તેમના પગ ધોવા લાગી. એવામાં એના કેશકલાપનું બંધન શિથિલ થતાં તે જમીન ઉપર સરકી પડયો. શેઠે વાત્સલ્યભાવે વાળ કાદવમાં ભીંજાય નહીં, એમ વિચારી લાકડી વડે ઉપાડી લીધા અને કેશકલાપ બાંધી દીધો.

સદાકાળ શંકાશીલ રહેતી મૂલાએ આ ઘટના એક ખૂણાની બારી-માંથી જોઈ: અને પોતાની શંકા તદ્દન સાચી હતી-એવી તેને ખાત્રી થઈ ગઈ, પછી તેના હૈયે એક જ ચિન્તા સળવળી રહી કે પોતાની દીકરી તરીકે કહેવડાવતા આ શેઠે લજ્જા તજી ચંદનાના વાળ બાંધી આપ્યા અને હવે તેને પોતાની પત્ની બનાવે તે પહેલાં જ હું એનો કંઈક સચોટ ઉપાય શોધી કાઢું."

થાક ઉતારી શેઠ બહાર જતા રહ્યા. મૂલાએ હજામને બોલાવી ચંદનાનું માથું મુંડાવી, હાથે-પગે લોખંડની બેડી [સાંકળ] પહેરાવી ઘરના ભોંયરામાં તેને પૂરી દીધી. બહારથી મજબૂત તાળું લગાવી દીધું.

બધા નોકરોને ધમકી આપતાં મૂલાએ કહ્યું : આ બનાવની માહિતી શેઠને જે કોઈ આપશે તેને પણ આવો જ હું દંડ આપીશ. તમને શેઠ આગ્રહથી પૂછે તોપણ સાચું ન કહેવું."

પછી મૂલા પોતાના પિયરે ચાલી ગઈ. સાંજે ધનાવહ શેઠ ઘરે આવ્યા. ચંદના નજરે ન પડતાં એની પૂછપરછ કરી. ભયના કારણે

કોઈએ કંઈ સરખો જવાબ ન આપ્યો. બીજા દિવસે તપાસ કરવા છતાં ચંદના નજરે ન પડી. ત્રીજા દિવસે પણ કોઈ સંતોષકારક જવાબ ન મળ્યો. શેઠને હવે શંકા પડી : 'ચંદનાને કોઈએ મારી નાંખી તો નહિ હોય ?' શેઠના મનમાં ગાઢ કોપ ઉત્પન્ન થયો. નોકરોને કહ્યું : "તમે ચંદનાની સાચી વાત મને કહો. તમારા દંભને મૂકી દો, નહિતર હું તમને મારા પોતાના જ હાથે કડક શિક્ષા કરીશ."

એક વૃદ્ધ દાસીને દયાભાવ આવી ગયો. તે ચિંતવવા લાગી : "મેં તો ઘણાં વરસ સુધી આયુષ્ય ભોગવી લીધું છે. મરણ હવે તો નજીકમાં જ છે. ભલેને મૂલાના હાથે મારો જીવ કદાચ જાય ! પણ ચંદનાનો જીવ તો જરૂર બચી જશે. ધર્મશાસ્ત્રમાં કહેલું છે કે પર-જીવનું રક્ષણ કરવું એ મહાપુણ્ય છે."

તે દાસીએ શેઠને સાચી વાત કહી દીધી. જે ભોંયરામાં ચંદનાને પૂરી હતી તે સ્થાન દેખાડ્યું. શેઠે ઓરડો ઉઘાડયો. મસ્તકે મુંડિત તથા ભૂખતરસના દુઃખથી કરમાયેલા ફૂલ સમાન કાંતિહીન શરીરવાળી ચંદનાને જોતાં જ શેઠની આંખમાંથી દડ દડ અશ્રુધારા છૂટી. "હે પુત્રી ! તું શાંત થા" એમ કહીને આશ્વાસન આપ્યું. તે રસોડામાં દોડી ગયા, પણ ખાવાનું કંઈ જ તૈયાર ન હતું. ફક્ત રાંધેલા અડદ દેખ્યા. અન્ય કોઈ વાસણ હાથે ન ચડતાં બાજુમાં રહેલા સૂપડામાં થોડા અડદના બાકળા લઈને ચંદનાને આપ્યા.

"હે પુત્રી ! હું હમણાં જ બેડી તોડવા લુહારને તેડી આવું છું. ત્યાં સુધીમાં તું આ બાકળા ખાઈ ભૂખને શાંત કર."

અડદના બાકળા જોતાં જ એને પોતાનો ભૂતકાળ યાદ આવી ગયો અને વિચિત્ર કર્મસત્તાનું ચિંતન કરવા લાગી : "ક્યાં હું સુખના સાગરસમા રાજકુળમાં જન્મી અને ક્યાં હું અત્યારે દુઃખના મહા-સાગરમાં ફેંકાઈ ગઈ ! અહો ! રાજ્યલક્ષ્મી અને માબાપનો અસાધારણ સ્નેહ સ્વપ્નની જેમ એકાએક કેવો નષ્ટ થઈ ગયો ! પવનના સપાટા

વડે એક ક્ષણમાં ઊંચે અને બીજી જ ક્ષણે નીચે પડતા ધ્વજના પટ સમાન વિધિના વિલાસો પણ ખરેખર વિચિત્ર જ છે!"


આકરી ભૂખ લાગી હોય, ત્યારે નિરસ ભોજન પણ સરસ લાગે, એ ન્યાયે ચંદનાએ ખાવા માટે અડદ લીધા કે તરત જ એના મનમાં ભાવના જાગી કે "આજે ત્રણ દહાડાના ઉપવાસના પારણે અઠ્ઠમતપની આરાધના થઈ છે. તો કોઈ સુપાત્રદાનનો લાભ મને મળી જાય, ત્યાર પછી જ મારે ભોજન કરવું ઉચિત છે!"

....ને ચંદનાની આંખો કોઈ સુપાત્રને શોધવા બારણામાંથી દૂર દૂર જોવા લાગી. બરાબર એ જ સમયે સુવર્ણની કાંતિના પૂંજ સમાન પરમ-કૃપાનો મેઘ વરસાવતા શ્રી વર્ધમાનસ્વામીનાં દર્શન ચંદનાને થયાં! સુપાત્રદાન દેવાની ભાવનાવાળા આત્માને સુપાત્રદાન યોગ્ય પરમાત્માનો સુયોગ મળી ગયો. તરત જ પોતાનું સઘળું દુઃખ ભુલાઈ ગયું. પરમ આનંદની ઊર્મિઓ ચંદનાના હૃદયસાગરમાં ઉછાળા મારવા લાગી. પણ ચંદનાને વિચાર આવ્યો કે "ક્યાં પ્રભુની અદ્ભુત અને અનુપમ કાંતિ! અને ક્યાં એમને દાન દેવા માટેની નિરસ અડદના બાકળા જેવી આ ભોજન સામગ્રી!"

એમ વિચારી ચંદનાએ બેડીના બંધનમાં પડેલ એક પગ બારણાની બહાર મૂક્યો, બીજો પગ અંદર જ રહ્યો: હર્ષ પામેલ ચંદનાએ પ્રભુને બાકળાનું દાન દેવા હાથ લંબાવ્યો પણ એની આંખોમાં અશ્રુ ન હોવાથી પ્રભુને પોતાનો અભિગ્રહ અપૂર્ણ જણાવાથી પાછા ફર્યા, એટલે ચંદના આઘાત પામી ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડી.

ચંદનાની આંખમાં અશ્રુની ધારા જોઈ અને હવે પોતાના અભિ-ગ્રહની પૂર્ણતા જોઈ ભગવંતે પોતાનું કરપાત્ર પ્રસાર્યું. ચંદનાએ ભાવથી બાકુળા પ્રભુના હાથમાં અર્પણ કર્યા.

એક અદ્ભુત અને આશ્ચર્યકારક સુપાત્રદાનનો વિરલ પ્રસંગ ચંદનાના મહાપુણ્યયોગે ઉપસ્થિત થયો: પાંચ દિવ્યો પ્રગટ થયાં:




૫ માસ ૨૫ દિનના તપસ્વી પ્રભુ પાછા ફરતાં ચંદના ધ્રુસકે રડતાં દાનથી અભિગ્રહ પૂર્ણ થયો પંચદિવ્ય પ્રગટ્યા

(૧) દેવોએ આકાશમાં રહી દુંદુભિ વગાડી.
(૨) પુષ્પવૃષ્ટિ કરી.
(૩) ગંધોદક વરસાવ્યું.
(૪) સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી અને
(૫) अहो दानम् । अहो दानम् ! એવો દિવ્ય–ધ્વનિ થયો.

જ્યારે જ્યારે પ્રભુનું પારણું જ્યાં જ્યાં થાય, ત્યારે ત્યાં આ પાંચ દિવ્યો હંમેશાં પ્રગટે છે.

દીર્ઘકાલથી જેની અતિ ઉત્કંઠાપૂર્વક રાહ જોવાતી હતી, તે પ્રભુના પારણાનો વિરલ પ્રસંગ અદ્ભુત અને આશ્ચર્યકારક રીતે ઉપસ્થિત થયો. આજે સૌ નગરજનોના હૈયે પરમ આનંદનો ઊભરો આવી જતાં નગરમાં સર્વત્ર પરમ હર્ષનો કોલાહલ મચી ગયો. તરુણીઓ નાચવા અને ગાવા લાગી. દેવાંગનાઓ મંગલગીતો ગાઈને આકાશને શોભાવવા લાગી અને દેવતાઓએ સમસ્ત આકાશને મધુર નિનાદથી ભરી મૂક્યું. પ્રભુના પારણા પ્રસંગે આજે માત્ર કૌશાંબીનાં નગરજનોનાં હૈયે જ નહીં, પરંતુ પાતાલ અને સ્વર્ગલોકમાં રહેલા દેવોના હૈયે પણ અધિકાધિક હર્ષનું પૂર આવ્યું હોય એમ જણાતું હતું.

ભગવંતના પારણાનો વૃત્તાંત જાણી, હાથણી ઉપર આરૂઢ થઈ શતાનીક રાજા પોતાના અંતઃપુર, પ્રધાન, મંત્રી અને નગરજનો સહિત ત્યાં આવ્યો. ઇન્દ્ર પણ ત્યાં આવી પહોંચ્યા. દેવતાના પ્રભાવે ચંદનાના માથે સુંદર કેશપાશ પ્રગટ થયો. લોખંડની બેડી સુવર્ણના નૂપુરરૂપ બની ગઈ. ઉપરાંત હાર, કટીસૂત્ર, કડાં, કુંડલ, તિલક આદિ સુંદર અલંકારોથી તેનું સમસ્ત શરીર અલંકૃત થતાં શોભી ઊઠ્યું.

જ્યારે શતાનીક રાજાએ ચંપાનગરીને લૂંટી, ત્યારે દધિવાહન રાજાના **સંપુલ** નામના એક કંચુકીને પકડી લાવવામાં આવેલ હતો, તેને હજી હમણાં જ મુક્ત કરવામાં આવ્યો હતો, તે પણ આ પ્રસંગે ત્યાં જ હાજર હતો. તેણે વસુમતી (ચંદના)ને તત્કાળ ઓળખી લીધી. સુમધુર ભૂતકાળ

યાદ આવતાં જ તે વસુમતીને પગે પડયો અને મોટા અવાજે રડવા લાગ્યો. શતાનીક રાજાએ કુતૂહલભાવે તેને પૂછયું : "હે ભદ્ર ! તું શા કારણે એને પગે પડી શોકમાં ડૂબી જઈ આ રીતે રુદન કરે છે?"

સંપુલ બોલ્યો : "હે દેવ ! ચંપાનગરીના રાજા દધિવાહનની પટ્ટરાણી ધારિણીની આ સુપુત્રી છે. ઉત્કૃષ્ટ વૈભવમાં ઉછરેલ આ કન્યાને માતાપિતાથી વિખૂટા પડીને આજે પારકા ઘરે દાસીવત્ રહેવું પડયું છે, તેથી મને ખૂબ જ દુઃખ લાગતાં આંખમાં આંસુ આવે છે."

રાજાએ કહ્યું : "હે ભદ્ર ! તું જરા પણ શોક ન કર. આ તો પરમ પુણ્યશાળી આત્મા છે કે જેના હાથે આજે ત્રણેય જગતના આધાર અને દિવાકર સમા શ્રી વર્ધમાન પ્રભુના કઠિન અભિગ્રહનું પારણું પાંચ માસ અને પચીસ દિવસ પછી થયું છે !"

તે જ વેળા મૃગાવતી બોલી ઊઠી : "જો આ ધારિણીની સુપુત્રી હોય, તો ચંદના (વસુમતી) મારી ભાણેજ થાય!"

ઇંદ્ર મહારાજે પ્રભુની સ્તુતિ કરી.

પ્રભુ તપનું પારણું કરી ધનાવહ શેઠના ઘરેથી ચાલી નીકળ્યા.

લોભવૃત્તિથી શતાનીક રાજા સુવર્ણવૃષ્ટિના સોનૈયા લેવા તત્પર થયો. ઇંદ્ર મહારાજા એનો મનોભાવ જાણી બોલ્યા :

"હે રાજન્ ! અહીં સ્વામી કે કૌટુંબિકપણાનો સંબંધ કામ ન લાગે. આ કન્યા જેને આપે તે જ આ દ્રવ્ય લઈ શકે."

રાજાએ ચંદનાને પૂછયું : "હે પુત્રી ! આ સુવર્ણધારા કોને આપવાની છે ?"

"એમાં પૂછવાનું જ શું હોય? નિષ્કારણ-વત્સલ અને મને જીવનદાન આપનારા મારા પિતાતુલ્ય આ ધનાવહ શેઠને આપો." ચંદનાએ જવાબ આપ્યો.

આથી બધું સુવર્ણ શેઠને આપવામાં આવ્યું.

ઇંદ્ર મહારાજે ફરીથી રાજાને કહ્યું : શ્રી વર્ધમાનસ્વામીને જ્યારે

કેવળજ્ઞાન પ્રાપ્ત થશે, ત્યારે આ ચરમશરીરી પરમપુણ્યવંતી ચંદના પ્રભુની પ્રથમ શિષ્યા થશે અને સાધ્વીઓને સંયમમાર્ગે પ્રવર્તાવનાર થશે. માટે તું એની સારી રીતે રક્ષા કરજે.”

એમ કહી ઇંદ્ર અદૃશ્ય થયા. રાજાએ પણ ચંદનાની બહુમાનપૂર્વક સાચવણી કરી.

સંસારની અસારતા, સંયોગોની વિચિત્રતા, ભોગવિલાસની ભયંકરતા, જીવનની અનિશ્ચિતતા અને જિનધર્મની મહત્તા હવે ચંદનાને મન બરાબર સમજાઈ ગઈ હતી. એ ભાવના ભાવતી કે—“એવો પરમ આનંદકારી દિવસ ક્યારે ઊગશે, જ્યારે ભગવાન પોતાના હાથે મને ભવથી પાર ઉતારશે ? સમવસરણમાં બિરાજમાન પ્રભુની અમૃતવાણીનું પાન મારા કાન વડે હું ક્યારે કરીશ ? ક્યારે હું મોક્ષસુખના મૂળકારણરૂપ ચારિત્રજીવન પામીશ ?”

આ પ્રમાણે ઉત્તમ ભાવના ભાવતાં ભાવતાં ચંદનાના દિવસો પસાર થવા માંડ્યા અને ભાવથી એ સર્વવિરતિની સ્પર્શના કરવા લાગી.

નગરજનો સહિત સૌ કોઈ સ્વજનો મૂલા શેઠાણીની અનેક પ્રકારે નિંદા કરતા હતા, પણ ચંદનાએ તો મૂલાને પોતાની પરમ ઉપકારી માતા તરીકે જ સ્વીકારી હતી, કારણ કે પ્રભુને પારણું કરાવવાનો લાભ અપાવી પરમપદની પ્રાપ્તિ માટેનું મુખ્ય કારણ-નિમિત્ત પોતાના માટે તો મૂલા જ બની હતી !

## વીરતપસ્યા અને કેવળજ્ઞાન

ચિત્રપટ-૩૮

દીક્ષા લીધા બાદ પ્રભુએ પોતાના શરીર આદિ કોઈ વસ્તુ ઉપર મમત્વભાવ રાખ્યો નહિ અને કર્મોનો ક્ષય કરવા માટે કઠોર તપશ્ચર્યા આદરી. સમતાભાવે પરિસહો સહન કર્યા, ઘોર ઉપસર્ગોમાં પણ અણનમ રહ્યા.

પૂર્વના ભવોમાં પોતાના જ આત્માએ ઉપાર્જેલ કર્મોનો સંપૂર્ણ રીતે નાશ કરવા **સંવર** અને **નિર્જરા** સિવાય અન્ય કોઈ ઉપાય નથી, એ વસ્તુસ્થિતિનો સ્પષ્ટ ખ્યાલ પ્રભુના જીવન દ્વારા આપણને મળી રહે છે. ચારિત્રજીવન દરમ્યાન પ્રભુએ કરેલ તપશ્ચર્યાનું સરવૈયું નીચે મુજબ છે :

| | | | |
|---|---|---|---|
| **છ માસી તપ** | ૧ | **દોઢ માસી તપ** | ૨ |
| **ચાતુર્માસી તપ** | ૯ | **માસખમણ તપ** | ૧૨ |
| **ત્રિમાસી તપ** | ૨ | **અર્ધ માસ તપ** | ૭૨ |
| **અઢીમાસી તપ** | ૨ | **અઠ્ઠમ તપ** | ૧૨ |
| **બે માસી તપ** | ૬ | **છઠ્ઠ તપ** | ૨૨૯ |


૮૮ દિવસોમાં → **૨ ભદ્ર પ્રતિમા,**

**૪ મહાભદ્ર પ્રતિમા**

**૧૦ સર્વતોભદ્ર પ્રતિમા તપ**

પાંચ દિવસ ન્યૂન **અભિગ્રહયુક્ત છ માસી તપ**

જેનું પારણું ભગવંતે કૌશાંબીનગરીમાં ચંદનબાળાના હાથે કર્યું.




પ્રભુનો ૧૨ાા વર્ષ ઉગ્ર ચઉવિહાર તપ, તેમાં ૩૪૯ પારણાં, નદી કિનારે ગોદુહિકાસને શુક્લધ્યાને કેવળજ્ઞાન.

કોઈવાર નિત્યભોજન કે એક ઉપવાસનું પારણું પ્રભુએ કરેલ નથી, અર્થાત્ છટ્ઠથી ઓછી તપશ્ચર્યા ક્યારેય પણ કરી નથી. બધીય તપશ્ચર્યા પ્રભુએ પાણી વિના કરેલ છે. બધાં મળીને ૩૪૯ પારણાં એમણે કર્યાં. બહુધા એઓ **ઉત્કુટુકાસન** પ્રતિમાએ જ રહેતા હતા.

ભગવંતે સહન કરેલા ઉપસર્ગોના ત્રણ વિભાગ નીચે મુજબ પાડી શકાય છે :

**જઘન્ય ઉપસર્ગ** = કટપૂતનાનો શીતઉપસર્ગ હતો.

**મધ્યમ ઉપસર્ગ** = સંગમનું કાલચક્ર હતો.

**ઉત્કૃષ્ટ ઉપસર્ગ** = કાનના ખીલા કાઢ્યાનો હતો.

ગોવાળથી શરૂ થયેલ ઉપસર્ગોની પરંપરા આખરે ગોવાળના હાથે જ સમાપ્ત થઈ :

પગના અંગુઠા વડે મેરુને કંપાવવાની શક્તિ ધરાવનાર શ્રી વીરપ્રભુએ દરેક ઉપસર્ગનો **સામનો** ન કરતાં, અપૂર્વ સમતાભાવ ધારણ કરી **સહન જ** કર્યો, કારણ કે સમતાપૂર્વક સહન કરવામાં જ સત્ત્વનો વિકાસ અને કર્મની નિર્જરા થાય છે. સામનો કરવાથી નવાં કર્મોનો બંધ થાય છે.

卐 卐 卐 卐 卐

શ્રી વીરપ્રભુ વિહાર કરતાં–કરતાં અનુક્રમે **જૃંભિક** નામના ગામમાં પધાર્યા. નગરની બહાર **બીજાવર્ત** ચૈત્યની નજીક આવેલ **ઋજુવાલુકા** નદીના ઉત્તર કિનારે **શ્યામાક** ગૃહસ્થના ખેતરમાં **શાલ** મહાવૃક્ષની નીચે છટ્ઠતપપૂર્વક ગોદોહિકાસને ધ્યાનમગ્ન રહેલ પ્રભુને, વૈશાખ સુદ ૧૦ ના દિવસના ચોથા પ્રહરે **કેવળજ્ઞાન** ઉત્પન્ન થયું.

આ પ્રસંગે, પોતાનાં આસનો ચલાયમાન થતાં જ ઇંદ્રો તત્કાળ પ્રભુનો **કેવળજ્ઞાન મહોત્સવ** કરવા દોડી આવ્યા. સુંદર સમવસરણની રચના કરી, સિંહાસન રચાવ્યું. તીર્થને પ્રણામ કરી પ્રભુ સિંહાસને બિરાજમાન થયા. પોતાના જ્ઞાન વડે પ્રભુ જાણતા જ હતા કે અહીં સર્વ–

વિરતિને યોગ્ય કોઈ આત્મા હાજર નથી, છતાં કલ્પ (આચાર) સમજીને તેમણે ક્ષણમાત્ર દેશના (ધર્મોપદેશ) દીધી.

દરેક તીર્થંકર પ્રભુની પ્રથમ દેશના વખતે જ પુણ્યશાળી આત્માઓ સર્વવિરતિ આદિ ધર્મ અવશ્ય પામે જ છે, એટલે તે જ વખતે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ **ચતુર્વિધ-સંઘની** સ્થાપના તીર્થંકર ભગવંત કરે જ છે, પણ શ્રી વીરપ્રભુની પહેલી દેશનામાં કોઈ સર્વવિરતિ ન પામવાથી, એ દેશના નિષ્ફળ ગઈ. એટલે વૈશાખ સુદ ૧૧ ના દિવસે (બીજે દિવસે) તીર્થની સ્થાપના થઈ.

## ઇંદ્રભૂતિનો ગર્વ

ચિત્રપટ-૩૯

કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ક્ષણવાર દેશના આપી શ્રી વીરપ્રભુએ બાર યોજન દૂર આવેલ **મધ્યમાનગરી** તરફ વિહાર કર્યો. પ્રભુની સાથે કોટિ દેવો હતા. દેવોએ વિકુર્વેલા માખણ જેવા કોમળ સ્પર્શવાળા નવ સુવર્ણ-કમળ ઉપર પ્રભુ અનુક્રમે પાદયુગલને સ્થાપન કરતા હતા. દેવોએ કરેલ ઉદ્યોત વડે રાત્રિના અંધકારનો નાશ થતાં સર્વ પદાર્થો દિવસની જેમ સ્પષ્ટ જણાતા હતા ઇંદ્ર મહારાજા પ્રભુની આગળ ચાલતા હતા.

પ્રભુ મધ્યમાનગરી પહોંચે, તે અગાઉ જ દેવોએ પોતાના આચાર પ્રમાણે તે નગરીના **મહાસેન** નામે ઉદ્યાનમાં સમવસરણની રચના કરી લીધી હતી.

મહાસેનવન પાસે શ્રી મહાવીર સ્વામી આવી પહોંચ્યા. પૂર્વ દરવાજેથી સમસરણને વિશે પ્રભુએ પ્રવેશ કર્યો. સિંહાસનને પ્રદક્ષિણા કરી.

"णमो तित्थस्स"

"તીર્થને નમસ્કાર હો"

એમ બોલી પૂર્વાભિમુખ સિંહાસન પર પ્રભુ બેઠા. બાકીની ત્રણ દિશાઓનાં સિંહાસનો ઉપર દેવોએ શ્રી જિનેશ્વરનાં પ્રતિબિંબ રચ્યાં. તે પણ સાક્ષાત્ ભગવાનની જેમ શોભવા લાગ્યા. કવિની કલ્પનાદષ્ટિએ એમ કહી શકાય કે–ભગવાન એક રૂપવાળા હતા, છતાંય **દાન, શીલ, તપ** અને **ભાવ**–એમ ચારે પ્રકારના ધર્મને એક જ સાથે કહેવા માટે ચાર રૂપને ધારણ કરનારા થયા.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ વડે ભગવાન તો હવે કૃતકૃત્ય બની ગયા હતા, છતાંય એમને પણ "**તીર્થ પૂજ્ય છે**" એ ભાવ દર્શાવવા સિંહાસને બિરાજે તે પહેલાં–णमो तित्थस्स બોલે છે.

પ્રભુ પ્રત્યેની ભક્તિના કારણે દેવો ગાયન, વાજિંત્રવાદન અને નૃત્ય કરવા લાગ્યા. કલ્પવૃક્ષનાં સુગંધી પુષ્પો પ્રભુના ચરણ પાસે મૂકવા લાગ્યા. ચારેય નિકાયના દેવોના હજારોની સંખ્યા ધરાવતા મણિરત્નોના વિમાનની શ્રેણિઓ વડે આકાશ ભરાઈ જતાં એની શોભા કમળવન સમાન જણાતી હતી.

સિંહ અને હરણ, સર્પ અને મોર, બિલાડી અને ઉંદર ઇત્યાદિ પ્રાણીઓ પણ પરસ્પર જાતિવૈરનો ત્યાગ કરી સમવસરણમાં પ્રભુની અમૃતવાણી સાંભળવા તલ્લીન થઈને બેઠાં.–જાણે સર્વ જીવોએ કર્મરૂપી શત્રુઓથી ભય પામી પ્રભુનું શરણ ગ્રહણ કરી લીધું ન હોય!

સુરેન્દ્રો અને અસુરેન્દ્રો પણ ત્રણ પ્રદક્ષિણાપૂર્વક શ્રી જિનેશ્વરને નમન કરી પોતપોતાના યોગ્ય સ્થાન પર બેઠા. પ્રભુની વાણી સાંભળવા ઉત્સુક બનેલ સભામાં વ્યાપેલ કોલાહલને શક્રેન્દ્રે શાંત કર્યો. એટલે શ્રી જિનેશ્વરે ભવ્ય જીવોના સંતાપને હરનારી, અનેક લોકોના

સંશયને છેદવામાં સમર્થ, મેઘની ગર્જના સમાન ગંભીર, એક યોજન પ્રમાણ ક્ષેત્રમાં પ્રસરવાની શક્તિવાળી દેવ, મનુષ્ય, ભીલ વગેરે સામાન્ય મનુષ્યો તથા તિર્યંચ જીવો પોતપોતાની ભાષામાં બરાબર સમજી શકે, એવી અમૃતવૃષ્ટિ સમાન ધર્મદેશના શરૂ કરી :

“ માનવભવની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે. મિથ્યાત્વ આદિ પાપોથી જીવો ભવસાગરમાં ડૂબી જાય છે. કર્મથી લેપાયેલો આત્મા સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે જલદી શુદ્ધ થાય છે અને સ્વર્ગ તથા મોક્ષની સુખપરંપરાને પામે છે. મિથ્યાત્વના કારણે વિવેકરૂપી લોચન આચ્છાદિત થઈ જતાં, સુદેવ, સુગુરુ અને સુધર્મને જાણી શકતા નથી. ગૃહકાર્યમાં આસક્ત અને કામભોગના તુચ્છ સુખ વડે નિરંતર અતૃપ્ત રહેતા મોહાધીન જીવો અતિ દુર્લભ એવા ઉત્તમ માનવભવને, ક્ષણિક વિષય સુખની તૃષ્ણાના કારણે હારી બેસે છે. પ્રમાદ દશામાં રહેતા ઘણા જીવો રક્ષણ અને શરણરહિત થઈ નરકને વિશે દહન, ભેદન અને છેદન ઈત્યાદિ દુઃખો પામે છે. દેવ અને દાનવોથી પણ ન જીતી શકાય, એવા અદૃશ્ય શરીરવાળા રાગ આદિ અભ્યંતર શત્રુઓને પંચ મહાવ્રતરૂપ શસ્ત્ર વડે સહેલાઈથી જીતી શકાય છે. જેનું મન શત્રુ–મિત્ર, રત્ન–પથ્થર, તેમજ સુખ-દુઃખમાં સમાન ભાવ રાખે છે તેમને દેવોથી પણ ઘણા અધિક સુખની પ્રાપ્તિ થાય છે.”

ત્રણેય લોકના પ્રાણીઓના પરમ હિતચિંતક એવા જગદ્ગુરુ શ્રી વીરપ્રભુની અમૃતવાણીનું પાન કરતાં–કરતાં આખી સભાનાં હૈયાં અતિ આનંદનો અનુભવ કરી રહ્યાં.

આ જ મધ્યમાનગરીમાં રહેતા અતિ સમૃદ્ધિવાન **સોમિલ** બ્રાહ્મણે સ્વર્ગપ્રાપ્તિ માટે નગરીના બહારના ભાગમાં એક મહાયજ્ઞ આરંભ્યો હતો. એ માટે દૂર-દૂરના સેંકડો શિષ્યોના પરિવારવાળા, ચારે વેદના સૂત્રાર્થમાં પંડિત અને ચૌદ વિદ્યાઓમાં પારંગત એવા, સાક્ષાત્ બૃહસ્પતિને પણ ઝાંખો પાડવાનો ગર્વ ધારણ કરતા **ઈન્દ્રભૂતિ**

આદિ અગિયાર મહા પંડિતોને બોલાવવામાં આવ્યા હતા. ઘી, મધ, જવ ઇત્યાદિ યજ્ઞસામગ્રી, બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે શ્રેષ્ઠ વસ્ત્રો અને સુવર્ણસમૂહ તૈયાર રાખ્યાં હતાં. અગ્નિના કુંડમાં નિરંતર મંત્રોના ઉચ્ચારપૂર્વક યજ્ઞવિધિ ચાલી રહી હતી. આ અવસરે જ વિવિધ શોભા ધારણ કરેલ દેવદેવીઓના વિમાનસમૂહને આકાશથી ઊતરતો જોઈને, પ્રેક્ષકવર્ગ તુષ્ટમાન થઈને કહેવા લાગ્યો : "આ યાજ્ઞિકોએ યજ્ઞ સારી રીતે કર્યો છે. જેથી દેવો પોતે જ શરીર ધારણ કરીને આપણા યજ્ઞમાં પધારવા નીચે ઊતરી રહ્યા છે."

અરે! પણ આ શું ? દેવો તો યજ્ઞમંડપ છોડીને આગળ ને આગળ ચાલવા લાગ્યા! દેવતાઓને સમવસરણમાં જતાં જોઈ લોકોને થયું કે "દેવતાઓ ખરેખર ભૂલા પડ્યા લાગે છે! જેથી તેઓ યજ્ઞમંડપમાં ન પધારતાં આગળ જઈ રહ્યા છે."

થોડી જ વારમાં સત્ય વસ્તુસ્થિતિ સમજાઈ જતાં યજ્ઞમંડપમાં બેઠેલા લોકો આશ્ચર્યમૂઢ બની અંદરોઅંદર વાતો કરવા લાગ્યા :

"અરે ભાઈ ! મહાન ઐશ્વર્યશાળી અને સર્વજ્ઞ એવા **શ્રી મહાવીરસ્વામી** મહાસેન વનમાં રચેલ સમવસરણમાં પધાર્યા છે અને મધુરી ધર્મદેશના આપી રહ્યા છે. તેમને વંદન કરવા માટે આ દેવતાઓ ત્યાં જઈ રહ્યા છે."

"**સર્વજ્ઞ**" એ શબ્દ સાંભળતાં જ ઇંદ્રભૂતિના મનમાં રહેલ "અહં"ને એકાએક મોટો આંચકો લાગ્યો કે હું પોતે જ સર્વજ્ઞ છું, ત્યાં વળી મારી હાજરીમાં જ આ નવો સર્વજ્ઞ હોવાનો દાવો કરનાર વળી કોણ છે? લોકો તો મૂર્ખ છે. તે ભલેને જાય. પણ આ દેવોએ કેમ ભૂલ કરી? એને સર્વજ્ઞ સમજી શા માટે પૂજે છે અને સ્તુતિ કરે છે? અથવા તો એમ પણ બને કે જેવો આ સર્વજ્ઞ હશે, તેવા જ પ્રકારના તે દેવો પણ હોવા જોઈએ ! સરખેસરખા મૂર્ખાઓનો સમૂહ મળ્યો હોય તેમ મને તો નક્કી જણાય છે : હજી સુધી તેનું કાર્ય સિદ્ધ થયું નથી.

તે પહેલાં જ હું જાતે જ જાઉં, શાસ્ત્રાર્થ કરીને સર્વ સમાજનો વચ્ચે બેઠેલ આ બનાવટી સર્વજ્ઞનો ગર્વ ફક્ત એક જ ક્ષણમાં ઉતારી આવું."

તત્કાળ પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે નવા સર્વજ્ઞને હરાવવા ઇંદ્રભૂતિ નીકળી પડયો. એ સમવસરણની નજીક આવી પહોંચ્યો : 'અરે! પણ આ શું?'

સમવસરણનો મહિમા જોતાં જ અને ત્યાં એકઠા થયેલા મનુષ્યો, વિદ્યાધરો અને દેવેન્દ્રના સમૂહો વડે આદરપૂર્વક વંદન થતા શ્રી મહાવીરપ્રભુનાં દર્શન કરતાં જ ઇન્દ્રભૂતિ એકાએક આશ્ચર્યમૂઢ બની ગયો. ત્યાં તો એના કાને મધુર શબ્દો સંભળાયા :


"હે ઇન્દ્રભૂતિ! ગૌતમ! તું સુખપૂર્વક આવ્યો ને?"

"અરે! આ તો મારા નામને પણ જાણે છે! હાં, આ પૃથ્વી ઉપર પ્રગટ યશવાળા એવા મને કોણ ન ઓળખે? પણ જો મારા હૃદયમાં રહેલા સંશયને તે જાણે અથવા એનું સમાધાન કરી આપે તો જ હું માનું કે આ સાચો સર્વજ્ઞ છે."

ઇંદ્રભૂતિ આ પ્રમાણે વિચાર કરતો હતો, ત્યાં તો પ્રભુ બોલ્યા :

"હે ઇંદ્રભૂતિ! જીવ છે કે નહીં?—આ તારી શંકા છે. પણ તે નિરર્થક છે. એનો તું ત્યાગ કર. નિઃશંકપણે જીવ છે જ. તે ચિત્ત, ચેતના, સંજ્ઞા અને વિજ્ઞાન વગેરે આ પ્રગટ લક્ષણો વડે જાણી શકાય છે. જો કદાચ સુકૃત અને દુષ્કૃતના આધારરૂપ જીવ જેવું તત્ત્વ ન હોત, તો પછી યજ્ઞ, દાન, જ્ઞાન અને તપસ્યા (વ્રત) વગેરે સર્વવ્યર્થ થાય."

વેદનાં જે પદો વિશે ઇંદ્રભૂતિના મનમાં ઊંડો સંશય પડયો હતો, તે પદોનો અર્થ પ્રભુએ યુક્તિપૂર્વક સમજાવ્યો. પ્રભુનાં વચનો સાંભળી પોતાની બુદ્ધિ વડે બરાબર વિચાર્યું. પોતાની ભૂલ હવે બરાબર સમજાઈ ગઈ. સંતોષકારક સમાધાન થઈ જતાં જ તેણે પોતાની શંકાનો ત્યાગ કર્યો. સૂર્યનો પ્રભાવશાળી પ્રકાશ પ્રગટ થતાં જ રાત્રિનો ઘોર અંધકાર તુરત દૂર થઈ જાય છે, તે જ રીતે ઇંદ્રભૂતિનો ગર્વ હવે અલોપ થઈ ગયો.




બીજા સર્વજ્ઞ જાણી ઇન્દ્રભૂતિ ને ગર્વ ▫ ૫૦૦ શિષ્ય સાથે વાદાર્થે ગમન ▫ આત્મસંશય ભંજન ને દીક્ષા.

એના મિથ્યાત્વનો અંધકાર દૂર થતાં જ સંસારથી વિરકત મનવાળો ઇન્દ્રભૂતિ પ્રભુના ચરણે નમી પડયો અને બોલ્યો :

"હે ભગવાન ! આપ મને દીક્ષા આપી, આપનો શિષ્ય બનાવી મારા ઉપર પરમ કૃપા (અનુગ્રહ) કરો !"

પરમ કરુણાસાગર પ્રભુએ ઇન્દ્રભૂતિને ત્રિપદીનું પ્રદાન કરી પોતાના પ્રથમ ગણધરપદે અલંકૃત કર્યા. એમના પાંચસો શિષ્યોને પણ પોતાના હાથે દીક્ષા આપી.

## અંતિમ વીરદેશના અને વીર નિર્વાણ....

ચિત્ર ૫૯-૪૦

ભવ્યજીવોના કલ્યાણ માટે તીર્થની સ્થાપના કરી, શ્રી મહાવીર સ્વામીએ ત્રીસ વર્ષના કેવળીપર્યાય દરમિયાન અનેક જીવોને આ ભયંકર સંસાર-સાગરમાંથી તારી લીધા. શ્રી ગૌતમસ્વામી આદિ ચૌદ હજાર સાધુઓ, આર્યા ચંદના આદિ છત્રીશ હજાર સાધ્વીઓ, ત્રણસો ચૌદ પૂર્વધર સાધુઓ, તેરસો અવધિજ્ઞાનીઓ, સાતસો વૈક્રિય-લબ્ધિધારી, સાતસો અનુત્તર વિમાનની શ્રેષ્ઠ ગતિવાળા, સાતસો કેવળ-જ્ઞાની, પાંચસો મનઃપર્યવજ્ઞાની અને ચારસો વાદીઓ હતા. આનંદ, શંખ, ઇત્યાદિ એક લાખ ઓગણસાઠ હજાર સુશ્રાવકો તથા સુલસા, રેવતી વગેરે ત્રણ લાખ અઢાર હજાર સુશ્રાવિકાઓ હતી. પૃથ્વી પર વિહાર કરતા પ્રભુને આ પ્રમાણે કુલ પરિવાર થયો હતો.

અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, મંડિત, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ-પ્રભુના આ નવ ગણધરો પ્રભુની હયાતી દરમિયાન સિદ્ધપદ પામ્યા હતા.

હવે પોતાનો નિર્વાણકાળ સમીપે આવ્યો જાણી શ્રી મહાવીર પ્રભુ અપાપાપુરી [પાવાપુરી] પધાર્યા. ત્યાંના રાજા **હસ્તિપાળ**ની મોટી દાનશાળામાં અનુજ્ઞા લઈ છેલ્લું ચોમાસું રહ્યા.


પોતાના ઉપર અતિ ગાઢ સ્નેહરાગ ધરાવતા ગૌતમ ગણધરને પ્રભુએ આજ્ઞા કરી :

"હે દેવાનુપ્રિય! અહીં પાસેના ગામમાં જઈ દેવશર્મા નામના બ્રાહ્મણને તમે પ્રતિબોધ કરો !"

"જેવી સ્વામીની આજ્ઞા!" એમ કહી શ્રી ગૌતમસ્વામીજી દેવશર્માને પ્રતિબોધ પમાડવા ચાલ્યા.

ત્યારપછી શ્રી મહાવીર પ્રભુએ છઠ્ઠની તપસ્યા આદરી, સોળ પ્રહર પર્યંત અંતિમ દેશના આપી. ઈન્દ્ર મહારાજા, અસંખ્ય દેવો, ચેટકરાજાના આજ્ઞાંકિત નવ લિચ્છવી જાતિના તથા નવ મલ્લ જાતિના એમ અઢાર ગણરાજાઓ પણ આ અંતિમ દેશના સાંભળવા આવ્યા હતા. સતત વહેતા ધોધના પ્રવાહ સમાન પરમ કરુણાનિધાન પ્રભુએ દેશના વહેતી રાખી. પુણ્યવિપાકના ૫૨, પાપવિપાકના ૫૧ અને અપૃષ્ટ વ્યાકરણના-ઉત્તરાધ્યાયનના-૩૬ અધ્યયનો સંભળાવ્યા. છેલ્લું મરુદેવા નામનું પ્રધાન અધ્યયન સંભાળવાના હતા, ત્યારે ઈન્દ્ર મહારાજાએ પોતાના જ્ઞાન વડે જાણ્યું કે—તત્કાલ ભસ્મરાશિ નામનો ક્રૂર ગ્રહ ઉદય પામવાનો છે અને શ્રી જિનશાસનને તે પીડા પમાડશે. એટલે ઈન્દ્રમહારાજાએ બહુમાનપૂર્વક અંજલિ જોડી પ્રભુને વિનંતિ કરી :

"હે પરમકૃપાળુ ભગવાન ! ક્રૂર ભસ્મરાશિ ગ્રહનો ઉદય હમણાં જ થવાનો છે. આપનું આયુષ્ય ફક્ત એક જ ક્ષણ વધારો, જેથી આપની હાજરીમાં જ જો એ ઉદય પામે તો એનું ઉપશમ થતાં એનું જોર ઓછું થાય, કારણ કે આના ઉદયથી કુતીર્થિકો આપના તીર્થને અત્યંત




મહાવીર પ્રભુની ૧૬ પ્રહરની અંતિમ દેશના, પાવાપુરી માં આષો વદ 30 ના પ્રભુનું નિવાર્ણ-મોક્ષ, દેવતાઓ તથા રાજાઓએ કલ્યાણક ભક્તિ કરી.

પીડશે ! આપ તો સર્વશક્તિમાન છો, એટલે આ કાર્ય આપના માટે કંઈ કઠિન નથી જ !"

પ્રભુએ પ્રત્યુત્તર આપ્યો :

"હે સુરેન્દ્ર ! અતીત આદિ ત્રણેય કાળમાં આ પ્રમાણે થયું નથી, થશે નહીં અને થવાનું પણ નથી. તીર્થંકરો અનંત શક્તિશાળી હોવા છતાં આયુષ્યકર્મ પૂર્ણ થયા પછી એક સમય પણ વધુ ન રહી શકે. વિલય પામેલા આયુષ્યના દળિયા કોઈપણ પ્રકારે સાંધી શકાતા જ નથી. તેથી કરી, હે ઇંદ્ર ! આ મોહ તમે મૂકી દો !"

આ રીતે શક્રેન્દ્રને બોધ આપી શ્રી મહાવીર પ્રભુ શુક્લધ્યાનમાં શૈલેશીકરણ ઉપર આરૂઢ થઈ એકી સાથે જ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ–આ ચારેય અઘાતી–કર્મોનો ક્ષય કરી મોક્ષપદ પામ્યા.

આ વેળા સર્વે દેવેન્દ્રો પોતપોતાના સિંહાસન ચલાયમાન થવાથી શ્રી જિનેશ્વરનું નિર્વાણ જાણી ચારેય પ્રકારના દેવો સહિત ત્યાં આવી ગયા. સૌ ઊંડા શોકસાગરમાં ડૂબેલા હતા. આંખોમાંથી જોરદાર અશ્રુ-ધારાઓ વહેવા લાગી. સૌ નતમસ્તકે પ્રભુ સમીપે ઊભા રહ્યા :

સૌધર્માધિપતિએ નંદનવનમાંથી મંગાવેલ ગોશીર્ષ અને અગરુ વગેરેનાં ઉત્તમ કાષ્ઠો વડે ચિતા રચાવી. સુગંધી ક્ષીરસમુદ્રના જળવડે શ્રી જિનેશ્વરના શરીરને સ્નાન કરાવી, હરિચંદનનો લેપ કર્યો. નિર્મળ રેશમી વસ્ત્ર પહેરાવ્યું. વિવિધ પ્રકારના રત્નજડિત અલંકારો પહેરાવી પ્રભુના શરીરને અલંકૃત કર્યું.

શક્રેન્દ્રે પ્રભુના દેહને દેવવિમાન જેવી શિબિકામાં બહુમાનપૂર્વક પધરાવ્યો. શોકમગ્ન ઇન્દ્રો એ શિબિકા ઉપાડી ચાલવા લાગ્યા.

**જય જય નંદા !**
**જય જય ભદ્દા !**

આ શબ્દો બોલતા–બોલતા અસંખ્ય દેવો શિબિકાની આગળ ચાલવા લાગ્યા. પ્રભુના ગુણોના ગીતો ગાતી ગાતી દેવીઓ શિબિકાની પાછળ પાછળ ચાલવા લાગી. ચિતા સમીપે સૌ આવી પહોંચ્યા.

સુરેન્દ્રો અને અસુરેન્દ્રોએ શ્રી જિનેશ્વરના પાર્થિવ દેહને ચિતા ઉપર બહુમાનપૂર્વક પધરાવ્યો. વિદ્યાધરો ચારે તરફ પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. અતિ શોકથી વ્યાકુળ બનેલો શ્રી સંઘ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યો.

અગ્નિકુમાર દેવોએ ચિતામાં અગ્નિજ્વાળા પ્રગટાવી. વાયુકુમાર દેવોએ વાયુ વિકુર્વ્યો. બીજા દેવતાઓ વારંવાર તેમાં સુગંધી ધૂપની મુષ્ટિઓ તથા ઘીના કુંભો નાખવા માંડયા. બળતો દેહ જ્યારે અસ્થિશેષ રહ્યો, ત્યારે મેઘકુમાર દેવોએ ક્ષીરસાગરના શીતળ અને સુગંધી જળની ધારા વડે ચિતાને બુઝાવી. પ્રભુ પરના ભક્તિરાગના કારણે શક્રેન્દ્રે પ્રભુની ઉપલી જમણી દાઢા ગ્રહણ કરી અને તેની નીચેની દાઢા અસુરેન્દ્રે ગ્રહણ કરી. ડાબી ઉપરની દાઢા ઈશાનેંદ્રે ગ્રહણ કરી અને તેની નીચેની દાઢા બલીંદ્રે ગ્રહણ કરી. બીજા સુરેન્દ્રો અને અસુરેન્દ્રોએ પણ પ્રભુના દેહની પવિત્ર ભસ્મ પોતાના કલ્યાણ અર્થે લઈ લીધી.

ત્યારપછી જે સ્થાને પ્રભુની ચિતા રચવામાં આવી હતી, ત્યાં દેવોએ રત્નોનો સ્તૂપ રચ્યો. દેવેન્દ્રો તથા દેવો તે કાળને યોગ્ય પોત-પોતાનું કાર્ય કરી, શોકના ભારથી પ્રભુનું નિર્વાણકલ્યાણક ઉજવી, મંદ વાણી વડે બોલવા લાગ્યા :

"ત્રણ લોકના નાથ આજે મોક્ષે પધાર્યા. એને પ્રકાશિત કરનાર સૂર્ય હવે અસ્ત થયો છે. ભરતક્ષેત્રના શિરોમણિ સમાન સારભૂત રત્ન હરણ કરાયું. હે નાથ! આપનો વિરહ થવાથી આ સંસારમાં અમે મૂઢમતિવાળા હવે કોનું શરણ લઈએ? હે જિનેશ્વર! સુર–અસુર સહિત આ સમગ્ર ભુવન આજે પુણ્યહીન બની ગયું હોય એમ લાગે છે. અવશ્ય થનારી વસ્તુને વિશે હવે સંતાપ કરવો નિરર્થક છે એટલે અમે લાચાર છીએ, હે જગન્નાથ! હવે તો આપનું તીર્થ જ સદાકાળ જય-વંતું વર્તો!"

પ્રભુના દુઃસહ વિરહથી સંતાપ પામેલા ઇન્દ્રોએ નંદીશ્વરદ્વીપમાં જઈ અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો. હૈયાનો શોક હળવો કરી દેવલોકમાં

ગયા. વજ્રની બનાવેલ દાબડીમાં પ્રભુની દાઢાઓ યત્નપૂર્વક પૂંજીને સાચવી રાખી.

ત્રણેય જગતને પ્રકાશ આપનાર **ભાવદીપક** સમાન ભગવાનના નિર્વાણથી જાણે સર્વત્ર ઘોર અંધકાર જેવું જણાતાં, શોકમાં ડૂબેલા અઢાર ગણરાજાઓએ ભાવદીપક સમાન ભગવાન ચાલ્યા ગયા એટલે એના સ્થાને હસ્તિપાલ મહારાજાની જૂની લેખશાળામાં **દ્રવ્ય દીપકોની હારમાળા પ્રગટાવી** અંધકારને કંઈક હળવો કર્યો. આસો વદી અમાવાસ્યાના દિવસે આપણે પણ એ દિવસને દીવાઓની હારમાળા પ્રગટાવી **"દિવાળી પર્વ"** તરીકે ત્યારથી ઉજવીએ છીએ !

શ્રી મહાવીર પ્રભુના નિર્વાણના સમાચાર જ્યારે શ્રી ગૌતમસ્વામીએ જાણ્યા ત્યારે એમને હૈયે વિરહશોકનો પ્રચંડ આઘાત લાગ્યો. પોતે જેને જેને દીક્ષા આપતા તેઓ સર્વે કેવળજ્ઞાનના સ્વામી બની જતાં જોઈને, એમના હૈયે સ્વતઃ કેવળજ્ઞાનની પ્રાપ્તિ માટેની તીવ્ર ઝંખના સતત રહ્યા કરતી હતી. ભગવાન પ્રત્યેનો અપૂર્વ ભક્તિરાગ એની આડે આવતો હતો. આ હકીકત પોતે બરાબર સમજવા છતાં પણ પ્રભુપ્રત્યેની ભક્તિને પ્રધાનતા આપી, કેવળજ્ઞાનને એમણે ગૌણ કરી દીધું હતું....અને હવે તો એમના ભક્તિરાગનું પ્રિય-પાત્ર પણ એકાએક દૂર થઈ જ જતાં; એમના હૈયે ઘર કરી બેઠેલ ભગવાન પ્રત્યેનો પ્રશસ્ત-રાગ પણ વિરહના હૈયાફાટ રૂદનમાંથી પ્રગટેલા પ્રચંડ અગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયો. એમાંથી કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ્યો. અનંતલબ્ધિના નિધાન અને વિનયગુણના અજોડ સ્વામીની મહેચ્છા કાર્તિક શુદ ૧ ની સુપ્રભાતે પરિપૂર્ણ થઈ. સતત કેવળજ્ઞાન ઝંખતા શ્રી ગૌતમ સ્વામીને માટે પ્રભુએ કહેલું વચન સત્ય ઠર્યું :

**"તું અને હું આગળ જતાં એક જ સરિખા થઈશું."**

એ આશ્વાસનરૂપ બનતા ભગવાનના શબ્દો પણ આજે તદ્દન સત્ય નીવડ્યા !

લોકોના હૈયે પ્રભુના વિરહનું દુઃખ હજુ તો તાજું જ હોવાથી આંખોમાંથી દુઃખની અશ્રુધારાઓ વહી રહી હતી. એને સ્થાને પ્રભુના

આ પ્રથમ ગણધરને થયેલ કેવળજ્ઞાનપ્રાપ્તિનો પરમ આનંદ સૌના હૈયે ઉભરાવા લાગ્યો. નૂતન વર્ષના મંગલ પ્રભાતે પ્રગટેલા આ કેવળજ્ઞાનનો દિવ્ય આનંદ આપણે પણ પરસ્પર **"નૂતન વર્ષાભિનંદન" "નૂતન વર્ષાભિનંદન"** જેવા હર્ષ તેમજ સત્કારસૂચક શબ્દો દ્વારા વ્યક્ત કરીએ છીએ.

**શ્રી મહાવીર પ્રભુનાં પાંચ કલ્યાણકો**

| | | | |
|---|---|---|---|
| ૧ | ચ્યવન કલ્યાણક | અષાડ શુદ ૬ | બ્રાહ્મણકુંડ ગ્રામ |
| ૨ | જન્મ કલ્યાણક | ચૈત્ર શુદ ૧૩ | ક્ષત્રિયકુંડ ગ્રામ |
| ૩ | દીક્ષા કલ્યાણક | કાર્તિક વદ ૧૦ | ક્ષત્રિયકુંડ ગ્રામ |
| ૪ | કેવળજ્ઞાન કલ્યાણક | વૈશાખ શુદ ૧૦ | જાંભિક ગ્રામ ઋજુવાલુકા નદી |
| 卐 | તીર્થ સ્થાપના | વૈશાખ શુદ ૧૧ | મધ્યમા નગરી |
| ૫ | નિર્વાણ કલ્યાણક | આસો વદ અમાવાસ્યા | પાવાપુરી |

* શિવમસ્તુ સર્વજગતઃ *

**મોક્ષનું** સુખ.... .... .... .... મિષ્ટાન્ન જેવું !
**સંસારનું** સુખ.... .... .... .... એંઠવાડ જેવું !

❋ ❋ ❋

**સંસાર** ભૂંડો ! સંસારનું **સુખ** ભૂંડું !
**મોક્ષ** રૂડો ! મોક્ષનું **સુખ** રૂડું !

❋

**સંસાર** — રાગમય છે, પાપમય છે, દુઃખમય છે !

❋

દુઃખનું મૂળ.... .... .... ....**મમતા** !
સુખનું મૂળ.... .... .... ....**સમતા** !
શાંતિનું મૂળ.... .... .... ....**ક્ષમા** !

❋

ક્રોધથી .... .... **પ્રીતિનો** નાશ થાય છે !
માનથી .... .... **વિનયનો** નાશ થાય છે !
માયાથી .... .... **વિશ્વાસનો** નાશ થાય છે !
લોભથી .... .... **બધાય ગુણનો** નાશ થાય છે !

❋

હસતાં હસતાં.... સહન કરો.
સહન કરતાં કરતાં .... હસતા રહો !

| | | | | | |
|---|---|---|---|---|---|
| દુઃખનું મૂળ .... | .... | .... | .... | .... | **પાપ** ! |
| પાપનું મૂળ .... | .... | .... | .... | .... | **રાગ** ! |
| પાપનો બાપ .... | .... | .... | .... | .... | **લોભ** ! |
| પાપની માતા .... | .... | .... | .... | .... | **એકાંત** ! |

❋ ❋ ❋

છૂટે જો **પાપનો** સંગ,
તો જામે **ધર્મનો** રંગ !

❋

| | | | |
|---|---|---|---|
| શ્રી વીતરાગપ્રભુનો .... | .... | **ધર્મ**.... | ....તારણહાર ! |
| | | | ....તારણહાર ! |
| શ્રી વીતરાગપ્રભુની .... | .... | **ભક્તિ**.... | ....તારણહાર ! |
| | | | ....તારણહાર ! |

❋

अरिहंत ! **નામનો ચમત્કાર** !

આફત બધી આશિષ બને,
તુજ નામ લેતાં વારમાં !

❋

માનવભવની એક એક ક્ષણ **લાખેણી** છે !

# મુખપૃષ્ઠ ચિત્રપરિચય

મહાસાગર સમાન: આ સંસારસાગરની સામે પાર આવેલા પરમ સુખના શાશ્વત નગરે પહોંચવા જીવનરૂપી નાવમાં સફર કરી રહેલા એક મુસાફરની કલ્પના કરો. પુણ્યરૂપી પવન અનુકુળ રીતે વાતો હોય ત્યાં સુધી તો તેને શાંતિ, સુખ અને સલામતીનો અનુભવ થાય છે, પરંતુ પાપનો ઉદય થતાં જ્યારે પવન પ્રતિકૂળ દિશામાં વહે છે, ત્યારે તોફાનમાં સપડાયલા મુસાફરને મૃત્યુના પોલાદી પંજામાંથી છૂટકારો-રક્ષણ મેળવી પ્રાણ બચાવવા પોતાના તમામ બળ, બુદ્ધિ-ચતુરાઈ, સત્તા-અધિકાર, ધન-વૈભવ, સાધન-સામગ્રી, નિકટ તેમજ દૂર રહેલા સ્વજનો પણ નિષ્ફળ નિવડે છે. આવી કટોકટીના પ્રસંગે પોતાની અસહાય-લાચાર પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ થઈ જતાં મુસાફરને વાસ્તવિકતાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

આવી મુશ્કેલ પરિસ્થિતીમાં બચવાની કોઈ આશા અને ઉપાય ખરો ? હા.................... એનો પણ સચોટ ઉપાય છે (૧) શ્રી અરિહંત દેવ (૨) શ્રી સિદ્ધ ભગવંત (૩) શ્રી સદ્‌ગુરુ તેમજ (૪) શ્રી વીતરાગ દેવે પ્રરૂપેલા શુદ્ધ ધર્મનું શરણું સ્વીકારવાથી જીવને આશા, હિંમત તથા પ્રેરણાનું સિંચન થાય છે, નિર્ભયતાનો અનુભવ થાય છે તેમજ અદ્દશ્ય રીતે મળતી પ્રભુકૃપાના બળે તેની જીવનનૈયા નિશ્ચલપણે, વેગપૂર્વક આગળ વધે છે. પોતાના ઇષ્ટ ધ્યેયરૂપ મોક્ષનગરે અવશ્ય પહોંચી જવાની તેની શ્રધ્ધા અને આશા હવે જીવંત બને છે: ભગવાન શ્રી મહાવીર દેવનું દિવ્ય જીવન અને ભવ્ય ઉપદેશ દરેક નાવિક માટે આશ્વાસન, આલંબન અને માર્ગદર્શક દીવાદાંડીરુપ બની રહે છે.

સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રની ઉત્કૃષ્ટ આરાધના દ્વારા, કેવળ-જ્ઞાની બનેલા શ્રી વર્ધમાન સ્વામીએ ૧૧ ગણધરોના આતમ દીવડાઓને પ્રજ્વલિત કરી તીર્થની સ્થાપના કરી ભવ્ય જીવો ઉપર સર્વોત્તમ ઉપકાર કર્યો. ભગવંત પાસેથી ત્રિપદી પામી ગણધરોએ શાસ્ત્ર રચના કરી. લાંબાકાળ સુધી અવિચ્છિન્નપણે ચાલ્યા કરે એવા મોક્ષનો કલ્યાણકારી રાજમાર્ગ રજુ કર્યો– ચીંધ્યો ચૌદ પૂર્વધરો, પરમગીતાર્થ મહાજ્ઞાનીઓ તથા પૂજ્યશ્રી ચિરંતનાચાર્ય મ. કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મ. અને ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજા જેવા અનેક જ્ઞાની સદ્‌ગુરુઓ આ પંથે વિચરતા રહી મોક્ષમાર્ગને વહેતો રાખ્યો છે. સાથે સાથે આગમ જ્ઞાનની જ્યોતને અખંડ રીતે આજ પર્યંત પ્રકાશિત રાખી, આ મહાકલ્યાણકારી માર્ગે વિચરતા રહેવાની ભવ્ય જીવોને દિવ્ય પ્રેરણા પણ આપતા ગયા છે. પ્રમાદનો ત્યાગ કરી આપણે પણ આ રાજમાર્ગે વિચરવા કયારે પ્રયત્નશીલ બનીશું ?